# પ્રેમ દીવાની

- ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

## એમ. એમ. સાહિત્ય પ્રકાશન

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા



Book's name in English :
***Prem Diwani***
(A Novel in Gujarati)
By ***CHANDRAKANT RAO***

© સૌ. કલાબેન સી. રાવ

પ્રથમ આવૃત્તિ - ૧૯૬૮
બીજી આવૃત્તિ - ૧૯૯૩
ત્રીજી આવૃત્તિ - ૨૦૦૮
(ધારાવાહિક રૂપે : 'લોકમત' નડિયાદ

પ્રત - ૧૦૦૦
મૂલ્ય રૂા. ૮૦-૦૦

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

# અર્પણ




**સ્વ. સૌ. કંચનબેન તથા સ્વ. શ્રી નિરંજનલાલ બારોટ**
**(તારાપુર) વડોદરાને**

**સૌ. જશુબેન તથા**
**શ્રી રમણલાલ બ્રહ્મભટ્ટ**
**(તારાપુર) વડોદરાને**

**સૌ. વિદ્યાબેન તથા**
**શ્રી જયદેવલાલ બ્રહ્મભટ્ટ**
**(તારાપુર) માન્ચેસરને**

**સ્નેહભર્યાં સંભારણાંની મીઠી સ્મૃતિઓ વાગોળતાં**
**સપ્રેમ**

**- ચંદ્રકાન્ત રાવ**
**- સૌ. કલાબેન રાવ**



## અનુક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અશોકનો સંસાર | ૧ |
| ૨. | કૉલેજકાળના સંસ્મરણો | ૧૪ |
| ૩. | લગ્ન | ૪૬ |
| ૪. | ઉષાની વિમાસણ | ૭૪ |
| ૫. | ભાઈ મળ્યો | ૯૧ |
| ૬. | સુખી દિવસો | ૧૩૦ |
| ૭. | વિયોગ | ૧૩૨ |
| ૮. | વિદેશગમન | ૧૩૫ |
| ૯. | ડૉ. પિયૂષ | ૧૩૯ |
| ૧૦. | હેમંતની માંદગી | ૧૪૫ |
| ૧૧. | અકસ્માત | ૧૫૧ |
| ૧૨. | પુનર્મિલન | ૧૫૪ |
| ૧૩. | સરલાની એક વાત | ૧૬૦ |
| ૧૪. | દિલ એક મંદિર | ૧૬૫ |
| ૧૫. | હૉસ્પિટલનો પ્રસંગ | ૧૭૬ |
| ૧૬. | ડૉ. પિયૂષનું પરાક્રમ ! | ૧૮૩ |
| ૧૭. | વર્ષા | ૧૯૦ |
| ૧૮. | ધર્મસંકટ | ૧૯૫ |
| ૧૯. | દિલીપનું મંથન | ૨૧૫ |
| ૨૦. | નવો સંસાર | ૨૨૨ |
| ૨૧. | પ્રજ્ઞા | ૨૨૯ |
| ૨૨. | પ્રત્યાગમન | ૨૩૭ |
| ૨૩. | પ્રેમસગાઈ | ૨૫૦ |

## ‘પ્રેમ દીવાની’ ના પ્રારંભે (ત્રીજી આવૃત્તિ)

‘સબસે ઊંચી પ્રેમસગાઈ’ ની ઉક્તિને સાર્થક કરી આ નવલકથાની નાયિક ઉષા કાંઈ અધેડ ઉંમરની સંસાર પાર કરી ગયેલી, અનુભવ-વૃધ્ધ સ્ત્રી નથી. એ તો છે પ્રથમ વીસીમાં પ્રવેશતી એક અભ્યાસ-રત કોલેજિયન યુવતી. છતાં એનામાં અન્ય ઘણા સાથીઓની જેમ યૌવનમાં ઉરછૃંખલતા, અવિવેક, અભિમાન કે ટાયલાપણું નથી. એટલે જ શાંત, સંસ્કારી, ચરળ કોલેજિયન કન્યા ઉષા કોલેજમાંય સૌન સ્નેહ-આરદને પાત્ર હતી.

સાચો પ્રેમ કોને કહેવાય તે સંસ્કારી ઉષા જાણતી હતી, એટલે એણે અન્યની જેમ ક્યારેય કોઈથી મોહિત થઈ પ્રેમનાં ટાયલાં નહોતાં કર્યાં. છતાં જ્યારે પ્રેમ થયો ત્યારે પોતાના સ્વાર્પણથી એક પછી એક શિખરો સર કરતી એ પ્રેમના સર્વોચ્ચ શિખરે પહોંચી સાચી ‘પ્રેમદીવાની’ સિધ્ધ થઈ !

આવી પ્રેમદીવાની ઉષાની આ કહાણી ભાઈ-બહેન, પિતા-પુત્ર કે મા-દીકરી સાથે બેસીને વાંચી શકે અને યુવતીઓના હાથમાં તો આવી નવલકથાઓ ખાસ મૂકવી જોઈએ. આ મારી સૌ પ્રથમ નવલકથા હતી. આ એની ત્રીજી આવૃત્તિ છે.

થોડા સમય પહેલાં ધારાવાહિકરૂપે પણ એ પ્રગઈ થઈ ગઈ છે, એટલે એની ચાર આવૃત્તિ થઈ ગણાય. કોઈપણ નવલકથાની સરસતા અને લોકપ્રિયતાનું આથી મોટું પ્રમાણ શું હોઈ શકે ? પહેલી આવૃત્તિ વેળા જ વાચકોના ઘણા સારા પ્રતિભાવ મળેલા હતા. લગભગ ચાર દાયકા પછી પુનઃ પ્રગટ થતી આ નવલકથામાં કશા જ ફેરફાર નથી કર્યા, એટલે ટેલીફોન કે મોબાઈલ જેવી આધુનિક સુવિધાનો અહીં સ્વાભાવિક પણે જ ઉપયોગ નથી થયો.

મને ખાત્રી છે કે વાંચકોને આ નવલકથા માત્ર ગમે જ નહિ, પ્રેમદીવાની ઉષાને એ લાંબા સમય સુધી ભૂલી નહિ શકે. એમના કાનમાં એ ઘણા સમય સુધી ગુંજતી રહેશે : “હે....રી મૈંતો પ્રેમદીવાની મેરા દરદ ન જાણે કોઈ.”

આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવાનો યશ **એમ. એમ. સાહિત્ય પ્રકાશનવાળા શ્રી યાકુબભાઈ**ને છે. એમનો આભાર.

અંતમાં ઉષાના દીવાના પણા વિષે વાચકોના પ્રતિભાવની અપેક્ષા છે. તો ચાલો આગળના પાન પર એ ‘પ્રેમદીવાની’ ને મળીએ.

- **ચંદ્રકાન્ત રાવ**
૧૦ જાન્યુઆરી ૨૦૦૮

સી/૧૩, કસ્તુરી નગર
માંજલપુર નાકા, લાલબાગ
રોડ
વડોદરા - ૩૯૦૦૦૪



## ‘પ્રેમ દીવાની’ વિષે મળેલા થોડા પ્રતિભાવ

- તમારી આધારના સફળ થઈ છે..... ‘પ્રેમ દીવાની’ અને ‘આરાધના’ જેવી શ્રેષ્ઠ કૃતિઓ સાહિત્ય જગતને આપતા રહો.

**બીના જે. પટેલ અને બીજી બહેનો**
**(બાકરોલ - તા. આણંદ)**

- પ્રેમ દીવાની ઉષાના પાત્ર દ્વારા આપે સમાજને સાચા પ્રેમનું સ્વરૂપ - સમજાવ્યું છે..... હાર્દિક અભિનંદન...

**અનિરુધ્ધ ઈ. બ્રહ્મભટ્ટ - મુંબઈ**

- આપની ‘પ્રેમ દીવાની’ (નવલકથા) આધુનિક યુગની ભારતીય સંસ્કૃતિને મૂર્તિમંત કરનાર નારીની ભવ્ય ગાથા છે અને નારીના ત્યાગની સુંદર કથા છે.

**સુધા જે. મહેતા, જોગેશ્વરી, મુંબઈ**

- તમારી બધી જ નવલકથાઓ મેં વાંચી છે... બધી જ ઘણી સારી છે.... ‘પ્રેમ દીવાની’ તો ખરેખર સુંદર પ્રકાશન છે.

**- ચૌધરી રશ્મિબાળા વિ. (મુ.પો. કેલકઈ, સુરત)**

- આપની નવલકથા ‘પ્રેમ દીવાની’ વાંચવાનો લ્હાવો મળ્યો.... મને ખૂબ જ પસંદ પડી.... હાર્દિક અભિનંદન

**જીતેન્દ્ર નટવરલાલ શાહ, દાદર, મુંબઈ**

- ‘પ્રેમ દીવાની’ (નવલકથા)ની ઉષા અદ્‌ભુત છે, અનુપમ છે.

**પ્રો. રમણભાઈ ઠક્કર - ‘ગીતાપ્રેમી’ યુ.એસ.એ.**

## શ્રી ચંદ્રકાન્ત રાવ લિખિત પુસ્તકો

### નવલકથા

(૧) પ્રેમ દીવાની (ત્રણ આવૃત્તિ)
(૨) આરાધના (ધારાવાહિક રૂપે પણ પ્રગટ)
(૩) જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ)
(૪) સામે કાંઠે શ્યામ (ભાગ ૧, ૨ - બે આવૃત્તિ)
(૫) રમત રમાડે રામ
૫-એ સ્નેહવર્ષા ('પ્રેમ દીવાની'ની બીજી આવૃત્તિ)
૬. કુમકુમ પગલે (ભાગ ૧,૨ પ્રેસમાં)

### વાર્તાસંગ્રહ

(૧) સ્નેહદીપ
(૨) ઘર ભણી (બે આવૃત્તિ)
(૩) આંબાની ડાળે (બે આવૃત્તિ)
(૪) પીળાં પાંદડાંની લીલાશ (પ્રેસમાં)

### કાવ્યસંગ્રહ

(૧) ગોરી મારા ગામની

### બાળકાવ્ય સંગ્રહ

(૧) છબછબિયાં
(૨) ચાંદામામા પોળી



## મૈં તો પ્રેમ દીવાની

**હે.... રી મૈં તો પ્રેમ દીવાની મેરા દરદ હી જીવન હોઈ,**

**પ્રિયતમ મારે અંતર વસીયો,**
**પ્રેમભીનો એ રંગીન રસીયો,**
**એના વિરહે વ્યાકુળ થઈને.....(૨)**
**દિવસ રાત હું રોળ.... હે.... રી મૈં તો......**

**વસંત આવી વન ઉદ્યાને,**
**તો ય ખીલ્ ના ફૂલડાં શાને ?**
**ભગ્નહૃદયી ભમરો રડતો .....(૨)**
**વેરાન વગડો જોઈ.... હે.... રી મૈં તો......**

**શીતલ જલથી પ્યાસ છિપાવે,**
**અમૃત-વારિ સરિત વહાવે,**
**વર્ષાઋતુએ રૌદ્ર બની તે.....(૨)**
**પ્રાણ ઘણેરા લેઈ.... હે.... રી મૈં તો......**

**વિરહ વ્યાકુળ રાધા ચાચે,**
**'આવો કાના આવો' સાદે,**
**ઘાયલ જાને પીર ઘાયલની .....(૨)**
**દુજો ન જાને કો....ઈ .... હે.... રી મૈં તો......**

**રાધા દર્શન કાજ અધીરી,**
**તારી આશે ગિરિધર જીવી,**
**દિનથી અધિક રે લાંબી રાતો ....(૨)**
**યાદમેં તેરી હો.......ઈ..... હે.... રી મૈં ......**

**(ગીતગઝલ સંધ્યામાં નિશા પારગીને મધુર કંઠે ગવાઈ રેકોર્ડ થયેલું ગીત તા. ૨૬-૭-૦૩)**

## ૧. અશોક્નો સંસાર

'તમે ખરા માણસ છો !'

'કેમ, વળી શું ફરિયાદ છે મારી સામે ?' ફરિયાદથી ટેવાયેલા અશોકે પત્નીને પૂછ્યું.

'કેટલા દિવસથી તમને કહ્યું છું કે આ ફોટો ટાંગી દો; પણ સાંભળો છો તમે ? પછી કબાટમાંથી પડશે ને તૂટી જશે તો મારો વાંક કાઢશો.' જવાબદારીનો ભાર દૂર કરવા સરલાએ કહ્યું.

'ક્યો ? પેલો કૉલેજનો ગૃપ ફોટો કે ?'

'હા, હા એ તમારો ગૃપ ફોટો. એ તો સારું થયું કે ભીંતો સાફ કરતાં તે દિવસે મારી નજર એની દોરી તરફ ગઈ અને તૂટી જાય એવી છે એમ જણાતાં મેં તે ઊતારી લીધો, નહિ તો એના કાચના ભૂક્કા જ ઊડી જાત.' પોતે કરેલા કાર્યની મહત્તા દર્શાવતા પત્નીએ કહ્યું.

'તેં બહુ સારું કામ કર્યું. એટલે જ તો હું ઘણી વાર કહું છું ને કે તું બહુ હોંશિયાર છે.'

'એ બધી મશ્કરીઓ જવા દો. અમે તો જાણે કાંઈ સમજતાં જ નહિ હોય.' રોટલીનો લોટ બાંધતી સરલાએ મુખ પર કૃત્રિમ રોષના ભાવ પ્રગટાવતાં કહ્યું.

'અરે, તને તો દરેક વાતમાં મશ્કરી લાગે છે, પણ હું સાચું જ કહું છું. તું જ ટોકી ટોકીને મારી પાસે દરેક કામ કરાવે છે ને ?'



'એ બધી વાતો જવા દો. જાવ પેલો ફોટો ટાંગી દો.' પત્નીએ પ્રેમભરી આજ્ઞા કરી.

'અત્યારે નહિ, સાંજે ઑફિસેથી આવીને જરૂર ટાંગી દઈશ.' અશોકે વાયદો કર્યો.

'દરેક કામમાં સવાર-સાંજ કરવાની તમને ટેવ જ છે. સોઈની સાંજ અને મોચીનું વહાણું.' સરલાએ કહેવત દ્વારા પતિને અંજલિ આપી !

'એટલે હું સોઈ કે મોચી ?'

'સવારે સોઈ અને સાંજે મોચી.' સરલાથી કહેતાં તો કહેવાઈ ગયું પણ 'એમને ખોટું તો નહિ લાગે ને ?' એમ તે વિચારી રહે તે પહેલાં તો અશોકનો હલકો હાથ તેના ગાલ પર અજમાવાઈ ગયો હતો. રીસથી નહિ, સ્નેહથી !

આવાં તો કેટલાંય સંભાષણો પતિ-પત્ની વચ્ચે થતાં પરસ્પરના સ્નેહભર્યા સહવાસમાં આ યુગલ કિલ્લોલ કરતું. જીવનની ગંભીરતા હજી અહીં પ્રવેશી નહોતી. ઝરણાની તરલ ગતિથી એ આગળ વધતું હતું. વિરાટ સ્વરૂપ ધારણ કરેલી નદી પોતાના મુખ આગળ તો નાનકડા ઝરણા સ્વરૂપે જ હોય છે ને ? ઝરણામાં નદીની સ્થિરતા, ગંભીરતા, શાંતિ કે ભીષણતા કશુંય નથી હોતું એ વાત સાચી, પરંતુ તેની ચપળતા, તરવરાટ, એક શીલા પરથી બીજી પર હસતે કૂદતે ઠેકવાની વૃત્તિ, ઝર ઝર ઝરતું તેનું સંગીત એ બધું નદીની વિરાટ કાય કરતાં કાંઈ ઊતરે એવા થોડા જ છે ? ભલે એના સૌદર્યને નિરખવા કવચિત જ કોઈ મુસાફર જતો હોય, ગામડાની ગોરીઓ પાણી ભરવા કે શહેરની સન્નારીઓ નમતી સંધ્યાએ લટાર મારવા

એને કિનારે ભલે ન●સંચરતી હોય, ગાયનાં ધણ એના તટને દુર્લભ હોય, કે ગોવાળિયાનો મધુર પાવો એના કાન સુધી ન પહોંચતો હોય એમ પણ બને. પરંતુ તેથી પર્વતના ઝરણાને અસંતોષનું શું કારણ છે ? દિવસે પક્ષીઓના મધુર કલરવ ને માણ્યા છતાં રાત્રે વાઘ કે સિંહના ગર્જનો ય એ જાણે છે. આદર્શને સિદ્ધ કરવાનો નિર્ધાર એવો મક્કમ છે કે સતત વેગથી તે આગળને આગળ ધસે જાય છે. કદી કોઈક સાહસિક મુસાફર કે ફિરસ્તો એનું મીઠું પાણી પી, 'હાશ' કરી શાંતિ પામે છે.' અને એ નાનકડું ઝરણું પેલી વિરાટ નદીને ખાત્રી આપે છે કે 'ગભરાઈશ નહિ, હું પુરવઠો બંધ નહિ કરું, ચિંતા વિના આગળ વધ.' આમાંનુ કશુંય પેલી મહા નદી પાસે ક્યાં છે ? ઝરણાની આ આગવી સંપત્તિ જ છે ને ?' 'બાળક માણસનો પિતા છે' એ કથન જેટલું સાચું છે તેટલું જ 'ઝરણું નદીની માતા છે' એ કથન સાચું છે.

અને સંસારનુંય આવું જ છે ને ? ચાલીસ-પિસ્તાલીસની સરહદે પહોંચેલા પતિ-પત્ની સંતાનોથી વીંટાઈ જીવનની જવાબદારીઓ સભાનપણે વહન કરતાં કેવાં ગંભીર થઈ જાય છે ! 'આને ભણાવો' અને 'પેલાને પરણાવો' ના પ્રશ્નો હલ કરવા સતત પ્રયત્નશીલ રહે છે. નથી હોતી યૌવનની ખુમારી કે નથી હોતાં તે મદ અને મસ્તી. સ્નેહનાં સિંચન સંતાન તરફ જાય છે અને પતિ-પત્ની તો બિચારાં પોતે ઊભા કરેલા સંસાર રથને ખેંચે છે. લોકશાહીમાં જેમ પ્રધાનમંડળની સંયુક્ત જવાબદારી હોય છે અને એક પ્રધાનની ભૂલે આખા પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે છે તેમ સંસારમાં પણ પતિ પત્નીની સંયુક્ત જવાબદારી હોય છે. અહીં પણ એકની ભૂલ તેમના આખા સંસારને અસર કરે છે ! એટલે પતિ-પત્ની સંયુક્ત



જવાબદારીના ભાનથી સંસાર રથને ખેંચે છે. જીવનના ચઢાણ-ઉતરાણમાં સાથ દેતાં દેતાં, રથને ચીલા પ્રમાણે ચલાવતાં એ આગળ વધે છે.

પરંતુ યુવાનીમાં જીવનની આ ગંભીરતાનું ભાન પણ તેમને હોય છે ખરું ? ક્યાંથી હોય ? અને શા માટે હોય ? સભાન અવસ્થામાં ક્યારેય જીવનનો સાચો આનંદ ક્યાં લૂંટાય છે ? અનેક સંકટો સામે ઝૂંઝતા કે દુઃખના દાવાનળમાં સેકાતાં જીવનનો સાચો આનંદ માનવીને ક્યારે માણવા મળે છે ? હા, સ્વપ્નમાં કોઈક વાર તે સુખની સૃષ્ટિમાં ખોવાઈ જાય છે. અને ત્યારે તે સ્વપ્ન કેટલું મધુર લાગે છે ! જાણે તેમાં જ રાચ્યા કરીએ, ફરી જાગીએય નહિ ! અજ્ઞાનતા એય એક આશિષ છે. ભાવિ દુઃખના જ્ઞાનથી વર્તમાન સુખ નષ્ટ થાય તે કરતાં અજ્ઞાનતા શું ખોટી ? ભાવિ જીવન જવાબદારીઓથી ભરેલું છે એમ ખબર પડે તો યૌવનનો આનંદ કેમ લૂંટાય ? એ આનંદ લૂંટવા દેવા જ તો વિધિ બિચારી ખાનગીમાં આવીને લેખ લખી જાય છે !

અને તેથી જ ભાવિ જીવનથી અજ્ઞાત અશોક અને સરલા જીવનનો આનંદ લૂંટતા હતાં. સરલાને અશોક પ્રત્યે તો સ્વાભાવિક રીતે જ સ્નેહ હોય-આર્યનારીનું એ તો ભૂષણ છે, પરંતુ પતિનો પત્ની - પ્રેમ પણ અહીં અસ્વાભાવિક નહોતો. તેમનાં લગ્ન થયે તો ચાર જ વર્ષ થયાં હતાં, પરંતુ શહેરમાં સ્વતંત્રપણે રહેવા આવે ય લગભગ ત્રણ વર્ષ થઈ ગયાં. સરલા માત્ર 'ઘરરખુ ગૃહિણી' કે પ્રેમાળ, પત્ની જ નહિ, એથી કાંઈક વિશેષ હતી.

પતિ પર પ્રેમ હોવો એ સ્ત્રી હૃદયની સાત્વિક ઊર્મિ છે, તેના

પર પ્રેમ રાખવો એ આદર્શ છે, પરંતુ પતિનો પ્રેમ પામવો એ એક કળા પણ છે. પતિ પર પ્રેમ રાખનાર અનેક પત્નીઓ પતિનો પ્રેમ પામી શકતી નથી. આમાં કોઈક વાર સ્ત્રીની આવડતનો અભાવ પણ કારણભૂત હોય છે. પતિને શું ગમે છે અને શું નથી ગમતું એ જાણી તે પ્રમાણે વર્તનાર પત્ની એટલામાં જ અર્ધુ મેદાન તો મારી જાય છે ! પત્નીની આવી આવડતના અભાવે જ કેટલાય પતિદેવો સુંદર પત્નીનો સ્નેહ છોડી પર ઘરના પગથિયાં ઘસતા હોય છે !

પતિ પર પ્રેમ રાખતી સરલા પતિનો સ્નેહ કેમ પામવો તે ય જાણતી હતી. અશોકને પોતાના તરફ આકર્ષવા જેટલાં સૌન્દર્ય અને રસિકતા તેનામાં હતાં. એટલે નાની ઉંમરે શહેરમાં સ્વતંત્રપણે રહેવાનું થયા છતાં પતિ-પત્ની નિર્વિઘ્ને જીવનપથ કાપતાં હતાં. વૃદ્ધ મોહનલાલને પુત્રવધુના શાણપણમાં વિશ્વાસ હતો. એટલે જ તો એમણે શહેરમાં જવાની આગલી સંધ્યાએ સરલાને કહ્યું હતું : 'બેટા, અશોક તને સોંપું છું. યુવાનીના ઉન્માદમાં એ ક્યાંય ભૂલો ન પડે એ જોજે. તું પણ નાની છે. પણ એ જવાબદારી તારા માથે જ છે. મને તારામાં શ્રદ્ધા છે...' અને ત્યારે બારણા ઓથે બેઠેલી પુત્રવધૂએ સસરાને શાંતિ પમાડે તેવાં વેણ કહ્યાં હતાં : 'કાંઈ ચિંતા ન કરશો બાપુજી, તમારા આશીર્વાદ અમને સુખી જ કરશે.'

પરંતુ પુત્રવધૂને આમ કહેતાં મોહનલાલે બીજી કોઈક ઘડીએ પુત્રને પણ કહ્યું હતું : 'ભાઈ, શહેરમાં સાચવીને રહેવુ. નવું ઘર માંડતાં અનેક પ્રશ્નો ઊભા થાય, પણ ગભરાવું નહિ. અને બેટા, નીતિ એ આપણા ઘરની શોભા છે. મારી કાંઈ પણ મૂડી હોય તો એ જ છે. એ મૂડી તું સાચવીશ એની મને ખાત્રી છે.' અને એકાએક ગંભીર થતાં તેમણે ઉમેર્યું : 'આજ તારી બા...' પરંતુ એમનું એ



વાક્ય અધુરું જ રહ્યું, હૃદય ભરાઈ આવ્યું અને આંખના ખૂણા ભીના થયા. અશોકની આંખમાં ય આંસુ ઊભરાયાં. 'બાપુ, તેણે કહ્યું : 'તમે કહેતા હોય તો હું હજીય શહેરમાં જવાનું માંડી વાળું. તમે એકલા અહીં દુઃખી થશો. હું અહીં જ કોઈક નોકરી શોધી કાઢીશ.'

'ના બેટા,' મોહનલાલે કહ્યું : 'મારે અહીં શું દુઃખ છે ? તું સુખેથી જા. તને અહીં રાખીને તારું ભાવિ મારે રુંધવુ નથી.'

• • • • •

અશોક મોહનલાલ માસ્તરનો એકનો એક પુત્ર હતો. આમ તો ગંગાને અશોક પહેલાં બીજા પાંચ સંતાનો થયાં હતાં. પરંતુ વરસ બે વરસ સુધી માતાનો પ્યાર પામી બધાંય તેને દગો દઈ ગયેલાં. અનેક બાધા-માનતાઓ બાદ પાછલી ઉંમરમાં અશોકનો જન્મ થયો ત્યારે પતિ-પત્નીને કેટલો હર્ષ થયો હતો ! ભગવાનને પ્રાર્થના કરતાં મોહનલાલે તો કહ્યું હતું : 'હે પ્રભુ, આટલા પુત્રને સારો રાખી અમારું ઘડપણ સુધારજે. મેં બને એટલું પવિત્ર જીવન તો વિતાવ્યું છે. છતાં અમારા કાંઈ દોષ હોય તો તેની સજા અમને કરજે.'

મોહનલાલની વાત સાચી પણ હતી. છેલ્લાં પચીસ વર્ષથી પોતાના ગામની ગુજરાતી શાળામાં તે શિક્ષક હતા. બાળકો પ્રત્યે તેમની મમતાથી તો ગામલોકો છક થઈ જતા. વિદ્યા તો સોટીના ચમચમાટને જ અનુસરે એવી માન્યતાના એ યુગમાં તેમણે પ્રેમથી ભણાવી કેટલાય તેજસ્વી વિદ્યાર્થીઓ ગામને આપ્યા હતા. વળી ગામમાં શિક્ષણ પણ બહુ ઓછું હતું, એટલે કાગળ લખવાનો કે

વાંચવાનો હોય ત્યારે કોઈ પણ 'છે કે માસ્તર ?' કહી મોહનલાલને ઘેર કે શાળામાં વિના સંકોચે પહોંચી શકતું અને પ્રેમથી હસતે મુખે તેને આવકાર દેતા માસ્તર તેનું કામ કરી દેતા. તાર આવવો એ તો એ સમયે ગામડામાં બહુ મોટી વાત ! જેને ઘેર તાર આવે તેનો જીવ તાળવે ચોંટી જાય. અને 'શું હશે' એ ચિંતામાં એ બિચારું અડધું થઈ જાય ! તેમાંય તાર કોની પાસે વંચાવવો એ તો એક મોટો કોયડો જ. અંગ્રેજી જાણનાર ગામમાં ભાગ્યે જ કોઈ હોય ! અને કોઈ બે અક્ષર ભણેલું હોય તે ય બિચારું તાર ખાતાના એ અટપટા ઝાંખા અક્ષર શું ઉકેલે ? પરંતુ અંગ્રેજીના થોડા જ્ઞાન અને વધુ અભ્યાસથી મોહનલાલ તાર સારી રીતે વાંચી શકતો અને એમના એ જ્ઞાને તો પોતાના ગામમાં જ નહિ, આજુબાજુના ગામડાંઓમાં ય એમને કીર્તિ અપાવી હતી. તાર આવે કે તરત જ મોહનલાલ માસ્તર પાસે જ જવું એવો લોકોનો સ્વાભાવિક ક્રમ હતો. નિશાળમાં એક અઠવાડિક વર્તમાનપત્ર આવતું. એના વાંચનથી મોહનલાલ વર્તમાન પ્રવાહોથી વાકેફ રહેતા. અને જાણવા જેવા સમાચાર લોકોને કહેતા. 'માસ્તર, શું નવાજૂની છે' કહેતા ગામના પોલીસ પટેલ પણ એમની પાસે આવી 'બે નવી વાતો સાંભળી જતા. કોઈનો છોકરો નાસી ગયો, કોઈને ત્યાં વિચિત્ર બાળક જન્મ્યું, કોઈ જગાએ સિફતભરી ચોરી થઈ તો કોઈકે ફૂલહાર કરીને લગ્ન કર્યાં - જેવી વાતો મોટી ઉંમરની સ્ત્રીઓ પણ માસ્તર પાસે બેસી રસપૂર્વક સાંભળતી અને ત્યારે આશ્ચર્યથી તેમની તરફ તાકી રહેતાં સ્ત્રીઓ વિચારતી : 'માસ્તર કેટલું બધું જાણે છે !' તો કોઈક વૃદ્ધા કહેતી, 'અરેરે માસ્તર, શો જમાનો આવ્યો છે ?' અને માસ્તર તેમને આશ્વાસન આપતાં કહેતા : 'હોય, એ તો ચાલ્યા કરે.' ફળિયામાં સ્ત્રીઓની તકરાર



માસ્તર શાંત પાડતા અને સૌને શાંતિથી રહેવાની સલાહ આપતા. તો વળી ગામના મોટા ઝગડા પતાવવામાં ય માસ્તરનાં સલાહ-સૂચનો અગત્યનો ભાગ ભજવતાં. દરેક જણ તેમને એક તટસ્થ વ્યક્તિ માનતું અને એ જે કહે તેમાં દરેકને વિશ્વાસ હોવાથી દરેક ઝઘડાની લવાદીમાં તે તો હોય જ. ગામના જુવાનોના ય તે પ્રીતિપાત્ર હતા, કારણકે એમાંનાં ઘણાંખરાં તો એમના એક સમયના શિષ્યો જ હતા. જુવાનિયા તો કહેતા : 'માસ્તર સાહેબ અજાતશત્રુ છે. !' ગંગા પણ ગામમાં દરેક સાથે એવા સંપ અને પ્રેમથી રહેતાં કે ગામમાં માસ્તરનું કોઈ ભૂંડું બોલે નહિ, ઈચ્છે પણ નહિ.'

આમ માસ્તર સંતોષી હતા. સર્વ રીતે સુખી હતા. દુઃખ માત્ર એક જ હતું : નિસંતાનપણાનું. પ્રભુએ પાંચ સંતાન આપ્યાં છતાં એકે ય ન બચ્યું એનું દુઃખ માસ્તરને અને ગંગાને હતું. પરંતુ બંને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી સારા ફળની આશા સેવતાં નિષ્ઠાપૂર્વક જીવન વિતાવતાં હતાં. અને સાચે જ ઈશ્વરે તેમની સામે જોયું. તેમના છેલ્લા પુત્રના મૃત્યુ પછી પાંચ વર્ષના લાંબા ગાળે અશોકનો જન્મ થયો ત્યારે માત્ર માસ્તરના ઘરમાં જ નહિ,આખા ગામમાં આનંદ વ્યાપી ગયો. માસ્તરને અભિનંદન આપવા અને પોતાનો આનંદ વ્યક્ત કરવા ગામનાં લગભગ બધાં જ માણસો આવી ગયાં. માસ્તર દરેકને પ્રેમથી આવકારતા અને કહેતા : ઈશ્વરની દયા અને આપ સૌના આશિષ.' અશોકનાં 'બારે બળિયા' ના દિવસે આખા ગામના બાળકોએ માસ્તરને ઘેર ભોજન કર્યું. જે ઉમંગથી અને ઉદારતાથી માસ્તરે ગોળ-ધાણા વહેંચ્યા હતા. એ માટે તો છગન પટેલ પણ કહેતા : 'આપણા કોઈને ત્યાંય આટલો ગોળ કદી વહેંચાયો નથી !'

માતાની લાડભરી ગોદમાં લેટતો અશોક શેરીના બાળકો વચ્ચે ખેલતો થયો. માતા-પિતાના સંસ્કારબીજ તેનામાં હતાં એમ ગામ લોકનેય લાગતું. તંદુરસ્ત શરીર, સુંદર મુખાકૃતિ પાછળથી ઝૂલતી વાળની લટો અને વિશાળ ભાલની નીચે ચળકતી કાળી ભમ્મર આંખો એટલું જ એના પર પ્રેમ ઉભરાવવા માટે પૂરતું હતું. તેમાંય તેના વિનય-વિવેક તો દુશ્મનને ય પ્રીતિ ઉપજાવે તેવાં હતાં. પાંચ વર્ષનો અશોક પિતાની જ નિશાળમાં ભણવા દાખલ થયો તે દિવસે માસ્તરના 'ના' કહેવા છતાં ગામના જુવાનિયાઓએ આખી નિશાળ ધજા-પતાકાથી શણગારી હતી. પુત્રની -સર્વતોમુખી પ્રગતિ થાય - તે માટે પિતાએ નાનપણથી જ તેનામાં સંસ્કાર સિંચ્યા હતા અને તેથી જ અશોક જ્યારે સાત ચોપડી પાસ થયો ત્યારે તેનો અભ્યાસ તેટલેથી જ નહિ અટકાવતાં પિતાએ તેને શહેરમાં તેના મામાને ત્યાં ભણવા મોકલ્યો. એકના એક પુત્રને આંખ આગળથી અળગો કરવા ગંગાએ પ્રથમ તો ના પાડી. પરંતુ માસ્તરે કહ્યું : 'ભણશે તો સુખી થશે... અને વરસને જતાં શું વાર લાગવાની છે ? દશ વર્ષ દુઃખ વેઠશે તો આખી જિંદગી સુખમાં કાઢશે.' પણ માતાનું હૃદય કેમ માને ? ગંગાએ કહ્યું : 'બહુ ભણાવીને શું કામ છે ? તમે કયાં અંગ્રેજી ઝાઝુ ભણ્યા છો ? તો ય ભગવાને સુખે દા'ડા કઢાવ્યાને ? મારે છોકરાને શહેરમાં નથી મોકલવો....'

'ગાંડી,' મોહનલાલ બોલ્યા : 'આપણો જમાનો જુદો હતો. હવેનો યુગ જ્ઞાનનો આવે છે. અભણની તે વખતે કોઈ કિંમત નહિ હોય. અને આપણે બીજી શી મિલકત એને આપી જવાનાં છીએ ? એના હિત ખાતર આપણે એને ભણાવવો જ જોઈએ.' મોહનલાલે નવા યુગનાં એંધાણ ઓળખાવ્યા હતાં, પરંતુ પત્નીને હજીય સંતોષ



ન થયો.

'ઓછું કમાશે તો ઓછું ખાશે, પણ આપણી નજર આગળ તો ખરો.'

'નજર રાખવાવાળો તો ઉપરવાળો છે,' માસ્તરના શ્રદ્ધાળુ દિલમાંથી અવાજ નીકળ્યો : 'અને આપણે આખી જિંદગી ક્યાં નજર રાખવા રે'વાનાં હતાં ? માટે જ તો એને એના ભાવિ માટે ઘડવો એ આપણી ફરજ છે.'

'પણ.....'

'એમાં ગભરાય છે શું ?' પત્નીને આશ્વાસન આપતાં વચ્ચે જ માસ્તર બોલ્યા : 'રજાઓમાં આપણી પાસે આવશે જ ને ? દર અઠવાડિયે તેનો પત્ર પણ આવશે, એથી આપણને શાંતિ રહેશે. વળી હું ય વચ્ચે વચ્ચે જઈ તેની ખબર કાઢી આવીશ.'

પતિની સમજૂતીથી માતાએ પુત્રને શહેરમાં ભણવા મોકલવા સંમતિ આપી, પરંતુ તે દિવસો સુધીના સતત છાના રુદન પછી જ ! એના પુત્રને અળગો કરતાં માસ્તરને ય દુઃખ નહોતું થતું એમ નહિ. અશોકને મૂકવા પોતે સાથે જવાના હતા તો પણ રાત્રે તે ક્યાં રોજના જેટલું ખાઈ શક્યા હતા ? અગિયાર વરસથી પુત્રથી કિલ્લોલતું ઘર કાલે તેના કૂંજન વિનાનું હશે એ વિચારે સૂતી વખતે તેમની આંખોમાંથી અશ્રુધારા વહાવી હતી પરંતુ સ્નેહ અને ફરજ વચ્ચેનો ફેર તે સમજતા હતા. પ્રેમને ખાતર પુત્રની પ્રગતિ અટકાવવી એ ફરજ ચૂક્યા બરાબર છે એમ તે સમજતા હતા. તેથી જ તેમણે હૃદય મજબૂત કરી પત્નીને સમજાવી હતી.

બીજી બાજુ બાળકના દિલમાં પરસ્પર વિરોધી વહેણ ચાલતાં

હતાં. એક બાજુ માતા-પિતાની સ્નેહાળ હૂંફને છોડી જવાનું તેને દુઃખ હતું. ‘આવી બા બીજે ક્યાંય થોડી મળવાની છે ? અને બાપા ? એમના વિના કાળજીથી અભ્યાસ કોણ કરાવશે ?’ આવા વિચારોથી તે જવાનો મક્કમ વિચાર છતાં કદી ઢીલો પડી જતો. જવાની બે એક દિવસની જ વાર હતી ત્યારે નમતી સંધ્યાના રંગો જોતા આવા જ કાંઈ વિચારમાં ડૂબેલા  પુત્રને પાછળથી ‘શું કરે છે ભાઈ ?’ કહેતી માતાના અવાજે જાણે એને નિદ્રાંમાંથી જગાડ્યો. અશોક શરમાઈ ગયો અને ‘કાંઈ નહિ બા’ કહેતો ઉભો થઈ ગયો. પણ તેની આંખોએ ચાડી ખાધી અને બે અશ્રુબિંદુ ધરતી પર ઢાળી દીધાં ! માતો પુત્રને ગોદમાં લીધો અને પૂછયું : ‘બેટા તારે નથી જવું ? તારી ઈચ્છા ના હોય તો હું તારા બાપાને ના કહીશ.’

‘ના બા,’ બાળક બોલ્યો : ‘બાપાને હું રડ્યો છું એમ ના કે’તી. તે દુઃખી થશે. હું તો શે’રમાં જઈશ અને ખૂબ ભણીશ. બાપા કે’તાતા કે જે ભણે છે તે છોકરાં જ મા-બાપને ગમે છે અને હું તો ભણીને મોટો સાહેબ થવાનો છું. એમ પણ બાપા કે’તાતા’.

પણ બાળક શહેરમાં જવા વધુ તો એટલા માટે ખુશ હતો કે ત્યાં નવું નવું જોવાનું મળશે. બાપા કે’તા’તા કે ત્યાં મોટાં મોટાં મકાનો હોય, મોટરો ને ઘોડાગાડીઓ હોય, રાત્રેય દિવસ જેવું અજવાળું હોય. આવા વિચારો તેનો ઉમંગ વધારી દેતા. બાળકમાં નાવિન્ય પ્રેમ ઘણો જ હોય છે. કાંઈક નવું જોવું એ તેને માટે આનંદનો વિષય હોય છે. શહેરમાં નવું નવું જોવાના વિચારે અશોક ત્યાં જવા મક્કમ હતો અને તેથી જ નીકળતી વખતે ‘બેટા આવજે, સાચવીને રે’જે’ કહેતી માતાની આંખમાં અશ્રુ જોયા છતાં ય તે શહેરમાં જઈ શક્યો.



અશોક પહેલેથી જ ચાલાક હતો, ભણવામાં હોંશિયાર હતો. શહેરના વાતાવરણમાં તેની ચાલાકી અને હોંશિયારી ઓર વૃદ્ધિ પામ્યાં. પોતાની સમોવડિયો મામાનો પુત્ર હોવાથી તેને ફાવ્યું પણ સારું. મામાની પ્રેમભરી સંભાળ નીચે બંને ભાઈઓએ અભ્યાસની હરીફાઈ માંડી. કાળના વહેણ સાથે અભ્યાસ આગળ વધવા લાગ્યો. તેની હોંશિયારીથી અશોક શિક્ષકોનો પ્રિય શિષ્ય થઈ પડ્યો હતો. કેટલાંય ઈનામો અને સર્ટિફિકેટો તે દર વર્ષે મેળવતો અને આવા સમાચાર મળતાં માતા-પિતાનું હૈયું આનંદ હિલોળે ચડતું. સમય સ્વપ્નની જેમ સરી ગયો અને નદીઓએ ચૌદ ચૌદ ચોમાસાનાં નીર દરિયામાં ઠાલવી દીધાં ત્યારે તો શહેરમાં અશોકે સરલા સાથેનો સંસાર પણ શરૂ કરી દીધો હતો !

ચૌદ વર્ષના આ ભૂતકાળના ગર્ભમાં કેટલા કટુ-મીઠા અનુભવો ભર્યા પડ્યા હશે ? પરંતુ તે ભૂતકાળ તો અત્યારે ભંડારાઈ ગયો હતો. અશોકના સંસારની ક્ષિતિજો નાની થઈ ગઈ હતી. સ્નેહભરી સરલાનો સહવાસ અને દૂર રહી આશિષ દેતા વૃદ્ધ પિતા સિવાય તેની દૃષ્ટિ મર્યાદામાં અન્ય કોઈ ન હતું. સરલાના સ્નેહમાં અશોક ખોવાઈ ગયો હતો. પતિ-પત્નીમાંથી કોણ વધુ હોંશિયાર છે તે કલ્પવું મુશ્કેલ હતું. છતાં સરલાની આજ્ઞાને અવગણવાનું અશોક માટે અશક્ય હતું. કારણ એ આજ્ઞામાં અહમ્‌નો રણકાર નહિ, સ્નેહની સુવાસ રહેતી. આવી સ્નેહભરી આજ્ઞાઓ પત્ની કરે તે તેને ગમતું એટલું જ નહિ, તેના પાલનમાં તેને તેથી ય વધુ આનંદ આવતો. એ પતિ વાયદા બજારના વેપારી જેવો છે એની સરલાને ખબર હતી. તેથી વારંવાર ટોકી  કોઈ પણ કામ અશોક પાસે કરાવતી

ત્યારે જ જંપતી. તેથી જ તો આજે ઑફિસથી આવતા જ અશોકે 'ચા થવા દે' એમ કહ્યુ ત્યારે તેણે પૂછયું : 'ચા પીને શુ કામ કરવાનુ છે તે ખબર છે ને ?'

'શું ?'

'ભૂલી ગયા એટલામાં ?'

'અરે હા, પેલો ફોટો ટાંગવાનું કે ?'

'હા. યાદ આવ્યું ખરૂં !'

'અરે, તું કયાં ભૂલવા દે તેમ છે. સારું, ચા કર ચાલ, પછી ટાંગી દઉં. '

પરંતુ એ ફોટો અશોકના દિલમાં કેવું તોફાન જગાવવાનો હતો તેની પતિ-પત્નીને ક્યાં ખબર હતી ? અદશ્ય ભાવિ ! તારા પેટમાં આટઆટલી વાતો કેવી રીતે સમાઈ શકે છે ? કદી કોઈ ને કાંઈ કહી દેવાની ય તને ઈચ્છા નથી થતી ? પણ હા, તારા જ્ઞાન કરતાં અજ્ઞાનમાં જ મનુષ્યનું હિત છે. બાકી તેં સહદેવ પર મહેરબાની કરી તો તે બિચારો કેટલો હેરાન થયો ? કહેવાય નહિ અને સહેવાય નહિ એવી સ્થિતિમાં તે જીવતો જલ્યા કર્યો ! એના કરતાં તારા વિશેનું અજ્ઞાન  જ આનંદદાયક છે. ભાવિનું જ્ઞાન હોત તો માનવી કેટલાં કાર્યો કરતો અટકી જાત ? અને તો ઈતિહાસમાં કેટલું પરિવર્તન હોત ? સીતાએ સોનાની કાંચળીની હઠ ન કરી હોત તો ? તો રામ-રાવણનું યુદ્ધ ક્યાંથી થાત ? યુધિષ્ઠિર જુગટુંય શાના રમતે ? અને તેથી દ્રૌપદીનો ચીર પ્રસંગ કે મહાભારતનું યુદ્ધ કશુંય થાત કે ? આવા જ અદષ્ટ ભાવિના ગર્ભાગારમાં શું છુંપાયું છે તે ન જાણતાં અશોકે ચા પીને કૉલેજનો ગૃપ ફોટો લીધો. ઉપર ફોટો ટાંગવા જતા



પતિને સરલાએ સૂચના આપી : જો 'જો, પડો ના.'

'તું સમાલવા ચાલ.'

'હું નવરી નવી. મારે રસોઈ કરવી છે. પાછા હમણાં જમવા આવશો તમે તો ?'

અને સરલા રસોઈ કરવા ગઈ. અશોક ફોટો ટાંગવા ગયો. કાપડનો એક કકડો લઈ પ્રથમ તો તે ફોટાને લૂછવા લાગ્યો : કેટલા વર્ષે આ ફોટો તેણે જોયો. આમ તો રોજ તે તેની નજર સામે જ રહેતો. પરંતુ તેને ધારીને તેણે ઘણા વખતથી જોયો ન હતો. અતિ પરિચય અવગણનામાં પરિણમે છે ! ફોટો લૂછતાં લૂછતાં જૂના સાથીઓ તરફ અશોક નજર નાખી રહ્યો. એક પછી એક મિત્રો અને સહાધ્યાયીઓ તેની નજર સામે આવવા લાગ્યા, અને કોઈ કોઈ તો જાણે ભૂતકાળની કોઈક વાત પણ કરી જતા : 'આ પેલો શાહ અને આ મિ. ઉપાધ્યાય. આ વૈદ્ય, આ મીસ ત્રિવેદી, ઉંહ, તે દિવસે એનો ઓછો ભવાડો થયો હતો ? ચિત્રપટની જેમ હારમાળા આગળ વધી, 'આ ચંપક વ્યાસ, અને આ કોણ હશે ? નામ કંઈ યાદ નથી આવતું, પણ ચહેરો પરિચિત છે. આ મીસ કોંટ્રાક્ટર, આ શારદા : હા, બહુ સારી છોકરી હતી, અને આ ? 'ઉષા' અશોકથી જરા મોટેથી બોલાઈ ગયું. દષ્ટિ ત્યાં જ સ્થિર થઈ ગઈ. અને તેના હૃદયમાં ઊર્મિઓનો સાગર ઉમટ્યો ! આનંદ થાય છે કે દુઃખ તે એને સમજાયું નહિ. પરંતુ તે બીજી જ દુનિયામાં ખવાઈ ગયો ! ત્યાં સરલા ન હતી, આ ઘર ન હતું, આ સંસાર ન હતો. ત્યાં હતી પોતાની કૉલેજ, પોતાની વિદ્યાર્થી અવસ્થા, પોતાના મિત્રો, કૉલેજનું એ વિશાળ પટાંગણ અને આલીશાન ઈમારત,  તેની પાછળ

આવેલો વિશાળ બાગ, બાગના હોજમાં તરતાં પક્ષીઓ અને કિનારે પોતાની સખીઓ વચ્ચે ઊભેલી નમણી, મંદ મંદ સ્મિત વેરતી, પોતાની તરફ જોતી, છતાંય કોઈને ખબર ન પડે તેની તકેદારી રાખતી, ધવલ સાડીમાં સજ્જ થઈ ઊભેલી ઉ....ષા ! ફોટો ને દોરી હાથમાં જ રહ્યાં. ને પોતાના ઘરમાં પલંગ પર બેઠેલો અશોક જાણે કૉલેજના કંપાઉન્ડમાં ઘૂમવા લાગ્યો !

• • • • •



## ૨. કૉલેજકાળનાં સંસ્મરણો

હવે તો નાનકડા સોમપુર ગામની નિશાળમાં દૈનિક વર્તમાનપત્ર પણ આવતું થઈ ગયું. આઝાદીની ઉષા દેશમાં ઊગી હતી અને નવઘડતરનું કાર્ય શરૂ થયું હતું. ગામડાના લોકો તો વાતો સાંભળતા કે સરકારે બહુ મોટીમોટી યોજનાઓ હાથ ધરી છે અને થોડા વખતમાં દેશની સુરત પલટાઈ જશે. મોહનલાલ માસ્તરના સંગે હવે વર્તમાનપત્ર વાંચવાનો યુવાનોને પણ શોખ લાગ્યો હતો. એ લોકો રોજ નિશાળમાં આવતા અને ઓટલે બસી પેપર વાંચતા, કોઈ નવા બનાવો-ચોરી કે લગ્ન જેવા સ્તો-વાંચતા અને તેની ચર્ચા કરતા. રાજકીય પ્રશ્નોમાં કે અમેરિકા અને રશિયાની વાતોમાં તેમને રસ ન હતો, પરંતુ આપણી સરકાર ગામડામાં નહેરો વાટે પાણી આપશે અને એક વર્ષમાં આપણે બે-ત્રણ પાક લઈ શકીશું, દુકાળની તો હવે વાત કેવી, આપણા ગામડાઓમાં પણ શહેર જેવી વીજળી લાઈટ આવશે અને આપણા બાપદાદાઓએ વેઠેલું અંધારું આપણે નહિ વેઠવું પડે એવી એવી વાતો કરતા. પરંતુ હજી એ બધી વાતો જ હતી. છગન પટેલ તો આવી બધી વાતો સાંભળીને એક દિવસ એવા અકળાઈ ગયા કે બોલી પણ ઊઠ્યા, ‘લો હવે, શેખચલ્લી જેવી વાતો મેલો. આઝાદી કાંઈ તમે નથી લાવ્યા. એ તો શે’ર વારા લાગ્યા છે. તે લાભે ય તેમને જ મળશે ને ? તમારા સુધી એ કશુંય શું કરવા આવવા દેશે ?’

'અરે કાકા, તમે હું જાણો ?' એક યુવાન બોલી ઊઠ્યો : 'ગામડાના લોકો મહાત્માજીની લડાઈમાં નો'તા એમ નંઈ. અને જુઓને આઝાદ થયા ત્યારે આપણા ગામમાં રોજ પેપર આવતું થયું કે નંઈ ?

'હા ભાઈ, નિતની ટપાલ અને પેપર, એટલો લાભ આપણને થયો એની ના કેમ કે'વાય ?' છગન પટેલે સત્ય કબૂલ્યું.

'ત્યારે પછી, અને જુઓને. આપણા પાદરેથી મોટરો જાય છે કે નંઈ ? બાકી અમે નાના હતા ત્યારે તો બારમઈને વળી મોટરનું મોં જોઈએ. અને ત્યારે જાણે ભગવાન આવ્યા હોય તેમ વીંટાઈ વળીએ તેની ચોફેર. હવે તો મોટરની નવાઈ જ ના રઈ.' બીજા યુવાને પલટાતા સમયની અસર બતાવી.

'લે મેલ હવે એ બધી વાતો. જે થવાનું હશે તે થશે,' છગન પટેલે વાત પલટાવતાં કહ્યું : 'પણ આ આજે કેમ અંઈ આટલા બધા ટોળે થયા છો ?'

'લો કાકા, તમને અજીય ખબર નથી ? આજે તો આપણા અશોકભાઈનું રીઝલ્ટ છે ! બીજા યુવાને આનંદ વ્યક્ત કરતાં કહ્યું.

'અલ્યાભાઈ, એ તો હું ભૂલી જ ગયો. સવારમાં મારો ચંદુ કે'તો તો ખરો. અને માસ્તર, જાણે એનું લગન લીધું હોય એટલો આનંદમાં હતો હાંકે, છગનકાકાએ પુત્રના આનંદ પર પ્રકાશ પાડ્યો.

'એ તો છગનભાઈ, તમારા બધાંનો પ્રેમ કયાં છાનો છે ? અશોકને દરેક પોતાના ઘરનો બાળક જ ગણે છે. અમે એનો શું બદલો વાળવાના હતા ? માસ્તરે કૃતજ્ઞતાના ભાવથી કહ્યું. માસ્તરનું માન હજીય ગામમાં એવું ને એવું જ હતું.



'બદલો તો અમારે વાળવાનો છે સાહેબ,' માસ્તરના એક જૂના વિદ્યાર્થીએ કહ્યું : 'આ તમે તો આખા ગામનાં છોકરાંને લખતાં-વાંચતાં કર્યાં. બાકી અમારા બાપ-દાદાઓને સંઈ કરતાંય કંઈ આવડતી'તી, ખરું ને કાકા ?'

'હા ભાઈ હા, ના કેમ કેવાય ?' છગન પટેલે ટેકો આપ્યો. પરંતુ વાત બદલતાં પૂછયું : 'પણ માસ્તર, પેપર લેવા કોઈને મોકલાવો'તો ને તારે, ટપાલી તો હાંજે મરશે.' પરંતુ માસ્તર કોઈ જવાબ આપે તે પહેલાં જ જુવાનિયા બોલી ઊઠ્યા :

'તે અમે કાંઈ કાચું નથી મેલ્યું કાકા, આપણો રામો ને મોતી ક્યારનાય દોડ્યા છે !'

મંદમંદ સ્મિત વેરતા નમ્ર ભાવે માસ્તર સાહેબ બોલ્યા : તમારો બધાંનો ઉત્સાહ ક્યાં ઓછો છે ? મારા કરતાં તો તમોને વધારે આતુરતા છે.'

અશોકે મેટ્રિકની પરીક્ષા એ તો આખા ગામને માટે ગૌરવનો વિષય છે એમ બધા માનતા. માસ્તર પર પહેલેથી જ દરેકને ભાવ હતો. અને અશોક પણ તેના શાંત અને નમ્ર સ્વભાવથી આખા ગામનું પ્રિયપાત્ર હતો. પોતાના છોકરા કાંઈ દુઃખ દે કે આડાઈ કરે તો લોકો માસ્તરના અશોકનો દાખલો આપતા. પોતાના વિનય-વિવેકથી અશોક વૃદ્ધોને પ્રિય હતો, જુવાનિયા તો અશોક બહાર ગામ શહેરમાં રહેતો છતાં એને પોતાનો નેતા ગણતા. રજાઓમાં પોતાના ગામમાં આવતા અશોક યુવાનો માટે વાંચવા જેવાં પુસ્તકો લાવતો. તેમની સાથે હળીમળી શહેરની નવી નવી વાતો તેમને કહેતા, કુમારીકાઓ માટે રાસના દાંડીયા, દોરડાં કે રમવાની રીંગો

લાવતો અને તે શાળામાં ભેટ આપી સર્વને ઉપયોગી થાય તેમ કરતો. અલબત્ત આમાંનું કેટલુંક તો પિતાની સલાહ અગર સંમતિથી જ તે કરતો. યુવાનો તો અશોકની રજાઓ ક્યારે પડે છે તેની માસ્તર કરતાંય વધુ કાળજીભરી નોંધ રાખતા. અશોક આવવાનો હોય તો સ્ટેશન પર તેને લેવા આઠ-દસ યુવાનો ઊપડ્યા જ હોય. તે દિવસે ખેતરનું કામ બંધ ! અને અશોકને લઈને પાછાં વળતાં તો કોની મજાલ છે કે ત્રણ માઈલના એ રસ્તા પર એમની બળદ ગાડીની આગળ કોઈ ગાડી કાઢી શકે ? ગામના ઉત્તમમાં ઉત્તમ યુવાન વાછરડા જ એ ગાડીએ જોડાયા હોય ! ટકોરો ન ખાય તેવા થનગન કરતા લોહીભર્યા વાછરડા-બળદ અને આભનેય બાથમાં લેવા મથતી ગામના યુવાનોની તંદુરસ્તી ભરી યુવાની, તેમાંય વળી ચાર-પાંચ માસ પછી પોતાના પ્રિય મિત્ર અશોકનું મિલન, પછી એ ગાડીની હરીફાઈમાં કોણ ઉતરે ? ગાડીનાં પૈડાં જ્યારે ધરતી માપતાં ત્યારે યુવાનોનાં હૃદય તો આકાશમાં ઊડતાં ! હસતી, કૂદતી, મદભરી યુવાનીની વાતોમાં પેલો હાંકનારો એટલો બધો મશગુલ બની જતો કે પવન વેગે દોડતા બળદને દૂરથી આવતાં જોતાં જ આગળ ગાડી ગાડાં ચલાવનારા બિચારા માર્ગ આપી ના દે તો અથડાઈ જ પડેને ? પરંતુ માર્ગ આપોઆપ સરળ થઈ જતો. સ્નેહથી જોશભેર ઊડતા એ ઊડન ખટોલાને કોણ રોકી શકે ?

અને આવીને અશોક સીધો ઘેર ક્યારે જઈ શકતો ? કોના ઘેર લઈ જવો તે પેલી ટોળી પહેલેથી જ નક્કી કરી રાખતી અને પછી ત્યાં માત્ર અશોક જ નહિ, ઘણીવાર તો આખી જમાત જમતી. પરંતુ મિત્રોની સાથે જઈ અશોક પ્રથમ માતા-પિતાને મળી આવતો. અશોક રહેતો એટલા દિવસ ગામના યુવાનોનો અડ્ડો એની આસપાસ



જ હોય. અશોક જાય ત્યારે વળાવવા માટે પણ એટલા જ મિત્રો જતા, પરંતુ ત્યારે સૌના દિલનું દુઃખ વાચા દ્વારા વ્યક્ત થઈ ન શકતું.ભારે હૈયે અશોકને વળાવીને મિત્રો પાછા ફરતા ત્યારે ગાડીની ગતિથી અવળી દિશામાં તેનું હૃદય મિત્રો તરફ દોડતું. પછી તો મિત્રો ધીરે ધીરે ખેતીમાં ચિત્ત પરોવતા અને અશોક અભ્યાસક્રમમાં. પરંતુ એ બધું થોડા દિવસની વિરહ વેદના પછી જ. વળી ગામમાં છેલ્લા બે વર્ષમાં તો અશોકે એકાદ-બે સંસ્કાર કાર્યક્રમ યોજાવી લોકોને આનંદ-પ્રમોદ મેળવવાનું એક નવું દિશાસૂચન કર્યું હતું. આબાલવૃદ્ધ દરેકને આ કાર્યક્રમમાં ઘણો જ રસ પડેલો. કેટલાક તો કહી પણ ઊઠ્યા : ‘ભાઈ, શે’ર, તે શે’ર, એની કેળવણી તો જુદી જ હોય ને ? બાકી આપણા ગામમાં આવું વળી ક્યારે થયું છે ?’

અશોક પર ગામના દરેક જણનો પ્રેમ હતો. આવો પુત્ર મેળવવા બદલ લોકો માસ્તર કે ગંગાને ધન્યવાદ આપતા. ગંગા તો કહેતી : ‘ભગવાનનો માલ છે.’ માસ્તર કહેતા : ‘તમારા આશિષનું એ તો ફળ છે !’ ગામમાં હજી સુધી અંગ્રેજી કોઈ ભણ્યું ન હતું ત્યાં વળી મેટ્રિકની તો વાત જ શી ? એટલે અશોકના રિઝલ્ટની દિવસો પહેલાં લોકો આતુરતાથી રાહ જોતા હતા. આજે એ શુભ દિવસ હતો. લોકોનો ઉત્સાહ કેમ સમાય ? જોતજોતામાં તો ગામની ભાગોળે, નિશાળને ઓટલે લોકોની ઠઠ જામી ગઈ. અશોક પણ આવી પહોંચ્યો. અને કોઈ સંતના આગમનની રાહ જોતા હોય એટલી આતુરતાથી બધા પેપર આવવાની વાટ જોવા લાગ્યા ! રામદાસે તો કહી જ નાખ્યું :

‘અરે અશોક તો પાસ જ થવાનો છે. એમાં પૂછવાનું શું હોય ?’

'ભઈ એ તો અમે ય જાણીએ છીએ. પણ એમનો તો પાછો કંઈ ક્લાસ આપે છે ને ?' એક વધુ જાણકારે કહ્યું.

'માસ્તરકાકા,' અશોકનો એક મિત્ર મોહનલાલ માસ્તર તરફ ફરીને બોલ્યો : અશોક કે'તો હતો કે પાસ તો થઈશ જ. પણ પહેલો ક્લાસ આવે ત્યારે ખરું !' અશોકે એને કહ્યું ત્યારે 'ફર્સ્ટ,' શબ્દ વાપર્યો હતો, પરંતુ તરત જ એને એનું ભાષાંતર પણ કરી આપવું પડેલું !'

'ભગવાનની ઈચ્છા અને આપણી મહેનત પ્રમાણે થાય ભાઈ,' માસ્તર બોલ્યા. માસ્તરને પરીક્ષાનો અનુભવ હતો. પરિણામ માટે એકલા ભગવાનને દોષ આપવો એ ખોટું છે. મહેનત પણ એમાં અગત્યનું, ગણનાપાત્ર અંગ છે એ તેઓ જાણતા હતા. બાકી મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસ થાય ત્યારે 'હું પાસ થયો' અને નપાસ થાય ત્યારે 'નપાસ કર્યો' એમ જ કહે છે ને ?

અશોક આ બધાં વચ્ચે શાંતિથી સ્વસ્થતા જાળવી રહ્યો હતો. પાસ થવાશે જ એની તેને ખાત્રી હતી. છતાં 'આ તો મેટ્રિક છે, ખાડો કહેવાય, પરિણામ બહુ કડક આપે છે, શું થશે તે કાંઈ કહેવાય નહિ, ભલભલા હોંશિયાર પણ રહી જાય', આવી બધી પોતાના સહાધ્યાયીઓની વાતો આજે તેના મગજમાંય ઉભરાતી હતી. પરીક્ષા, પરિણામ અને શરત એ ત્રણ એવાં છે કે જેમાં ભલભલા ભડવીરોનાં હૃદય પણ ભયભીત કે શંકાશીલ બને ? વર્તમાનપત્રની રાહ જોતા લોકો લાંબી નજરે દૂરનો પંથ નિહાળતા હતા. 'છોકરા હજી ન આવ્યા; કાંઈક અજંપાવાળા કહેતા.'

'ગાડી ગયે કેટલો વખત થયો ?' એક જિજ્ઞાસુએ



પૂછયું.વર્તમાનપત્ર ગાડીમાં આવતુ હતું.

'પોણો કલાક લગભગ થયો હશે.' માસ્તરે કહ્યું.

'તો આવ્યા જાણોને.' બહુ લાંબા સમયે રણછોડકાકાએ વાચા ખોલી : 'ગોફણમાંથી છૂટેલા ગોળા જેમ છોકરા આવ્યા જાણો.'

ત્યાં તો કોઈકે કહ્યું : 'પેલા દેખાય ! અને બધાની નજર રાજમાર્ગ પર મંડાઈ ગઈ. યુવાનો ઓટલા પર ઊંચી એડીએ થયા, વૃદ્ધો અને આંખનું કાચું હોય તેવા આધેડોએ હાથની છાજલી કરી.

'હા, હા, એ જ, હાથમાં કાંઈ ધોળું ય છે, જુઓને,' બીજા એક બે જણે ટેકો આપ્યો. પરંતુ હવે તેમને વધુ અટકળો કરવાની જરૂર ન હતી. જોતજોતામાં તો રામો અને મોતી નજીક આવી લાગ્યા. દૂરથી મોં ઉપરના ભાવો તો સ્પષ્ટ નહોતા થતા, પરંતુ ઉત્સાહમાં ઊપડતા એમના પગ જ કહી આપતા હતા કે તેમની પાસે શુભ સમાચર છે. અશોકના હૃદયના ધબકારા જરા વધ્યા, માસ્તરની આતુરતા ય સ્વાભાવિક રીતે જ સતેજ થઈ, પરંતુ પહેલાં જ પેલા મંડળમાંથી કોઈકે બૂમ પાડી : 'એલા હું થીયું ? પાસને ?' અને 'એ હા, હા પાસ, કહેતા બંને છોકરા ચાલવાને બદલે હવે તો દોડી પહોંચ્યા. 'ક્યો ક્લાસ?' એક વધુ જાણકારે પ્રશ્ન કર્યો. એ ક્લાસ બલાસ આપણને ખબર નઈ ભઈ, મોતી બોલ્યો : 'આપણે તો અશોકભાઈનું નામ પેપરમાં જોયું.'

'હા. જુઓને અને એની નીચે પેન્સીલથી લીટીય દોરી છે.' રામાએ સૂર પુરાવ્યો અને જાણે દેવના દર્શન માટે પડાપડી કરતા હોય તેમ એકી સાથે અનેક નજરો પેપર પર મંડાઈ ગઈ ! જેણે 'કોઈ દિવસ પેપર વાંચ્યું ન હતું, અરે, જેને કરવતનો 'ક' પણ આવડતો

ન હતો તેવા પણ અંદર નજર નાખવા લાગ્યા ! પાછળ ઊભેલાં આગળવાળાંની ઊંચાઈની હરિફાઈ કરતા હોય તેમ ઊંચી એડીઓ કરી જોવાનો પ્રયાસ કરવા લાગ્યા. 'હા છે, છે નામ, આ રહ્યું' -ના શબ્દોચ્ચર થઈ રહ્યા. અશોક પણ બધાની વચ્ચે પહોંચી ગયો હતો, પરંતુ પડાપડીમાં માર્ગ કરવો મુશ્કેલ હતો. પણ છગન પટેલ તેની મદદે આવ્યા : 'અલા, તમે એમાં હું હમજો ? આપોને અશોકને.' તેમણે કહ્યું. અંતે અશોકે પેપર જોઈને કહ્યું કે તે સેકંડ ક્લાસમાં પાસ થયો છે. બધાના મુખ પર આનંદ છવાઈ રહ્યો. 'લો માસ્તર, અશોક પાસ થયો. હવે થવા દેજો મિજબાની'. લલ્લુ પટેલે સર્વ તરફથી માગણી મૂકી દીધી. 'હા, હા, જરૂર લલ્લુભાઈ' કહેતા માસ્તરના મુખ પરનો હર્ષ મર્યાદામાં હતો અને બધાના આકર્ષણ સમો અશોક પિતાને વંદન કરી 'જીવતા તો રહે અને ખૂબ ભણ'ના આશીર્વાદ લઈ મિત્રો સાથે માતા પાસે પહોંચી ગયો ત્યારે માતા ઓટલે બેસીને તેની રાહ જોતી હતી. દૂરથી જ મોતીએ બૂમ પાડી : 'ગંગાકાકી, અશોકભાઈ પાસ થયો' અને હર્ષભરી માતા ઊભી થઈ. એટલામાં ફળિયાની બે-ચાર સ્ત્રીઓ પણ આવી પહોંચી. અશોક આવીને માતાને પગે પડ્યો. 'જીવતો રહે'ને સુખી થા બેટા'; માતાએ આશીર્વાદ આપ્યા અને પ્રશ્ન કર્યો : 'ભઈ, મંદિર જઈ આવ્યો ?'

'હા, કાકી. અશોક પહેલાં તો રામો બોલી ઊઠ્યો : 'ભાગોળથી બારોબાર જઈને પછી ઘેર આવ્યા છીએ.' અને ભેગાં થયેલાં બૈરાને ગંગાકાકીએ ગોળ વહેંચ્યો ત્યારે એક બોલકી સ્ત્રી બોલી : 'ગંગાબા, આજના કહારમાં અમારોય ભાગ કરજો;

હસતે હસતે ગંગાબાએ કહ્યું : 'હા, હા, કોણ ના કે' છે ?' અને સાચે જ આ ખુશાલીમાં માસ્તરે આખા ગામને ચા-પાણી કર્યાં.



પરિણામ પછીના થોડા દિવસ આનંદમાં પસાર થઈ ગયા પરંતુ પછી પ્રશ્ન આવ્યો 'હવે શું ?' કોઈ આદર્શને સિદ્ધ કરવા મથતા માણસ માટે એ આદર્શને પહોંચવાના પ્રયત્નો જ સર્વસ્વ હોય છે, એટલે એને માટે બીજા કોઈ નવા પ્રશ્નો ઊભા થતા નથી. ધ્યેયને હાંસલ કરવામાં જ તે રચ્યોપચ્યો રહે છે અને એ પ્રયત્નમાં જ આનંદ અનુભવે છે. એ માર્ગમાં આવતી મુશ્કેલીમાં પણ એક પ્રકારનો આનંદ આવે છે અને હસતે હસતે માણસ તે પાર કરી જાય છે. પરંતુ આદર્શે પહોંચતાં જ પેલો આનંદ એકદમ ઊભરાઈને ખાલી થઈ જાય છે - ચૂલા ઉપર મૂકેલા વાસણનું પ્રવાહી ખાલી થઈ જાય તેમ. અને પછી પેલો આનંદ અદશ્ય થાય છે. માણસ માટે હવે એક નવો પ્રશ્ન ઊભો થાય છે : 'આ તો મેળવ્યું : 'હવે શું ?' 'હવે શું ?' નો આ પ્રશ્ન જીવનમાં કેટલાયને મૂંઝવતો હશે. અશોક મેટ્રિક પાસ થયો એનો આનંદ માણી રહ્યાં ત્યાં તો માસ્તર સમક્ષ પણ આ પ્રશ્ન ઊભો થયો. ગંગાની ઈચ્છા હવે પુત્રને પોતાની પાસે જ રાખી, કાંઈ ધંધે વળગાડી દેવાની હતી અને તેથીય વધુ તીવ્ર ઈચ્છા તો હવે પુત્રના લગ્ન કરી નાખવાની હતી. વળી ગામના લોકોય ગંગાની વાતને સાથ આપતા : 'અવે કેટલુંક ભણે ? પરણાવી દો એટલે તમેય નિશ્ચિંત થઈ જાવ'. સંતાનોને પરણાવવાં એ ખાસ કરીને ગામડાના લોકો માટે તો બહુ અગત્યનું કાર્ય હોય છે. છોકરાં પરણાવ્યાં એટલે જાણે પરવારી ગયા, હવે નિશ્ચિંત થઈને રહો, એવા કાંઈક ભાવ તેમના હૃદયમાં ઘર કરી રહ્યા હોય છે, પરંતુ પરણાવ્યા પછી નિશ્ચિંતતા આવે કે ચિંતા વધે ? આજે પરણ્યા તો વરસ પછી બાપા અને દસ વર્ષમાં તો એવું એક નાનું મંડળ તેની આજુબાજુ રચાઈ જાય છે કે પેલા બિચારા યુવાન હૃદય દાંપત્યજીવનના ઊર્મિ ઊછળતા

સાગરમાં  હિલોળે ચઢવાની હોંશમાં હોય છે ત્યારે પેલા બાલ-મંડળના સભ્યો ‘બાપા-બા’ કે બહુ બહુ તો ‘પપ્પા-મમ્મી’ના શબ્દોચ્ચારથી તેમને જવાબદારીનું ભાન કરાવે છે. અને એ યુવાન હૃદયોની હોંશ પર ઠંડું પાણી પડે છે. વધેલા વજનવાળી જીવનનૌકાને સંભાળતાં એટલી મુશ્કેલી પડે છે કે તેમના હોંશ ઊડી જાય છે અને એવે સમયે ‘આ સંસાર અસાર છે ભાઈ’●ની ધૂન મચાવતો કોઈ અવધૂત ચાલ્યા આવે ત્યારે તેમને બિચારાને તેની વાત સાચી જ લાગે ને ? પરંતુ માસ્તર આ જૂની ઘરેડમાં તણાય એવા ન હતા. પુત્રને ડીગ્રીધારી કરવાની તેમની પ્રથમથી જ ઈચ્છા હતી. વળી અશોકની ય આગળ ભણવાની તમન્ના હતી. ફક્ત તેની માતાની ઈચ્છા ઓછી હતી.

પરંતુ આ વખતે પત્નીને સમજાવતાં મોહનલાલને બહુ મુશ્કેલી ન પડી. થોડા વર્ષ અગાઉ અશોકને જ્યારે હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા મોકલ્યો ત્યારે જે દલીલોથી તેમણે પત્નીને સમજાવી હતી, તે જ જૂની દલીલો કામ લાગી. દીકરો ડીગ્રીધારી થાય તે જોવાની મોહનલાલની ખાસ તમન્ના હતી. પત્નીને પણ એ રીતે એમણે સમજાવી. તેમાંય હવે તો વળી માત્ર ચાર વર્ષનો જ પ્રશ્ન હતો. એટલે અશોક સહેલાઈથી કોલેજના વધુ અભ્યાસ માટે શહેરમાં જઈ શક્યો.

હાઈસ્કૂલમાંથી કોલેજમાં ! વિદ્યાર્થી જીવનનું આ એક અગત્યનું સોપાન છે. હાઈસ્કુલ કાળમાં વિદ્યાર્થી જીવનનો એક ભાગ પૂરો થાય છે. વેકેશનના ઈન્ટરવલ પછી જાણે એક નવો વિભાગ શરૂ થાય છે. હાઈસ્કૂલમાંથી કૉલેજમાં ! અહાહા ! કેટલો બધો તફાવત ! સંકુચિતતામાંથી વિશાળતામાં, તળાવમાંથી જાણે સમુદ્રમાં



! પર્વત પરથી કૂદતી, દોડતી નદી મેદાનો પાર કરતી હોય છે ત્યારે તે પોતે ઘણી મોટી છે એમ તેને લાગતું હશે. પરંતુ ઈશ્વરે નદીને વાચા આપી હોત તો એ જયારે સમુદ્રની  પાસે પહોંચે છે, જયારે દૂરથી એને સમુદ્રનો ઘેરો ઘૂઘવાટ સંભળાય છે અને કાળાં ભમ્મર પાણી એને દેખાય છે ત્યારે એના હૃદયમાં જે ભાવ જાગતા હશે, જે ડર, ગભરાટ અને દિલની ધડકન એનાં હશે તે સાંભળવાથી તો એક ઊર્મિકાવ્ય વાંચ્યા કરતાંય વધુ આનંદ થાત. પરંતુ વાક્‌દેવી નદી પર એ રીતે પ્રસન્ન નથી. પણ ‘હા, એ ભાવ આપણે સમજવા હોય તો કોઈ હાઈસ્કૂલમાંથી કૉલેજમા જતા વિદ્યાર્થીને જે અનુભવ થાય છે તે જાણીએ તો નદીના સાગર મિલન સમયના ભાવથી વિદ્યાર્થીના કોલેજપ્રવેશ વેળાના ભાવ ભિન્ન નહિ હોય ! શાળા કરતાં મહાશાળાની વિશાળતા તો પ્રથમ દ્રષ્ટિએ જ નજરે ચડે, વિશાળ ચોગાનમાં આલિશાન ઈમારત, છોડના કૂંડાને બદલે સુંદર બાગ, સ્નેહાળ શિક્ષકોને બદલે અક્કડ ગરદન-કદાચ ટાઈને કારણે-અક્કડ રાખી ચાલતા પ્રોફેસરો ! ગઈકાલ સુધી લેંઘા અને ખમીસ પહેરીને ફરતો હાઈસ્કૂલનો વિદ્યાર્થી હવે સુટમાં સજ્જ થઈને નીકળે છે. તેમનાં કપડાંને કરચલી પડી શકે જ નહિ, ગઈકાલના ડ્રેસ કરતાં આજનો ડ્રેસ જુદો જ હોય. હોટલમાં તો જવું જ જોઈએ, એકાદ પીરીયડ ભર્યો ન ભર્યો, બાકીનો સમય આમતેમ ફરવામાં ને ગપ્પામાં કાઢે તો જ સાચો કોલેજીયન કહેવાય. કોઈ ગૃહકાર્ય આપનાર નહિ, કોઈ તપાસનાર નહિ, બાર માસિક પરીક્ષા થાય ત્યારે વાત ! પછી લહેર કરે તેમાં કોલેજીયનનોય શો વાંક ? પરંતુ આ બધા બાહ્ય ફેરફારની સાથે તેઓ હૃદયની અને દૃષ્ટિની વિશાળતા ધારણ કરે છે એમ ન કહીએ તો એક અન્યાય ગણાય.

છતાં શાળા અને મહાશાળા વચ્ચે એક મોટો ભેદ હોય તો સહશિક્ષણનો. અત્યાર સુધી સહશિક્ષણ શહેરની શાળાઓમાં હતું. ગામડામાં નહિ. હવે કેળવણીના ફેલાવા સાથે ક્રમ લગભગ ઊલટો થઈ ગયો છે. ગામડામાં શાળાઓ ઓછી હોય છે. એટલે ત્યાં સહશિક્ષણ છે, પરંતુ શહેરો તો પ્રગતિશીલ રહ્યાં. કન્યા કેળવણીના વિકાસ સાથે તેમને લાગ્યું કે છોકરીઓએ શા માટે છોકરાઓ સાથે ભણવું જોઈએ ? છોકરાઓ માટે હાઈસ્કૂલો હોય તો છોકરીઓ માટે પણ કેમ નહિ ? સમાન હક્કનો સિધ્ધાંત અહીં પણ લાગુ પડ્યો અને કન્યાઓ માટે ખાસ શાળાઓ 'ગર્લ્સ  હાઈસ્કૂલો' શરૂ થઈ ! આમ શિક્ષણક્ષેત્રે છોકરા અને છોકરીઓ જુદાં પડ્યાં. સ્ત્રી અને પુરુષ સંસાર રથનાં બે ચક્રો છે એમ આપણે કહીએ છીએ, પરંતુ એ બે ચક્રોને આપણે કદી આપમેળે એક થવા દેતા નથી. કદાચ બે ચક્રો એક થઈ સ્વતંત્ર રથ તૈયાર કરી દે તો લગ્ન કરાવવાનો વડીલોનો હક્ક જતો  રહેને ? એ હક્ક તો આપણે આપણી પાસે સલામત જ રાખવાનો. પછી ભલે આપણે એવાં બે ઊંચાં - નીચાં ચક્રો ભેગાં કરી રથ તૈયાર કરી આપીએ કે જેથી એ રથ બિચારો ઉછળતો અથડાતો કદી ગબડતો તો કદી ખોડંગાતો ચાલ્યો જાય અને એમાં બેઠેલાં પેલાં યુવક-યુવતી એમાં હડસેલા ખાયા જ કરે !

પરંતુ આપણે લાચાર છીએ. માધ્યમિક શિક્ષણમાં તો આપણે છોકરા-છોકરીઓને એક ન થવા દેવામાં સફળ થઈએ છીએ, પણ મહાશાળામાં તેમ કરી શકતા નથી. કારણ છોકરીઓ માટે જુદી મહાશાળાઓ ચલાવવા જેટલાં નાણાં આપણી સરકાર પાસે નથી. એટલે પ્રથમવાર જ છોકરા-છોકરીઓ કોલેજમાં એકબીજા સાથે અભ્યાસ શરૂ કરે છે. નવી વસ્તુનું આકર્ષણ હંમેશા વધુ હોય છે.



અત્યાર સુધી એકબીજાથી લગભગ અલિપ્ત રહેલાં યુવક-યુવતીઓ એકબીજાની નજીક આવે છે, તે ઉપરાંત માનસશાસ્ત્રીઓ જેને (Adolesence age)(કૌમાર અવસ્થા) કહે છે તે વયની વૃત્તિઓનું જોર, અને કોલેજમાં પ્રથમ વાર જ મળતી સ્વતંત્રતામાંથી પરિણમતી સ્વચ્છંદતા. આ બધાં કારણોને લઈને યુવક-યુવતીઓને એકબીજાનું આકર્ષણ થાય છે અને તેમનામાં પરસ્પરનો મોહ જાગે છે. બિચારાં બીન અનુભવીઓ આ મોહને પ્રેમ માને છે અને પ્રેમમાં પડ્યા પછી તો લયલા-મજનું કે શીરીન-ફરહાદની કલ્પનાઓમાં જ રાચે ને ? યુવતીઓ કરતાં યુવકોને આ મોહ વધુ હોય છે. કોઈ કદી સ્વાભાવિક નજર નાખે અથવા કદી કોઈ કારણસર સહેજ વાતચીત કરે તો બિચારા માની લે કે 'એને મારી સાથે પ્રેમ છે !' પ્રેમ થયો લાગે એટલે વિરહની વેદના, અભ્યાસ તરફની વૈરાગવૃત્તિ, કપડાંનો ઠઠારો, ઊડતી વાળની લટોની સાથે કરૂણ-ફિલ્મી ગીતોનાં ગુંજન- આવું બધું ઘણું આવે છે. આમાંના કોઈ કિસ્સા તો સ્નેહલગ્નમાં પણ કદીક પરિણમે છે. પરંતુ સમયના વહેણ સાથે પેલો કહેવાતો પ્રેમ પોબારા ગણી જાય છે અને લગ્નજીવન કરૂણ નિષ્ફળતામાં પરિણમે છે ! અલબત્ત, કોઈક વાર સાચા પ્રેમથી સંસ્કારી લગ્નો થતાં હશે અને સંસારમાં સ્નેહની સુવાસ મહેંકતી હશે, પરંતુ એવા બનાવ તો લાખોમાં એક !

અશોક કોલેજમાં ગયો. નવા વાતાવરણથી દિલમાં આનંદ, ડર અને આશ્ચર્ય ત્રણે થયાં હતાં. પરંતુ થોડા દિવસોમાં એ બધુંય ઓસરી ગયું. સમયના વહેણ સાથે એક વર્ષ પણ વીતી ગયું. નવું વર્ષ શરૂ થયું. એનો એ જ કાર્યક્રમ ફરી શરૂ થયો ન થયો અને ત્યાં તો આવી કોલેજ યુનિયનની ચૂંટણી. લોકસભા કે ધારાસભાની

ચૂંટણી જેટલો રંગ નહિ જમાવતી હોય એટલો રંગ આ કોલેજ યુનિયનની ચૂંટણી જમાવે છે. 'વોટ ઍન્ડ કેનવાસ ફોર'નાં કાર્ડ અને ભીંત પત્રો, મુલાકાતો, સજાવટો પાર્ટીઓ અને એમાંથી કોઈવાર આંતરિક ઘર્ષણ સુધ્ધાં આ ચૂંટણીઓમાં દેખાઈ જાય છે ! અશોકનો મિત્ર સતીશ પણ આ ચૂંટણીમાં ઊભો હતો. સ્વભાવે કાંઈક શરમાળ અશોકને પણ મિત્રના કાર્યમા મદદ કરવી પડતી, કાર્ડ વહેંચવાં પડતાં, અન્ય મિત્રોને સમજાવવા પડતા, અજાણ્યા વર્ગ સાથીઓ પાસેય પહોંચવું પડતું, અરે, બેનો પાસે જઈને તેમની પાસેય મતની માગણી કરવી પડતી.

તે દિવસે રીસેસ પડી કે તરત જ સતીશ, અશોક અને અન્ય મિત્રો હાથમાં કાર્ડ લઈ દરવાજા પાસે ઊભા રહ્યા અને જે બહાર નીકળે તેને કાર્ડ આપવા લાગ્યા. ચાર-પાંચ છોકરીઓ અશોક પાસેથી પસાર થતી હતી તેમને અશોકે,'Please Vote for Satish' કહી કાર્ડ આપ્યાં. કોઈએ કાંઈ બોલીને, કાંઈ બોલ્યા વિના, શરમાતે સંકોચાતે કાર્ડ લઈ ચાલવા માંડયું. છેલ્લે આવી ઉષા. તેને પણ એ જ રીતે અશોકે કાર્ડ આપ્યું ત્યારે સ્મિત અને શરમના મિશ્ર ભાવો સાથે તેણે કાર્ડ લીધું અને 'થેંક્સ'ના મધુર, ધીમા રણકારથી તે જતી રહી. છતાંય અશોકના હૃદયમાં એ દશ્ય અને એ નજર જડાઈ ગયાં ! નજરમાં સ્નેહ તો સમજ્યા પણ ઉપાલંભ શાને ? 'કોઈકના હૃદયને સમજતો નથી' એ ભાવ ભર્યા હશે એ ઉપાલંભમાં ? ગમે તેમ પરંતુ... જીવનની આવી એક ધન્ય ક્ષણ અશોકે પ્રથમવાર જ અનુભવી ! અને ત્યાર પછી તેણે કેટલાંયને કાર્ડ આપ્યાં પરંતુ એ કાર્યમાં ન હોતો રસ અને નહતો ઉત્સાહ. તે કોને કાર્ડ આપતો હતો, શા માટે આપતો હતો એ કશોય તેને ખ્યાલ ન હતો.



અન્યમનસ્ક થઈ તે કાર્ય કરતો હતો. તેના કાનમાં તો ગૂંજતો હતો 'થેંક્સ' નો પેલો મધુર રણકો અને પ્રેમથી ઠપકો દેતી, પેલી ક્ષણભર પોતા પર પડેલી ચિરંજીવી નજર ! નજરના ખેલ ન્યારા હોય છે અને તેમાંય સ્ત્રી-અને તેય યુવાન સ્ત્રી હોય તો તેની નજર તો ઘણું કહી જાય છે, ઘણું કરી જાય છે. હૃદયને હચમચાવી નાખે એવો ઊર્મિઓનો જુવાળ તે લાવે છે, અને જીવનભર યાદ રહી જાય એવો આંચકો એ આપે છે ! કોઈ મીઠું દર્દ પણ દિલમાં ભરી દે છે. છાત્રાલયમાં રાત્રે અશોક વાંચવા બેઠો, પરંતુ આજે અભ્યાસમાં તેનું ચિત્ત ચોટતું ન હતું. એ જ દશ્ય નજર સામે આવ્યું, એ જ ટહુકો કાને પડ્યો અને અશોક હાથમાં પુસ્તક સાથે બીજી દુનિયામાં ખોવાઈ ગયો !

'ગઈસાલથી જ અમે સાથે છીએ. પરસ્પરનો પરિચય તો કશોય નહિ, પરંતુ વર્ગમાં એ ઘણીવાર મારા તરફ જોતી, મનેય કોણ જાણે કેમ પણ એની તરફ જોવાનું ગમતું અને ઘણીવાર અમારી નજર એક થઈ જતાં બંને જણ શરમાઈને નજર ફેરવી લેતાં, કોઈ જોઈ ન જાય એની કાળજી રાખતાં અને આમ અમારું નયન-મિલન ચાલતું. એ કેમ મારા તરફ જોતી હશે ? હું એના તરફ જોઉં છું એથી એ ચિડાતી હશે ? ના, ના, એમ હોય તો એના મુખ પર ગુસ્સાના ભાવ દેખાયને? એ તો સદાય એક ક્ષણ મીઠી નજર નાખી આંખ ફેરવી લેતી !' અશોક જેવા સાત્ત્વિક વૃત્તિના યુવાનને આજે આમ કેમ થાય છે એ તે પોતેય નહોતો સમજતો. અજાણતાં જ તેનો વિચાર ચકડોળ આગળ ફરવા લાગ્યો : 'ના, ના, તેણે મારા તરફ અણગમો કે ક્રોધ તો કદીય દાખવ્યાં નથી. મને તો ઉલટું એમ લાગે છે કે હું એના તરફ જોઉં એ તેને ગમે છે ! અને હું ક્યાં ખરાબ

આશયથી જોઉં છું ? પરંતુ કોણ જાણે કેમ મને એના તરફ જોવાનું ગમે છે અને જોઉં છું તેથી મને આનંદ થાય છે. એ કોઈ દિવસ કોલેજમાં નથી આવતી તો મને સૂનું લાગે છે એય સાચું. એનું નામ તો હું ગઈ સાલથી જ જાણું છું. ઉષા ! અહાહા, કેવું મધુર નામ છે ! અને સુંદર પણ એવી જ છે ને ? કેટલું સરસ મોં છે ?' અને પછી તો અશોક એ મુખચંદ્રમાં જ ડૂબકી મારી ગયો !

સુંદરતા શબ્દને તેના સાચા અર્થમાં સમજવો હોય તો ઉષાને જોવી જોઈએ એવું દેહસૌંદર્ય તેનું હતું. કાળા લાંબા વાળનો ચોટલો વાળેલો હોય તો કમરથી એક વેત નીચે તે ઝૂલતો, અંબોડો હોય તો કાળી પશ્ચાદ ભૂમિમાં તેના મુખને ચમકાવતો, કાળા વાળ અને વિશાળ ભાલ પ્રદેશના મિલનસ્થાને કલાકારે દોરી હોય તેવી વળાંક લેતી રેખાથી એ ક્ષિતિજ પણ સોહામણી બની ઊઠતી. બે ભ્રમરના મધ્યભાગમાં સહેજ ઉપર રોજ પોતાનો આકાર બદલતો ચાંદલો આકાશમાં વધઘટ થતા ચંદ્રની યાદ આપતો. આંખોને મોટી ન કહેવાય, નાની પણ નહિ જ. પરંતુ એ આંખોનું ખરું આકર્ષણ હતું એના ભૂરા રંગમાં અને એ નીલી આંખો સીધી દૃષ્ટિએ નિહાળતી હોય ત્યાં સુધી તો ઠીક, પરંતુ સહેજ વક્ર દૃષ્ટિથી જ્યારે એ વડે જોવાતું ત્યારે તો વિશ્વામિત્ર જેવા ઋષિ મેનકા પર કેમ મોહ પામ્યા હશે તે આપોઆપ સમજાઈ જતું ! પોપટની ચાંચ જેવા અણીદાર નાક કરતાં તો ઉષાનું આ અણીકાપી અગ્રભાગ કાંઈક ગોળ કર્યો હોય તેવું નાક ક્યાંય ચઢી જતું અને તેની નીચે આવેલું મુખ-જાણે અર્જુને પણછ ચઢાવી હોવા છતાં બાણ ન મૂક્યું હોય તેવું ધનુષ્ય ! પરંતુ એ મુખ ધનુમાંથી 'થેંક્સ' જેવો એકાદ મધુર શબ્દ પણ બાણની માફક અશોક જેવાના હૃદયને વિંધવાની તાકાત ધરાવતો હતો એટલે



ત્યાં બીજા બાણની શી જરૂર ? એ હોઠ પર લીપસ્ટીક કદી લાગતું નહિ, કુદરતે લાલીમાની પીંછી ત્યાં હલકે હાથે ફેરવી લીધેલી જ હતી. ડોકમાં શોભતું સુવર્ણનું એક નાનકડું નેકલેસ ડોકની સાથે સાથે આખા ઉપર પ્રદેશની શોભા વધારી દેતું. અને કાનમાં શોભતા પેલાં એરીંગ દર માસે નવો આકાર ધારણ કરે છે એવું બારીકાઈથી જોનારને લાગે તો નવાઈ નહિ ! હાથની લાંબી આંગળીઓમાંથી એક પર પક્ષપાત હતો ઉષાને. એટલે જ એને અંગુઠીએ મઢી હશેને ? પરંતુ નખ પર એની સમદૃષ્ટિ હતી. તે બધા જ એક સાથે, એક સરખી લાલી ધારણ કરતા હતા. વળી સુંદર જમણા કાંડા પર શોભતી નાજુક કંગનની હારમાળા વધુ આકર્ષક લાગતી કે ડાબા હાથે કાળી પટ્ટીમાં સજ્જ થઈને જડાઈ ગયેલું રીસ્ટ વૉચ હાથની શોભા વધારતું એ કોણ કહી શકે ?

આવી ઉષાએ કોલજીયનો પર●અજાણતાં કામણ કર્યા હતાં. તેની સાદગી તેને વધુ શોભા આપતી હતી, પરંતુ એને બિચારીને શી ખબર કે એ સાદગીમાં સંતાયેલા રૂપની હરિફાઈ કરવા, એમાં સંતાયેલા આત્માને ખુશ કરવા કેટલાય કોલેજીયનો નિત નવા સૂટમાં સજ્જ બની ફરતા હતા ! ઉષાને આકર્ષવા તેના સહાધ્યાયીઓમાં હરિફાઈ ચાલતી. પરંતુ ઉષાને આની ખાસ ખબર ન હતી. કદી એવી ગંધ આવતી તો પણ એ બધી વસ્તુઓ તેને માટે નગણ્ય હતી. પ્રેમના ફંદામાં ફસાવા તે માગતી નહોતી. તે પોતે સરળ સ્વભાવની હતી. ખોટી ટાપટીપ કે વરણાગી વેડા પર તેને ચીડ હતી. તેનો એક શબ્દ તો શું, માત્ર નજર પામવા કોલેજીયનો મનમાં બાધા રાખતા, પરંતુ ઉષાને નહોતો સૌદર્યનો ગર્વ નહતું કોઈના ઠઠારાનું આકર્ષણ. અભ્યાસમાં ય તે ચપળ હતી. કોલજમાં સખીઓ સાથે આનંદથી

હરતી ફરતી ઉષા કંઈકના કાળજા કાપતી પરંતુ ઉષાને તો તેની કોઈ પડી જ ન હતી. તેને પ્રેમ કરવો ન હતો. સખીઓ કદી આવી વાતોમાં સરી પડતી ત્યારે તે વાત ઉડાવી દેતી.

પરંતુ તેને બિચારીને શી ખબર કે પ્રેમ કરાતો નથી, થઈ જાય છે. હા, મોહ જેને આધુનિક માનવી માટે ભાગે પ્રેમ માને છે તેમાં અને શુધ્ધ પ્રેમમાં બહુ ફેર છે. મોહને પ્રેમ માનીને રાચતા, લયલા-મજનુની કલ્પનામાં ફરતા કંઈક યુવાન હૃદયો એકાદ ભૂલને અંતે કરૂણતાભરી સ્થિતિ પર પહોંચી જાય છે. પરંતુ ત્યાં મૂળમાં મોહ છે, પ્રેમ નહિ, એ સમજી લેવાની જરૂર છે. પ્રેમ કદી નિષ્ફળ જતો નથી, સાચો પ્રેમ કદી નષ્ટ થતો નથી; ખીલતા પુષ્પની જેમ એ સદાય તાજો રહે છે., કરમાયેલા કુસુમ જેવી એની હાલત કદી થતી નથી, હૃદયમાં જ્યારે સાચા પ્રેમની ઊર્મિ ઊઠે ત્યારે એને કોણ રોકી શકે ? હા, ઉષા પણ ન રોકી શકે, ન રોકી શકી !

કોલેજનું પ્રથમ વર્ષ શાંતિથી વિતતું હતું. ત્યાં એક દિવસ એક નાનકડો પ્રસંગ બન્યો. ઉષાના નામથી એક દિવસ કોલેજના બોર્ડ પર નોટીસ મૂકાઈ - તેનું રીસ્ટ વોચ ખોવાયાની. અકસ્માત તે જ દિવસે નવું ખરીદેલું રીસ્ટવોચ અશોકના હાથે હતું ! એવું જ નાનું, એવા જ ડાયલવાળું ! ઉષાની પાછલી બેન્ચ પર સતીશ અને અશોક બેઠા હતા. અચાનક સતીશે પૂછ્યું :

'અશોક, કોઈનું ઘડિયાળ ઉપાડી લાવ્યો કે શું ?'

'હા,' અશોકે પણ હસતાં હસતાં જવાબ વાળ્યો : 'મળે તો કોણ ન લે ?' ઉષા વાતનો મર્મ સમજી. અશોકના હાથનું ઘડિયાળ કદી પોતાનું ન હોઈ શકે. અશોકને મળ્યું હોય તો એ આપી દે



એટલી છ માસના મૌન સહવાસ છતાં તેને ખાત્રી પણ ખરી, છતાં ઉષાથી સહેજ ડોક મરડી ત્રાંસી નજરે અશોકના ઘડિયાળ તરફ જોવાઈ ગયું અને ત્યારે પોતે કરેલી મજાક બદલ અશોકને પસ્તાવો થયો. 'સાચે જ ઉષાને વહેમ ગયો હશે ?' તે વિચારી રહ્યો અને બહાર નીકળી આ વાતનો ખુલાસો કરવો એ પણ તેણે નક્કી કરી નાખ્યું.

રીસેસ પડી. અશોક લોબીમાં ઊભો હતો. અજાણી યુવતી-સાથે બોલવાનો આજે આ પ્રથમ પ્રસંગ હતો. ઉષા સાથે વાત કેમ કરવી ? અશોક જરા મુંઝાયો. પરંતુ ત્યાં તો સામેથી ઉષા એકલી જ આવી રહી હતી. હિંમત કરી અશોકે તક ઝડપી લીધી :

'આ ઘડિયાળ તમારે જોવું હોય તો...'

'અરે ગાંડા થયા ?' અશોકને અધ વચ્ચે જ અટકાવી ઉષા બોલી ઊઠી અને સ્મિત વેરતી તે ત્યાંથી ચાલી પણ ગઈ. બાહુક શો અશોક ઘડીમાં પેલા બે હોઠ વચ્ચેથી દેખાતી મોતીના હાર જેવી દંતાવલી તો ઘડીમાં એની ભૂરી આંખોમાંય સમાયેલું હાસ્ય જોઈ રહ્યો. ત્યાં વળી તેનું મન વિચારી રહ્યું : 'કેટલી ચપળ છોકરી છે ? મારા અડધા શબ્દે જ સમજી ગઈ ! અને ભલી પણ કેટલી ! કેટલી વિશ્વાસુ ? મને કહે છે : 'અરે ગાંડા થયા?' શાબાશ ઉષા શાબાશ ! હું સાચે જ ગાંડો છું કે તને મેં આવી વહેમી કલ્પી. તેં તો મને મોટો શાહુકાર કહ્યો !'

તે દિવસે બનેલો આ પ્રસંગ અશોકના હૃદયમાં એક મીઠું સંભારણું બની સંતાઈ ગયો એટલું જ. પરંતુ તેણે ઉષાનાં તો હૃદય દ્વાર ખોલી નાખ્યાં. પ્રેમ કરવા ન માગતી ઉષાને થોડા વખતથી અશોકમાં કાંઈક રસ જાગ્યો હતો. તેની પ્રત્યેક પ્રવૃત્તિ પર તે અજાણતાં

ય નજર રાખતી અને ચાલુ વર્ગે પણ સામી બેંચ પરથી અશોકનું નયનપાન એ કરી લેતી, પરંતુ રિસ્ટ વોચના પ્રસંગથી તો ઉષાના હૃદયમાં અશોકે આસન જમાવ્યું. રાત્રે તે અશોકનું વાક્ય યાદ કરી રહી : 'આ ઘડિયાળ તમારે જોવું હોય તો...!' અને પછી તો તે પોતાની જાતને ઠપકો આપવા લાગી : 'હું ય કેવી ઉતાવળી છું. પૂરું વાક્ય ન બોલવા દીધું. તકનો લાભ લઈને આગળ કાંઈ વાતચીત પણ ન કરી.' પરંતુ ત્યાર પછી તો અશોક તરફ તે વધુને વધુ ખેંચાતી ગઈ અને તેના પ્રત્યે તે એટલા પ્રેમથી જોતી કે સતીશે તો એક દિવસ અશોકને કહ્યું પણ ખરું :

'અશોક, ઉષાને તું બહુ ગમતો હોય તેમ લાગે છે. તારા તરફ વારંવાર એ પ્રેમથી જુએ છે., '

સતીશ'ના રે' અશોકે કહ્યું : 'એવું નથી. તુંય ખરો છે.'

'સાચું કહું છું,' સતીશે કહ્યું. ત્યારે અશોક પણ ભગવાનને મનમાં પ્રાર્થતો હતો : 'ભગવાન કરે ને તે સાચું હોય !'

સતીશની ટકોર પછી તો અશોક ઉષા પ્રત્યે વધુ આકર્ષાયો. વારંવાર બંને એકબીજાને જોતાં. પરંતુ નજર મળતાં તરત જ તે ફેરવાઈ જતી. છતાં અશોકને કશું અસામાન્ય ન લાગ્યું. તેના હૃદયે ઉથલપાથલ ન અનુભવી અને એ ઉષાના હૃદયને સમજી ન શક્યો. ઉષાના હૃદયમાં ઊગેલો પ્રેમ છોડ તો આપોઆપ પાંગરતો હતો. પરીક્ષા તથા રજાઓ આવ્યાં અને ગયા પરંતુ ઉષાના હૃદયસિંહાસન પર અશોક વિરાજેલો જ હતો. કાંઈ વાતચીત નહિ, દેહનાં કોઈ સ્પર્શા-સ્પર્શ નહિ, છતાં ઉષાના હૃદયમાં પ્રેમવૃદ્ધિ પામતો હતો ! નવું વર્ષ શરૂ થયું છતાં ઉષાના હૃદયે જૂનું કાર્ય ચાલુ રાખ્યું ! અશોક



આમાંનું ખાસ કાંઈ સમજ્યો ન હતો. ઉષા તરફ તેને માન હતું. પરંતુ ઉષા પોતાને માટે છે એમ તે માની શકતો નહતો. તેથી ઉષાનું હૃદય કદી કદી મૂંઝાવણ અનુભવતું : 'આને શી રીતે સમજાવું ?' તે વિચારતી એટલે કાર્ડ લેતાં આજે 'થેંક્સ' જેટલા ઉદ્‌ગાર સાથે તેણે એવી ઉપલંભ ભરી નજર નાખી કે અશોક મહાત થઈ ગયો, તે જાણે બધું જ સમજી ગયો અને તેથીસ્તો આજે હાથમાં પુસ્તક હોવા છતાં તેનું હૃદય ઉષામય બની ગયું !

ઉષામય હૃદય અશોકનું હતું, અશોકમય હૃદય ઉષાનું હતું. પ્રેમની વેલ બંને હૃદયમાં પાંગરતી હતી. પરંતુ હૈયાની વાત હજી હોઠ પર આવી ન હતી. કદી એકાંત મિલન ન હતું. કદી પ્રેમની વાતોથી પેટ ભર્યું ન હતું. પત્રો દ્વારા પ્રેમના નિબંધ લખાયા ન હતા, અને છતાં શુદ્ધ પ્રેમ અહી વૃદ્ધિ પામતો હતો. એમાં સિંચન થતું માત્ર નિતના પરસ્પર દર્શનનું. મંદિરમાં જઈને પથ્થરની મૂર્તિના દર્શન આપણે કેમ કરીએ છીએ ? શ્રધ્ધાનું સિંચન થતાં જડ પથ્થરમાંય પ્રભુ વસે છે ! અને એથી પ્રભુ પ્રેમ વિશેષ દૃઢ થાય છે. તો પછી જીવતા મનુષ્યના દર્શનથી પ્રેમની ગાંઠ વધુ દૃઢ કેમ ન થાય ? અશોક અને ઉષાનું પણ એવું જ હતું. રજાનો એકાદ દિવસ તેમને વિરહ સમો લાગતો અને જે બળ અને ઉત્સાહથી કોલેજ જતાં પગ ઉપડતા તેટલાં બળ અને ઉત્સાહ પાછા વળતાં ન રહેતાં અરે, ત્રણ-ચાર કલાકની પેલી છૂપી પ્રેમગોષ્ઠીનાં મધુર સ્મરણો યાદ આવી દિલ ન બહેલાવતાં હોત તો પાછા ફરવાનું બળ પણ કદાચ એકેયમાં ન રહેત !

ઉષાએ તો વગર કહ્યે અશોકને હૃદયદાન દઈ દીધું હતું. પરંતુ

એ વાત હોઠે કેમ આવે ? અશોક પણ દિલથી ઉષાને ચાહતો હતો. પરંતુ એની દશાય ઉષા જેવી જ હતી. બંને શરમાળ હતાં, સંસ્કારી હતાં. એટલે એકબીજાની આંખો પરસ્પરને નિત લાખ લાખ વાતો કહેતી, પરંતુ હોઠ સીવાઈ ગયા હતા. દિલની વાત બિચારી આંખ કહેતી હતી પરંતુ જીભ ચૂપ હતી ! ઉષાના હૃદયમાં તો પ્રેમની ઈમારતનો રોજ એક એક થર વધુ ચણાતો હતો. અને એણે તો નક્કી પણ કરી નાખ્યું હતું અશોકને ભવનો સાથી બનાવવાનું ! દિલ એને દીધું છે તો દેહ બીજાને કેમ દેવાય ? એટલે લગ્ન કરવું તો અશોક સાથે જ એ તેનો નિર્ધાર હતો. પરંતુ તે વિચારશીલ હતી. સંજોગોનોય તે વિચાર કરતી : 'અશોક સાથે પરણી શકાશે ? નહિ નાત, નહિ જાત ! કુટુંબીઓ કેમ સંમત થશે ?' પરંતુ થોડીવારે તે પોતે જ જવાબ દેતી : 'સંમત નહિ થાય તોય શું ? હું બધાનો વિરોધ કરી લગ્ન કરીશ. એમ હું ડરું એવી તો નથી જ.' સાચે જ આટલો બળવો કરવા જેટલી હિંમત ઉષાની હતી પણ ખરી. નાનપણથી જ તે સુંદર છતાં સ્નેહાળ અને શરમાળ હતી. પરંતુ એક વાત તેને મુંઝવતી : 'અશોક લગ્ન માટે તૈયાર થશે ખરો ?' એને પોતાને તો અશોકનો કશો જ અનુભવ ન હતો. એટલે આવો પ્રશ્ન તેને સ્વાભાવિક રીતે જ થાય, પરંતુ તે તરત જ વિચારતી : 'અશોક કદાચ લગ્ન માટે તૈયાર ન થાય, અગર ન થઈ શકે તોય શું ? જન્મ ધર્યો એટલે લગ્ન કરવું જ પડે એવો નિયમ છે ? હા, હૃદય આપણા હાથમાં નથી. એમાં કદી ઊર્મિઓનો એવો ઉછાળ આવે અને તે બીજા પાસે જઈ પડે એ આપણા હાથની વાત નથી. એટલે હૃદયલગ્ન તો આપોઆપ થઈ જાય. જેની સાથે હૃદય લગ્ન થયું હોય તેની સાથે દેહલગ્ન થાય તો હૃદયને વિહરવા માટે મોકળું મેદાન મળી



જાય એ સાચું અને સારું પણ ખરું. પરંતુ સમાજ કદાચ એવાં લગ્ન ન થવા દે તો યે શું ? દિલનાં દાન કર્યા પછી દેહનું દાન કરવું જ પડે ? ના, ના, એવું કાંઈ નહિ. અશોક સાથે મારાં લગ્ન નહિ થઈ શકે તો હું આજીવન કૌમાર્ય વ્રત પાળીશ !' અજાણતાં જ ઉષાથી આ પ્રતિજ્ઞા લેવાઈ ગઈ. એને એથી તેને આનંદ પણ થયો. પ્રેમ પંથનું એક વધુ સોપાન તે ચઢી. પોતાના હૃદયમાં અશોક માટે સાચો પ્રેમ છે, મોહ નહિ, એની તેને ખાત્રી થઈ. પોતે કરેલા નિર્ણયને વળગી રહેવું એવો તેનો નિશ્ચય હતો. કૌમાર્ય વ્રત પાળવું એ માનસિક રીતે કેટલું મુશ્કેલ છે એય તે જાણતી હતી, પરંતુ એનો એને ડર ન હતો. મન પર તો પોતાનો સરસ કાબૂ હતો એની ઉષાને ખાત્રી હતી. હા, સમાજનાં વિઘ્નો, લાલચો એને નડશે એ વાત સાચી. પરંતુ એનોય સામનો કરવા તે તૈયાર હતી.

ઉષા ! એક સ્ત્રી ! સમાજ જેને અબળા કહે છે એનો આ નિર્ધાર હતો ! લલિત, નાજુક દેહમાં આવું મજબૂત હૃદય છુપાયું હશે એની કલ્પના કોને આવે ? એક અબળા અહીં સબળ મનોબળ ધરાવતી હતી. એની સામે ટક્કર લેનારને એ તોડે કે પોતે તૂટે, પરંતુ નીચી મૂડી કરી નમે નહિ એવું એ મનોબળ હતું !

બીજી તરફ અશોક પણ આવા વિચારતરંગે ચઢતો : 'બા મારા લગ્નની ઉતાવળ તો કર્યા જ કરે છે. ઉષા સાથે મારાં લગ્ન ના થઈ શકે ? બાપુજી તો કદાચ ના ન પાડે, પણ બા હા પાડે ? પરંતુ એ બધું થાય તો ય શા કામનું ? ઉષા હા પાડે ખરી ? એની એવી ઈચ્છા હશે ? એના જેવી પત્ની મળે તો તો જીવન.....!' અને દૂર ક્ષિતિજમાં કાંઈક નિહાળતાં એ કહેતો : 'ના, ના, એવી સુંદર ભલી છોકરી આપણે નસીબે ક્યાંથી ?' આવાં વિચારમાં રાચતો અશોક,

ઉષાને દૂરથી જ દેખતો, ચાહતો અને પૂજતો. ઉષાનો પૂજારી જ તેનો દેવ હતો, અશોકની દેવી જ તેની પૂજારણ હતી ! પરસ્પરનાં પૂજ્ય અને પૂજક દૂરથી એકબીજાને આરાધતાં હતાં. પણ જીવનનો કપરો માર્ગ જેની સાથે કાપવાના કોડ છે તેની સાથેના આ અબોલા કેમ તૂટે ? કોણ તોડે ?

પરીક્ષાના દિવસો નજીક આવતા હતા. ઘણાખરા વિષયોના કોર્સ પૂરા થઈ ગયા હતા. એટલે કાંઈક બાકી કોર્સવાળા પ્રોફેસરો વિદ્યાર્થીઓને બોલાવતા. બાકી મોટા ભાગની કોલેજ બંધ જેવી જ હતી. વિદ્યાર્થીઓ ગેરહાજર રહી કોલેજની હાજરી પૂરાવતા ! ગેરહાજરની હાજરી એય આધુનિક શિક્ષણની એક કરામત છે. આપવા નક્કી કરેલું જ્ઞાન વહેલું અપાઈ જાય અથવા વિદ્યાર્થીઓ વહેલું ગ્રહણ કરી લે તેમાં પ્રોફેસરોનો શો દોષ ? અને જરૂરી જ્ઞાન અપાઈ ગયા પછી કોલેજિયનોને બોલાવવાનો ય શો અર્થ ? મેલની ગતિવાળા પ્રોફેસરો જ્ઞાનની પોટલી છોડી પરવારી ગયા હતા. લોકલની ગતિસમા પ્રોફેસરો હજી રોજ એકાદ કલાક માટે વિદ્યાર્થીઓને ચા-પાણીથી પરવારી નિરાંતે ત્રણ વાગે બોલાવતા. ત્રણે બોલાયેલા વિદ્યાર્થીઓ સવાત્રણે અને સાહેબ સાડા ત્રણે આવે તે સ્વાભાવિક કહેવાય ! પરંતુ તે ઉષા આવી પહોંચી, ત્રણમાં પાંચ કમે. કોલેજની આલીશાન ઈમારતમાં હજી કોઈનો પગરવ નહોતો થયો એટલે તે સામેના નાનકડા બાગમાં જ એક શીલા પર બેસી ફૂલ-પત્તીઓ જોવા લાગી. બે-ત્રણ મિનિટ થઈ અને કોલેજના દરવાજામાં અશોકે પ્રવેશ કર્યો. પોતે ઘણો વહેલો છે, હજી કોઈ નથી આવ્યું એમ તેને પણ લાગ્યું. ત્યાં તો સામે ઉદ્યાનમાં બેઠેલી ઉષાને જોઈ ! 'શું કરવું ?' તે ઘડીભર વિચારી રહ્યો. નિર્જનતામાં બે



સહાધ્યાયીઓ અલગ અલગ એકલાં બેસે, જાણે ઓળખતાં જ ન હોય તેમ વર્તે એ બંનેને માટે ખરાબ કહેવાય એમ તેને લાગ્યું. વળી પોતે પછી આવ્યો છે માટે તેણે જ ઉષા પાસે જવું જોઈએ એમ પણ અશોકે સાચી રીતે વિચાર્યું. વળી ઉષા ય ક્યાં અલિપ્ત રહેવા માગતી હતી ? સ્મશાન શાંતિમાં વિસામા સમા આવી પડેલા આ સહાધ્યાયી તરફ તે ય આવકારદાયક નજર નાખતી જ હતી ને ? માનવતાય એમાં જ છે. 'તો પછી જવામાં શો વાંધો ?' અશોકે વિચાર્યું : 'ઊલટું તેની પાસે નહિ જાઉં તો તેને લાગશે કે આ છોકરો મારા જેવી છોકરીથી ય નપાટ છે.' અને અશોક ધીરે-પગલે ઉષા તરફ જઈ રહ્યો ! નજર અને મુખ પર મંદ મંદ સ્મિત વેરતી ઉષા તેને આવકારતી રહી. જરાય વધુ છૂટ ન લેવાય એ રીતે માનવતાનો ધર્મ બજાવવા અશોક શરમને દૂર ખસેડતો-ખસેડતો સસ્મિત ઉષા પાસે જઈ પહોંચ્યો. શું બોલવું તે મૂંઝવણ તો હતી પરંતુ 'હજી કોઈ નથી આવ્યું ?' ના પ્રશ્ને તે ટાળી અને પછી જવાબદારી તેણે સામા પક્ષ પર નાખી.

'ના, પહેલી હું અને બીજા તમે,' ઉષાએ હસતે હસતે જવાબ આપ્યો. 'તો મેં ભૂલ તો નથી કરી ને ?' અશોકે હસતાં હસતાં પૂછ્યું: 'અરે ગાંડા થયા ?' વાક્ય પછી લાંબે ગાળે મળેલા આ બીજા જવાબે અશોકને ફરી મહાત કર્યો. ઉષાની બુદ્ધિની ફરી એક વાર ખાત્રી મળી. અશોક જરાક મુંઝાયો. હવે શી વાત કરવી ? પરંતુ મુંઝવણ ઉષાએજ દૂર કરી. વાતનો દોર તેણે હાથમાં લીધો :

'કેમ, વાંચવાનું કેવું ચાલે છે ?'

'ઠીક ઠીક, ખાસ મહેનત નથી થતી. તમે તો બરાબર વાંચતા

હશો.' અશોકમાં પણ વાત કરવાની હિંમત આવી.

'ના, આ વર્ષે તો મારાથીય ખાસ નથી વંચાયું; કેવું પાસ થવાય છે કોણ જાણે ?' ઉષા બોલી.

'એમ તે હોય ?' અશોકો કહ્યું : 'તમે એવી શંકા રાખો તો પછી અમારા જેવાની તો વાત જ ક્યાં ?' ગઈસાલના સેકન્ડ ક્લાસે ઉષાને હોશિયાર વિદ્યાર્થીઓની હરોળમાં બેસાડી દીધી હતી.

'સાચું કહ છું', ઉષાએ કહ્યું : 'આ વર્ષે ખાસ મહેનત થઈ જ નથી.'

'તો કદાચ કલાસ ન આવે, પણ પાસ તો ખરાં જ. અમારા જેવાને તો એય મોટી વાત છે.' ઈન્ટરનું વર્ષ ઘણું અઘરું હોય છ એવો કંઈક અંશે 'સાચો હાઉ' અન્ય વિદ્યાર્થીઓની જેમ અશોકના હૃદયમાં પણ હતો.

'તમે 'World History' માટે ક્યું પુસ્તક વાંચો છો ? મને તો એ વિષય ઘણો જ tidious (કંટાળાજનક) લાગે છે,' ઉષાએ પ્રશ્ન સાથે પોતાની મૂંઝવણ પણ જણાવી.

'ડેવીસનો વર્લ્ડ હિસ્ટરી : અશોકે કહ્યું : 'સારો છે, જરા મોટો છે પરંતુ અમુક અગત્યના પ્રશ્નો કરી નાખીએ તો ખાસ મુશ્કેલી ન પડે. અશોકે પરીક્ષા પાસ કરવાની યુક્તિ બતાવી. વાતચીતમાં પાએક કલાક તો સહેજે વીતી ગયો. એટલામાં શારદા-ઉષાની સખી સામેથી આવતી દેખાઈ તેય તેમની પાસે પહોંચી અને વાતોમાં ભળી, ધીરે ધીરે વિદ્યાર્થીઓ પણ આવ્યા અને બધા વર્ગમાં ગયાં. '

પાએક કલાકના આ એકાંતમાં બંનેના હૃદયમાં અકથ્ય ભાવો ઊભરાયા હતા. એ યુવાન હૈયાં બપોરની નિરવ શાંતિમાં, એકાંતમાં



મળે, ત્યારે તેમને શું થાય ? શું ન થાય ? તેમાંય આ તો પરસ્પર ખેંચાયેલા હૈયાં હતાં. એમાં કેટકેટલી ભાવોની ભરતી આવી હશે ? પરંતુ એ ભરતી અભ્યાસની માત્ર ઔપચારિક વાતોથી જ શમી. નાનો સરખો એક પ્રશ્ન બેનંના હૃદયમાં હતો : 'આપણે લગ્ન કરીએ તો ?' પરંતુ એ નાના પ્રશ્નમાં કેટલી મોટી વાત ભરી પડી હતી ? એવી વાત આટલી જ વારના એ એકાંતમાં કેમ થાય ? આ વાતચીતે પરસ્પરનું મૌન તોડયું અને થોડાં મધુર સ્મરણો હૃદયમાં ભર્યા એટલું તો ખરું જ. પરંતુ એની ઓથે ઓથે પેલી મુક વાત પણ ડોકાઈ જતી. હા, તીક્ષ્ણ નજરવાળાને જ એ દેખાય કે કો પ્રેમાળ, હૈયાને જ સમજાય !

• • •

'ઉષા, આજે તો ખરો લાગ સાધ્યોને.' ઘેર જતાં શારદાએ સખી સાથે વાત શરૂ કરી.

'શાનો ?' ઉષા આશ્ચર્યથી પૂછી રહી.

'ઓ હો હો, હું તો જાણે કાંઈ સમજતી જ નહિ હોઉં !'

'પણ છે શું એ તો કહે.'

'કહેવાનું તારે છે. મેં તો તને કેટલાય દિવસથી કહ્યું છે કે તું જેને ચાહે છે તે તનેય ચાહે છે.' શારદાએ પણ સતીશ જેવી જ વાત ઉષા આગળ કરી હતી !

'હાં,હાં. હવે સમજી,' ઉષા હસતાં હસતાં બોલી : 'અશોકની વાતને ? ના.ના, એવું કાંઈ નથી. આ તો અકસ્માત ભેગાં થયાં. અને અભ્યાસની વાતે વળ્યાં.'

'આમ તો અભ્યાસની જ વાત હોયને પણ....' શારદાએ ગમ્મત કરી.

'તું ય ખરી છું શારદા, અમથી અમથી વહેમાય છે. એવું હોય તો હું તને કહ્યા વગર રહું ?'

'એ તો બધું ચાર આંખો થતાં સુધી જ તો. પછી તું કોણને હું કોણ ?' શારદા જરા ગમ્મતે ચડી.

'મારા વિષે ય તું એવું ધારે છે ?' ઉષાએ સહેજ દિલગીરીભર્યા ભાવથી પૂછ્યું.

શારદા ઉષાને દિલગીર કેમ જોઈ શકે ? તરત જ તે બોલી : 'ના, ના ગાંડી, હું તો જરા હસુ છુ.' અને પછી તો બંને સખીઓ અલમમલકની વાતો કરતી ઘેર પહોંચી.

શારદા અને ઉષાની જોડ હાઈસ્કુલમાંથી જ જામી હતી. કોલેજમાંય તેઓ સાથે જ રહી. ધીરેધીરે બંનેની સ્નેહગાંઠ એવી દૃઢ થઈ હતી કે અત્યારે તો બેના જુદા જીવ નહોતા. ઉષાની કોઈ અંગત વાત એવી નહિ હોય જે શારદા ન જાણતી હોય અને શારદાની બધી ખાનગી વાતો ઉષા માટે જાહેર હતી. અશોક માટે ઉષાનું આકર્ષણ શારદા જાણતી હતી અને પોતાની સખી એને પરણીને સુખી થાય એમ તે સાચા દિલથી ઈચ્છતી હતી. એણે તો તક જોઈ પરિચય વધારવાની ઉષાને સલાહ પણ આપી હતી. પરંતુ ઉષાનો શરમાળ સ્વભાવ એને તેમ કરતાં રોકતો હતો. પુરુષ સાથે પરિચય વધારતાં કઈ સ્ત્રી ન શરમાય ? શરમાળપણું એ તો સ્ત્રીનું ભૂષણ છે. એ ભૂષણવિહીન સ્ત્રીને 'છટકેલ'ની ઉપમા જ મળે છેને? દિલની વાત કહેવાતી ન હતી એ દુઃખ ઉષાને હતું અને એમ કરતાં કરતાં સમય



જતાં અશોક આ વાતથી અજ્ઞાન રહીને બીજાનો થઈ જશે એની ચિંતા પણ હતી. પરંતુ ત્યાં જ એક દિવસ શારદાએ શુભ સમાચાર આપ્યા હતા :

'ઉષાચ અશોકને તારા ઉપર ભાવ છે.'

'જા જા હવે છાનીમાની, મશ્કરી છોડ'; ઉષાએ મુખથી તો આમ કહ્યું પરંતુ તેનું હૃદય કહેતું હતું : 'પ્રભુ, એ મશ્કરી ન હજો, સાચું જ હજો.'

'સાચું કહું ઉષા ?' શારદાએ કહ્યું : 'હું કેટલા દિવસથી નિરીક્ષણ કહું છું. આજ તો મને ખાત્રી જ થઈ ગઈ. કેટલા પ્રેમથી એ તારા તરફ જોતો હતો !'

પણ ઉષાની આંખમાં ઓચિંતા આંસુ ઠર્યા શારદા ચમકી : 'ઉષા આ શું ?'

'બેન' ઉષાએ કહ્યું : 'તારી વાત સાચી હોય તો એથી અધિક આનંદ મારા માટે બીજો શું હોઈ શકે ? લગ્નની વાત લગ્ને છે શારદા એકવાર દિલની વાત એને કહી પણ દેવાય તોય મારા હૃદયનો ભાર હળવો થાય. મને ડર રહે છે કે એકબીજાને ચાહવા છતાંય અમે દિલ ખોલી નહિ શકીએ અને સ્નેહના ઝરણને મારે હૃદય પાતાળમાં જ સમાવી દેવું પડશે.'

'અરે ગાંડી', શારદા બોલી : 'અધિરાઈ એ પ્રેમનું સ્વાભાવિક પરિણામ છે. પણ હવે તું ગભરાઈશ નહિ. હું જ ધીરે રહીને તારી વાત એના કાને પહોંચાડી દઈશ. '

'ના બેન, એમ કરવાની જરૂર નથી. હું તને ચાહું છું માટે તું પણ મારી પર પ્રેમ રાખ' એમ કહેવું એ તો પ્રેમની મશ્કરી છે. પ્રેમ

પોતે જ બોલશે. અને આપણે કોઈને ચાહીએ તેથી તેણે પણ આપણને ચાહવું જ જોઈએ એવી બદલાની ભાવના પ્રેમમાં થોડી જ હોય છે ? શુદ્ધ પ્રેમ તો વખત આવે જીવનનો પણ ભોગ આપી દે. પ્રેમ લેવામાં નહિ, દેવામાં માને છે; રાગમાં નહિ, ત્યાગમાં રચે છે.' ઉષાએ નાની ઉંમરમાં ય દિવ્ય પ્રેમની છાત કરી !

ઉષાની બુદ્ધિ માટે શારદાને માન તો હતું જ. તેની પ્રેમની આ ફિલસૂફી સાંભળીને એ માનની માત્રામાં ઓર વધારો થયો. તે બોલી :

'ઉષા તું તો પ્રેમની દેવીના જેવી વાણી બોલી' 'અને પ્રસંગને હળવો કરવા જરા મજાકમાં ઉમેર્યું : 'જગતને તું પ્રેમની કોઈ નવી ભાવના આપી જઈશ કે શું ?'

'એ તો કોણ જાણે શારદા,' ઉષા બોલી : 'પરંતુ જરૂર પડે અશોક માટે આ જીવન પણ હું વહાલું ન કરું એ તો નક્કી.'

'લે ચાલ હવે એ લાંબી વાત મૂક' વાતને વળાંક આપતાં શારદાએ કહ્યું : 'પરીક્ષા આપી દે શાંતિથી, પછી એ બધી વાતો નક્કી કરીશું.'

સખીઓની વાત ત્યાં અટકી. પરંતુ એમાં ઉષા પોતાના પ્રેમાળ હૃદયનો અને સાથે સાથે અશોકનું પોતાના હૃદયમાં શું સ્થાન છે તેનો પરિચય આપી દીધો. પ્રેમની પવિત્રતા ઉષા જાણતી હતી. પ્રેમની પવિત્ર વેદી કદી આકરા ભોગ માગે છે એનોય તેને ખ્યાલ હતો. પરંતુ એની સામે તો આદર્શ હતો પ્રેમની દેવી સતી સીતાનો. હા, અગ્નિ પરીક્ષામાંથી પસાર થયા છતાં પોતાનો ત્યાગ કરનાર પતિની દૃઢ શ્રધ્ધાથી ભક્તિ કરનાર સતી સીતાનો. એની નજર



સામે હતી, દ્રૌપદી ! સીતા અને દ્રૌપદીના આદર્શ સેવતી ઉષા આર્યનારીઓની એ કીર્તિને ઝાંખી કેમ પાડે ? અરે, સીતા અને દ્રૌપદીએ તો લગ્ન પછી પતિ-ભક્તિ શરૂ કરી હતી, ઉષાએ તો લગ્ન પહેલાં જ ભક્તિ શરૂ કરી ! હવે એ પાછી કેમ પડે ? હૃદયે હૃદયને ઓળખ્યું હતું. હવે પાછું કેમ હઠાય ? હા, એક ડર તેના દિલમાં હતોઃ જે માર્ગ તેણે પકડ્યો છે તે વિકટ છે એટલું જ નહિ, એમાં ડગલેને પગલે મુશ્કેલી આવશે, પોતાને ભોગ આપવો પડશે એમ તેને થયા જ કરતું. પરંતુ તે તો કહેતી : 'એમાં હું શું કરું ? મેં ક્યાં કશુંય કર્યું છે. હૃદયે કર્યું છે, લાભ કે ખોટ હશે તે એણે જ ભોગવવાં પડશે !' આમ વિચારતી ઉષા પ્રેમનાં એક પછી એક ઉચ્ચ સોપાન ચઢતી હતી. હૃદયને આકરી કસોટીમાંથી પાર ઉતારવા અને જરૂર પડે ભોગ આપવા તે તૈયાર કરતી હતી. સુખને ખાતર સ્નેહ કરી ભાવિની સુખી કલ્પનાઓમાં રાચનાર કે પ્રેમ થયો જાણી ભોગ-વિલાસમાં પડી દિવાસ્વપ્નો જોનાર તે સામાન્ય સ્ત્રી ન હતી; એ હતી પ્રેમ કર્યો છે તો કરી જાણવો અને એ માર્ગમાં આવતી મુશ્કેલીઓનો પણ વિચાર કરી તે માટે હૃદયને અત્યારથી જ ઘડી પ્રેમનો એક ઉચ્ચ આદર્શ જગત સમક્ષ મૂકવાના નિર્ધારવાળી એક કોડ ભરી કામિની ! છતાં ઉષા નિરાશાવાદી ન હતી, જીવન વિષેના ઉચ્ચ ખ્યાલ તેનેય હતાં. પતિ સાથેનું સુખી દાંપત્યજીવન જીવવાના કોડ પણ તેને ઘણા હતા, એટલે અત્યારે તો કોલેજમાં અશોકનાં દર્શન માત્રથી સુખી જીવનની કલ્પનાઓમાં પણ તે ઘણી વાર ખોવાઈ જતી. તે તો એટલી હદ સુધી કોઈવાર વિચાર નાખતી : 'રામ અને સીતાને લોકો યાદ કરે છે તો અશોક અને ઉષાને કેમ નહિ ?'

● ● ●

મન ! કેવી અગમ્ય વસ્તુ ભગવાને ઘડી છે ! ગતિનો વિચાર કરીએ તો વિજળી કરતાંય અનેકગણી વધુ ગતિ એની છે. ભારતના એક નાનાકડા ગામડાના નાના ખેતરને શેઢે બેઠેલું તે ક્ષણમાં રશિયા જઈ ત્યાંથી અમેરિકામાં ઠેકડો મારી દિલ્હીની પાર્લામેન્ટની ખબર કાઢી પાછું સ્વસ્થાને આવી જઈ શકે છે ! વૃત્તિની વાત કરીએ તો ઘડીમાં આશાના સાગર કિનારે ચડીને એ બેઠું હોય તો ઘડીમાં નિરાશાની કોઈ ઊંડી ગર્તામાં જઈ પડે છે ! આશા અને નિરાશા, આનંદ અને શોક, સુખ અને દુઃખ કેટકેટલા અનુભવ ઘડીવારમાં તું લઈ લે છે હે મન ! દરેકનું, તેમ ઉષાનું મન પણ અગમ્ય હતું. આજે તે બહુ ખુશ હતું. કોલેજમાં ફોટો ફંક્સનનો આજે કાર્યક્રમ હતો. સફેદ સાડી અને આસમાની બ્લાઉઝમાં સજ્જ થયેલી ઉષાને અંબોડે કળીઓની વેણી શોભતી હતી. આંખમાં આછા અંજાયેલા કાજળની વચ્ચે દીપતી ભૂરી આંખોએ આજે આકર્ષણ જમાવ્યું હતું. બધાંએ પોતાનાં ઉત્તમ વસ્ત્રો પરિધાન કર્યા હતાં. અશોકના કાળા કોટની અંદરથી સફેદશર્ટ ડોકિયાં કરતું હતું. બધાંના મુખ પર આનંદ અને ઉત્સાહ હતો. બધાં એકબીજાની સામું જોતાં અને એ અવલોકનને અંતે કોઈ ન જાણે તેમ પોતાની તરફ પણ એક નજર નાખી લેતાં. વસ્ત્ર પરિધાનની આ હરીફાઈમાં પોતે હારે તેમ તો નથી ને એની ખાત્રી કરવા સ્તો ! દરેકને લાગતું : 'હું સુંદર દેખાઉં છું !' પરંતુ ઉષાને તો અશોક સુંદર લાગ્યો, અને અશોકને થયું : 'ઉષાના સૌદર્ય પર આજે તો ચાર ચાંદ લાગ્યા છે !' પરંતુ પેલા ફોટોગ્રાફરને મન તો આ બધાંય સજી સજાવી ઢીંગલીઓ જેવાં હતાં. એને કોઈના સૌદર્યની ક્યાં પડી હતી ? એને તો આ રોજનો તમાશો હતો, એટલે એણે બધાઁને ગોઠવાઈ જવા કહ્યું : પ્રોફેસરો માટે આગળની



ખુરશીઓ, એની પાછળ વિદ્યાર્થીનીઓ અને એની પાછળ બાકીના વિદ્યાર્થીઓ-આટલા નિયતક્રમને ધ્યાનમાં રાખી સૌ પોતપોતાને મનગમતા સ્થળે ઊભાં રહ્યાં, પરંતુ એમને ક્યાં ખબર હતી કે પેલો ફોટોગ્રાફર કલરમેચીંગ માટે હજી તો કેટલાય ફેરફાર કરશે ? ઉષાની એક ઈચ્છા હતી : 'અશોક મારી પાછળ ઊભો રહે તો કેવું સારું.' પરંતુ હાય, એ કેમ કહેવાય ? એટલે આગલી હરોળમાં મધ્યમાં ઊભી હોવા છતાં એની નજર વારંવાર પાછળ ફંટાતી. પરંતુ અશોક પણ એવી જ ગોઠવણમાં હતો એની એને બિચારીને શી ખબર ? એટલે મનની ગોઠવણ મુજબ લાગ સાધી પોતાની પાછળ ગોઠવાઈ ગયેલા અશોકને તેણે જોયો ત્યારે તે પોતાનું નામ સાચે જ સાર્થક કરે છે એમ ઉષાને લાગ્યું. અશોકે પોતાના હૃદયનો શોક હર્યો એટલે એમ લાગે જ ને ? પરંતુ એ આનંદ અલ્પજીવી નીવડ્યો. થોડી જ વારમાં ફોટોગ્રાફરનું 'મેચીંગ' શરૂ થયું, તેના હુકમો છૂટવા લાગ્યા : 'ભાઈ, તમે બહુ નાના છો. જરા ઊંચે ચઢી જાવ અને ઊંચા ભાઈ, તમે જરા આ જમણી પાંખ પર જતા રહો... તમે બે કાળા કોટ સાથે થઈ ગયા, છૂટા પડો. આ બે સફેદ શર્ટવાળા ભાઈઓ પણ નહિ ચાલે, ' આવી તો કેટલીય સૂચનાઓ તેણે આપી અને કોલેજિયનો બિચારા કઠપૂતળી જેમ નાચવા લાગ્યા ! થોડીવાર પહેલાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયેલા ગૃપમાં ભંગાણ પડ્યું અને સ્થળાંતર શરૂ થયું, અલબત્ત વધુ સારી ગોઠવણ માટે. પરંતુ અશોકના હૃદયમાં ફાળ પડી, ઉષાને તો એથીય મોટી ! પોતાનેય સ્થાનભ્રષ્ટ થવું પડશે ? તો તો બની બનાવેલી બાજી બગડી જશે.બંને વિચારી રહ્યાં. પણ હાશ ! ઉષાએ નિરાંતનો શ્વાસ ખાધો. કારણકે ફોટોગ્રાફરે અભિપ્રાય આપ્યો : 'ઓલરાઈટ ! હવે બરાબર છે.' ઉષાની સફેદ સાડીને

પાછળ આવેલો અશોકનો કાળોકોટ એવો તો ઉઠાવ આપતો હતો કે કપલ-ફોટો પાડવાનો વર્ષોનો અનુભવી ફોટોગ્રાફર આવી જુગલ જોડીને કેમ તોડે ભલા? એણે તો 'યસ, રેડી' કહીને સ્વીચ દાબી અને પળવારમાં તો 'થેંક્સ' કહી એણે સ્થિર પૂતળાંને ફરી ચેતના ધારણ કરવાની છૂટ આપી.

ફોટો પડાવવા કરતાં એને તૈયાર જોવાનો આનંદ અને આતુરતા-સ્વાભાવિક રીતે જ વિશેષ હોય છે. ફોટોગ્રાફરો એ જાણે છે, એટલે જ તો એ બિચારા ફોટો બને એટલો જલદી તૈયાર કરી નાખે છે. કોલેજના ગૃપ ફોટોગ્રાફર તો ખાસ. નેગેટીવ જોવા રોજ પોતાને ત્યાં પચીસ જણ ધક્કા ખાઈ ભીડ કરે તેના કરતાં એ બિચારો પ્રુફ કોપી વહેલી મોકલી આપે છે. એટલે નોટીસ બોર્ડ પર પેલા ગૃપફોટાની પ્રુફ કોપી મૂકાઈ અને સૌ પોતાનો ફોટો બારીકાઈથી જોવા લાગ્યાં. કોઈએ પોતાનો ફોટો વખાણ્યો, કોઈએ બીજાનો. ઉષાને અશોકનો ફોટો સુંદર લાગ્યો, અશોકને ઉષાનો ફોટો સરસ લાગ્યો. પરંતુ સતીશે તો અશોકના કાનમાં કહ્યું : 'તારો અને ઉષાનો ફોટો કેટલો સુંદર છે ! જાણે પતિ પત્ની !' અને શારદા તો શાંત રહે જ કેમ ? તેણેય હસતાં હસતાં કટાક્ષ કર્યો : 'લગ્ન તો શું પણ વિવાહ પહેલાં જ તેં તો સાથે ફોટા પડાવવા માંડયા ને !'

'તેં હું શું કરું ? મેં થોડું જ એને મારી પાછળ ઊભા રહેવાનું કહ્યું હતું ? અકસ્માત સાથે આવી ગયાં તેમાં કોઈનો ય શું દોષ ? ઉષાએ બચાવ રજૂ કર્યો, પરંતુ તેનું મન તો જાણતું જ હતું કે અશોક ઈચ્છાપૂર્વક પોતાની પાછળ ઊભો હતો.

'તમારે તો જ્યાં ને ત્યાં અકસ્માત જ થાય છે ને ?' શારદાએ તપાસ આગળ ચાલુ રાખી : 'તે દિવસે અકસ્માત કોલેજમાં ભેગાં



થઈ ગયાં, આજે અકસ્માત ફોટામાં સાથે થઈ ગયાં !'

ઉષાએ હસતાં હસતાં કહ્યુ : ગાંડી, એ અકસ્માત જ છે. એમાં ભગવાનનો કોઈ સંકેત હશે એટલું જ'.

'હવે તો તને ખાત્રી થઈને કે અશોકના હૃદયમાં તારું સ્થાન છે?' શારદાએ સખીને શાંતિ આપવા પ્રશ્ન કર્યો.

અને 'ઉં....હું' ના ઉંકારે ઉષાના મુખે હસતાં હસતાં જે ભાવ વ્યક્ત કર્યો તેમાં 'હા બઈ હા' નો અર્થ સમાયો હતો એ સમજતાં શારદાને જરાય મુશ્કેલી ન પડી. એટલે જ તો એણે હસતાં હસતાં ઉષાના ગાલ ઉપર એક ટપલી મારવાનો લ્હાવો લઈ લીધો !

અને ગૃપ ફોટાની બાર રૂપિયા કિંમત હોવા છતાં ઉષાએ તે ખરીદ્યો અશોકને માટે, અશોકે ખરીદ કર્યો ઉષાને પોતાને ઘેર બેઠાં પણ જોવા માટે. થોડા દિવસમાં તો ઉષાએ પોતાના શયનખંડમાં અશોકવાળો ગૃપ ફોટો લટકાવ્યો ત્યારે એને થયું : 'દેવ ઘેર આવ્યા, મારો અર્ધ્ય-સ્વીકારવાને.' એને જોઈને ઉષાની કેટલીય દુઃખની પળો સુખમાં ફેરવાઈ જતી. અને પેલું ચંચળ મન તો અવનવી કલ્પનાઓએ ચડી જતું ?'અશોક સાથેનું લગ્ન જીવન કેટલું સુખી હશે ! ઉષા અશોકની હોય પછી જીવનમાં ન શોક, ન સંધ્યા...' પરંતુ ઉષા તેને પ્રયત્નપૂર્વક પાછું વાળી લાવી કહેતી : 'પહેલું આ વાંચ, અભ્યાસ કરી પાસ થઈશ તો જ સાથે રહેવાશે. નહિ તો....' અને ઉષા આગળની કલ્પનાને થંભાવી દેતી !

અને પોતાની નજર સામે ઉષાનો ફોટો એ અશોકને મન પણ બહુ મોટી વાત હતી. એને જોઈને એના કેટલાય કંટાળાજનક કલાકો રસિક બની જતા. ઉષા સાથેનું લગ્ન એ તો હજીય અશોકને મન

એક સ્વપ્ન જ હતું, પરંતુ એ સ્વપ્ન સિદ્ધ થાય તો ? એ વિચારતો : 'તો તો ઉષાની લાવણ્યભરી રંગીનતા અશોકના જીવનમાં સદાને માટે છવાઈ જાય.... પછી ત્યાં અંધકારને કોઈ સ્થાન ન હોય. ક્ષિતિજમાંથી સદાય તેજ ફુવારા ફૂટી મારા જીવનને ઝળહળતું કરી દે. પરંતુ-વો દિન....' અને અશોક વિચારસાગરમાં ડૂબી જતો- ઘડીવાર માટે વાસ્તવિક જગતને ભૂલીને..... !

આજે વર્ષો બાદ ખીંટીએ ફોટો લટકાવવા જતાં પહેલાં એ ફોટાને એણે લૂછીને સાફ કર્યો અને ઘડીભર પોતાના જૂના સાથીઓને જોવામાં રોકાયો ત્યાં જ એની નજર પોતાની આગળ ઊભેલી ઉષાની છબી પર પડી અને અશોક પૂર્વવત્ વિચારસાગરમાં ડૂબી ગયો ! એની નજર આગળ કોલેજકાળના સંસ્મરણો એક પછી એક તાજાં થયાં અને તે ઉષાની સ્નેહભરી 'ફોટો ટાંગી રહ્યા કે નહિ ? ત્યારના શું કરો છો ? ચાલો, રસોઈ પણ થઈ ગઈ. પછી કહેશો કે શાક ઠંડુ થઈ ગયું.' નીચેથી સરલાનો અવાજ આવ્યો એ અશોક અચાનક તંદ્રામાંથી જાગ્યો. સૃષ્ટિમાં થોડી વાર માટે ખોવાઈ ગયો !

'એ હા, આ આવું છું,' કહેતાં તે ફોટો લટકાવવા ઊઠ્યો કોલેજ અદૃશ્ય થઈ. ઉષા જતી રહી અને ભગ્ન હૃદય શો અશોક પોતાના ઘરનાં દાદરનાં પગથીયાં ઊતરતો સરલા પાસે જઈ રહ્યો ! દાદર ચડતી વેળા હતાં તેવાં જોમ, જોર કે ઉત્સાહ એ પગમાં હવે ન હતાં ! બારીકાઈથી જોયું હોત તો સરલા ય વિચારત કે - દાદર ચડીને ઊતરતાં એટલો બધો તે શો શ્રમ પડ્યો હશે કે જતી વેળાનો તનમનાટ કરતો યુવાન પતિ વૃદ્ધ શો શિથિલ થઈને પાછો ફર્યો છે !

● ● ● ● ●



## ૩. લગ્ન

સરલા સાથે અશોકનાં લગ્ન થયાં તેમાં મુખ્ય ભાગ અશોકની માતાનો હતો. અશોકે મેટ્રિકની પરીક્ષા આપી ત્યારે જ ગંગાએ પતિને કહ્યું હતું : 'હવે ક્યાં સુધી તમે મારી વાત પાછી ઠેલ્યા કરશો? ગામમાં અશોક જેટલા છોકરાઓને ઘેર તો પારણાં ઝૂલે છે. તમે તો હજી તેના વિવાહની વાત પણ ધ્યાન પર લેતા નથી. પછી પરણાવવાની તો વાત જ શી? 'મેટ્રિક થવા દે' એમ કહેતા હતા. લો હવે એ પરીક્ષા પણ આપી. હવે ય મારો વાંક છે? ક્યાં સુધી મને આમ તલસાવ્યા કરશો? મારા શરીર સામું તો જુઓ!' છેલ્લું વાક્ય બોલતાં તો ગંગાની આંખ અશ્રુભીની થઈ ગઈ!

ગંગાની વાત સાચી હતી. અશોકને પરણાવવાની તેની તો ક્યારનીય ઈચ્છા હતી, પરંતુ મોહનલાલની ઈચ્છા છોકરાને ભણાવવાની હતી. જલદી પરણાવી દેવાથી પુત્રનો વિકાસ રુંધાશે એમ તે માનતા. પોતે શિક્ષક હોવાથી કેળવણીની કિંમત સમજતા હતા અને ગામમાં મોટેભાગે થતા બાળલગ્નના વિરોધી પણ ખરા. એટલે એક યા બીજી રીતે તેમણે પત્નીને અત્યાર સુધી સમજાવી હતી. પરંતુ અશોક મેટ્રિક થાય એ છેલ્લો વાયદો હતો. લગ્ન નહિ તો પણ આ વર્ષે વિવાહ કર્યા વિના હવે કેમ ચાલે? વળી પત્નીની તબિયત દિવસે દિવસે બગડતી હતી એ પણ તેઓ જાણતા હતા અને પુત્ર પર પિતા જેટલો કદાચ એથીય વધુ માતાનો હક્ક પણ

ખરો એ તે સમજતા હતા. વૃદ્ધ માતા પોતાના એકના એક પુત્રના લગ્નનો લહાવો લેવા ઈચ્છે એય તે સમજી શકતા. એટલે પત્નીની વાત સાંભળી મોહનલાલે કહ્યું :

'હા, તારી ઈચ્છા છે તો એનો વિવાહ કરી નાખીશું.'

'કરી નાખીશું નહિ. હવે તો કરો જ. અને આવતા વર્ષે લગ્ન પણ કરવાં પડશે. આજ સુધી તમારી બધી વાત મેં માની છે. હવે મારી આટલી વાત તમારે માનવી પડશે. મેં તો એને માટે કન્યા પણ નક્કી કરી રાખી છે.'

'એમ!' માસ્તરે આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું : 'કઈ કન્યા?'

'તે તમે નહિ જાણતા હો કેમ? કન્યાના બાપાએ પુછાવ્યું છે. પણ ખરું!'

'અરે પણ, ત્રણ ચાર જગાએથી એના માટે પત્રો આવ્યા છે. એમાંથી તારા મનમાં કોણ છે તે હું શું જાણું?'

'ચીમનભાઈની સરલા શું ખોટી? આપણું જાણ્યું જોયું તો ખરું, છોકરી પણ આપણે બે વર્ષ પહેલાં જોઈ છે.' ગંગાએ પોતાની પસંદગી જણાવી.

'હા,' મોહનલાલ પણ સંમત થયા : 'ચીમનભાઈ આપણા સ્નેહી છે. સંસ્કારી માણસો છે અને વળી છોકરી પણ હોંશિયાર છે. ગઈ સાલ આપણે ત્યાં એ સહકુટુંબ આવ્યા'તા પણ ખરા.'

'હા,' ગંગા બોલી : 'અને ત્યારે અશોક અને સરલા કેવાં આનંદથી સાથે હરતાં ફરતાં હતાં! મારું તો ત્યારથી જ છોકરી ઉપર મન ઠરી ગયું હતું. પરંતુ આપણાથી કાંઈ સામે ચાલીને થોડું જ પુછાય છે? હવે તેમનો જ પત્ર આવ્યો છે ત્યારે મને તો મૂરત જોવાની



જરૂર લાગતી નથી.' : દીકરાની મા તરીકેનું પોતાના સ્થાનના ભાન સાથે ગંગાએ વાત પુરી કરી.'

'મને વધુ તો એટલા માટે ગમે છે કે છોકરી સારી છે અને વળી અશોકને એ પરિચયમાં પણ આવેલાં છે.' મોહનલાલે કહ્યું. 'ગામડામાં રહેવા છતાં 'પરણનાર એકબીજાના પરિચયમાં આવે તો સારું' એમ મોહનલાલ માનતા હતા. લાકડે માંકડું વળગાડી દેવાના મતના તેઓ વિરોધી હતા. કેળવણી સાથેના તેમના સંપર્કનું એ પરિણામ હતું. પરંતુ સાથે સાથે લગ્ન પહેલાં ગોઠવાતી મુલાકાતના તેઓ વિરોધી હતા. એમાંથી કોઈ વાર ખરાબ પરિણામ આવે છે અને એકની ના પસંદગી પામેલી કન્યા પૂતળીની જેમ પ્રદર્શનનું જ પ્રતીક બની રહે છે એ તેઓ જાણતા હતા. નાતમાં મૂરતીયાની અછત હોવાથી વર પક્ષવાળા અનેક જાતના નખરાં કરે છે અને કન્યાના પિતા જાણે પોતાના ગુલામ હોય તેમ વર્તે છે. વળી પેલા વરરાજા તો એક પછી એક મુલાકાતો યોજે છે અને કયું પૂતળું વધુ સુંદર છે તેની પરીક્ષા કરે છે!

મોહનલાલ આ બધા નાટકના વિરોધી હતા. વળી વેવાઈ બહુ પૈસાદાર હોવો જોઈએ, સારું આપે તેવો હોવો જોઈએ એમ પણ તેઓ માનતા ન હતા. માણસો પ્રેમાળ હોય, છોકરી સંસ્કારી અને કાંઈક ભણેલી હોય એટલું જ તેઓ ઈચ્છતા. વળી છોકરાની આડકતરી સંમતિ હોય તો વિવાહ કરવો, પણ મર્યાદા છોડી એ અંગે એની સાથે સીધી વાતચીત ન કરવી એમ તેઓ માનતા હતા. એટલે અશોક સરલા સાથે પરિચયમાં આવેલો છે તેથી તે પણ આ વિવાહમાં સંમત થશે એમ મોહનલાલને લાગ્યું. જોકે આજ્ઞાંકિત અશોક પોતાની ઈચ્છા વિરુદ્ધ કશુંય ન કરે અને પોતે જે કરે તેનો

વિરોધ પણ ન કરે એનીય તેમને ખાત્રી હતી. વળી ચીમનભાઈ જેવા સ્નેહી મિત્રની કન્યા પોતાને ત્યાં આવે તો તો દૂધમાં સાકર ભળે. તેમાંય પત્નીની નજર પણ સરલા પર ઠરી હતી. એટલે થોડા જ વખતમાં સરલા સાથે અશોકનો વિવાહ થઈ ગયો!

અશોક આમેય આજ્ઞાંકિત પુત્ર હતો. બે વર્ષ પહેલાં પોતાને ત્યાં માતાપિતા સાથે આવેલી સરલા થોડા દિવસ રહીને એને ઘેર ગઈ ત્યારે અશોકના હૃદયને ચાર-પાંચ દિવસ સૂનું સૂનું લાગ્યું હતું, અને વિવાહ થયો ત્યાં સુધી હૃદય માં કોઈ સાથેના પ્રેમની ઉષા તો ઊગી જ ન હતી, પછી  એ શા માટે સરલા સાથેના વિવાહની ના પાડે? ખરી રીત તો એ વિવાહ થયો ત્યારે મનમાં તેને આનંદ થયો હતો. બે વર્ષ પહેલાંની સરલાની સ્મૃતિઓને તે એકાંતમાં ઘણીવાર તાજી કરતો અને રાચતો! કદી કદી તો એમ પણ થતું : 'સરલા ક્યારે આ ઘરમાં આવશે? બાપુજી લગ્નનું કેમ મોડું કરે છે? પરણ્યા પછી નહિ ભણાય એવું કોણે કહ્યું? બા મારાં લગ્ન કરવાનું કહે છે એમાં ખોટું શું છે?'

પરંતુ વિવાહ થયો તે વર્ષે તો લગ્નની વાત જ નહોતી. મેટ્રિક પાસ થઈ અશોક કોલેજમાં દાખલ ગયો. શાળા કરતાં મહાશાળાના એક નવા વાતાવરણમાં તે જઈ પહોંચ્યો. માત્ર છોકરાઓ સાથે ભણેલો અશોક એટલી જ સંખ્યાની છોકરીઓની વચ્ચે જઈ પહોંચ્યો. માનવહૃદયમાં કેટલીકવાર ઊર્મિ ઊઠે છે એમ આપણે કહીએ છીએ. પરંતુ સાગરમાં ભરતી આવે છે ચંદ્રના દર્શને. તેમ હૃદયની ઊર્મિ પણ ઊંઘમાંથી ઓચિંતી નથી ઊઠતી. એને માટે પણ કોઈ પ્રેરણા પૂરી પાડનાર જોઈએ. કોઈ મોહક દશ્ય કે સૌંદર્ય મઢ્યું મુખ, કોઈ સંજોગો કે વાતાવરણ જ હૃદયમાં ઊર્મિનો ઉછાળો લાવે છે. માત્ર



સજાતીય સહાધ્યાયીઓમાં ફરેલો અશોક ભણવામાં સ્ત્રીઓના સમાન હક્કને સ્વીકારતી કોલેજમાં ગયો. રાસ રમવો હોય તો પ્રત્યેક કાનને એક એક રાધા મળી રહે એવો લગભગ સમતુલ એ સમૂહ હતો.રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરતી એ નવયુવતીઓ અશોકના દિલનેય કોઈવાર આકર્ષતી; કોઈની ગજગતિ કે હંસગતિ પર પણ તે કદી મોહ પામતો, કોઈના કર્ણમધુર સ્વર તો કોઈની અનોખી અદા પર તેનું દિલ પણ વારી જતું કોઈક વાર. પરંતુ એ બધા સમયે તે મનને વાળી લેવા ઠપકો દેતો : 'ગાંડા, આવા ખરાબ વિચાર તારાથી થાય? તારા માતાપિતાનો તો ખ્યાલ કર. તારી ભવસાથી તો સરલા છે!'

આ બધા તો ઉરના ક્ષણિક આવેશ હતા. અશોક એને સહેલાઈથી દાબી શકતો. તે હંમેશા પોતાના ઘર અને પિતાના મોભાનો ખ્યાલ રાખતો. કયા બાળકને પોતાનું કુળ અને પિતાનો મોભો મોટાં નથી લાગતાં? મોભાનો આ સાચો-ખોટો ખ્યાલ ઘણીવાર માણસને કોઈક અનિષ્ટ કરતાં રોકે છે અને એટલે અંશે એ લાભકર્તા પણ છે. 'મારાથી આવું થાય?' એ પ્રશ્ન અનેકને પોતાની જવાબદારીનું ભાન કરાવી સારાં પગલાં ભરાવતો હશે. મોટાઈનો ખોટો ખ્યાલ પણ ઘણીવાર માણસને ખરાબ કે હલકાં કાર્ય કરતો રોકી એટલે અંશે તેને સાચી રીતે મોટો બનાવે છે. માણસ પોતાનું સ્થાન વિચારી પ્રત્યેક ડગ ભરે તો જીવનમાં તે અમુક રીતે આગળ વધે છે. હૃદયના ખૂણામાં સંતાયેલ શેતાન કદી બહાર આવે ત્યારે અશોક પણ પોતાના કૂળના અને પિતાના મોભાના ખ્યાલે એને સહેલાઈથી બહાર હાંકી શકતો.

સાગર પોતાની મર્યાદા છોડતો નથી એ વાત સાચી. પરંતુ

પૂનમ કે અમાસની ભરતી જોનારને અથવા ભરદરિયે ડુંગરપુર ઉછળતાં મોજાનો અનુભવ કરનારને એ કથન ઘડીવાર માટે ખોટું લાગે તો નવાઈ નહિ. પૂર્ણચંદ્રને ભેટવા ઉછળતા એ સાગરને જોઈએ તો એમ જ થાય : 'એ ચંદ્રને મળીને જ જંપશે!' પ્રચંડ જોશથી વહેતી નદીઓના નીર ન થાય, પરંતુ ડુંગર સમ ઊંચે ઊઠતી આ સાગર ઊર્મિઓ તો રોકી ના રોકાય! હૃદયનું પણ એમ જ છે. ક્ષણિક આવેશના ઉભરાને શમાવવો સહેલો છે. પરંતુ હૃદયમાં કોઈ પળે પણ પ્રેમનું ઘોડાપુર ઉમટે તો તેને રોકવું અઘરું નહિ, અશક્ય છે. રોક્યો રોકાતો હોય તે પ્રેમ શાનો? કવિ બનાવાતા નહિ હોય, જન્મતા હશે, પંરતુ સંજોગો એમને ઘડતા પણ હશે જ. કેટલાક કવિ હૃદય સહરાના રણમાં પડેલા બીજ જેમ વણ ઊગ્યાં, વણ ખીલ્યાં જ યોગ્ય તકને અભાવે અટવાઈ જતાં હશે! એ જે હોય તે, પરંતુ નિ:શંકપણે એમ તો કહી શકાય કે પ્રેમ કરાતો નથી, થાય છે - અરે, થઈ જાય છે!

કોલેજમાં અશોકનાં હૃદય દ્વાર ઘણી સહાધ્યાયીનીઓએ ખખડાવ્યાં પરંતુ દરેકને તેણે બારણેથી જ પાછાં વાળી દીધી - કૂળ પ્રતિષ્ઠાના પેલા ખ્યાલ વડે! પરંતુ એ પ્રતિષ્ઠાના હાઉથી ન ગભરાઈ માત્ર એક યુવતી. હૃદયદ્વાર ખોલી અંદર આસન જમાવ્યું માત્ર એક જ યુવતીએ. અશોક તેને બહારથી જ પાછી ના વાળી શક્યો અને હૃદય પ્રવેશ પછી તો એ બને જ કેમ? અને ત્યારે અશોકના જીવનમાં પ્રેમની ઉષા ઊગી!

બીજી યુવતીઓ કરતાં અશોકને ઉષાનું કાંઈક આકર્ષણ તો કોલેજના પ્રથમ વર્ષથી જ હતું. કેટલાક ચહેરા એવા મોહક હોય છે, કેટલાંક સૌંદર્ય એવાં નમણાં હોય છે કે પ્રથમ દર્શને જ મન હરી લે!



હૃદયને ઘાયલ કરતાં સૌંદર્યમાં યુવાનીનો નશો હોય પણ મન હરતા સૌંદર્યમાં સ્નેહ અને નમ્રતા ભર્યાં હોય. ઉષા બીજા વર્ગની યુવતી હતી. ઉષા પ્રત્યે અશોકને આકર્ષણ હતું એ વધુ મહત્ત્વની વાત હતી. પરંતુ પ્રથમ વર્ષનો એ પ્રેમ પ્રથમ તબક્કામાં જ રહ્યો. બંને સંસ્કારી આત્માઓ એમ એકબીજાની પરીક્ષા લીધા વિના પ્રણય કેમ વધારે? પરંતુ આ તબક્કે ય અશોક ઉષા તરફ ખેંચાયો તે કરતાં વધારે ઉષા અશોક તરફ ખેંચાઈ હતી !

ચંચળ મને જગાવેલાં અને સમજપૂર્વક હૃદયે સમાવેલાં નાનાં નાનાં તોફાનમાં પ્રથમ વર્ષ પસાર થયું. અશોક અને ઉષા ઈન્ટરમાં આવ્યાં તે અગાઉના ઉનાળાના વેકેશનમાં બંને છૂટાં પડ્યાં. કોલેજમાં એક બીજા સાથે બોલતાં ન હતાં. છતાં એક બીજાનો આંખોનો સંતોષ હૃદય સુધી પહોંચતો. રજાઓમાં દૂર રહે બંને એકબીજાને વધુ યાદ કરવા લાગ્યાં. ઉષા વિચારતી: 'અશોક ક્યાં હશે? આ શહેરમાં જ હશે કે બહારગામ ગયો હશે? એ ક્યાંનો હશે?' - એ ક્યાંનો હશે એ જાણ્યા વિના ય ઉષા અશોકને ચાહતી હતી! હૃદય જેને ઓળખે તે અજાણ્યો શાનો?

બીજી બાજુ મિત્રો સાથે આનંદથી હરતાફરતા અશોકને ઉષા ઘણીવાર યાદ આવી જતી; 'ઉષા શું કરતી હશે?' તે વિચારતો : 'મને યાદ કરતી હશે?' વળી જાતે જ જવાબ આપતો : 'તેં ક્યાં એને કદી બોલાવી છે તે તને યાદ કરે?'

રજાઓમાં જયારે પરીક્ષાનું પરિણામ બહાર આવ્યું ત્યારે ઉષા પાસે અશોકનો નંબર હતો; અશોક પાસે ઉષાનો નંબર ખરો જ. કોઈનેય પૂછયા વિના બોર્ડ પરથી બંનેએ નંબર મેળવી લીધેલા.

પોતાની સાથે ઉષા પણ પાસ થઈ છે અને તે સેકન્ડ કલાસમાં છે એ જાણીને અશોકનો પોતાના પાસ થયાના આનંદમાં ઓર વધારો થયો. પરંતુ ઉષાને તો પોતાના કરતાં અશોક પાસ થયાનો આનંદ વધુ થયો! અને કેમ ન થાય? બેમથી એક પણ નાપાસ થાય તો પોતાની જોડી તૂટેને? આટલા કડક પરિણામમાં ય આ જોડી હેમખેમ પાર ઊતરી એમાં ઉષાએ ઈશ્વરનો શુભ સંકેત જ માન્યો. પ્રેમમાં અશોક કરતાં ઉષાનું હૃદય ઘણું આગળ વધી ગયું હતું એમ તેના પ્રત્યેક વિચાર અને વર્તન કહેતાં હતાં.

ઈન્ટરનું વર્ષ શરૂ થયું અને ફરી પાછો અગિયારથી ત્રણનો એ કાર્યક્રમ શરૂ થયો. પ્રત્યેક કલાકે પડતો ઘંટ વિદ્યાર્થીઓને કોઈ નવા પ્રોફેસર પાસે રજૂ કરી દેતો. ઘંટ પડતાં પાંચ મિનિટ તીતર-બીતર થઈ જતો વર્ગ વળી પાછો કોઈ બીજા રૂપમાં ગોઠવાઈ જતો. ગમે ત્યાં ગમે તેટલી વાર ગોઠવણ થતી. પરંતુ અશોક ઉષા સામે જ ગોઠવાયેલો હોય! પરંતુ લાંબી રજાઓ બાદ શરૂ થયેલી કોલેજનું કામ વ્યવસ્થિત થાય અને વિદ્યાર્થીઓનું દિલ અભ્યાસમાં ચોંટે તે પહેલાં તો કોલેજ યુનીયનની ચૂંટણી આવી અને અશોકના મિત્ર સતીશે પણ એમાં ઝુંકાવ્યું. મિત્રના ચૂંટણી પ્રચારમાં અશોકને પણ મદદ કરવી પડી. અને કાર્ડ આપતાં એક દિવસ ઉષાએ કહેલા 'થેંકસ' જેવા એક નાના શબ્દે તો અશોકને ઘણું ઘણું કહી નાખ્યું. હા, એટલા શબ્દ સાથેના સ્નેહભર સ્મિતે જ ઉષાને પોતાની પ્રત્યે પ્રેમ છે એ વાત અશોકના મનમાં ઠસાવી દીધી! અશોકના તે પછીના દિવસો બહુ આનંદમાં વીતવા લાગ્યા. પરંતુ પોતાની માન્યતાને પુરસ્કારે એવું કાંઈ વર્તન ઉષા તરફથી તેને જણાયું નહિ. આથી



કોઈવાર તે દ્વિધામાં પડી જતો : 'શું ઉષા મને ચાહે છે એ મારો ભ્રમ હશે?' પરંતુ એને બિચારાને શી ખબર કે ચાહવું એ એક વાત છે અને 'હું ચાહું છું' એમ કહેવું એ બીજી વાત છે? ઉષાનું મન તો એને પોતાને કહેતું હતું : 'મુઝે કીસીસે પ્યાર હો ગયા.' પરંતુ મનની એ વાત કહેવા હોઠ ક્યારે ઉપડતા હતા?

દિલની વાત કોઈક વાર હોઠ પર આવીને એવી અટકી જાય છે કે લાખ પ્રયાસો કરો છતાંય એ કહેવાતી નથી. એ કહેવાઈ જાય તો કેટલીક મુંઝવણનો અંત આવી જાય, ઘણાં કાર્ય સરળ થઈ જાય અને ક્યારેક તો કરૂણતા સર્જાતી પણ અટકી જાય. પરંતુ સહેલાઈથી કહેવાય તો એ દિલની વાત શાની? ઉષાને હતું કે અશોક કદી વાચા ઉઘાડશે. ગમે તેમ તોય હું સ્ત્રી છું. પુરુષ જ સ્ત્રીને આવી વાત કહેવાની હિંમત કરી શકે. પરંતુ બિચારા અશોકને મન તો ઉષા દેવલોકની દેવી હતી. પોતે એને ચાહે છે એમ કહી એ દેવીનું અપમાન એ કેમ કરી શકે? જ્યારે ઉષા અશોકને પૂજતી હતી. પણ આ છૂપા પૂજનની અશોકને ખબર ન હતી! અને આમ પ્રેમ અજ્ઞાનરૂપે વિકાસ પામતો હતો.

કદી કોઈ બોલે નહિ, કાંઈ કહે નહિ એવો તે પ્રેમ હોતો હશે એવી શંકા પણ કોઈને થાય, આ રીતે પ્રેમ કદી વિકસે જ નહિ એમ પણ કાંઈ કહે તો નવાઈ નહિ. પરંતુ નિર્મલ નીર વહાવતી સરિતાને જોઈ કોણ એમ કહી શકે કે આ નદી પથ્થરમાંથી નીકળતી હશે? પથ્થરમાંથી પાણી નીકળે છે એની ખાત્રી તો પર્વત પર પહોંચીયે, નદીના મુખને જોઈએ ત્યારે જ થાય. ઉષાના હૃદયમાં વગર બોલે ફૂલતા ફાલતા એ પ્રેમઝરણાને સમજવા પણ એ હૃદયના ઊંડાણમાં

ઉતરવું પડે. સિવાય તો એની હાંસી કરવાનું જ મન થાય. પરંતુ જગતની હાંસીની પ્રેમ ક્યારે દરકાર કરે છે?

સાત્ત્વિક બુદ્ધિથી પ્રેમનું એક એક પગથિયું ચડતી ઉષાને અશોકને કોલેજની એક દિવસની ગેરહાજરી પણ સાલતી હતી. એક વખત અશોક ચાર-પાંચ દિવસથી કોલેજ આવતો ન હતો. ઉષાનું હૃદય હવે ક્યાં સુધી ઝાલ્યું રહે? પોતાની સખી શારદાને તેણે વાત કરી અને પોતાની ચિંતા જણાવી પરંતુ શારદા ઉષા જેવી શરમાળ ન હતી. એણે તો તરત રસ્તો કાઢ્યો :

'ઓ હો, એમાં શું? હું સતીશને પૂછી જોઈશ.'

'પરંતુ તારેય સતીશ સાથે ક્યાં પરિચય છે?' ઉષાએ સખીને મુશ્કેલીનો ખ્યાલ આપતાં કહ્યું'

'અરે એમાં પરિચય શું કરવો છે? અને આપણા પ્રતિનિધિ તરીકે ચૂંટાયો ત્યારથી કાંઈક પરિચય પણ થયો જ છે ને?' શારદાએ કહ્યું.

બીજે દિવસે દાદર ચઢતાં સામા મળેલા સતીશને ઉષાની હાજરીમાં જ શારદાએ પૂછી નાંખ્યું :

'કેમ સતીશભાઈ, કાંઈ એકલા એકલા ફરો છો? તમારા મિત્ર હમણાં અહીં નથી કે શું?' ઉષા હસતી શરમાતી બાજુ પર ઊભી હતી.

'કોની અશોકની વાત કરો છો?' સતીશે પૂછ્યું. પરંતુ પોતાના પ્રશ્નનો જવાબ સાંભળતાં પહેલા જ આગળ ચલાવ્યું : 'ના, એ છે તો અહીં જ પરંતુ જરા માંદો હતો. હવે સારું છે. કાલે તો કોલેજ પણ આવશે!'



'આ હા' કહેતી શારદા ઉષાને સાથે લઈ તેનાથી છૂટી પડી. પરંતુ માંદો શબ્દ સાંભળી ઉષાના મુખ પર છવાયેલી ચિંતાની રેખાઓ 'હવે સારૂં છે' શબ્દથી અદશ્ય થઈ હતી તે ચપળ સતીશની ધ્યાન બહાર કેમ રહે?

ઉષાનો પ્રશ્ન શારદાએ પૂછ્યો હતો એ પણ સતીશ સમજી શક્યો અને એ શુભ સમાચાર તેણે આજે અશોકને પણ આપ્યા.

'દોસ્ત, હવે તો ખાત્રી થઈને કે ઉષાને અશોકની પડી છે?'

'એ સાચું હશે સતીશ, તોય અમે એકબીજાની નજીક કેવી રીતે આવીશું?' અશોકે મિત્રને મૂંઝવણ કહી.

'હં,' સતીશ બોલ્યો : 'તુંય સાવ બાળક જેવી વાત કરે છે ને! આપણને કોઈ ચાહતું હોય તો તેની નિકટ જતાં વાર કેટલી?'

'તું જેને આટલું બધું સહેલું માને છે એ જ મારા માટે મોટો કોયડો છે.'

'હં બેય સરખાં છો,' સતીશે ઉષા પર પણ થોડી રીસ ઠાલવી અને પૂછ્યું : 'બોલ, હું મધ્યસ્થી થાઉં?'

'ના, ના, સતીશ. એમ કરવા જતાં કદાચ ઉંધી અસર થાય અને આપણે હલકા પડીએ' અશોકે ડર વ્યક્ત કર્યો.

આવી તો કેટલીય મીઠી મૂંઝવણ આ પ્રેમી હૃદયો અનુભવતાં હતાં. દિવસ પછી રાત, વળી પાછો દિવસ થાય છે તેમ આશા, આનંદ, ચિંતા અને અધિરાઈમાં ધીરે ધીરે દિવસો વીતવા લાગ્યા. વર્ષ પૂરું થવા આવ્યું અને થોડા નાના પ્રસંગો બાદ કરતાં અશોક ઉષાના મૌન અખંડ રહ્યાં. પરીક્ષા પૂરી પણ થઈ ગઈ. ઉષાએ વિચાર્યું કે અશોકને જાતે કાંઈ કહેવું તે કરતાં પત્ર લખવો વધુ સારો

છે. પોતાનું હૃદય તે પત્રમાં ઠાલવી શકશે એમ તેને લાગ્યું અને શારદા દ્વારા એકાદ પત્ર તેને પહોંચાડી દેવાનું પોતાના હૃદયને આશ્વાસન આપી તેણે તેને મનાવી લીધું.

ઉષાને હૃદયમાં સમાવી રજાઓમાં અશોક પોતાને ગામ ગયો. પરંતુ એક દિવસ સતીશ અને શારદા રસ્તામાં ભેગાં થઈ ગયાં. બંનેની નજર મળી અને વિવેક ખાતર સતીશે પૂછયું :

'ક્યાં જઈ આવ્યાં શારદાબેન?'

'સ્ટેશન ગઈ હતી, ઉષાને મૂકવા.' શારદાએ કહ્યું.

'ઉષાને ? !' સતીશે આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછયું.

'હા, એના પિતાની મુંબઈ બદલી થઈ એટલે તે પણ હવે ત્યાં જ ભણશે.' સખીના જવાનું દુઃખ શારદાના અવાજમાં સ્પષ્ટ હતું.

'એમ?' સતીશે કહ્યું : 'ત્યારે આપણા એક જૂના સાથી ઓછાં થયાં.' વિના પરિચયે પણ સહાધ્યાયી આપણા સાથી હોય છે એનું સાચું જ્ઞાન આપણને તેમનાથી છૂટા પડીએ ત્યારે જ થાય છે! ઉષાના જવાના સમાચાર સાંભળી સતીશને પણ દિલગીરી થઈ, પરંતુ તેને વધુ દુઃખ તો અશોકના વિચારથી થયું. શારદાથી છૂટો પડી ઘેર જતો સતીશ વિચારતો હતો :

'શું ઉષાના પ્રેમની વાત ખોટી ? કે પછી બધી જ સ્ત્રીઓ આવી! પ્રેમના ફંદામાં પુરુષને ફસાવીને જ સરકી જવું એ સ્ત્રીઓનો કોઈ ખાસ ગુણ છે કે શું? ઉષા પણ એમાંની જ એક નીકળી? કેટલી ભલી છોકરી લાગતી હતી! અશોક આ વાત જાણશે ત્યારે તેને શું થશે....?'

વડોદરાના પોતાના મિત્રો અને તેમાંય અશોકને છોડી જતાં



ઉષાના હૃદયને કેટલું દુઃખ થયું હતું તે સતીશને કહેવાનું શારદાને મન તો થયું હતું, પરંતુ તેણે વિચાર્યું કે કોલેજ ખૂલતાં અશોકની હાજરીમાં બધી વાત સતીશને પણ કહીશ અને મુંબઈ જવા છતાં ઉષા અશોકને ભૂલી નથી, એ એની જ રહેવા માગે છે એ વાત જણાવીશ. આમ વિચારી શારદાએ તે વખતે સતીશને ઉષાના દિલનું દુઃખ કહ્યું નહિ અને તેનાથી છૂટી પડી.

પોતાના ઘેર રજાઓ ગાળવા ગયેલા અશોક આગળ એક નવી જ મૂંઝવણ આવી હતી. સરલાના પિતાએ મોહનલાલ માસ્તર પર પત્ર લખી જણાવ્યું હતું કે :

'આપની ઈચ્છા હોય તો આ વર્ષે સરલાનાં લગ્ન ઉકેલી નાખીએ' સરલાના પિતા સમજુ હતા એટલે દીકરીના બાપ હોવા છતાં લગ્નની ખોટી રીતે ઉતાવળ કરી અશોકના અભ્યાસમાં દખલ કરવા તેમની ઈચ્છા ન હતી. આ તો સામા પક્ષની ઈચ્છા હોય તો પોતાને વાંધો નથી એમ જણાવવા જ અને તે પણ પત્નીના આગ્રહથી તેમણે મોહનલાલને આ પત્ર લખ્યો હતો. પરંતુ વેવાઈના આ પત્રે ગંગાને તો ઓર ઉત્તેજના પૂરી પાડી. પોતાના દેહનો હવે તેમને ભરોંસો ન હતો. એટલે દીકરાના લગ્ન કરી ઘરમાં વહુ ફરતી જોવાની ઈચ્છાને હવે વધુ સમય તે વાયદો કરી શકે તેમ ન હતાં. વળી મોહનલાલે પણ વિચાર્યું : 'અશોકની મા કેટલાય વર્ષથી લગ્નની વાત કર્યા કરે છે. હવે તો તેનું શરીર બિલકુલ સારૂં રહેતું નથી. ન કરે નારાયણ અને તેની ઈચ્છા મનમાં જ રહી જશે તો અમને બધાને આખી જિંદગી પસ્તાવાનું રહેશે.' આટલું વિચારતાં મોહનલાલનું હૃદય પણ ભરાઈ આવ્યું! અને કેમ ન ભરાઈ આવે ? પોતાની સુખ દુઃખની સાથીના અંતકાળનો વિચાર માત્ર દુઃખ પ્રકટાવે. અને

મોહનલાલનું પત્ની પ્રેમી હૃદય અશોકના લગ્નની તરફેણમાં દલીલો કરવા લાગ્યું : 'આ વર્ષે લગ્ન કરવાનું તો મેં એની માને વચન પણ આપેલું છે. વેવાઈની પણ લગ્ન કરવાની ઈચ્છા છે. વળી આ વર્ષે તો અશોક જુનિયર બી.એ. માં આવશે એટલે એને પરીક્ષા પણ નહિ હોય. માત્ર છેલ્લી એકજ પરીક્ષાનો આવતે વર્ષે પ્રશ્ન છે, એટલે લગ્ન કરવામાં વાંધો પણ નથી. અને હવે અશોક નાનો પણ ન કહેવાય. વળી આપણે તો ગમે તે કહીએ પણ દીકરીના બાપને તો ચિંતા હોય ને?....'

એટલે વેવાઈ નો પત્ર આવતાં ગંગાએ જ્યારે આ વર્ષે અશોકના લગ્નની વાત કરી ત્યારે મોહનલાલે તે તરત જ કબૂલ કરી લીધી. આમે ય પતિ માટે અનહદ પ્રેમ ધરાવતી ગંગાને તે દિવસે તો પતિ દેવ જેવા દયાળુ લાગ્યા! અશોક જેવા સમજુ અને આજ્ઞાંકિત પુત્રને તો કાંઈ પૂછવાની જરૂર હતી જ નહિ. પછી વિલંબ શાનો? તરત જ વેવાઈને હકારમાં પત્રનો જવાબ અપાયો, જોષીને ઘેર એકાદ બે આંટા મોહનલાલને થયા અને વૈશાખ સુદ ચોથનાં અશોકના લગ્ન આવ્યા એમ જાહેર થયું ત્યારે સૌથી વધુ આનંદ વૃદ્ધ ગંગાને થયો! એકના એક પુત્રના લગ્નની તૈયારીના આનંદમાં માતાપિતા મગ્ન હતાં. લગ્ન નક્કી થયાનો આનંદ વ્યક્ત કરવા ઘેર અનેક જણ આવતાં હતાં, ત્યારે અશોકનું મન ભારે વ્યથા અનુભવતું હતુ. એક બાજુ ઉષા હતી, બીજી બાજુ સરલા. બે વર્ષના લગભગ મૂક સ્નેહ સબંધની સામે એટલા જ સમયનો માતાપિતાએ જોડેલો વાક્દાન સંબંધ હતો. લગ્નની વાત પ્રત્યક્ષ આવી ત્યાં સુધી ઉષા અને સરલાએ તેને ખાસ મુંઝવ્યો ન હતો - એ વિષે એ ખાસ વિચાર તો જ ન હતો. એવો લાંબો વિચાર કરવાનું સંસાર અને સમાજના બીજ



અનુભવી કિશોરનું ગજું ય શું? બાળક ક્યારે ભાવિની ચિંતા કરી પોતાના વર્તમાન સુખને નષ્ટ કરે છે? એ તો જે સમયે જે મળે તે ખાઈ-પીને મસ્ત બની ફરે છે. એમાં જ જીવનનો સાચો આનંદ છે. સુખદુઃખના ચકકરમાં અટવાતાં બિચારાં સંસારીઓને સુખનો સમય પણ ભાવિ દુઃખની કલ્પના દુઃખમય કરી દે છે. પરંતુ અશોકના કોલેજ કાળના સુખી દિવસોમાં આવા કોઈ દુઃખની કે મૂંઝવણની કલ્પના ન હતી. તે તો ઉષાને જોઈને સંતોષ પામતો, આનંદ અનુભવતો. કેટલાક મુખ એવાં મોહક હોય છે, એટલાં નમણાં હોય છે કે કોઈ પ્રકારના સંબંધ વિનાય આપણને આનંદ આપે, આપણા હૃદયને જકડી રાખે અને એના ઉપરથી જાણે આંખ જ ન ઉઠાવીએ! હા, એ આંખમાં વિકાર નહિ, કોઈ સૌંદર્ય ઉપાસકની સાત્વિકતાનાં હોય છે! એ જ સાત્વિક દૃષ્ટિથી અશોક પણ ઉષાને જોતો હતો. પરંતુ આ દૃષ્ટિપાનમાં સામા પક્ષનીય સહાનુભૂતિ ભળે ત્યારે તો પૂછવું જ શું? અશોકના સ્નેહમાં ઉષાની સહાનુભૂતિ (કે સંમતિ) એ ઘોડાપૂર આણ્યું અને બે-બે વર્ષ સુધી અશોક પોતાના મનથી ઉષાનો બની ગયો! ત્યારે ઉષા સાથે લગ્ન કેવી રીતે થશે એ વિચાર એને ભાગ્યે જ આવ્યો હતો, પરંતુ આજે એ પ્રશ્ન એક મહાન કોયડો બની એની સામે ઊભો રહ્યો. કોણ પસંદગીને પાત્ર? ઉષા કે સરલા?

અશોક સૌંદર્યનો શિકારી ન હતો એટલે કોણ વધુ સુંદર એ પ્રશ્ન જ ન હતો. હતો માત્ર એક સવાલઃ 'કોને ત્યાગું, કોને માંગું? માતાપિતાએ સરલા સાથે સંબંધ જોડ્યો છે. દેવ જેવા પિતા પોતાનું વચન ફોક કેમ કરે? વળી અજાણી અને પરજ્ઞાતિની યુવતી સાથે લગ્ન કરવાની વૃદ્ધ માતા સમંતિ કેવી રીતે આપે? સરલાનું શું? તેના માતાપિતાનું શું? બે વર્ષ સુધી મારા વિશ્વાસે બેસી રહ્યાં એટલે

જ્ઞાતિમાંથી સારા મુરતિયા પણ હવે તો ખપી ગયા. કોઈનો સોદો બાકી નહિ હોય. ત્યારે સરલા સમા સંસ્કારી રત્નને કોઈ પથ્થર સાથે જ પછડાવું પડે. અને તે પોતાના દોષને કારણે.' આમ અશોક થોડીવાર સરલાના વિચારોમાં ખોવાઈ ગયો. ગઈ સાલ રજાઓમાં ઘેર આવતાં સરલાના પિતા સ્ટેશન પર આવી આગ્રહ કરી તેમને ઘેર લઈ ગયા હતા. માત્ર ચોવીસ કલાકના એ રોકાણમાં જ સરલાના સ્નેહ અને સૌંદર્યનો પરિચય અશોકને થઈ ગયો હતો. શરમાતી છતાં કશાકની ઓથેથી કે દૂરથી તે સ્નેહભરી નજરે પોતાને નિહાળી રહેતી. અશોક વિચારતો : 'હું રહ્યો ત્યાં સુધી કેટલા આનંદથી ફરતી હતી! કદીક તો એમ લાગતું કે હમણાં બોલશે, પરંતુ ત્યાં જ સ્મિત કરતી તે શરમાઈને સરકી જતી! અને ઘેરથી હું નીકળ્યો ત્યારે કેવા ભાવથી એ જોઈ રહી હતી! આંખના આંસુ તો દૂરથી શું દેખાય, પણ મુખ પર કેવી ગ્લાનિ હતી! જાણે મને કહેતી હતી : 'ક્યારે મને લેવા આવશો?' આવી સરલાને પોતે છેહ દેશે? ના, ના, એ કેમ બને?' આ વિચારતો અશોક પોતાની જાતને કહી રહ્યોઃ 'તારે ઉષા સાથે લગ્ન કરવું હતું તો પહેલેથી કહી દેવું હતું. આમ વિશ્વાસઘાત કરી કોઈની જિંદગી સાથે જુગાર ન ખેલાય. એક સ્ત્રીના જીવન સાથે ખેલ ખેલવો એ શું બહાદુરી છે?'

'ના, ના' અશોક જાતે જ જવાબ આપી રહ્યો : 'હું ક્યાં સરલા સાથે લગ્ન કરવાની ના કહું છું?'

'તો શું તું ઉષાને દગો દઈશ?' અશોકની આત્મપરીક્ષા આગળ વધી.

'ના, એમાં દગો શાનો?' તે મનમાં જવાબ આપતો હતો :



'ઉષાએ ક્યાં મારી સાથે લગ્નની વાત કરી છે?'

ઉષાની વિરુધ્ધના આ એક વિચાર માત્રે અશોકનું દિલ હલાવી નાખ્યું. અને તેની આંખમાં આંસુ ઉભરાયાં! પરંતુ થોડી વારે સ્વસ્થ થઈ વળી પાછો તે વિચાર કરવા લાગ્યો. 'ઉષા મને ચાહે છે એ વાત સાચી જ હશે. પરંતુ એણે કદીય લગ્નની વાત તો મને કરી જ નથી. શું મારી સાથે લગ્ન કરવાની તેની ઈચ્છા હશે? કે એ ક્ષણિક આવેશ માત્ર હશે? અને તેની ઈચ્છા હોય તો પણ મારી સાથે લગ્ન કરી શકે તેવા તેના સંજોગો હશે? પુરુષ કરતા સ્ત્રી તો વધુ પરાધિન છે. હું પુરુષ હોવા છતાં આવી મૂંઝવણમાં મૂકાયો છું તો એની બિચારીનું શું ગજુ કે માતા-પિતાની પસંદગીથી કાંઈ જુદું વિચારી પણ શકે? અને આ સંજોગોમાં ઉષાને માટે સરલાને નકારી હું બધાંને દુઃખી કરું એ મૂર્ખાઈ નહિ?......' અશોકની આ વિચારમાળા કોણ જાણે ક્યારેય અટકત. પરંતુ ત્યાં જ પાછળથી વાત્સલ્યભર્યા શબ્દો સંભળાયા :

'બેટા, શું વિચાર કરે છે?'

સ્વપ્નમાંથી અચાનક જાગ્યો હોય તેમ અશોક ચમક્યો અને મુખ પરના ભાવ એકદમ દૂર કરી કુત્રિમ સ્મિત કરતાં કહ્યું :

'કાંઈ નહિ બા, એ તો અમસ્તો જરા.....'

'હું જાણું છું. ભણવાના વિચારે ચઢ્યો હશે.' ભોળી માતા કહેવા લાગી : 'રજાઓમાં તો નિરાંતે ફર. ભણ્યાની ચિંતામાં જરાય લોહી નથી લેતો.' કોલેજમાં ભણતાં છોકરાં કાયમ ભણવાની જ ચિંતા કરતાં હોય છે અને એ ચિંતામાં શરીર પણ નીચોવી નાખે છે એમ બિચારાં ભોળાં મા-બાપ સમજતાં હોય છે! આવી ભોળી માતાને

જતી અશોક જોઈ રહ્યો અને મનમાં જ બોલ્યો :

"બાએ કેટલા પ્રેમથી મને ઉછેર્યો છે?" સરલા સાથે હું લગ્ન નહિ કરી શકું,' એમ હું કહું ત્યારે બીજાનું તો ઠીક, પરંતુ આ મારી બાનું શું થાય? માત્ર સરલા સાથે પરણીને હું એની ઈચ્છા પૂરી ન કરી શકું...?'

અશોક જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ તે વધુને વધુ ગૂંચવાતો ગયો, વધુ મુંઝાતો ગયો. અંતે તેને એક જ માર્ગ દેખાયો. પોતાના મિત્ર સતીશની સલાહ લેવાનો. અને અશોકે તરત જ લાંબો પત્ર લખી પોતાની મૂંઝવણ, સંજોગો બધું જ મિત્રને જણાવ્યું. ઉષા અને સરલા વચ્ચે પોતે કેવો અટવાતો હતો તે લખ્યું અને હવે શું કરવું તે વિશે મિત્રની સલાહ માગી. પત્ર પોસ્ટમાં નાખી આવ્યો ત્યારે અશોકનું મન કાંઈક શાંત થયું તો પણ તે રાત્રે માતાના ઘણા આગ્રહ છતાં તે રોજના જેટલું જમી ન શક્યો!

જે વિચારોમાં દિવસ વીત્યો તે વિચારો રાત્રે અશોકને કેમ છોડે? પલંગમાં પડતા જ તે વળી પાછો ઉષાના વિચારોમાં ગૂંથાઈ ગયો. ચૈત્રની ચાંદનીમાં ખુલ્લા ચોકમાં સૂતેલો અશોક અત્યારે આકાશનાં દર્શનનો લ્હાવો નહોતો લેતો, પોતાનું સ્થાન નક્કી કરી લેવાની પડાપડી કરતા તારાની માફક એના મનમાં પણ ઉપરાઉપરી વિચારો ઉભરાતા હતા. ઉષા, સરલા, પોતાનાં માતા-પિતા, સરલાના માતા-પિતા, ગામ અને સમાજ - આ બધા વારાફરતી તેના માનસપટ પર આવતાં અને વિદાય લેતાં હતાં! પોતાના વિચારોથી ત્રાસેલા અશોકે આટલામાં અનેક પાસા ફેરવ્યાં, પરંતુ નિદ્રાદેવી આજે જાણે રિસાઈ ગયાં હતાં. અંતે અશોકે ઉંઘવા માટે કોઈ એક સરસ વાત પર મન સ્થિર કરીને નિદ્રાદેવીને ઝડપી લેવાની



યુક્તિ અજમાવી. પણ અશોક માટે ઉષાના મધુર સંભારણાં સિવાય બીજી કઈ સરસ વાત હોય? અશોકની યુક્તિ કંઈક અંશે સફળ પણ થઈ. ઉષાના વિચારે તેની આંખ મળી ગઈ, પરંતુ ઉષાએ આજે તો એને ઉંઘમાંય ન છોડ્યો, સ્વપ્નમાં અશોક સુખદ ભૂતકાળમાં ઘૂમવા લાગ્યો :

મહીસાગરને કિનારે ઈન્ટરના વર્ગની ટુર જવાની હતી. અશોકનું નામ તો સતીશે વગર પૂછ્યે જ લખ્યું હતું, પરંતુ છોકરીઓના લીસ્ટમાં ઉષા અને શારદાનાં નામ ન હતાં. સતીશને લાગ્યું કે આવી રસિક છોકરીઓ વિના તો ટુર શુષ્ક બની જશે એટલે તેણે પોતે જ છોકરાઓના લીસ્ટવાળો કાગળ શારદાને આપી નામ લખવા જણાવ્યું. બે બેનપણીઓએ કાંઈ ગુસપુસ કર્યું અને કોઈ જાદુઈ અસરથી એ લીસ્ટમાં ઉષા અને શારદાના નામ લખાઈ ગયાં. યાદીમાં અશોકના નામને કારણે જ એમ થયું ! પોતાની સફળ યુક્તિની વાત તેણે મિત્રને રસપૂર્વક કહી સંભળાવી ત્યારે અશોકના હૃદયમાં ગર્વનું એક મોજું ફરી વળ્યું હતું.

ટુર ગઈ નદી કિનારે સહેલ કરવાનો આનંદ લીધા પછી બધાં જમવા બેઠાં ત્યારે ઉષા રીંગણાં-બટાકાનું શાક પીરસતી હતી. અશોકે ધીરેથી કહ્યું :

'એકલા બટાટા જ આવવા દેજો.'

'કેમ રીંગણાં નથી ભાવતાં?' ઉષાએ મરક મરક હસતાં પૂછ્યું.

'ના.' અશોકે કહ્યું : 'ઓછાં ભાવે છે.'

'તો તો કોઈ બિચારીને જીવનભર રીંગણાનો સ્વાદ ચાખવા નહિ મળે!' કહેતી ઉષાએ કાળજીપૂર્વક રીંગણ ટાળી શાક પીરસ્યું

અને : 'લો હવે આવ્યાં હોય એટલા રહેવા દેજો,' કહેતી અશોક કાંઈ બોલે તે પહેલાં તો હસતી હસતી સરી પણ ગઈ-કલકલ કરતા ઝરણાની જેમ! હારમાં સૌથી છેલ્લા સતીશ અને અશોક બેઠા હતા એટલે વાર્તાલાપ બીજું કોઈ સાંભળી શક્યું નહિ અને સાંભળે તોય કોલેજીયનોના આવા વિનોદમાં કોઈને કાંઈ વહેમ કે વાંધો હોતો નથી! એના ગયા પછી સતીશે તો અશોકને કહ્યું પણ ખરું :

'મુરખ, આવી સરસ ટકોર કરી તો પણ કાંઈ જવાબ ન આપી શક્યો.'

'શું જવાબ આપું સતીશ?' અશોક બોલ્યો : 'મારી જગ્યાએ તું હોય તો તું પણ ગૂંચવાય. ઉષાને જવાબ આપવો એ.....!'

'હં, બેસ બેસ હવે,' વચ્ચે જ સતીશ બોલી ઉઠ્યો : 'એને બહુ ઊંચે ન ચઢાવી દઈશ.' સતીશ આમ કહેતો હતો, પરંતુ મનમાં તો એ પણ સમજતો હતો કે ઓછાબોલી ઉષા બોલતી ત્યારે તાક્યું તીર જ મારતી!

અને બીજી વાર ઉષા જ્યારે શાક પીરસવા આવી ત્યારે તપેલીમાં બાજુ પર બટાટા ટાળી રાખ્યા હતા એનું કારણ આ બે મિત્રો જ સમજી શક્યા!

સતીશની ટકોરથી જાણે ચંચળ થયો હોય તેમ અશોકે ઉંઘમાં પડખુ ફેરવ્યું અને સ્વપ્નમાલાનો એક મણકો સરી ગયો, પરંતુ સંધ્યાકાળે આકાશનો એક રંગ ઉડી કે ઓસરી જતા અન્ય રંગ જેમ તેનું સ્થાન પૂરી દે છે, અરે, એક રંગ બીજા રંગમાં પલટાઈ જાય છે તેમ અશોકની સ્વપ્નસૃષ્ટિમાં બીજું દશ્ય સાકાર થયું :

જમ્યા બાદ નદીકિનારે બધાં ફરવા નીકળ્યાં. એક બાજુ વિશાળ



રેતીપટ, બીજી બાજુ ઉંચાનીચા ટેકરાઓની ઓથેથી ડોકિયાં કરતાં વૃક્ષો અને એની વચ્ચે કલકલ વહેતી નદીનું સંગીત, સામે કિનારે દૂર દૂર દેખાતાં ગામડાના ઘરો તો વળી વચ્ચે વચ્ચે પોતાની વિજયપતાકા ફરકાવતાં ધવલ મંદિરો, નદીના પાણી પર તરાપ મારી ઊડી જતાં પક્ષીઓની હારમાળા, તો થોડા થોડા અંતરે કદીક દેખાતી નાવો! કોઈ વૃદ્ધ કે વિરહીને ય પાનો ચઢાવે એવાં એ દશ્ય અને સ્થળ આ કોલેજીયનોને શાંત કેમ રાખે? ઘણાંના મનમાં તો ગીત ગુંજારવ ચાલુ જ હતા. ત્યાં એક કોલેજીયને એને વાચા આપી :

'ચાલો, અંતકડી રમીએ'

'અંતકડી?' બીજાએ પૂછયું.

'હા, હા, કેમ શું વાંધો છે? બધાને ગાવાનો અને સાંભળવાનો લ્હાવો મળશે,' ત્રીજાએ ટેકો આપ્યો.

'હા, બરાબર છે. પાર્ટી પાડો.' શારદાએ સૂર પુરાવ્યો.

'પાર્ટી પાડેલી જ છે.' સતીશે કહ્યું : 'એક બાજુ તમે અને બીજી બાજુ અમે.'

'સતીશ, એ બેનોને તો નહિ પહોંચાય હોં, એમને તો ઘણાં ગીત અને ગરબા આવડે.' એક વ્યવહારુએ ભય બતાવ્યો.

'કાંઈ વાંધો નહિ, પાણી માપી લઈએ,' એક સંગીત શોખીને કહ્યું.

'તો થઈ જાય યુદ્ધ શરૂ. કોણ પહેલું બાણ ફેંકે છે?' અને શારદાના મધુર કંઠમાંથી ગીતની એક કડી સરી પડી!

આ હરિફાઈમાં અર્ધો કલાક તો સહેજ વીતી ગયો. પરંતુ રમતની ખરી મજા હવે જ હતી. શરૂઆતમાં તો સામી ભીંતે અથડાઈને દડો જે ઝડપથી પાછો પડે તેમ એક પક્ષ બીજાને જવાબ આપતો, પરંતુ એકથી દશ તારીખ વચ્ચે મધ્યમ વર્ગનો નોકરીયાત પાકીટના ખૂણેખાંચરેથી પૈસા શોધવા પ્રયાસ કરે તેમ હવે દરેક પક્ષને પોતના સ્મૃતિ પટમાંથી ગીત, ગાયન કે કવિતાની કડીઓ શોધવી પડતી અને તેય બે મિનિટની સમયમર્યાદામાં! ઉડાઉ, અને ઉદાર લોકોના ભંડાર ક્યારનાય ખલાસ થઈ ગયા હતા, વચલા સમયમાં કરકસરિયાઓએ પણ કચવાતે મને સ્મૃતિભંડારો ખોલી કાઢ્યા હતા. માત્ર બે કંજૂસ વ્યક્તિઓએ પોતાની પાસેના ભંડારનો ખ્યાલ સરખોય હજી આવવા દીધો નહોતો- એ હતાં ઉષા અને અશોક - બંને પક્ષમાં એક એક!

અત્યાર સુધી આ બંનેને મિત્રોએ માત્ર ટકોર કરીને જ છોડ્યાં હતાં. પરંતુ હવે તો સંકટ સમયની સાંકળ ખેંચવાની તેમને ફરજ પડી. શારદાના પક્ષને 'દ' પર બોલવાનું હતું. દરેક પોતાના સ્મૃતિ પટ પર ફરી આવ્યાં, પણ ક્યાંયથી કોઈ હાથ લાગ્યું નહિ. બીજી બાજુ સતીશ ઘડિયાળ જોઈ 'એક મિનિટ, હવે અડધી મિનિટ ' કરતો હતો.

'ઉષા, હવે તો બોલ કાંઈ, અમે ક્યાં સુધી પહોંચીએ?' બે-ત્રણ સખીઓએ અકળાઈને કહ્યું અને ઉષાનો મધુર કંઠ પ્રેમ ગીત ગાઈ રહ્યો :

'દ્રમ ભર જો ઉધર મુંહ ફેરે, ઓ ચં...દા...!
મૈ ઉનસે પ્યાર કર લુંગી, બાતે હજાર કર લુંગી.'



બધી છોકરીઓ ખુશ થઈ ગઈ. અરે, શારદાએ તો સામા પક્ષને વટ સાથે, હાથના હિલોળે 'ગ' નો હવાલો સોંપી દીધો. જીત પર આવેલી બાજી છીનવી લીધા છતાં સામા પક્ષને ય ઉષા પર ચીડ ન ચડી. એ તો એના મધુર કંઠ પર વારી ગયો! અને સાચે જ ઉષાના કંઠમાં એવી મધુરતા હતી, એવી હલક અને વેધકતા હતી કે જાણે સાંભળ્યા જ કરીએ! પરંતુ હવે કસોટી હતી સતીશના પક્ષની. 'એક મિનિટ' અને 'અડધી મિનિટ' ની મર્યાદાનો સિગ્નલ શારદા દેતી હતી. પરંતુ સતીશને બહુ ચિંતા ન હતી. અગ્નાસ્ત્ર સામે મેઘાસ્ત્ર એની પાસે હતું. અશોકની શક્તિથી એ અજાણ ન હતો. સંકટ સમય માટે એણે ય તેને સાચવી રાખ્યો હતો - કંજૂસ પોતાનું ધન સાચવે તેમ! હવે તેણે તેની મદદ માગી અને તે મળી પણ ખરી. અશોકે પણ એક શીલાથી બીજી શીલા પર કૂદતા ઝરણાના ઉલ્લાસથી ગાઈ નાખ્યું:

'ગાએજા ગીત મિલન કે તું અપને લગ્ન કે ...
સજન ઘર જાના હૈ.'

માત્ર શારદા અને ઉષા જ નહિ, આખું નારી વૃંદ ચમક્યું - સામા પક્ષમાં પણ આ હીરો છુપાઈ રહ્યો હતો ! તો તો હવે રંગ બરાબર જામવાનો. પરંતુ તેમનું આશ્ચર્ય પુરુ થાય તે પહેલાં તો ઉષાએ હલકે કંઠે ઉપાડ્યું :

'હો....રી મૈં તો પ્રેમદીવાની મેરા દર્દ ન જાને કોઈ...'

મીરાના આ દર્દીલા ગીતને ઉષાના કંઠે એવું તો બહેલાવ્યું કે બધાના આગ્રહથી ઉષાને એ પૂરેપૂરું ગાવું પડ્યું. પરંતુ ત્યારે મીરાની (ઉષાની?) આ વિરહવ્યથાને જાણે માન્ય રાખી હોય તેમ અશોકે

તક મળતાં સામી ફરિયાદ કરી :

'હમ તુમસે મહોબત કરકે સનમ

રોતે ભી રહે હસતે ભી રહે.'

ઉષાને ચીડ ચડી. કેટલી ખોટી ફરિયાદ! છતાં ફરી એને કાંઈ સમજાવવાની ઉષા તક શોધી રહી અને તે મળતાં તેણે ગાવા માંડ્યુ,

'કોરી ગાગરડીમાં રંગ રેડ્યો રે,

કેસરિયો રંગ લાગ્યો છોગાળા રંગ લાગ્યો જી રે.'

હવે મિત્રોને ઉષા કે અશોકને કહેવાની જરૂર ન પડતી. તક મળે બંને એકબીજા પર ઘા કરવાનું ચૂકતાં જ નહિ. વચ્ચે વચ્ચે મિત્રો મદદ કરતા એટલું જ. બાકી છેલ્લા અડધા કલાકના આ વાક્યુદ્ધમાં મહદ્ અંશે ઉષા-અશોકનાં ઢાલ-બાણ જ વપરાયાં. પ્રત્યેક કડીના અંતે દાવ બીજા પક્ષને સોંપાતો એટલું જ નહિ, ઉષા અશોકને મન તો એમાં પોતા પર કાંઈક દોષારોપણ હતું અને તેથી તેને અનુરૂપ જવાબ આપવા દરેક પ્રયાસ કરતાં. રમતના આ ઉત્તરાર્ધમાં તો શૃંગાર અને કરુણ રસની જાણે હેલી વરસી ગઈ! અંતકડીના ઓથે ઉષા અને અશોકે તો જાણે દિલની વાતો જ કહેવા માંડી-ખુલ્લી રીતે અને છતાં ખાનગીમાં! ઉષા અને અશોક હવે અંતકડીમાં ભાગ લેતાં સામસામા પક્ષના બે સભ્યો ન હતાં, આક્ષેપો અને પ્રતિ આક્ષેપો કરતાં, શબ્દબાણ ફેંકતાં તો વળી પોતાનો બચાવ કરતાં, ઘડીકમાં હસતાં તો ઘડીકમાં રડતાં બે પ્રેમીઓ હતાં! આટલા દિવસની બંધ વાચા આજે ઉઘડી હતી, પૂરી વાત કહ્યા સિવાય હવે એ કેમ રહે? પરંતુ હૃદયમંથનમાં પડેલા અશોકે અંતે જાણે પોતાનું ભાવિ જ જોઈ નાખ્યું હોય, સમજી લીધું હોય તેમ ગાયું :



'મેરા દિલ તોડને વાલે મેરે દિલકી દુઆ લેના,

મીટા કર મેરી દુનિયા કો, નઈ દુનિયા બસા લેના!'

ઉષા ચમકી! 'શું હું દિલ તોડનાર? શું હું તારી દુનિયાને મીટાવી મારા માટે નવી દુનિયા વસાવીશ? હું એટલી બધી પામર છું? અને તું કેટલો મહાન! દિલ તોડનારને તું તો પાછો દુઆ દે છે! ઉષા પ્રત્યેક શબ્દનું પૃથ્થકરણ કરી રહી હતી. તેને મન કોઈ ગીતની આકસ્મિક રીતે ગવાયેલી આ કડી ન હતી, એમાં તો તેને પોતાના પ્રેમનું મૂલ્યાંકન લાગ્યું! તેને ગુસ્સો ચડ્યો. શું તું જ મહાન છે એમ તું માને છે? તો સાંભળ યુવક તારા 'ન' નો જવાબ એમ જાણે કહેતી હોય તેમ ઉષા એ દર્દીલા કંઠે જવાબ' આપી દીધો :

'નહી આતા ફાઓસેં હમે દામન બચા લેના,

તુમ્હી પર જાન દે દેંગે કિસી દિન આજમાં લેના!'

આ પ્રેમનીય કોઈ દિવસ પરીક્ષા કરી લેજે એમ હૃદયથી કહેતી ઉષાની આંખોમાં ઉભરાયેલા આંસુની જાણ તો તેણે માત્ર પોતાના હાથરૂમાલને જ થવા દીધી! પરંતુ અંતકડીનો ત્યાં જ અંત આવ્યો. તે પછી ન અશોક કાંઈ ગાઈ શક્યો, ન ઉષા ! અને તેમનો પૂરો કસ કાઢ્યો હતો, એટલે મિત્રોએ ગવડાવવાનો આગ્રહ પણ ન રાખ્યો.

અંતકડી અટકી પરંતુ રાત્રિના વધવા સાથે અશોકનું સ્વપ્ન હજીય આગળ વધ્યું. સદેહે ખાટલામાં સૂતેલા અશોકનું મન ત્યારે મિત્રો વચ્ચે નાવડીમાં હતું!....

.... નદીનો વેગ મંદ હતો. ઉપરથી અગ્નિ વરસાવતા સૂર્યના તાપને ઠંડો પાડી નદી તેને સમતોલ કરતી હતી. બધાનાં મનમાં અંતકડીની છેલ્લી કડીઓ ગુંજતી હતી. એ ગુંજારવનો આનંદ શાંત

રીતે બધા લઈ રહે તે પહેલા તો હોડી પહોંચી સામે કિનારે, પરંતુ પાણી છીછરું હોવાથી તે ઠેઠ કિનારા સુધી જઈ શકી નહિ, લગભગ ઘૂંટણભર પાણીમાં તે ઊભી રહી. સામા કિનારે ઘૂમવું તો હતું જ, એટલે બૂટ-મોજાં સાથે ડામરની સડકો પર ફરનાર એ કોલેજીયનોએ બૂટને હાથમાં લીધા અને પાટલૂન ઊંચાં ચડાવ્યાં. 'બોનોને હાથ ઝાલી ઉતારજો ભઈ' ની માછીમારની સૂચના સૌને સાચી લાગી અને વિના સંકોચે પ્રત્યેક ભાઈના હાથમાં એકએક બહેને પોતાનો હાથ થોડી વાર માટે સોંપી દીધો! કેટલાક યુવકોએ તો મનમાં વિચાર્યું : કોલેજના કડક સૂટોએ જે કામ નહોતો કર્યું તે કામ નદીના આ ગંદા પાણીએ સિદ્ધ કરી દીધું! આઉટીંગ (outing) થી આવો ફાયદો જરૂર થાય છે પરંતુ ઉષાને એની શરમ અહીં પણ નડી. વગર સંકોચે પુરુષનું શરણ સ્વીકારી બધી જ સખીઓ ચાલતી થઈ, પણ એક-બીજાની જેમ સહેલાઈથી હાથ સોંપે તો તે ઉષા શેની ? નાવમાં તે એકલી ઉભી રહી. ખાલી હાથે જતા અશોકને નાવિકે બૂમ પાડી :

'ઓ ભૈ, આ બોનને લેતા જાવને'

અશોક છેલ્લો હતો. તેણે બૂમ સાંભળી. પાછળ જોયું અને ઉષા સાથે આંખ મળી. સહેજ હસીને પાછો વળ્યો અને બોલ્યો :

'હું તો જાણું કે હવે કોઈ નહિ હોય.' ઉષા રહી છે એમ જાણતો હોવા છતાં અશોક પોતાનું શરમાળપણું છૂપાવવા જૂઠ્ઠું બોલ્યો.

'મને લાગ્યું કે બધા જ engage થઈ ગયા (રોકાઈ ગયા) હશે' ઉષાએ ટાણો માર્યો અને અશોકના લંબાયેલા હાથને પકડીને પાણીમાં ઊતરી.

'સાચવીને ચાલજો,' અશોકે સલાહ આપી.



'કાંઈ વાંધો નહિ, તમે જાળવજો', ઉષા બોલી અને ચીકણા લપસણા કાદવથી ડહોળાયેલા પાણીમાં એકબીજાને સહારે માર્ગ કાપતાં બંને કિનારા તરફ ચાલ્યાં! પરંતુ રે શરમાળપણું ! નદીના પાણીમાં હાથમાં હાથ રાખી ચાલતાં યુવકયુવતી એકબીજાને દિલની વાત કહી શક્યાં નહિ! કોણ જાણે કેમ પરંતુ બીજા મિત્રોની હાજરીમાં તેઓ એકબીજાને ઘણું કહી શકતાં પણ એકાંતમાં ભેગાં થતાં તેમના હોઠ જાણે સિવાઈ જતા! પરંતુ એને શરમ કહેવા કરતાં દિલની શુદ્ધિ જ કહેવી જોઈએ. આ શુદ્ધિ જ તેમના પ્રેમની સાત્વિકતા સાબિત કરતી હતી. આવો પ્રત્યેક પ્રસંગ તેમને શુદ્ધ પ્રેમમાં વધુને વધુ ઉંચે લઈ જતો હતો, પરંતુ એ સ્પર્શનો લાભ લીધા વિના હૃદય કેમ રહે? બંનેના હૃદયમાં કેવી મધુર ઊર્મિ એ સ્પર્શે જગાવી હતી! અશોકને થયું : 'જાણે એ હાથ છોડું જ નહિ.' અને એ છૂટી ન જાય તે ખાતર તેણે પોતાના હાથને સહેજ બળ આપ્યું અને ત્યાં જ એક કૂતરું કોંચ, કોંચ, કોંચના અવાજ સાથે આક્રંદ કરતું ઊભું થઈ ગયું! અશોક એકદમ જાગી ગયો અને જોયું તો એ નહોતો નદી કિનારો કે નહોતો ઉષાનો કોઈ હાથ હતો માત્ર રાત્રિની ઠંડીમાં પોતાની હૂંફ શોધવા આવેલા ફળિયાના કૂતરાનો આગલો પગ!

અશોકનું સોનેરી સ્વપ્ન ઊડી ગયું. દૂર દૂર ઊભું રહી, પોતાની તરફ જોઈ હજીય ધીરો ધીરો કચવાટ કરતું પેલું કૂતરું જાણે તેને કહેતું હતું :

'અહીં કેવો નદીકિનારો અને કેવી ઉષા? આ તો છે તારા બાપાનું ગામ. તારા લગ્ન તો થોડા જ દિવસમાં સરલા સાથે થશે! ઉષાને ને તારે હવે શો સબંધ ? એ તો ચાર દિનની ચાંદની હતી. હવે એ બધું ભૂલી જા!'

અને અશોકના સ્વપ્નનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો! ઉષા અને સરલાના દ્વંદ્વમાં તે પાછો અટવાઈ ગયો! સ્વપ્નની સૃષ્ટિ કરતાં વાસ્તવિક જગત શું દુઃખમય? સ્વપ્નનો એ આનંદ વાસ્તવિક જગતમાં શું ન લાવી શકાય? ઊંઘમાં-અભાન અવસ્થામાં સુખ મળે અને જાગૃતિની સભાન અવસ્થામાં દુઃખ! તો તો જાગવા કરતાં ઊંઘવું જ શું ખોટું? જાગતા જીવને શાંતિ ન મળવાથી જ કેટલાક દુઃખી જીવ પોતાનો દેહ પેલી ચીર નિદ્રા-મરણને શરણ કરતા હશે! જગતના ડાહ્યાજનો એને આપઘાત કહે છે પરંતુ મરનારને મન તો એ આત્મશાંતિનો જ માર્ગ હશે!

સરી ગયેલી સ્વપ્નસૃષ્ટિની શાખ પૂરતો હોય તેમ કૂકડો 'કૂકડે કૂક' બોલ્યો અને અશોક ખાટલામાંથી ઊભો થયો. ઉષાના પેલા શબ્દો હજીય જાણે કાનમાં ગુંજતા હતા :

'તુમ્હી પર જાન દે દેંગે!' ઉષા શું પ્રેમમાં એટલી બધી મક્કમ છે? તો શું પોતે જ નિર્બળ મનનો છે? હતાશ હૈયાની વેરાન ભૂમિ પરથી સતીશના જવાબની આશા એ જ માત્ર દૂર દૂર દેખાતી લીલા વૃક્ષોની ટોચ જાણે! દુઃખના વખતમાં માણસ સાચી ખોટી આશા કશાકમાં ઊભી કરે છે. એ આશા જ એનું જીવન ટકાવે છે. હૃદયમાંથી આશાએ અશોકના બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા. ચોથે દિવસે સતીશનો પત્ર આવ્યો. પત્રમાં શું હશે? સતીશે શું સલાહ આપી હશે? આશા અને આતુરતા વચ્ચે જ અશોક પત્ર વાંચવા લાગ્યો :

'પ્રિય ભાઈ,

તારો પત્ર મળ્યો. તે સિવાય પણ તને થોડા દિવસમાં પત્ર લખવાનો જ હતો. કારણ ત્રણચાર દિવસ પહેલાં શારદા રસ્તામાં



મળી હતી. કહેતી હતી : 'ઉષાના પિતાની મુંબઈ બદલી થઈ એટલે તે આજે મુંબઈ ગઈ. તેને સ્ટેશને મૂકવા ગઈ હતી!' આથી વિશેષ કાંઈ કહ્યું નહિ. મને આશા હતી કે તારા માટે કોઈ સંદેશો હશે, પરંતુ વ્યર્થ! મને બહુ દુઃખ થયું, ઉષા પર ક્રોધ પણ ચડ્યો. આ વાત તને લખીશ ત્યારે તને શું થશે તેય હું જાણતો હતો. ઉષાએ કદાચ પત્રથી તને ખબર કરી હશે એમ એક આશા હતી, એ પણ તારા પત્રથી નષ્ટ થઈ. તને શું અને કેવી રીતે લખવું એની મૂંઝવણમાં હતો ત્યાં તારો પત્ર આવ્યો અને મારી મૂંઝવણ દૂર થઈ. તું લખે છે : 'સરલા સંસ્કારી અને સુંદર છે, બે વર્ષથી વિવાહ થયેલો છે, માતા-પિતાએ તો લગ્ન પણ લીધાં છે અને ઉષાની વાત તો તું જાણે છે. હવે મારે શું કરવું ? ઉષાને ત્યાગું કે સરલાને ?'.... વગેરે.

'પરંતુ ભાઈ, હવે જવાબ સ્પષ્ટ છે. ઉષાને તું ત્યાગે તે પહેલાં તો તેણે જ તને ત્યાગ્યો છે! તો હવે સરલાનો સ્વીકાર કરી સગાં-સ્નેહીઓને કેમ ન સંતોષવાં ? અને પોતાનું સ્વમાન પણ કેમ નહિ સાચવવું? એને તારી પડી હોત તો કાંઈ કહ્યા, કહાવ્યા કે લખ્યા વિના આમ જાત?' અશોકે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો અને પત્ર આગળ વાંચવા માંડ્યો... આ કોલેજીયન લવ છે ભાઈ, ઉષા માટે હું આવું નહોતો ધારતો, પણ છેવટે તો એય બિચારી એક જ ડાળની પંખીણીને? માટે એ બધુ ભૂલી જઈ સરલાને પરણીને સુખી થા. આપણને ભૂલે તેને ભૂલવું રહ્યું.

'તારું દુઃખ હું સમજી શકું છું, પરંતુ બીજો ઉપાય શો? આપણા જીવન સાથે કેટલાયના ભાવિ સંકળાયેલાં હોય છે. માટે લાગણી વેડામાં જીવન વેડફી નહિ નાખવું. તું સમજું છે. વધુ શું લખું?

'એક મિત્ર ભાવે ઉષાને કંકોત્રી તો લખવી જ જોઈએ, એટલે કાલે શારદા પાસે જઈ એનું મુંબઈનું સરનામું લઈ આવ્યો છું જે નીચે લખું છું :

'ઠીક ત્યારે, વધુ વૈશાખ સુદ ચોથ પહેલાં મળીશું ત્યારે રૂબરૂમાં. શાંતિથી રહેજે. કોઈ જાતની દ્વિધા વિના આનંદથી લગ્નની તૈયારીમાં પડી જા. લગ્નની તૈયારીનો લહાવોય અમૂલ્ય છે. એને વેડફી ન નાખીશ.

તારો મિત્ર,

સતીશ.

પત્રને ફરી વાંચવો હોય તો કેટલાક અક્ષર પ્રયત્નપૂર્વક, સંદર્ભ પરથી બેસાડવા પડે. કારણ ઘણે ઠેકાણે એ ભીંજાઈ ગયો હતો - અશોકનાં આંસુ વડે!

'હાશ, જેવો ડર હતો તેવો જ અંજામ આવ્યો!' અશોક માત્ર એટલું જ વિચારી શક્યો અને માથે હાથ દઈ પાસેની ખુરશીમાં ફસડાઈ પડ્યો. ઉષા સાથે લગ્ન ન થઈ શકે, ઉષા પોતાને ન સ્વીકારે એનું તો અશોકને બહુ દુઃખ ન હતું. એ માટે તો પોતે યોગ્ય પાત્ર નથી એમ એ પ્રથમથી જ માનતો, પરંતુ ઉષાએ જતાં જતાં મિત્ર ભાવે પોતાને યાદ પણ ન કર્યો એનું જ એને દુઃખ હતું. 'શું મારો એટલો ય અધિકાર નહિ?' તે વિચારતો અને જાણે સાચું ન લાગતું હોય તેમ સતીશનો પત્ર તે ફરી ફરી વાંચતો. તેનું હૃદય કહેતું : 'ઉષા મને યાદ કર્યા વિના કદી જાય જ નહિ!' પરંતુ સતીશનો પત્ર વારંવાર પોતાનો ટૂંકસાર કહેતો હતો : 'તને યાદ પણ કર્યા વિના ઉષાએ તને ત્યાગ્યો છે!' શું સાચું? શું ખોટું? અશોક આ સત્યનો



પાર ન પામી શક્યો, પરંતુ પછીના થોડા જ દિવસો બાદ સંભળાતા પેલા ઢોલના અવાજ અને શરણાઈના સૂર તો કહેતા હતા : 'સરલા સાચી!'

આ મૂંઝવણના દિવસોમાં અશોકનું સ્વાર્થી દિલ તો તેને કદી કદી એમ પણ કહેતું : 'આભાર માન ઉષાનો, તેણે તને માર્ગ કરી આપ્યો. બાકી આ કોયડાનો તું શું ઉકેલ લાવત? ઉષાને સ્વીકારતાં કુટુંબની શાંતિ નષ્ટ થાત અને સરલાને સ્વીકારતાં ઉષા તને દોષ દેત ! આ તો દોષનો ટોપલો ઉષાને માથે રહ્યો અને તું મુક્ત થયો!'

મનુષ્યની સ્વાર્થ બુદ્ધિ કદી કદી સ્નેહીઓ પર પણ આળ ચડાવી દે છે! અશોક પણ કદી કદી આવી સ્વાર્થની ફિલસૂફીમાં ફસાતો. છતાં ઉષા પ્રત્યેનું તેનું માન એવું ને એવું જ અખંડિત હતું! એ માનબુદ્ધિ જ્યારે ઉભરાતી ત્યારે અશોક પોતાની જાતને કહેતો : 'મૂરખ, એ ચપળ છોકરીને તું શું નિભાવી શકે? એના સ્વામી થવાની તારી લાયકાત છે? દેવીની તો પૂજા થાય, એના પતિ ન થવાય! દૂર રહી એને પૂજીશ તો ય જીવન ધન્ય બનશે!'

આવા વિચારવમળમાં અટવાતા અશોકે ઉષાને એક કંકોત્રી લખી તેના પ્રત્યેની પોતાની ફરજ પૂરી થઈ માની અને એ ધીરે ધીરે લગ્નના આનંદમાં ગૂંથાઈ ગયો. અરે વૈશાખ સુદ ચોથને શુક્રવારની રાત્રે તો અશોક પરણી ગયો સરલા સાથે!

પરણીને ઘેર આવ્યો ત્યારે પોષ્ટ દ્વારા એક રજીસ્ટર્ડ આવ્યું. સહી કરી અશોકે તે લીધું, તોડ્યું. એક સુંદર રેશમી સાડી પર ચોડેલી કાગળની ચબરખી પર લખ્યું હતું : 'સરલાબેનને.... ઉષા.' - એક પુસ્તક પર ટાઈટલ હતું : 'સુખી સંસાર.' અશોકે પૂંઠું ઉઘાડ્યું અને

વાંચ્યું : 'સરલાબેનનો સહવાસ તમ જીવનમાં સુખ અને સ્નેહની સૌરભ પ્રસરાવી રહો.'

સસ્નેહ ઉષા.

અશોકની બંને આંખોએ પુસ્તક પર એક એક આંસુનો અભિષેક કર્યો. એ આંસુએ જાણે લખ્યું : 'ઉ...ષા !' અને પાસે બેઠેલી સરલા સાંભળી જશે એવી જરાય ચિંતા રાખ્યા વિના અશોકથી બોલી જવાયું :

'ઉષા, તું સાચે જ મહાન છે. હું તારે લાયક નથી!'

અને એ મધુરજનીએ પતિએ પોતાની આખી પ્રેમ વાર્તા પત્નીને કહી સંભળાવી! સરલાએ અશોકના આંસુ લૂછયાં અને પોતે પણ આંસુ સાર્યાં ! અજ્ઞાત ઉષાને, પોતાના પતિની-પ્રિયતમાને અપાયેલી એ સ્નેહભરી અંજલિ હતી!

• • • • •



## ૪. ઉષાની વિમાસણ

'ઉષા, ક્યાં ગઈ બેટા?' બહારથી જ કાંઈક નિરાશ થઈ આવેલા પિતાએ બૂમ મારી.

'એ આવી બાપુજી' કહેતી ઉષા રસોડામાંથી પરસાળે આવી.

'બેટા, આપણે તો વડોદરા છોડવાનું થયું.'

'કેમ, બદલી બંધ ન રહી?' નિરાશ ભાવે ઉષાએ પૂછ્યું.

'ના,' ટૂંકમાંજ તેના પિતાએ પતાવ્યું. દરમિયાન ઉષાના વિધવા કાકી પણ બહાર આવી પહોંચ્યાં અને આ બંનેને જોઈ વાતમાં ભળ્યાં:

'ઓહો, એમાં નિરાશ શું થાય છે? નોકરીયાતને બદલીનો હરખ શોક શો?'

'બીજું તો કાંઈ નહિ,' ઉષાના પિતા બોલ્યા : 'મુંબઈમાં ખર્ચ વધારે આવે, રહેવાની મુશ્કેલી પડે એ બધું તો જાણે ઠીક, પણ મને ઉષાની ચિંતા થાય છે. એને બિચારીને અભ્યાસમાં અધવચ્ચે ખલેલ પહોંચશે. અહીંની સખીઓને છોડીને એને નવા વાતાવરણમાં થોડો સમય ગમે પણ નહિ.'

'એ તો થોડા વખતમાં ગોઠી જશે, કેમ ઉષા? અને અહીં કરતાં કાંઈ મુંબઈનું ભણતર ઉતરતું થોડું જ હશે! સારું ઉલટું, મુંબઈના મોજશોખ માણવાનાં મળશે ઉષાને તો. કેમ નહિ બેટા ? ઉષાને સાંત્વન આપતાં હોય તેમ કાકી બોલ્યાં.

'હા કાકી,.... કાંઈ વાંધો નહિ બાપુ.' જેવાં છૂટક વાક્યો બોલી ઉષા ત્યાંથી ખસી ગઈ.

ઉષાએ ઈન્ટરની પરીક્ષા આપી તે વેકેશનમાં જ એના પિતાની મુંબઈ બદલી થઈ. મુંબઈમાં ખર્ચ વધુ આવે, વડોદરા જેવું રહેવાનું સારું ઘર પણ ન મળે એ બધાં કારણોને લઈને તેના પિતાને મુંબઈ જવાનું રુચતું ન હતું, પરંતુ તેમને સૌથી વધુ ચિંતા ઉષાની હતી. નાનપણથી જ તે અહીં ઉછરીને મોટી થઈ હતી, અહીં ભણી હતી. એને ત્યાં નવા વાતાવરણમાં કેમ ફાવશે એની એમને ચિંતા હતી. બદલીની વાત સંભળાઈ અને તેમણે ઉષાને કહ્યું ત્યારે ઉષાએ બની શકે તો બદલી બંધ રખાવવા અગર આટલામાં નજીકમાં જ કોઈક સ્થળે જવાય તેવી તજવીજ કરવા પિતાને કેટલો આગ્રહ કર્યો હતો? અને તેના પિતાએ પણ તે માટે બનતો બધો જ પ્રયત્ન કર્યો. પરંતુ થોડા સમય માટે તેમને ત્યાં જવું પડશે એમ સાહેબે સ્પષ્ટ કહ્યું હતું.

ગમે તેટલી સારી હોય તોય નોકરી એટલે પરવશતા. એમાં હૃદયની ઊર્મિઓને અને ઈચ્છાઓને અનેકવાર કચડવી પડે છે, પારકાંની ઈચ્છાને આધીન રહેવું પડે છે. ઉષાના પિતાનેય મુંબઈ ગયા વિના છૂટકો ન હતો. એકાદ વર્ષ પછી જે સરકારનું પોતે પેન્શન મેળવવાના છે એના હુકમને કેમ અવગણાય? વિધવા ભોજાઈને અને ઉષાને એકલાં વડોદરા મૂકી જવાનું પણ તેમને ઠીક ન લાગ્યું.

ઉષાના દુઃખનો તો પાર ન હતો. વર્ષોનો વડોદરાનો સહવાસ અને પોતાની પ્રિય સખીઓને છોડવાનું દુઃખ તો હતું જ, પરંતુ સાથે સાથે મુંબઈની કોલેજના નવા વાતાવરણની કલ્પનાથી તેનું નારીહૃદય



ડરતું હતું ! તેમાંય અશોકને છોડીને જવું પડે અને તે ય કહ્યા વિના, મળ્યા વિના. વેકેશનમાં એ તેને મળી પણ કેવી રીતે શકે ? છતાં પોતાની મૂંઝવણ તેણે પિતાને કે કાકીને જાણવા દીધી નહિ. કારણ એમનો પોતાનો તરફનો ભાવ તે જાણતી હતી એટલે તે તેમને વધુ દુઃખી કરવા નહોતી માગતી.

અંતે વેકેશન બાદ એકાદ વાર ઉષાએ વડોદરા આવી જવું, તેણે તથા શારદાએ અશોક સાથે વાત કરી લેવી અને લાંબા સમયથી દિલમાં દાબી રાખેલી વાતને કહી દેવી એવી યોજના બંને સખીઓએ કરી. આમ આશ્વાસન લઈ ઉષા પિતા સાથે મુંબઈ ગઈ. હા, એ માત્ર આશ્વાસન જ હતું, દિલને શાંત કરવાનો એક પ્રયાસ માત્ર હતો. બાકી ખરી રીતે તો ઉષાને એથી કાંઈ શાંતિ થઈ નહોતી ! માણસ મિથ્યા આશ્વાસનોથી હૃદયને મનાવવા ઘણીવાર પ્રયાસ કરે છે. પરંતુ હૃદય કાંઈ એમ થોડું જ માને છે ? ઉષાએ હૃદયને મનાવ્યું, તે ન માન્યું, છતાં વડોદરા છોડી ઉષાને મુંબઈ જવું પડ્યું !

સ્ટેશને ઉષાને વળાવીને પાછી ફરતી શારદાને રસ્તામાં સતીશ મળ્યો. બંને વચ્ચેની ઔપચારિક વાતચીતમાં ઉષાના પિતાની બદલી થવાથી તે પણ આજ મુંબઈ ગઈ એ વાત તેણે સતીશને ટૂંકમાં કહી. સતીશ અશોકનો મિત્ર હતો તે શારદા જાણતી હતી. પરંતુ ઉષા ક્યા સંજોગોમાં ગઈ, તેને અશોકને મળ્યા વિના જતાં કેટલું દુઃખ થયું વગેરે વાતો રસ્તામાં કરવાનું તેને ઠીક લાગ્યું નહિ. કોલેજ ખૂલતાં અશોકને તથા સતીશને પોતે બધીવાત કરશે એમ વિચારી શારદાએ તે વખતે ટૂંકમાં જ પતાવ્યું અને તે સતીશથી છૂટી પડી.

ઉષા જેવી સહાધ્યાયીની ગુમાવવાનું દુઃખ તો સતીશને થયું

જ, પરંતુ અશોકના વિચારે તેને વધુ નિરાશ કર્યો. 'અશોક જાણશે ત્યારે તેને કેટલું દુઃખ થશે ?' સતીશ રસ્તે ચાલતો ચાલતો વિચારી રહ્યો : 'બિચારાનું અભ્યાસમાં ચિત્ત જ નહિ ચોંટે.' પરંતુ ઉષાના વર્તનથી સતીશને વધુ આશ્ચર્ય થયું : 'શું બધી જ સ્ત્રીઓ આવી ? કોઈ સંદેશો ય ન દેતી ગઈ ?' શું તે તેને ચાહતી નથી ? શું અશોકને છોડતાં તેને જરાય દુઃખ ન થયું ? ઉષા એવી તો નહોતી લાગતી !' આમ વિચારતો સતીશ વળી જાતે જ મનમાં જવાબ દેતો : 'અશોકને છોડતાં એને જરાય દુઃખ થયું હોય તો શારદા મને કહે નહિ ? બિચારો અશોક ભરોસે ભૂલો પડ્યો !'

આવા વિચારોમાં સતીશના બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા. અશોકને જણાવવું કે નહિ, શું લખવું, કે પછી રજાઓ બાદ તે વડોદરા આવે ત્યારે જ વાત કરવી એવા વિચારોમાં સતીશ ગૂંચવાતો હતો ત્યાં જ તેની ઉપર અશોકનો પત્ર આવ્યો એ પત્રે સતીશની મૂંઝવણ દૂર કરી નાખી ! કારણ, અશોકે તેમાં પોતાની મૂંઝવણ જણાવી હતી ! માતા-પિતા એ વેકેશનમાં જ અશોકના લગ્ન લેવા ઈચ્છતાં હતાં. અરે, તેમણે તો લગ્ન લીધું જ હતું ! આ સંજોગોમાં પોતે શું કરવું, માતા-પિતાએ વિવાહ કરેલ સરલા સાથે પરણવું કે નહિ, જો પરણે તો ઉષાનું શું, ન પરણે તો માતા-પિતા અને સરલાનું શું વગેરે પ્રશ્નો પૂછી અશોકે મિત્રની સલાહ માગી હતી. એટલે આ પત્રથી સતીશની મૂંઝવણ દૂર થઈ થઈ. કદાચ ઉષાના આ રીતે જવામાં ઈશ્વરનો જ કાંઈ શુભ સંકેત હશે એમ તેણે ધાર્યું. કારણ, જો ઉષા આ રીતે ન ગઈ હોત તો અશોકનું શું થાત ? પોતે તેને શું સલાહ આપત ? અશોક સરલાને પરણે તો ઉષાનો દ્રોહ થાત, ઉષાની સાથે લગ્ન કરત તો એક મોટો કૌટુંબિક પ્રશ્ન આડે આવત !



પણ હવે તો અશોક છૂટો હતો. ઉષા જ તેને છોડીને જતી રહી પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો ? અરે, સતીશે તો એમ પણ વિચાર્યું : 'અશોકે આ વેકેશનમાં જ પરણવું જોઈએ, જેથી ઉષા પણ જાણે કે તે તેની ઉપર નથી બેઠો.'

માનવ હૃદય ! એક જ વાંધો પડતાં એ ઊંધુ વિચારે છે ! સતીશે પણ ગુસ્સામાં આવું વિચાર્યું તો ખરું, પરંતુ ઉષા માટે આવું વિચારતાં તેને દુઃખ થયું. છતાં એણે અશોકને ઉષાની હકીકત લખી અને સરલા સાથે પરણી જવાની સલાહ પણ આપી દીધી !

સતીશનો પત્ર મળતાં અશોક દુઃખી તો થયો જ, પરંતુ તેને થોડો આનંદ પણ થયો ! ઉષા ગઈ અને આ રીતે ગઈ એનું એને દુઃખ થયું તો વળી ઉષા અને શારદા વચ્ચે ગૂંચવાતા પોતાને માટે માર્ગ મોકળો થયો એથી તેણે કાંઈક રાહત પણ અનુભવી ! 'પોતે ઉષાને લાયક નથી', એમ વિચારી પોતાની જાતને નીચે ઉતારી તેણે પોતાનો દોષ ઢાંકવા, આવી પડેલા સંજોગોમાંથી નિર્દોષ થઈ છટકવા પ્રયાસ કર્યો ! સતીશે લખેલા સરનામે તેણે ઉષાને કંકોત્રી પણ લખી, જો કે એ કંકોત્રી લખતાં તેને દુઃખ જરૂર થયું. તેનું હૃદય તો ત્યારે પણ કહેતું : 'આજથી તું ઉષાનો મટી જાય છે, ઉષાને તું દગો દે છે !' પરંતુ બિચારા હૃદયની વાત માણસને ક્યારે સમજાય છે ?

બીજી બાજુ સ્નેહીને હૃદયમાં સમાવી ઉષા દુઃખને હળવું કરી દિવસ વિતાવતી હતી. માતા તો ઉષાને નાની મૂકીને જ મૃત્યુ પામી હતી. વિધવા કાકીની સ્નેહાળ કાળજી તેને માતાની ખોટ સાલવા નહોતી દેતી. પ્રેમાળ પિતાનું વાત્સલ્ય પહેલાં કરતાં પણ બમણા વેગથી ઉષા તરફ વહેતું હતું. એટલે ઉષા ઘરની લાડલી દીકરી હતી. તેના સુખ અને આનંદમાં તેના પિતાનો સંતોષ હતો, તેની

નિરાશા તેની કાકીને વ્યગ્ર કરી મૂકતી ? એટલે અશોકની યાદમાં ઉષા ક્યારેક ઉદાસ દેખાતી ત્યારે તેનાં કાકી તેની પાસે આવી બેસતાં અને 'કેમ બેન ઉદાસ દેખાય છે ? શા વિચારમાં છે ?' જેવા સવાલો પૂછતાં. ઉષા જવાબ દેતી :

'કાંઈ નહિ કાકી, એતો તમને અમસ્તું એમ લાગે છે.' ઉષા ઉત્તર દેતી.

'મુંબઈમાં નવેનવું છે એટલે ગમતું નહિ હોય દીકરી.' કાકી કારણ શોધી કાઢી ઉમેરતાં : 'થોડા દિવસમાં ગોઠી જશે. વડોદરા કરતાં મુંબઈમાં ઓછું શું છે ?' અને કાકીને ખુશ કરવા ઉષા બનાવટી આનંદ સહ તેમની સાથે થોડી આડીઅવળી વાતો કરતી. કાકીને બિચારીને શી ખબર કે વડોદરા કરતાં મુંબઈમાં ઉષા માટે શું ઓછું છે ? અશોક હોય તો ઉષાને પણ વડોદરા કરતાં વધુ વસ્તીવાળું મુંબઈ આનંદદાયક લાગે, પણ વિના તો મુંબઈ નગરી પણ જાણે મરુભૂમિ !

સ્નેહાળ પિતા અને માતા સમાં કાકીનાં સ્નેહથી ઉષા દિલનું, દુઃખ ભૂલી દિવસો વિતાવતી હતી. પરંતુ તેનુ આ સુખ પણ વિધાતાને સાલ્યું. તેના પિતાની ઉંમર આમ તો અઠ્ઠાવનની આસપાસ હતી, તંદુરસ્તી પણ સારી હતી. પરંતુ મુંબઈ આવ્યા પછી તેમની તબિયત ઠીક રહેતી નહોતી. મુંબઈનું પાણી તેમને માફક ન આવ્યું. છેલ્લા થોડા દિવસથી તેમની તબિયત જરા નરમ હતી. છતાં ઓફિસે જતા. એક દિવસ ઓફિસેથી તે વહેલા ઘેર આવ્યા. તેમને જોઈને જ ઉષા તથા તેનાં કાકી ચમક્યાં !

'કેમ બાપુ, આજે વહેલા ?' ઉષાએ ચમકીને પૂછ્યું.



'તબિયત તો ઠીક છે ને ?' તેનાં કાકીએ પૂછ્યું.

'જરા બેચેની લાગે છે એટલે વહેલો આવ્યો' કહીને તેઓ ખુરશીમાં બેસી ગયા. ઉષાએ તેમના કપાળે હાથ મૂક્યો અને વધુ ચમકી ! તે બોલી :

'બાપુ તમને સખત તાવ છે. સૂઈ જાઓ, હું ડૉક્ટર બોલવા. તેના કાકીએ પલંગ ઠીક કર્યો અને પિતાને સુવાડી ઉષા ડૉક્ટરને બોલાવવા દોડી. વિધવા ભોજાઈ દિયરને કોલન વોટરના પોતાં મૂકતી બેઠી.

'ભાભી,' દિયરે દબાયેલા અવાજે કહ્યું : 'હવે સારા થવાય એમ મને લાગતું નથી.'

'એમ શું બોલો છો ? કાલે સારા થઈ જશો.' એટલું બોલતાં તો વિધવા ભોજાઈનો કંઠ ભરાઈ આવ્યો.

'સાચું કહું છું ભાભી, મને કેટલાય દિવસથી એમ લાગે છે. કોઈ દવા માફક આવતી નથી. શરીર ધીરેધીરે નબળું પડતું જાય છે.'

'તો આપણે થોડો વખત વડોદરા જઈએ ? ત્યાંની હવાથી જ આરામ થશે.' ભાભીએ સૂચવ્યું.

'મારી ય એવી ઈચ્છા છે. તબિયત કાંઈક ઠીક થાય તો જઈએ. પણ ભાભી, મને કાંઈ થયું તો ઉષાનું શું ! તમારું કોણ ?' છેલ્લા પ્રશ્ને ઉષાના પિતાના આંખમાં આંસુ લાવી દીધાં !

'ચિંતા ન કરશો ભાઈ, ભગવાન તમને આરામ કરી દેશે. આ કંઈ મોટી માંદગી છે ? ' કહેતી વિધવા પણ આંસુ લૂછવા લાગી.

'ભાભી, ઉષા મારી લાડ લડાવેલી દીકરી છે. એને મા નથી. હું ન હોઉં ત્યારે એનાં મા..... ને બા....પ બેઉ તમે......' છૂટક છૂટક શબ્દોચ્ચારથી વાક્ય પૂરું કરવા મથતા દિયરનું હૃદય ભરાઈ આવ્યું અને વાક્ય આગળ ન વધી શક્યું.

પતિના મૃત્યુ પછી પોતાને સહેજ પણ ઓછું ન આવે એ રીતે રાખનાર દિયર આ વિધવાને મન દેવ સમાન પૂજ્ય હતો. ઉષાની મમતા અને દિયરની સ્નેહભરી કાળજીએ તેને પોતાના પતિની ખોટ સાલવા દીધી ન હતી. અરે વિધવા ભાભી પણ એ રીતે ઉષાને ઉછેરતાં હતાં કે પિતાને લાગ્યું કે પોતાની પુત્રીને માતા મળી. આમ આ ત્રણે જણ એકબીજાની ખોટનાં પૂરક હતાં. પરસ્પરનાં સહવાસે બધાં પ્રેમથી અને આનંદથી રહ્યાં. આજે દિયરે જે ભયંકર આગાહી કરી તેનાથી આ બિચારી વિધવા પર જાણે વીજળી પડી. આંસુ સારવા છતાં રડતાં દિયરને આશ્વાસન દેતી તે બોલી :

'એમ શું બોલો છો ? તમારો રોગ મને આપો. અને ઉષા ?ઉષા તો મારે મન દીકરી કરતાં ય અધિક છે. એની ચિંતા તમારે કરવાની જ ન હોય. ભગવાન તમને કાલે સાજા કરશે.'

વાતચીત ચાલતી હતી એટલામાં દાદર ખખડ્યો. ઉષા આવી જાણી બંને જણે આંખ સાફ કરી સ્વસ્થતા ધારણ કરી. દુઃખની આવી વાત ઉષાને જાણવા પણ કેમ દેખાય ? ઉષા ડૉક્ટરને સાથે લઈને જ આવી. એક નજર તેણે પિતા પર નાખી, ક્ષણભર કાકી તરફ જોયું અને એમના મુખ પર છૂપાવેલી ગ્લાનિનાં તેને દર્શન થયાં. ચપળ ઉષાની ધ્યાન બહાર કશુંય કેમ જાય ? તેને ફાળ પડી : 'શું ભાવિ અમંગળ છે ?' દરમિયાન ડૉક્ટર દર્દીને તપાસી રહ્યા. તેમના મુખ પરના ભાવ વાંચતી ઉષા અધિરાઈથી બોલી :



'ડૉક્ટર....?'

'ખાસ ચિંતા જેવું નથી. ઈન્જેક્શન તથા દવા આપું છું. કાલે ફરી આવીશ.'

ડૉક્ટરે નિયમિત રીતે અઠવાડિયા સુધી આંટા-ફેરા કર્યા, પરંતુ દર્દીની તબિયત વધુને વધુ બગડતી હતી. એક દિવસ દર્દીને તપાસી, બહાર આવી ડૉક્ટરે નિરાશ ભાવે ઉષાને કહ્યું :

'બેન, દિલગીર છું. કેસ ગંભીર છે.'

'ડૉક્ટર સાહેબ....!' ઉષા આગળ ન બોલી શકી. બીજી વાત તેની આંખોએ કહી !

'ઈશ્વરની ઈચ્છા બેન, છતાં આપણે હજી પ્રયત્ન કરીએ છીએ.'

દસ દિવસ અને એટલી જ રાત્રિની ઉષા તથા તેનાં કાકીની ઉજાગરા ભરી સેવા અને દવા ઈન્જેક્શનના અવનવા પ્રયોગો સ્વીકારી એક વહેલી સવારે ઉષાના પિતાએ આંખ બંધ કરી - સદાને માટે, સૌને ત્યાગીને !

પિતાના આવા અકાળ અવસાનની અને તેમના વિનાની જીવનની ઉષાને કલ્પના ય ન હતી. કેટલો પરવશ છે માનવી ! પોતાની પ્રિયમાં પ્રિય વ્યક્તિ ને ત્યાગીને તેને મૃત્યુનો સ્વીકાર કરવો પડે છે ! તે શું કરશે, જીવન કેમ વિતાવશે એની ચિંતા કર્યા વિના તેને યમરાજનું આતિથ્ય માણવા જવું પડે છે. કૌમાર્યને આરે ઊભેલી પોતાની વ્હાલસોયી ઉષાનું અને પોતાને સહારે જીવન વિતાવતી વિધવા ભાભીનું શું થશે એની ચિંતા કરતા કરતા પિતા ગયા અને ઉષાના જીવનનો રસ સૂકાઈ ગયો. 'અશોકથી દૂર આવી, પિતાએ

છોડી, હવે કોને સહારે, કોને માટે જીવવું ?' ઉષા વિચારી રહી. પરંતુ સામે બેઠેલી, ગંગા-જમના વહાવતી કાકી જાણે કહેતી હતી :

'ઉષા મારા માટે, મારે સહારે તારે જીવવું જોઈએ.'

દુઃખનું ઓસડ દહાડા. કાકી-ભત્રીજીએ દિવસો સુધી રડી રડીને હૃદય હળવું કર્યું. સગાં-સ્નેહીઓના આશ્વાસન અને સલાહ-સૂચન આવ્યાં. દુઃખના સમયમાં સ્નેહીજનો હૂંફ આપે, પરંતુ એ દુઃખ જેની ઉપર પડ્યું હોય તેને જ ઉપાડવાનું ને ?

પિતા ગયા એ દુઃખ તો હતું જ. પરંતુ હવે ઘરની આવક બંધ થતા જીવન કેવી રીતે ચલાવવું એય ઉષા માટે ચિંતાનો વિષય થયો. તેના એક દૂરના માસા મુંબઈમાં હતા. તેઓ મુંબઈ રહેવા આવ્યા તે પહેલાંથી જ એ તેમની સાથે સારો સંબંધ રાખતા. મુંબઈ આવ્યા પછી એ સંબંધ વધ્યો. પિતાનું મૃત્યુ થતાં માસા ઉષાને માટે આશ્વાસન જ નહિ, સલાહ-સૂચન માટે પણ અગત્યનું સ્થાન હતા. ઉષાને કોઈ સારે ઠેકાણે પરણાવી દેવાની તેમણે ઈચ્છા વ્યક્ત કરી. તેનાં કાકીએ પણ સંમતિ આપી. પરંતુ 'હમણાં નહિ' કહી ઉષાએ વાત ટાળી. માસાને કે કાકીને એને માટે યોગ્ય છોકરો શોધવાની ચિંતા હશે, પરંતુ ઉષાને ચિંતા ક્યાં હતી ? એણે તો પોતાનો ભવસાથી પસંદ કર્યો જ હતો ને ? અશોક વિના અન્યનો વિચાર પણ કરવાની તેને શી જરૂર ? અશોકને તે પોતાનો માનતી હતી અને અશોક તેને પોતાની માને છે એમ તે જાણતી હતી. પછી ચિંતા શી ? પોતે ઈન્ટર પાસ થઈ હતી. ગ્રેજ્યુએટ થવાની ઈચ્છા હવે પૂર્ણ કરવી હવે મુશ્કેલી હતી. અશોકની સલાહ લેવાની ઈચ્છા થઈ. પરંતુ એવો કોઈ સંબંધ બંધાયા વિના તેને પણ કેમ પૂછાય ? વળી પરવશ કે કોઈને સહારે જીવવા તે ઈચ્છતી પણ ન હતી. પોતાની ઉપરાંત



વિધવા કાકીની પણ તેને ચિંતા હતી.

પરણ્યા પછી પણ પોતે કમાઈ શકે તેમ હોય તો જ વિધવા કાકીને પોતે સ્વામાનપૂર્વક જીવાડી શકે એમ તે માનતી. તેણે પોતાનો જીવન રાહ નક્કી કર્યો. કૉલેજનો અભ્યાસ છોડી નર્સનો કોર્સ કરવા તે ટ્રેઈનીંગ કોલેજમાં દાખલ થઈ ગઈ. અલબત્ત, પ્રથમ દિવસે એકાંતમાં એણે આંસુ સાર્યાં તે પોતાના પિતાની છબીએ અને કોલેજના ગૃપ ફોટાએ જ જોયાં ! હા, તેને એક આશ્વાસન હતું.અશોક સાથે લગ્ન થતાં બધી જ ખોટ પુરાઈ જશે એમ તે માનતી અને દુઃખ હળવું કરતી.

અશોકના વિચાર માત્રે પિતાના મૃત્યુનું દુઃખ સહન કરવાની ઉષા શક્તિ મેળવતી. અશોકનો ફોટો જોતાં તેનો શોક હળવો થતો. પિતાની તસ્વીર જોઈ આંસુ સારતી ઉષાની નજર અશોકની તસ્વીર પર પડતી ત્યારે પિતા સાથેના ભૂતકાળના જીવન પરથી દૃષ્ટિ ઊઠી પોતાના ભાવિ પર મંડાતી. અશોક સાથે લગ્ન થતાં જ દુઃખના દિવસ પૂરા થશે. આ સૂનું જીવન તેના સહવાસે ભર્યું ભર્યું થઈ જશે. અશોક જેવા સંસ્કારી યુવાન સાથે પરણીશ એટલે કાકી પણ મારી સાથે આનંદથી વિના સંકોચે રહી શકશે. આ વિચારોના વહેણમાં ઉષા એટલી બધી તણાઈ જતી કે ક્યારેક કાકીની બૂમે જ તે આ પૃથ્વી પર પાછી આવતી !

પિતાના મૃત્યુના સમાચાર, પોતાનો કોલેજ છોડવાનો તથા નર્સના કોર્સમાં જોડાવાનો નિર્ણય, પોતાના ભાવિ જીવનનો ટૂંકસાર વગેરે હકીકત હવે અશોકને જણાવવી જોઈએ એમ ઉષાને લાગ્યું. શારદા પાસેથી તેણે સરનામું તો મેળવ્યું જ હતું, એટલે અશોક જ્યારે સરલા અને ઉષાની પસંદગીમાં અટવાતો હતો ત્યારે આ વાતથી

અજાણ ઉષા તેને પત્ર લખવા બેઠી. પેન હાથમાં લેતાં તેને આનંદ અને સંકોચ બંને થયાં; તેણે થોડી મુંઝવણ પણ અનુભવી. કઈ યુવતી પોતાના પ્રિયતમને પ્રથમવાર પત્ર લખતી વેળા આ બધા ભાવો નથી અનુભવતી ? પત્રની શરૂઆત કરતાં જ ઉષા મૂંઝાઈ. શું સંબોધન કરવું ? તેની બુદ્ધિએ તને વધુ ગૂંચવી. અંતે તેનાથી લખાઈ ગયું :

'મારા અશોક,

બે વર્ષ આપણે સતત સહવાસમાં રહ્યાં. એકબીજાની ઘણાં જ નજીક અને છતાં બહુ જ દૂર ! હું, તને જોતી અને મને આનંદ થતો ! કોલેજમાં તું ન આવ્યો હોય તે દિવસે મને થતું : 'આજે આખી કોલેજમાં હું એકલી છું !' શરૂઆતમાં આનું કારણ હું ન સમજી શકી, પરંતુ મારા હૃદયે એક દિવસ મને કાનમાં કહ્યું : 'હું અશોકને ચાહું છું.' હૃદયની વાત સાંભળી હું તો સ્તબ્ધ થઈ ગઈ ! પરંતુ તે પછી તો મારો એક માત્ર રસ અશોકમાં જ રહ્યો.દિલની આ વાત હું પ્રત્યક્ષ રીતે કહી શકી નહિ, પરંતુ સામે પક્ષે તું પણ મને ચાહે છે એની મને જ્યારે ખાત્રી થઈ ત્યારે તો હું ઘેલી જ થઈ ગઈ. એ વાત જાણતાં તો હું પૃથ્વી પર નહિ, સ્વર્ગમાં વિહાર કરવા લાગી ! પરંતુ તું ય મારા જેવો નીકળ્યો. તેં પણ મને કદી કહ્યું નહિ. કોઈક વખત વાત કરવાની તક મળતી ત્યારે પણ આપણા હોઠ સીવાઈ જતા. આપણી વાચા ઉઘડી પેલી અંતકડીમાં. તેં મને ઘણું કહ્યું : 'તુમ્હી પર જાન દે દેંગે.' અને વળીકોઈ દિવસ કસોટી કરવાનું પણ આમંત્રણ આપી દીધું. માનું છું કે એ કસોટીમાં તું મને નહિ મૂકે, પરંતુ કદાચ એવો સમય આવશે તો પણ હું પાછી નહિ પડું એની ખાત્રી આપું છું.



'મારા પિતાશ્રી પંદર દિવસ પહેલાં ગુજરી ગયા. એકની એક પુત્રીને કોઈના ય સહારા વિના આ સંસારમાં મૂકીને તે અચાનક ચાલ્યા ગયા. છતાં તું છે એટલે હું મારી જાતને નિરાધાર નથી માનતી.

'અભ્યાસ છોડી હું નર્સના કોર્સમાં જોડાવાની છું. તને ગમશે ને ? આ પ્રથમ પત્ર છે. છતાં મેં દિલ ઠાલવ્યું છે. એ વિશ્વાસે કે તું મારો જ છે. મને ક્યારે લઈ જઈશ ? - તારી ઉષા.'

પરંતુ તે કાગળ પોસ્ટ કરે તે પહેલાં જ અશોકના લગ્નની કંકોત્રી ઉષાને મળી ! તેના આશ્ચર્યનો પાર ન રહ્યો, તેના દુઃખની સીમા ન રહી ! ઘડીવાર માટે તો તેણે એ વાત સાચી પણ ન માની. 'અશોકના લગ્ન !' તે વિચારી રહી : 'ના, ના, એના લગ્નની કંકોત્રી મારા પર ન હોય. મારા પર તો અશોક સાથે લગ્ન માટેના અભિનંદન હોય.' પછી શાંત થઈ , સ્વસ્થ થઈ તે સ્વગત બબડી : 'તારું નહિ, સરલાનું નામ છે કંકોત્રીમાં ઉષા. જો, અશોક સરલાને પરણે છે !'

પોતાના શયનખંડમાં બેસી ઉષા વારંવાર કંકોત્રી જોતી, વાંચતી અને આંસુ સારતી હતી. 'શું અશોક મને ચાહતો નહોતો ?' તે વિચારતી : 'શું, હું ખોટી ભ્રમણામાં હતી ? કે પછી એ મારી સાથે જુગાર ખેલતો હતો ?' થોડીવાર રહી તે જાતે જ જવાબ દેતી : 'ના, ના, એમ તો કેમ કહેવાય ? છેલ્લાં બે વર્ષના અમારા સહવાસ અને થોડા મધુર પ્રસંગો એના સાચા સ્નેહની સાબિતી રૂપે છે. તો થયું શું ? એ મને ઓચિંતી કેમ ભૂલી ગયો ?' અને પેલા ગૃપ ફોટામાં ઊભેલી પેલી કાળા કોટવાળી વ્યક્તિ તરફ તાકી રહી તે સહેજ મોટેથી

બૂમ પાડી ઊઠતી : 'અશોક, અશોક, તને શું થયું ? તું મને કેમ ભૂલી ગયો ? તારા વિના હું કેવી રીતે જીવીશ ? કોની સાથે જીવીશ ? ભવસાગરમાં મારી નાવને હંકારવા હું બીજો ક્યો નાવિક શોધીશ ? '

દુઃખ અને દિલગીરીમાં તેણે શારદાને પત્ર લખ્યો. અશોકના લગ્નની વાત અને પોતાનું હૃદય પણ તેણે પત્રમાં ઠાલવ્યું. ચોથે દિવસે શારદાનો જવાબ આવ્યો :

'વ્હાલી બેન,

તારો પત્ર મળ્યો. અશોકની કંકોત્રી મારા ઉપર પણ આવી છે. સમાચાર જાણી મને પણ વિજળી સ્પર્શી ગઈ હતી. અશોક એવો લાગતો ન હતો. પરંતુ સમાજના બંધનોને સમય આવે તોડી શકે એવા પુરુષો ઓછા છે. કદાચ અશોક પણ આવાં બંધનોમાંથી બહાર નહિ નીકળી શકયો હોય. અથવા આપણોય દોષ હોય. તારા દિલની વાત આપણે એને છેવટ સુધી ન કહી શક્યાં અને એ પણ કદાચ આપમેળે એ ન સમજી શક્યો જેથી આજે તમે પરસ્પરને ગુમાવી બેઠાં ! મને લાગે છે કે તમે બંને સંજોગોનો શિકાર બન્યાં. બાકી અશોક-ઉષાની જોડી અદ્વિતીય હોત. ઈશ્વરઈચ્છા.

'દુઃખી થવાનો હવે અર્થ નથી બેન. છેવટે તો આપણે બધાં જ કોઈ અગમ તત્ત્વના હાથમાં સોંપાયેલા રમકડાં છીએ. એ ખેલાવે તેમ ખેલવું અને દુઃખમાં ધીરજ રાખવી. તને વધુ શું લખું ? આ રજાઓ પૂરી થતાં પહેલાં અહીં જરૂર આવજે. આપણાં બંનેનું દિલ હળવું થશે. બાકી હમણાં તો મારા મનમાં તારું પેલું ગીત જ ગુંજ્યા કરે છે : 'સો'ચા થા ક્યા, ક્યા હો ગયા !'

'ધીરજ રાખજે. ભગવાન માર્ગ બતાવશે. અહીં જરૂર



આવજે.'

તારી સખી, શારદા'

શારદાએ અશોકનો જે બચાવ ક્યો તે ઉષાને પણ સાચો લાગ્યો. તેં વિચારી રહી : 'ખરેખર એને બિચારાને મેં કદીય મારા દિલની વાત ન કરી.... સાચે જ અમે સંજોગોનાં શિકાર બની ગયાં !'

જેના પર સ્નેહ હોય તેનો વાંક દિલમાં ક્યારેય વસતો નથી. ઉષાને પણ અશોક નિર્દોષ લાગ્યો, કાંઈ વાંક હોય તો તે પોતાનો જ છે એમ તેણે માન્યું ! અને આંસુ ભરી આંખે તેણે એક સાડી તથા એક પુસ્તકનું રજીસ્ટર્ડ અશોક પર કર્યું. સાડી સરલા માટે, અશોક માટે પુસ્તક. અને અશોકને પોતે લખેલો પત્ર તેણે રડતા હૃદયે પોતાની પેટીમાં મૂક્યો. ઉષાની આંખમાં આંસુ જરૂર હતાં, પરંતુ હૃદયમાં તો શુભેચ્છા ભરી હતી. પોતાના પ્રિયતમનું જીવન સુખી થવાની શુભ ભાવના ! સાચાં સ્નેહમાં સ્વાર્થ હોતો નથી. ઉષાનો સ્નેહ નિઃસ્વાર્થ હતો અને તેવો જ નિશ્ચય પણ હતો. સરલા સાથે પરણતા અશોક ઉપરથી ઉષાના હૃદયે પોતાનો હક્ક ઊઠાવ્યો ન હતો ! અને શાને ઊઠાવે ? હૃદયના હક્ક કાંઈ..... Transferable(અન્યને આપી શકાય તેવા) થોડા જ હોય છે ?

દિવસો પસાર થવા લાગ્યા. અશોક સરલા સાથે પરણ્યો તે એક હકીકત હતી. છતાં ઉષાનું હૃદય કોણ જાણે કેમ અશોકને પોતાનું માનતું ! તેને થતુંઃ 'અશોક મારો છે, હું પણ જરૂર એક દિવસ એની થઈશ.' અશોક અને સરલાની જોડી તૂટે એમ તે નહોતી ઈચ્છતી. સરલાને તે પોતાના માર્ગમાં એક કંટક પણ નહોતી માનતી. ઉષા એવી સ્વાર્થી ન હતી. અશોક-સરલાને તે સાચે જ સુખી જોવા ઈચ્છતી

હતી, કારણ અશોકને તે પોતાનો માનતી. હજીયે તેના પર તેને પૂર્વવત પ્રેમ હતો. અને કયું હૃદય પોતાના પ્રિયતમને દુઃખી જોવાની ઈચ્છા રાખે?

ઉષાને ઘણીવાર થતું : 'હવે જ મારા પ્રેમની ખરી કસોટી છે.' અને કસોટીમાંથી પાર ઊતરવાનો તેણે દઢ સંકલ્પ કર્યો. પ્રેમનું એક વધુ સોપાન તે ચઢી!

મનુષ્ય દેવ છે. દાનવ પણ છે.એકવાર મતિ સહેજ ભ્રષ્ટ થતાં તે ધીરે ધીરે ખોટાં કાર્યો કરતો થાય છે, એમાં ધીરે ધીરે તે આગળ વધતો જાય છે. તે એટલે સુધી કે તેનામાં સ્નેહ, દયા, લાગણી, ન્યાય જેવું કાંઈ જ રહેતું નથી. અધમતાની અંતિમ હદે તે પહોંચી જાય છે અને આપણે તેને દાનવ કહીએ છીએ. એનાથી ઊલટો ક્રમ છે દેવત્વ પ્રાપ્ત કરવાનો. દાનવ થવું સહેલું છે, પણ દેવ થવું મુશ્કેલ છે. પરંતુ એક નાનું પણ સારું કાર્ય માણસને વધુ સારું કાર્ય કરવાની પ્રેરણા આપે છે. શુભ કાર્ય કરતાં કરતાં તેની બુદ્ધિ અને હૃદય વિકાસ પામે છે અને તે વધુ ઉદાર બને છે. ધીરે ધીરે સ્વાર્થ ત્યાગની માત્રા વધે છે, તે એટલે સુધી કે તેના મનમાંથી 'મારાપણા'નો ભાવ નષ્ટ થઈ 'આપણા-પણા'નો ભાવ આવે છે અને ક્રમે ક્રમે મનુષ્ય દૈવત્વ પ્રાપ્ત કરે છે. ઉષાનું હૃદય પણ જાણે-અજાણે કોઈ એવા જ દિવ્ય આદર્શ તરફ ઘસડાતું હતું. પ્રેમ તેનો આદર્શ હતો. પ્રેમના સર્વોચ્ચ શિખર પર પહોંચવાની, સાચા પ્રેમી થવાની તેને જાણે એક પછી એક તક મળતી હતી ! અને તેનું પ્રેમાળ હૃદય ત્યાગની ભાવના વડે પ્રેમનું એક પછી એક પગથિયું ચડતું હતું. એટલે જ તો તેણે અશોકને ચાહ્યો, પોતાનો ગણ્યો અને એની સાથે જીવન જોડવાનું નક્કી કર્યા છતાં જ્યારે તે સરલા સાથે પરણ્યો ત્યારે તેમાં ઉષાને



અશોકનો દોષ ન દેખાયો ! એટલું જ નહિ, હજીય તેણે અશોકને પોતાનો જ ગણ્યો, પોતાને અશોકની જ ગણી ! જાણે પોતે પ્રેમની દેવી થવા કાં ન નિર્માઈ હોય !

યૌવનને ઉંબરે પગ મૂકતી ઉષાએ આટલા નાનકડા જીવનમાં કેવા કેવા અનુભવ કર્યા ? નાનપણમાં માતા ગુમાવી, ખેલતી-કૂદતી નિર્દોષ હરણી સમી કોલેજીયન ઉષાએ અશોકને ચાહ્યો અને તે જાણે થોડા સમય માટે સ્વર્ગમાં વિહરવા લાગી. પરંતુ વેકેશનમાં જ પિતાની બદલી થઈ અને તે અશોકથી છૂટી પડી. એક જ અકસ્માતે-પિતાની મુંબઈ થયેલી બદલીએ - તેણે પોતાના પ્રિયતમને ગુમાવ્યો. તેને છેલ્લી વાર તે મળી પણ ન શકી. તેનો સ્વર્ગ સમો બાગ વન જેવો વેરાન થઈ ગયો ! એ ઘાની કળ વળે તે પહેલાં તો તેણે વેરાન રણમાં એક માત્ર મીઠી વીરડી સમા પિતાને ગુમાવ્યા અને જીવનનો રહ્યોસહ્યો આનંદ પણ ઊડી ગયો. પિતાના મૃત્યુના પરિણામે તેણે કોલેજ છોડી અને કો પ્રેમઘેલા મસ્ત પતિ સાથે સુખ હિંડોળે ઝૂલતા-દાંપત્યજીવનને ઝંખતી એક આશાસ્પદ, યુવાન કોલેજ કન્યા લોકોના ઘા પર પાટા બાંધનારી, લોકોના દર્દની દવા આપનારી નર્સ બની ! હા, પોતાના દિલનું દર્દ છુપાવીને, પોતાના હૃદયના ઘા સંતાડીને પિતાના સ્વર્ગવાસ બાદ છ માસ પછી તો ઉષા મુંબઈના એક સરકારી દવાખાનામાં લોકોના દર્દનો ઉપચાર કરનાર નર્સ બનીને ફરવા લાગી !

ઉષાનું જીવન ફરી પાછું નિશ્ચિત અને નિયમિત થયું. નર્સ તરીકેનો પગાર તેનું અને તેના કાકીનું જીવન વિતાવવા પૂરતો હતો. આર્થિક મુશ્કેલી હવે નહિ નડે એ નક્કી હતું. તે નોકરી કરતી, કાકી ઘર સંભાળતાં. રાત્રે કાકી-ભત્રીજી બંને સાથે બેસી સુખદુઃખની

વાત કરતાં અને એમ દિવસો પસાર થતા હતા. કાકીને ખુશ રાખવા તેમના દેખતાં ઉષા હંમેશા આનંદિત દેખાવા પ્રયાસ કરતી. પરંતુ પિતાની છબી અને કોલેજનો પેલો ગ્રૂપ ફોટો તેના હૈયામાં દિલગીરીનો દરિયો ઠાલવી દેતાં. પિતાને જોઈ તે પૂછતી : 'બાપુજી, મને મૂકીને કેમ જતા રહ્યા ? ક્યાં ગયો તમારો સ્નેહ ? એક યુવાન પુત્રીને આમ એકલી મૂકીને જતાં તમારો જીવ શી રીતે ચાલ્યો ?' તો વળી અશોકની છબીને જોઈને કહેતી : 'કેમ ભૂલી ગયો ? શું કોલેજના એ દિવસો એક સ્વપ્ન હતું ? શું એ ભૂલભૂલામણી હતી ? મારો કાંઈ વાંક વસ્યો ? ગાંડા, એક વાર પણ મને તારી કરી હોત તો મને આ જીવનમાં શું દુઃખ રહેત ?'

વિધવા કાકી પણ ઉષાને આમ રડતી ઘણીવાર જોઈ જતાં અને ત્યારે તેને આશ્વાસન આપવાની તેમનીય હિંમત ન રહેતી. આશ્વાસન આપવાને બદલે તે પણ રસોડામાં જઈ હૃદય હળવું કરી આવતાં. અને પછી કાકી-ભત્રીજી મળે ત્યારે જાણે પોતે રડ્યાં જ નથી, બહુ આનંદમાં છે એમ દેખાડવા બંને પ્રયાસ કરતાં ! કોઈવાર બંને સાથે બેસીને ય આંસુ સારતાં. પરંતુ ઉષા વહેલી સ્વસ્થ થતી. આંસુ લૂછીને તે સહેજ હસતી અને કહેતી : 'કાકી તમેય શું આમ નાના છોકરાં જેવું કરો છો ? લો પાણી પીઓ. આપણે શું દુઃખ છે ?'

ભત્રીજી કાકીને શાંત કરતી. કદી કદી રામાયણ કે એવું કાંઈક ધાર્મિક વાંચન કરી કાકીનું દિલ પણ એ બહેલાવતી. પરસ્પરનાં સહારે આ દુઃખી જીવો એકબીજાને સુખી બનાવવા પ્રયાસ કરતાં. દુઃખ હોવા છતાં બીજાને માટે પોતે સુખી દેખાવાનો પ્રયાસ કરવો એ પણ આત્મભોગ છે. સ્વાર્થત્યાગમાં સમોવડિયાં આ કાકી-ભત્રીજી



એકબીજાને સુખી જોવાનો પ્રયાસ કરતાં યાત્રીઓ હતાં. સ્ત્રી ત્યાગની હરીફાઈ માંડે તો પુરુષ એને કદી પહોંચી ન શકે. ઈશ્વરે અહીં સ્ત્રી સામે સ્ત્રી મૂકી હતી. સ્નેહ અને સમર્પણની બંને જાણે હરીફાઈ કરતાં હતાં. અહીં હારજીતનો કોઈ સવાલ ન હતો. કોઈને જીતવું ન હતું. બંને માનતા કે પોતે હારે છે, સામો પક્ષ જીતે છે ! જ્યાં સ્નેહ છે ત્યાં પોતાના કરતાં સામાનો ત્યાગ જ વધુ મહાન લાગે છે ! દુઃખી કાકી-ભત્રીજી એકબીજાને સુખી કરવા પ્રયાસ કરતાં હતાં. સૂર્ય ઊગતો અને આથમતો. પરંતુ અહીં તો સદાય સુખ-દુઃખનું સતત મિશ્રણ હતું. ઉષા માનતી : 'કાકી છે તો આ જીવન કંઈક જીવવા જેવું લાગે છે.' કાકી વિચારતાં : 'પેટની દીકરી ય ઉષા જેટલો ભોગ ન આપે !'

આનું નામ જ નિસ્વાર્થ પ્રેમ !!

● ● ● ● ●

## ૫. ભાઈ મળ્યો !

'ઉષા શું કરે છે ?'

'કાંઈ નહિ કાકી,' કહેતી ઉષા નીદ્રામાંથી જાગી.

'કેમ ઉદાસ દેખાય છે બેન ?' ઉષાની પાસે બેસતાં કાકીએ પૂછયું. :

'કાંઈ નહિ કાકી, એ તો જરા વિચારે ચઢી ગઈ હતી.' પકડાઈ ગયેલા ગુનેગારની જેમ ઉષા બોલી. કાકી પોતાની ઉદાસીનતા કળી ગયાં તે ઠીક ન થયું એમ તેને લાગ્યું.

'દીકરા, હવે તો મારી વાત માન.'

'કઈ વાત કાકી ?' ઉષાએ અજાણી થતાં પૂછયું.

'જાણે કાંઈ સમજતી જ નથી ! તારા બાપુના મૃત્યુને આજકાલ કરતાં તો બાર માસ થવા આવ્યા. હવે તો તું લગ્નની હા પાડ. એકલો અવતાર ક્યાં સુધી સહેવાય ?'

'ઓહો, હવે તમારી વાત સમજી કાકી,' હસતાં હસતાં ઉષા બોલી : 'પણ હું ક્યાં એકલી છું ? આપણે બે છીએ ને.'

'ખોટાં મન વાળે શું ફાયદો બેન,' કાકીએ નિઃશ્વાસ નાખતાં કહ્યું : 'એવાં તો બેનાં બાર હોઈએ તો ય એકલાં. જોને, આ બહાર કેટલાં ચકલાં ઉડે છે.તોય માળો બાંધવા આ બે ચકલા ચકલીએ જોડ કરીને ?' સામે માળા પર બેઠેલાં બે ચકલાં બતાવતાં કાકી બોલ્યાં.



માળો બાંધવાના દૃષ્ટાંતમાં રહેલું કાકીનું તત્ત્વજ્ઞાન ઉષા સમજી. છતાં મજાક કરતાં બે બોલી :

'તે આપણે ક્યાં માળો બાંધવો છે કાકી ?' આપણે તો આ સુંદર બંગલો રહેવા માટે છે ને. ભાડુ આપીએ ત્યાં સુધી આપણો જ જાણો.'

'ઉષા જો. આ ચકલીએ ઈંડા મૂક્યાં છે.' કાકીએ રૂપક સ્પષ્ટ કરવા માંડ્યું.

'હં.'

'થોડા વખતમાં એમાંથી બચ્ચાં નીકળશે !'

'બરાબર.'

'એ બચ્ચાં માટે આ ચકલો-ચકલી ચણ લઈ આવશે.'

'એમ કે ?'

'પછી એ બચ્ચાંને ઊડતાં શીખવશે ?'

'પછી ?'

'પછી બરાબર ઊડતાં આવડી જશે ત્યારે તેમને સ્વતંત્ર રીતે ફરવા દેશે.'

'બસ ?'

'પછી એ નવાં ચકલાં પોતાને યોગ્ય સાથી પસંદ કરી સજોડે રહેશે અને પોતાનાં માતા-પિતા જેવાં કાર્યો કરી પોતાની સૃષ્ટિને અખંડ રાખશે.'

'તે કાકી, આપણી આ માનવસૃષ્ટિય અખંડ જ છે ને ? એમાં ક્યારે કદી માનવીની ખોટ પડે છે. આપણા દેશમાં મરણ, કરતાં

જન્મ પ્રમાણ ઘણું વધારે છે.' ઉષાએ નર્સ તરીકેના પોતાના જ્ઞાનનો ઉપયોગ કર્યો.

'પણ બધાં તારા જેવાં હોય તો દુનિયા કેમ ચાલે ?'

'તો મારે ય હવે માળો બાંધવો જોઈએ એમ ને ?' કાકી સાથે આમ બોલવાની છૂટ હવે ઉષાને થઈ ગઈ હતી.

'હાસ્તો,' ઉષા સાચી વાત સમજી એમ જાણી કાકી આનંદમાં આવી બોલી ઊઠ્યા : 'હવે કાંઈ તું નાની છે ? અમારા વખતમાં તો તારા જેટલી છોકરીઓના ખોળામાં ચાર ચાર છોકરાં આળોટતાં હોય.' કાકીએ સમય-પરિવર્તનનો ખ્યાલ આપ્યો.

'તે કાકી, હું ક્યા ચકલા સાથે માળો બાંધુ ?'

'ગાંડી. આટઆટલાં છોકરા બતાવીએ છીએ પણ તને તો એકેય ગમતો નથી !'

'કાકી, કોઈ ચકલીને ગમતો ચકલો ન મળે તો એ કોની સાથે માળો બાંધે ?' ઉષા કાકી સાથે ગમ્મતે ચડી.

'કાગડા સાથે,' કાકી પ્રેમભર્યો છણકો કરતાં બોલ્યાં.

'હાય-હાય, કાગડા સાથે રહેવા કરતાં તો ચકલી એકલી જ રહે તે શું ખોટું ?'

'ચકલી કાંઈ મોટી દેવી છે તે એને યોગ્ય ચકલો ન મળે ?'

'અને કાકી, કોઈ ચકલો પોતાની ચકલીને છોડીને બીજી ચકલી સાથે માળો બાંધે તો ?' ઉષા બોલતાં તો બોલી ગઈ પણ તેના મુખ પર ક્ષણવાર માટે દુઃખ અને પસ્તાવાની રેખાઓ ઝબકી ગઈ. દુઃખ અશોકની યાદનું, પસ્તાવો કાકી કદાચ પોતાના મનની વાત સમજી



જાય તે કારણે.

'આવી આવી શંકાઓ કરે સંસાર ના મંડાય બેન. હું તો એટલું જાણું કે સ્ત્રી જાતથી એકલું ના જીવાય.'

'તો કાકી, એમ તો તમેય એકલાં જ છોને.'

'ગાંડી.' ઊંડો નિઃસાસો નાખતાં કાકી બોલ્યાં : 'મને કોઈ હોંશ થોડી જ થઈ છે. પણ ભગવાને નાખ્યું તે સહેવું પડે. પણ ઉષા, મને સમજાતું નથી કે તું લગ્નની શા માટે આનાકાની કરે છે. મારા કારણે તો એમ નથી કરતી ને ? મારી ચિંતા ના કરીશ બેટા, મારા એકલા જીવને....'

'ના, ના, કાકી,' કાકીને અધવચ્ચે જ અટકાવી ઉષા બોલી : 'એમ ન બોલશો. તમે એકલાં નથી. હું જ્યાં હોઈશ ત્યાં તમે તો મારી સાથે જ હશો. તમારા વિના....' ઉષાનો કંઠ રૂંધાયો, વાક્ય અધુરું રહ્યું. પરંતુ તે પહેલાં તો કાકીની આંખોએ પણ અશ્રુ ઠાલવ્યાં હતાં. બંનેનાં જીવ એવા મળેલા હતા કે પોતાની નહિ, બીજાની જ તેઓ ચિંતા કરતાં. કાકીની ચિંતાએ ઉષાનો કંઠ રૂંધાયો, ઉષાના આત્મ ભોગે કાકીની આંખમાં અશ્રુ લાવી દીધાં !

આવા કેટલાય કરૂણ અને કેટલાય મધુર પ્રસંગો વચ્ચેથી આ બે જીવો પસાર થતા હતા. કાકી ઉષાને પરણવાનો વારંવાર આગ્રહ કરતાં. માસા પણ તેને ઘેર આવતા ત્યારે તે વિષે વાત કરતા અને જ્ઞાતિના અનેક છોકરાઓ ઉષા માટે સૂચવતા. પરંતુ ઉષા એક યા બીજા બહાને લગ્નની વાત ટાળતી. કોઈકના દેખાવમાં ખોડ કાઢતી, કોઈકના સંસ્કારમાં, કોઈકની કેળવણીમાં ખામી બતાવતી તો કોઈકની બીજી લાયકાતમાં - બહાનું ગમે તે હોય, ધ્યેય એક જ

હતું. લગ્નની વાત ટાળવી તે ! ઉષાના હૃદયમાં તો અશોક જ હતો. ભલે તે સરલા સાથે પરણ્યો, છતાં તેના હૃદયમાં ઊંડે ઊંડે શ્રધ્ધા હતા, 'મારો અશોક મને એક દિવસ પાછો મળશે !' પ્રેમ હોય ત્યાં અશ્રધ્ધા ક્યાંથી સંભવે ?

માસા પણ ઉષાને અનુકૂળ થવા ઈચ્છાતા એટલે એને લગ્ન માટે દબાણ કદી ન કરતા. કાકી તો ઉષાની સ્નેહભરી વાતોથી જ એવાં ભીંજાઈ જતાં કે આગળ કદી બોલી શકતાં જ નહિ અને ઉષાએ તો ભીષ્મ પ્રતિજ્ઞા લીધી હતી : 'અશોકની છું અને જીવનભર એની જ રહીશ. ઉષા કદી પત્ની હશે તો તે અશોકની જ, નહિ તો કોઈની નહિ ! જગત પણ જોશે ઉષાના પ્રેમને !'

દઢ નિશ્ચયી ઉષા અશોકના ફોટા પાસે અનેકવાર આંસુ સારતી. અશોકના ફોટાને જોતાં જ તેની આંખો જાણે શિવલીંગ પર લટકતી જલાધારી બની જતી ! આંસુના અભિષેકથી પોતાના પ્રેમને એ જીવંત રાખતી. ઉષા કાકી સાથે ઘણીવાર રંગે ચઢી તેમને આનંદ પણ કરાવતી.

એક દિવસ સાંજે ઉષા હૉસ્પિટલમાંથી આવતાં પોતાના એક પુરુષ મિત્રને સાથે લઈને આવી. ઉષાના સાથે કોઈ અજાણ્યા યુવકને જોતાં જ કાકીને નવાઈ લાગી !

'ડૉક્ટર સાહેબ, આ મારાં કાકી છે.' ઉષાએ પરિચય કરાવ્યો : 'અને કાકી, આ ભાઈ ડૉક્ટર છે. હમણાં થોડા સમયથી અમારી હૉસ્પિટલમાં નિમાયા છે. બહુ સારા માણસ છે, મારા મિત્ર છે.'

'ડૉક્ટરે વંદન કર્યાં. કાકીએ જરા ક્ષોભ સાથે તે ઝીલ્યાં અને થોડીવાર રહી તે રસોડામાં પહોંચી ગયા. તેમનું મન ચકડોળે ચઢ્યું :



ઉષા લગ્ની કેમ ના પાડે છે તે તેમને જાણે હવે સમજાયું. 'આ છોકરો સુંદર અને ગમે તેવો છે,' કાકીનું મન વિચારે વળ્યું : 'ડૉક્ટર છે, ઉષાનો મિત્ર છે અને ઉષાના કહેવા પ્રમાણે બહુ સારો માણસ છે, હં, સારો તો લાગે જ.' ઉષાની દરેક વાત કાકીની અનુભવની એરણ પર કસાવા લાગી. ઉષા પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરે એવાં આગ્રહી તો કાકી હવે મનથી નહોતાં રહ્યાં. તેમની તો એક જ ઈચ્છા હતી - ઉષાને સુખી જોવાની. ઉષાને ખાતર નાત-જાત છોડવા, બધા બંધનો ફગાવવા તે તૈયાર હતાં ! જો કે પોતાને મુખે ઉષાને તેમણે આવી છૂટ આપી ન હતી, પરંતુ આ સુધરેલા જમાનામાં ઉષા કદાચ એવું કરે તો કાકી તેના સુખની, તેની ઈચ્છાની આડે કદી ન આવે એટલી તેમની માનસિક તૈયારી તો હતી જ. એક આદર્શ હિન્દુ વિધવાના હૃદયે અહીં આંતર જ્ઞાતિય લગ્નને પણ પરવાનગી આપી હતી ! ઉષા પ્રત્યેના કાકીના પ્રેમનું જ એ પરિણામ હતું. પ્રેમ વિચારોના કેવાં પરિવર્તન કરાવે છે !

પરંતુ કાકીની મુખ્ય ચિંતા તો એ હતી કે ઉષા કોઈની પસંદગીમાં કાંઈ ભૂલ તો નહિ કરી બેસે ? દુનિયા કેવી ધોકાબાજ છે. 'ઉષા બિચારી બીન અનુભવી બાળા છે. નાનપણથી માતા ગુમાવી, પરણ્યા પહેલાં જ પિતા ગુમાવ્યા, હવે તેની સલાહકાર કે સંભાળ રાખનાર જે કાંઈ ગણો તે હું છું. પણ હે ભગવાન, હું તેને શું સલાહ આપું ? હે પ્રભુ, મારી ઉષાને માર્ગ બતાવજે.' કાકી એક માની જેમ આવું વિચારતાં.

કાકી આવા વિચારોમાં ડૂબ્યાં હતાં ત્યાં જ પાછળથી ઉષા આવી ને બોલી : 'કેમ કાકી અંદર આવતાં રહ્યાં ?'

'કાંઈ નહિ બેન, ચા બનાવું ને ?' કાકીએ પોતાની ચિંતા

છુપાવતાં સામે પ્રશ્ન પૂછયો.

'ચા પીવાની તો એ ના પાડે  છે. પણ તમે આવોને કાકી. બહાર બેસોને.' ઉષાએ કહ્યું.

'હા, આવું,' કહી ઉષાનું મન રાખવા કાકી બહાર આવીને બેઠાં. નાસ્તાની ડીસો લઈ ઉષા પણ પાછળ આવી પહોંચી. ત્રણે જણે થોડો નાસ્તો કર્યો. થોડી વાતો કરી. કાકીના મન પર યુવાનની સારી છાપ પડી અને તેમના મનનો ડર આવા પરિચયે કાંઈક ઓછો થયો. થોડી વારમાં બંનેની રજા લઈ ડૉક્ટર રસ્તે પડ્યા.

'કાકી, સાચું બોલો, રસોડામાં બેઠાં બેઠાં શું વિચાર કરતાં હતાં ?' ડૉક્ટર મિત્રના ગયા બાદ ઉષાએ પૂછયું.

'કાંઈ નહિ, તને તો દરેક વખતે સામું માણસ વિચારમાં જ દેખાય છ.' કાકીએ પ્રેમથી આક્ષેપ કર્યો.

'ઉષાના સમ કાકી, સાચું ન કહો તો.'

'ઉષાના સમ' કાકી માટે છેલ્લી વાત હતી. તેમને સત્ય કહેવું જ પડ્યું. અંતમાં કાકીએ ઉમેર્યું : 'દીકરી, મને ચિંતા રહે છે. લગ્નમાં તું કાંઈ ભૂલ ન કરી બેસે. તું બીનઅનુભવી છે. દુનિયા દેખાય છે તેટલી સારી નથી. આજ તારા પિતા હોત તો મારે કાંઈ ચિંતા ન હોત.' દિયરની યાદથી કાકીની આંખમાં આંસુ ઠર્યાં.

'કાકી, તમે આવું કરશો તો હું શું કરીશ ?' કહેતી ઉષાનો કંઠ રુંધાયો. જવાબદારીનું ભાન થતાં કાકી સ્વસ્થ થયાં અને ઉષાને હૃદય સરસી દાબી : 'મારી દીકરી.'

'કાકી, ' ઉષા બોલી :  'તમને પૂછયા વિના હું કોઈપણ ડગ ભરીશ એમ લાગે છે. ?'



અને જાણે 'ના' કહેતાં હોય તેમ કાકીએ ઉષાને વધુ દબાવી.

ડૉ. દિલીપ શાહ હમણાં જ એમ.બી.બી.એસ. થયેલ યુવાન હતો. મુંબઈના સરકારી દવાખાનામાં તેને તરત જ નોકરી મળી ગઈ. જે વોર્ડનો ચાર્જ તેને સોંપાયો ત્યાં જ ઉષા પણ નર્સ તરીકે કામ કરતી હતી. આમ તો પોતાના હાથ નીચે બીજી ઘણી નર્સો હતી, પરંતુ કેમ જાણે ઉષાને જોઈ ત્યારથી ડૉ. દિલીપને તેના તરફ માન અને પ્રેમ પ્રગટ્યાં! ઉષાનું સૌંદર્ય યુવાન હૃદયને આકર્ષવા માટે પૂરતું હતું, તેનાં વિનય અને કાર્યદક્ષતા તો ભલભલા કડક અધિકારી પાસેય પ્રશંસા માગી લે તેવાં હતાં. પછી યુવાન અપરિણિત ડૉક્ટર દિલીપ તેના પ્રત્યે આકર્ષાય તેમાં શી નવાઈ ? ઉષાનો સંસર્ગ ડૉક્ટરને ઘણો ગમતો. તેની સાથેની વાતચીત માત્ર તેને કોઈ નવી દુનિયાનાં દર્શન કરાવતી.  ડૉક્ટર યુવાન હતો, સુંદર હતો એટલે કોઈપણ સ્ત્રીને આકર્ષવા પોતે લાયક તો છે જ એમ એ માનતો.'પોતાના હાથ નીચેની નર્સનો પ્રેમ મેળવવો એમાં તો શું મોટી વાત છે ? એ તો ડાબા હાથનો ખેલ છે. અરે ઊલટું, પોતાની માત્ર રહેમ નજરના બદલામાં ય નર્સો ઘણું આપી શકે.'  ડૉક્ટર દિલીપની જગાએ અન્ય કોઈ હોત તો આવું ઘણું બધું વિચારત. પરંતુ દિલીપ સંસ્કારી યુવક હતો. પોતાની સાથે જે મમતાથી ઉષા વાત કરતી તેનો આવો ઊંધો અર્થ તેણે નહોતો ઘટાવ્યો. તેને તો તેમાં ઉષાના સંસ્કાર અને સદ્‌ભાવનાનાં જ દર્શન થતાં. આવા સંસ્કારી યુવક સાથે ઉષા સાચે જ પ્રેમપૂર્વક વાત કરતી. એમનાં વાર્તા-વિનોદ તો કોઈ ઈર્ષાળુ નજરો પાસે આંખ મિચકારા ય કરાવતાં.

લગભગ એકાદ માસના સહવાસે  ડૉ. દિલીપ અને ઉષા એવાં હળી ગયા કે સાહેબ અને સેવકના ભેદભાવ મટી ગયા. દિલીપ

ડૉક્ટર હતો છતાં નવો હતો. પોતાના ઉપરી  ડૉક્ટરની સૂચના પ્રમાણે કામ લેતાં કદાચ તે ચૂકે. પરંતુ અનુભવી ઉષા-નર્સ હોવા છતાં-તેની ભૂલ સુધારતી ત્યારે દિલીપ તેના તરફ અહોભાવથી તાકી રહેતો. પ્રેમપૂર્વક પોતાની ભૂલ સુધારતી, ઉષા દિલીપને અધિક સુંદર લાગતી. એ સૌન્દર્ય તેને પૂજ્ય લાગતું, ભોગ્ય નહિ ! અને ડૉક્ટર પોતાના મનને પ્રશ્ન પૂછી નાખતો : 'આવી જીવન સહચરી મળે તો ?' મન જવાબ દેતું : 'તો સ્વર્ગની શોધ માટે ભટકવું ન પડે ?'

અને હજી સુધી કુંવારા રહેવા બદલ ડૉ. દિલીપ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. 'કદાચ ઉષા જેવા અણમોલ રત્નની ભેટ આપવા જ ઈશ્વરે મને અત્યાર સુધી કુંવારા રહેવાની સદ્‌બુદ્ધિ સુઝાડી હશે. બાકી કેટલી બધી કન્યાઓ માટે પિતાજી પર પત્ર આવ્યા હતા ! એ બધામાંથી હું બચ્યો પિતાના સુધારેલ વિચારોને કારણે, અને  ડૉક્ટર થયા સિવાય લગ્ન ન કરવું એવા મારા નિર્ધારને લઈને. અરે પણ એક વખત તો એવું દબાણ આવ્યું કે પિતા પણ મને પરણાવવા તૈયાર થઈ ગયા ! છતાં મારી જીત થઈ. તે ઉષા જેવી સહચરી મળવાની હશે તેથી જ.' આવા દિવાસ્વપ્નમાં ખોવાઈ ગયેલા ડૉક્ટરના મનમાં અચાનક બીજો વિચાર ચમક્યો :  'અરે, પણ હું તો સ્વપ્નમાં રાચું છું, પણ તે સાકાર થાય તેમ છે ? પ્રથમ તો એ વાત અગત્યની છે કે ઉષા કુંવારી છે ખરી ? એમ હોય તો મારી સાથે લગ્ન કરવા એ ઈચ્છે છે ખરી ? એની ઈચ્છા વિના તો બધું નકામું !' આમ વિચારતાં ડૉક્ટરનો આનંદ ઓસરી ગયો. કાંઈક નિરાશ ભાવે તે વિચારી રહ્યો : 'ઉષા અત્યાર સુધી કુંવારી શાની હોય ? આપણા દેશમાં સ્ત્રીઓને કોણ પુખ્ત વયની થતા સુધીય કુંવારી રાખે છે ?'



સહેજ વારે વળી તેના મુખ પર આશાનો ચમકારો દેખાયો. તેણે વિચાર્યું : 'ઉષા કુંવારી હોય તો તો મારી સાથે લગ્ન કરવાની ના ન પાડે. મારી સાથે કેટલા પ્રેમથી એ વાત કરે છે ! તે દિવસે આગ્રહપૂર્વક મને એને ઘેર તેડી ગઈ હતી....' પણ એકાએક ઘંટડી વાગી અને ડૉક્ટરની તરંગમાળા તૂટી. વીજળીની ગતિ એ અવાજની દિશા તરફ ઉષા સરી. નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બનાવતી આ યુવતીને ડૉક્ટર જતી જોઈ રહ્યો. એક નિઃશ્વાસ સાથે ટેબલ પર માથું નાખી તે બબડ્યો : 'પાણીથીય પોચા આ ચરણકમલ દવાખાનાની શિલાઓ સાથે ઘસાય છે !'

'શું કટાય છે ડૉક્ટર સાહેબ ?' દર્દીની જરૂરિયાત સંતોષી પાછી આવેલી ઉષાએ છેલ્લા શબ્દો સાંભળ્યા અને તેણે પ્રશ્ન કર્યો : 'ઘસાય છે' ને બદલે 'એ કટાય છે' સમજી.

'કાંઈ નહિ એતો...એ તો' પકડાઈ ગયેલા ગુનેગારની જેમ ડૉ. દિલીપ બોલ્યો : 'એ તો એમ કહેતો હતો કે આ આપણા નોકરો છે ? ઓજારો (instruments) બરાબર સાફ કરતા નથી તે કાટ લાગી જાય ને ?  ડૉક્ટરે પણ 'કટાય' શબ્દનો ઉપયોગ કરી જવાબ આપવા પ્રયાસ કર્યો.

'એમ થયું હોય તો મારી જ ભૂલ કહેવાય,' ઉષાએ જવાબદારી સ્વીકારતાં કહ્યું : 'કયું ઓજાર સાફ નથી ?'

'ના. ના, તમારી ભૂલ શાની ? એ તો હું સહેજ કહેતો હતો તમારી કોઈ ભૂલ નથી.' ડૉક્ટર વધુ ગૂંચવાયા. બકરી કાઢતાં ઊંટ પેઠું ! પોતાની કાંઈ ભૂલ થઈ છે એમ ઉષાને લાગે તો એનું દિલ કેટલું દુભાય ? ડૉક્ટરને પોતાની જાત પર ગુસ્સો ચઢ્યો. પોતે પાપ

કર્યું હોય એમ તેને લાગ્યું.

પ્રણય ઘેલછામાં ડૉક્ટરના દિવસ પસાર થતા હતા. તેનું પ્રણયી હૃદય કદી આનંદની લાગણીઓથી છલકાઈ જતું, તો કદી વિરહની વેદનાથી તરડાયા કરતું. યુવાનનું માનસ કેવું છે ! કોઈ યુવતી કદી સામું જુએ તો તો અડધો અડધો થઈ જાય છે, કોઈ સમભાવથી વાત કરે તો પોતાનું અહોભાગ્ય માને છે, અને અતિથિ સત્કારની ભાવનાથી પ્રેરાઈને કદી કોઈ પોતાને ઘેર લઈ જાય તો તો ખલાસ, પોતાની ઉપરના પ્રેમની મહોર જ વાગી ગઈ જાણે ! સાથે નોકરી કરતાં કદી કદી આવા પ્રસંગો તો આવે જ. ને ત્યારે કેટલાય પુરુષો મનથી જ પોતાને પેલી યુવતીના પ્રિયતમ માનતા હશે ! અને આ પ્રેમી હૃદયોથી અજાણ બિચારી યુવતી બધા પુરુષો વચ્ચે એકલી ફરતી હોય છે. ક્યારેક અસંખ્ય ગોપીઓ વચ્ચે એક કનૈયો ફરતો હતો. અહીં તો ઘણા ગોવાળિયા વચ્ચે એક ગોપીનું ચિત્ર ખડું થાય છે !

પરંતુ ઉષા પોતાને ઘેર લઈ ગઈ ત્યારથી ડૉક્ટર દિલીપ પોતાને ગોવાળિયો નહિ, સાક્ષાત કૃષ્ણ કનૈયો જ માનતો હતો. પરંતુ હવે મનની મુંઝવણ લઈને ક્યાં સુધી ફરવું ? તેણે નિશ્ચય કર્યો : 'આજે તો ઉષા સાથે સ્પષ્ટતા કરી જ નાખું ? બેમાંથી કોઈ કાંઈ બોલે નહિ એ તો કેમ ચાલે ?' જો કે આ પહેલાં જ વાત વાતમાં 'ઉષા પરણી છે કે નહિ' એ ડૉક્ટરે જાણી લીધું હતું. એટલું જ નહિ પોતે કુંવારો છે એમ જણાવ્યું પણ હતું ! એ વાત ડૉક્ટરે એવી સ્વાભાવિક રીતે કરી હતી કે ઉષાને પોતાના દિલની વાતની કશી ગંધ પણ ન આવે. પોતાની સાથે લગ્નની શક્યતા છે એ વાત ડૉક્ટરે ચતુરાઈપૂર્વક મૂકી હતી. અને ઉષાને એ રીતે વિચાર કરવાનો અંગુલિનિર્દેશ કર્યો



હતો એટલે ઉષા કદી વાત કરશે એમ દિલીપ ધારતો હતો. પરંતુ ઘણા દિવસ થયા છતાં ઉષાએ તો એ વાત જ ન કાઢી, ત્યારે ડૉ. દિલીપે વિચાર્યું : 'ગમે તેમ તોય એ સ્ત્રી છે, શરમાય. હું જ આજે એને પૂછીશ.'

અને તે દિવસે ડૉ. દિલીપ અને ઉષા ઘેર જવા માટે દવાખાનાથી સાથે નીકળ્યાં.

'ઉષા, આજે તો 'મિલન' માં જઈએ.

'કેમ આજ કાંઈ ઓચિંતું ?'

'બસ, આઈસ્ક્રીમ ખાવાની ઈચ્છા થઈ છે.'

'તો તમે જાવ. હું તો ઘેર જઈશ.'

'કેમ ? તું સાથે નહિ આવે ?'

'ના.'

'ઠીક, તો હું પણ ઘેર જ જઈશ.'

'કેમ ?'

'એમ ?'

અને થોડીવાર બંનેએ ચાલતાં ચાલતાં મૌન સેવ્યું. એક વળાંક આવ્યો ત્યાં સહજ સ્મિત કરતી ઉષા બોલી :

'મિલન' આ બાજુ આવી દિલીપભાઈ ! 'ઉષા ડૉક્ટરના એટલા નિકટ પરિચયમાં આવી હતી કે હવે દવાખાનાની બહાર તો તેને દિલીપભાઈ નામથી જ સંબોધતી !

ડૉ. દિલીપ સહેજ અટક્યો, ઉષા તરફ જોયું અને સ્મિત સાથે બંને જણ 'મિલન રેસ્ટોરાં' તરફ વળ્યાં. આ રીતે તેઓ ઘણી

વાર હોટલમાં જતાં. શહેરના સ્વતંત્ર જીવનમાં આ કંઈ બહુ મોટી વાત ન હતી. ઉષા તો ગમે તે રીતે જીવનમાં આનંદ લાવવા - તેને જીવવા યોગ્ય બનાવવા-પ્રયાસ કરતી. ડૉક્ટર દિલીપની કંપની તેને સારી ફાવી ગઈ હતી. દિલીપના સંસ્કારમાં તેને શ્રધ્ધા હતી, એટલે તે તેની સાથે છૂટથી હરતી ફરતી.

રેસ્ટોરાનાં એક ખૂણે એકાન્તમાં ઉષા અને દિલીપ આઈસ્ક્રીમ સાથે બંને જણ 'મિલન રેસ્ટોરાં' તરફ વળ્યાં. આ રીતે તેઓ ઘણી વાર હોટલમાં જતાં. શહેરના સ્વતંત્ર જીવનમાં આ કંઈ બહુ મોટી વાત ન હતી. ઉષા તો ગમે તે રીતે જીવનમાં આનંદ લાવવા - તેને જીવવા યોગ્ય બનાવવા પ્રયાસ કરતી. ડૉક્ટર દિલીપની કંપની તેને સારી ફાવી ગઈ હતી. દિલીપના સંસ્કારમાં તેને શ્રધ્ધા હતી એટલે તે તેની સાથે છૂટથી હરતી ફરતી.

રેસ્ટોરાંના એક ખૂણે એકાન્તમાં ઉષા અને દિલીપ આઈસક્રીમ ખાતાં હતાં. પ્રથમ ચમચી મોંમાં મૂકતાં જ ડૉક્ટર કહ્યું : 'ઉષા, મારે તને એક વાત કહેવી છે.'

'માટે 'મિલન'માં લાવ્યા?' ઉષાએ હસતાં હસતાં પૂછ્યું.

'હા.'

'તો પહેલાં કહો, આઈસ્ક્રીમ ખાધા પછી ઠંડા પડી જશો !'

'ઉષા, મારે હવે લગ્ન કરવું છે.'

'તે કહો તો સુંદર કન્યા હું શોધી લાવું.' ઉષા વાત સમજી હતી. છતાં તેની મજાક ચાલુ હતી.

'કન્યા તો મેં શોધી કાઢી છે.'

'તો હવે ગૂંચવાય છો શાને ?' કે તે લગ્નની ના પાડે છે ?'



'તે હજી ખબર નથી. એ એક ભેદ છે જે હું ય સમજ્યો નથી.'

'અરે વાહ, એવી કઈ છોકરી છે ? બહુ ચાલાક લાગે છે. શું નામ છે એનું ?'

'ઉષા !' ડૉક્ટરે દિલની વાત કહેવાની તક ઝડપી લીધી.

ઉષા બહુ ચમકી નહિ ! ડૉક્ટરની આટલી વાતચીત પરથી તે ક્યારનીય ભેદ કળી ગઈ હતી. પરંતુ પોતાનું નામ સાંભળતાં જ તેના મુખ પરનું સ્મિત અને મસ્તીની રેખાઓ અદૃશ્ય થઈ. એક ઊંડો નિઃશ્વાસ તેણે નાખ્યો. ચમચી આઈસ્ક્રીમની ડીશમાં જ ડૂબેલી રહી. તે શાંત હતી, ગંભીર હતી. ડૉક્ટર ધ્યાનપૂર્વક તેના મનોભાવ નિરખવા લાગ્યો. થોડીવાર પછી મૌનનો ભંગ કરી ડૉક્ટરે કહ્યું :

'મને કહેતી હતી પણ ઠંડી તો તું જ પડી ગઈ, ઉષા.' ડૉક્ટરે કહ્યું : ઉષા હજી ય શાંત રહી !

'જવાબની ઉતાવળ નથી ઉષા, વિચાર કરી, કાકીની સલાહ લઈ પછી કહેજે.' દિલીપે વાતને સ્વાભાવિક કરવા કહ્યું. ડૉ. દિલીપ સાચે જ સંસ્કારી આત્મા હતો. પોતાની ઈચ્છા બીજા પર લાદી ન શકાય એમ તે માનતો. એટલે તેણે ઉષાને સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને પતાનો કોઈ પ્રકારનો દુરાગ્રહ ન હોવાની ખાત્રી આપી. પરંતુ આ શું ? ઉષાની આંખો તો અશ્રુભીની હતી ! દિલીપ ચમક્યો : 'ઉષા, તું રડે છે ? માઠું લાગ્યું મારી વાતથી ? મને માફ.....'

'ના, ના, ડૉક્ટર, એમ ન બોલશો,' ઊંચે જોઈ સ્મિત વેરવા પ્રયાસ કરતી ઉષાએ કહ્યું. રૂમાલ વડે તેણે આંખો સાફ કરી. આંખમાં આંસુ, મુખ પર સ્મિત ! ઉષાના જીવનને કેવું સમજવું ? 'હસતાં

આંસુ' જેવુ કે 'રડતા સ્મિત' જેવું?

'તો તારી આંખમાં આંસુ કેમ, ઉષા ?' ડૉક્ટરના મુખ પર એક ગુનેગારના ભાવ હતા !

'કાંઈ નહિ, એ તો જરા અમસ્તું,'

'ના ઉષા, વાત ન ઉડાવીશ, મને સાચી વાત નહિ કહે ?'

'એ વાત બહુ લાંબી છે દિલીપભાઈ.'

'ન કહેવાય એવી તો નથી જ ને ?'

'તમને કહેવામાં તો વાંધો નથી.'

'તો કહે ઉષા, તારી આંખમાં હું આંસુ જોઈ શકતો નથી.'

અને ઉષાએ 'મિલન'●રેસ્ટોરાંનાં એ ખૂણામાં બેસી પોતાની કથા કહી સંભળાવી. અશોકની યાદે તેની આંખમાં અનેક વાર આંસુ લાવી દીધાં. એક બાળક રસથી પરિકથા સાંભળે તે રસથી ડૉક્ટર દિલીપ ઉષાની જીવન કથા સાંભળી રહ્યો. આઈસ્ક્રીમની ડીસ તો કયારનીય ઉપડી ગઈ હતી. દરમિાન ડૉક્ટરે બે વાર ચા પણ મંગાવી હતી. મનની ઉદ્વિગ્નતાની પળોમાં ચા રાહત આપે છે.

'તો ઉષા, ડૉક્ટરે છેવટે કહ્યું : 'જેણે તને છોડી, જે બીજી છોકરી સાથે પરણી પોતાનું જીવન સુખથી પસાર કરે છે તેવા પુરુષ ખાતર આમ તારે તારું જીવન શા માટે વેડફી નાખવું ? તને યોગ્ય લાગે તેની સાથે તારે પણ પરણી જવું જોઈએ.'

'એમ ના બોલશો ભાઈ, મેં એને કદી વાત કરી નહિ અને એ કદાચ મારું દિલ સમજ્યો નહિ. પરંતુ પ્રેમ લગ્નથી જ થોડો ટકી શકે છે ? પ્રેમમાં બદલાની ભાવના ન હોય. સ્નેહના કાંઈ સોદા



હોય ?' ડૉક્ટર દિલીપ ઉષાની વાત સાંભળી જ રહ્યો ! ઉષાની બુદ્ધિ અને તેના સ્નેહાળ હૃદયનો સાચો પરિચય તો તેને આજે જ થયો.

'ઉષા, આમ એકલી ક્યાં સુધી રહીશ ?'

'જો અશોક નહિ મળે તો જીવનભર,' મક્કમતાથી ઉષાએ કહ્યું : 'પરંતુ મારું દિલ કહે છે ડૉક્ટર, કે અશોક એક દિવસ જરૂર મળશે. એનું એક દિવસનુ મિલન મારું જીવનભરનું ભાથું હશે.'

'ઉષા,' ડૉક્ટરે કહ્યું : 'હું મારી સાથે જ લગ્ન કરવાનો આગ્રહ નથી કરતો, પરંતુ એકાકી જીવન અને તેય એક સ્ત્રી માટે તું ધારતી હોઈશ એટલું સહેલું નથી. કોઈ સારો જીવનસાથી શોધી....'

'જીવનસાથી તો એક જ વાર શોધાય ને ભાઈ ?' વચ્ચે જ ઉષા બોલી : 'એ શોધ મેં કરી લીધી. અને એકાકી જીવનની મુશ્કેલીઓનો મને ખ્યાલ છે પરંતુ એ મુશ્કેલીથી ગભરાઈ હું દિલ વગરનો આ દેહ બીજાને અર્પું એ જ માર્ગ છે ને ? એવી નિર્બળ હું નથી.' ડૉ. દિલીપ ઉષાની મહાનતા માપી રહ્યો.

'ઉષા.' ડૉક્ટરે કહ્યું : 'તારી શક્તિ અને મક્કમતાનો મને હવે જ ખ્યાલ આવ્યો. તું પ્રેમની દેવી છે. તારા માર્ગમાંથી તને ચલિત કરવા હું નથી ઈચ્છતો. મારી એ તાકાત પણ નથી. પણ બેન, ડૉક્ટરે પ્રથમવાર જ સંબોધન બદલ્યું : 'તું મને ભાઈ, કહે છે ને ? આજથી મને તારો ભાઈ જ માનજે. જીવનમાં જ્યારે પણ જરૂર પડે ત્યારે આ ભાઈને ન ભૂલતી.' ડૉક્ટરને ઉષા પ્રત્યે પ્રેમ તો હતો જ. એ પ્રેમને દિલમાંથી દૂર થઈ શકે તેમ ન હતો. એટલે એણે પ્રેમનું સ્વરૂપ બદલ્યું.

'દિલીપભાઈ,' આનંદ અને આશ્ચર્યથી ઉષા પૂછી રહી; 'શું કહો છો !?' પોતાની સાથે લગ્ન કરવા ઈચ્છતો યુવક એ ઈચ્છા આટલી સરળતાથી ત્યાગે અને એના સ્થાને એક ભાઈના ભાવ ભરે એ ખરેખર આશ્ચર્ય ઉપજાવે એવી વાત છે. પણ ડૉક્ટર દિલીપના સંસ્કારી આત્મા માટે આ કાંઈ મુશ્કેલ વાત ન હતી. તેણે તરત જ જવાબ આપ્યો :

'સાચુ કહું છું બેન, તારી સાથેનો સ્નેહ હું કોઈપણ સ્વરૂપે ટકાવવા ઈચ્છું છું. એ વિના મારું જીવન નિરસ થઈ જશે. ઉષા, મારે બેન ન હતી. તેની ખોટ મને ઘણીવાર સાલતી. આજે એ ખોટ પુરાઈ ગઈ.'

'ભાઈ.' કેટલો ભાવ ભર્યો હતો. ઉષાના આટલા નાના સંબોધનમાં !

ઉષાની આગળ તો જાણે એક નવી દુનિયા ઉઘડી ગઈ. જીવનની એક નવી બારી તેના માટે ખૂલી ગઈ, જીવનનું એક રસ દ્વાર ઊઘડ્યું!

'બેન, જઈશું હવે ?'

'હા ભાઈ ચાલો.' અને પ્રેમી તરીકે 'મિલન'માં પ્રવેશેલો દિલીપ એક ભાઈ બની બહાર આવ્યો ! ઉષાના પ્રેમની આ બીજી જીત હતી !

એક દુકાન આગળ તેઓ અટક્યાં. ડૉ. દિલીપે એક સરસ નાઈલોનની સાડી લીધી અને ઉષાને આપી.

'ભાઈ, આની શી જરૂર છે !'

'ભાઈની પ્રથમ ભેટ.'



ઉષા આગળ ન બોલી. ડૉક્ટરને વધુ ખુલાસો ન કરવો પડ્યો !

'બેન, મોડું થયું છે, ચાલ તને ઘર સુધી મૂકી જાઉં.'

'હા ચાલો' ઉષાએ પણ સંમતિ આપી અને બંને ભાઈ-બેન ઘેર ચાલ્યાં.

ઘેર પહોંચી ડૉ. દિલીપ બહારથી જ પાછો વળવા લાગ્યો : 'ભાઈ અંદર નથી આવતા ? ઉષાએ ભાવપૂર્વક પૂછયું.

'ના બેન, આજે નહિ, મોડું થયું છે.'

'કાકીને મળો તો ખરા.'

'કાલે,' કહી ડૉક્ટર પાછો વળ્યો.

'આવજો ભાઈ.'

'હા બેન.'

જતા ભાઈને ઉષા સહેજવાર જોઈ રહી. એટલામાં તો કાકી આવી પહોંચ્યાં.

'ઉષા....'

'કાકી માફ કરજો, જરા મોડું થઈ ગયું.' કાકીનો ઠપકો મળે તે પહેલાં જ ઉષાએ ભૂલ કબૂલ કરી લીધી.

'મને શું થતું હશે તેનો કાંઈ ખ્યાલ છે ?'

'બધું સમજું છું કાકી, પણ અંદર તો આવો, તમને બધી વાત કહું,' કહેતી ઉષા કાકીનો હાથ ઝાલી અંદર ખેંચી ગઈ.

'કાકી, પહેલાં જમી લઈએ. પછી બધી વાત.'

'હા બેન, ચાલ તું ભૂખી થઈ હશે.' કાકી બોલ્યાં. ઉષાને પોતાને તો ખરેખર ભૂખ હતી જ નહિ. આજે તેના દિલમાં એવો

આનંદ હતો કે એક યુગની ભૂખ હોય તો પણ અત્યારે તો નાસી જાય ! પરંતુ તેને કાકીની ભૂખની ચિંતા હતી. પોતાના વિના કાકીએ સાંજની ચા પણ નહિ પીધી હોય એની તેને ખાત્રી હતી.

જમીને કાકી-ભત્રીજી વાતોએ ચડ્યાં. ઉષાએ એકદમ ધડાકો કર્યો.

'કાકી, આજે તો મને એક વસ્તુ મળી'

'શું ?'

'તમે કહો જોઈએ, એ શું હશે !'

'હું શું જાણું બેન ?' કહેતી કાકીની નજર સાડીના પેકેટ તરફ ગઈ. તે ઉપાડીને ખોલ્યું. નાઈલોનની સુંદર સાડી જોઈ કાકી ખુશ થયાં. પોતાના ઘણા આગ્રહ છતાં ઉષા તેના માટે કદી આવો ખર્ચ ન કરતી. આજે તે સાડી લાવી તેથી કાકીને આનંદ થયો. સાડી બતાવી તેમણે પૂછયું.

'આ, સાડી મળીને ?'

'ના, એથી કાંઈ વિશેષ', કાકીની આતુરતા વધારતાં ઉષાએ કહ્યું.

'તો સાડીનો લાવનારો મળ્યો ?' કૃત્રિમ રોષ દાખવતાં કાકી બોલ્યાં. કાકી-ભત્રીજી વચ્ચે આ રીતે બોલવાની છૂટ હતી જ.

'હા, ખરી વાત કાકી,' ઉષાએ વાત કબૂલ રાખી.

'તે બેન, અમે ઘણુંય કહ્યું ત્યારે ન માન્યું. કેટલાય છોકરા બતાવ્યા તે પસંદ ન પડ્યા. હવે કોની ઉપર પસંદગી ઉતારી ? કાકીએ આમ તો કૃત્રિમ રીસ દર્શાવી. પરંતુ ઉષાએ છેવટે લગ્નનું



નક્કી કર્યું તે જાણી તેમને ખરેખર આનંદ થયો.

'કાકી, તમે તો ક્યાંની વાત ક્યાં લઈ જાવ છો ! મને લગ્ન માટે કોઈ છોકરો ક્યાં મળ્યો છે હજી ?'

'ત્યારે, સાડી લાવનાર બીજો કોણ મળ્યો ?'

'ભાઈ', ઉષાએ ઉત્સાહથી જવાબ આપ્યો : 'મને ભાઈ મળ્યો, કાકી.'

'ભાઈ મળ્યો ?! આશ્ચર્યથી કાકીએ પૂછયું.'

'હા કાકી, ભાઈ, બેન માટે ભાઈ સાડી ન લાવે ?'

'હું ક્યાં કહું છું કે ના લાવે ? પણ બેન, તારી તો વાત કરવાની ટેવ જ વિચિત્ર. સીધી વાત કરને.'

અને ઉષાએ કાકીને બધી વિગતે વાત કહી સંભાળાવી. અશોકની વાત કાકી જાણતાં ન હતાં. ઉષાએ આજે એ બધી વાત પણ કહી, પોતાના લગ્ન વિષેનો નિર્ણય જણાવ્યો અને ડૉ. દિલીપ સાથેનો આખો પ્રસંગ પણ કહ્યો. ઉષાના પ્રેમમાં નિષ્ફળતા અને લગ્ન માટેનો તેનો નિર્ણય જાણી કાકી દુઃખી થયાં. ડૉ. દિલીપ જેવા સારા છોકરા સાથે લગ્ન કર્યું હોત તો ઉષા સુખી થાત એમ પણ તેમને લાગ્યું. તો વળી દિલીપ જેવો ઉષાને ભાઈ મળ્યો એ જાણી આનંદ પણ થયો. દુઃખ અને આનંદમિશ્રિત ભાવ અનુભવતાં કાકી બોલ્યાં :

'પણ ઉષા, આખી જિંદગી કાંઈ કુંવારાં રહેવાય ? અશોક પરણ્યો તો તું કેમ ન પરણી ?'

'કાકી, એ વિષે તો મને કાંઈ કહેશો જ નહિ,' ઉષાએ આગ્રહપૂર્વક વિનંતી કરી અને ભવિષ્યમાં ઉષાને સમજાવી શકાશે

એમ વિચાર કરી કાકીએ પણ તે વખતે તો એ વાત જવા દીધી.

બીજે દિવસે  દવાખાનામાં જ્યારે ડૉ. દિલીપ અને ઉષા મળ્યાં ત્યારે એ નજરોમાં ભાઈ-બેનનો શુદ્ધ પ્રેમ હતો. ઉષાને કેવી રીતે સુખી કરાય, તે શું કરતાં આનંદમાં રહે એ જ જાણે દિલીપનું ધ્યાન રહેતું અને ઉષા પણ ભાઈને ઘડીભર નિરાશ ન જોઈ શકતી. સાંજે ઉષાએ દિલીપને પૂછયું :

'ભાઈ, આજે તો ઘેર આવો છો ને ?'

'આજે તું મારે ત્યાં ચાલ ઉષા.'

'ના. હું કાલે આવીશ. આજે તમે ચાલો. હું કાકીને કહીને આવી છું.'

'ઠીક, તારી ઈચ્છા પ્રમાણે કરીએ.'

ઉષા સાંજે ડૉક્ટર દિલીપને લઈને ઘેર આવી ત્યારે સાચે જ કાકી રાહ જોતાં બારીએ જ ઉભાં હતાં. આજે જે પ્રેમથી કાકીએ દિલીપનો સત્કાર કર્યો તે જોઈ તેને પણ ઘણું આશ્ચર્ય થયું. 'આ કાકી તે દિવસે હતાં એ જ કે બીજાં ?' તે વિચારી રહ્યો.

'આવો ભાઈ,' પ્રેમપૂર્વક કાકીએ આવકાર આપ્યો.

'હા કાકી,' દિલીપે શરૂઆતથી આત્મીયતા બતાવી.

'ઉષા તો તમારાં બહુ વખાણ કરતી હતી.'

'એ તો એનાં પોતાના વખાણ કરાવવા. પણ હું કાંઈ એમ એને વખાણું એવો નથી,' હસતો દિલીપ બોલ્યો.

'અમારે તમારાં વખાણની કાંઈ જરૂર પણ નથી,' મોં મચકોડતાં ઉષા બોલી.



'લે હવે. લડવા માટે ભાઈને ઘેર તેડી લાવી ?' કાકી વચ્ચે પડ્યાં : 'કાંઈ ચા-નાસ્તો કરાવીશ કે નહિ ?'

'શું ખાશો ડૉક્ટર સાહેબ ?' મશ્કરી કરતાં ઉષા બોલી.

'જે ખવાડે તે.'

'તમે બેસો. હું જ નાસ્તો લાવું છું.' કાકી બોલ્યાં.

થોડીવારમાં નાસ્તાની ડીશો લઈ કાકી આવ્યાં અને ચા મૂકવા પાછા ગયાં. ચા-નાસ્તો કરતાં કરતાં ત્રણે જણે ઘણાં આનંદથી વાતો કરી. એકાદ કલાક રહી દિલીપ ઘેર જવા નીકળ્યો ત્યારે કાકી તથા ઉષા નીચેના દ્વાર સુધી વળાવવા ગયાં. પાછાં આવી કાકી બોલ્યાં :

'ઉષા, દિલીપ ખરેખર સારો છોકરો છે. તારી સંભાળ રાખનાર એક ભાઈ તને મળ્યો એટલી મને શાંતિ થઈ બેટા.'

'કાકી,' ઉષા બોલી : 'તમારા આશીર્વાદ મારી સાથે છે, પછી શી ચિંતા ?'

બીજી બાજુ દિલીપે પણ ઉષા સાથે પોતે કેવી રીતે પરિચયમાં આવ્યો, તેમનો સંબંધ ભાઈ-બેનના નિર્મળ સ્નેહમાં કેવી રીતે પરિણમ્યો એ બધી વાત પોતાની માતાને કરી. માતાને ઘણો આનંદ થયો. ઉષાને જોવાની પોતાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી અને બીજે દિવસે દવાખાનેથી આવતાં તેને સાથે જ તેડી લાવવાનું પણ આગ્રહપૂર્વક કહ્યું.

'બા, કાલે ઉષાને જરૂર તેડી લાવીશ' દિલીપે કહ્યું.

અને બીજે દિવસે સાંજે દિલીપ સાથે ઉષા તેને ઘેર ગઈ. દિલીપના માતા તો ઉષાને જોઈને જ ખુશ થઈ ગયાં. તેના સૌંદર્ય અને વિવેકે તેમના મન પર જાદુઈ અસર કરી. દિલીપના પિતા પણ

ઘેર જ હતા. બધાં સાથે બેઠાં, વાતો કરી, ચા-પાણી થયાં અને એ એકાદ કલાકમાં તો ઉષા જાણે તેમના કોઈ સ્વજન જેવી થઈ ગઈ !

ત્યાર પછી તો ઉષા અનેક વાર દિલીપને ત્યાં જતી. કોઈ વાર તેને ગયે બહુ દિવસ થઈ ગયા હોય તો કાન્તાકાકી-દિલીપની માતા-દિલીપ સાથે ખબર કઢાવતાં અથવા કોઈવાર જાતે પણ ઉષાને ત્યાં જતાં. ઉષા ઘણીવાર કાકી સાથે દિલીપના ઘેર જતી. આમ પરસ્પરનાં કુટુંબ પણ એકબીજાના પરિચયમાં આવ્યાં અને સંબંધ ગાઢ થયો.બળેવને દિવસે ઉષા દિલીપને રક્ષા બાંધતી અને ભાઈ પોતાની બેનને કોઈ સરસ વસ્તુ ભેટ આપતો. ભાઈબીજના દિવસે તો દિલીપનું જમવાનું ઉષાને ઘેર જ હોયને ? અને ત્યારે કેટલા પ્રેમથી બેન ભાઈને જમાડતી !

પણ હવે ઉષાને નવા કોડ જાગ્યા-ભાભી લાવવાના. એક દિવસ તેણે કાન્તાકાકીને કહ્યું પણ ખરું : 'કાકી, હવે મારાં ભાભી ક્યારે લાવો છો ? ક્યાં સુધી આમ ભાઈને કુંવારા રાખશો ?'

'તે બેન, અમે ક્યારે ના કહીએ છીએ ?' કાંઈક ઉદાસીનતાથી કાન્તાકાકી બોલ્યાં : 'હું તો ચાર વર્ષથી મંડી છું. અરે, તારા કાકા ય છેલ્લા બાર માસથી તો અધીરા થયા છે, પણ અમારું સાંભળે છે જ કોણ ? તારા ભાઈને તો કોણ જાણે શું થયું છે તે જ્યારે કહીએ છીએ ત્યારે 'હમણાં નહિ, જોઈશું,' કહી વાત જ ઉડાવી દે છે. એના જેટલી ઉંમરના યુવાનો તો બબ્બે છોકરાના બાપ થયા. મેં તો હજી વહુનું મોંય ના જોયું.' કાન્તાકાકી બધું એકીશ્વાસે બોલી ગયાં. છેલ્લું વાક્ય બોલતાં તો તે ગળગળાં થઈ ગયાં !

દીકરાને પરણાવવો એ માતાના જીવનનો એક અમૂલ્ય લહાવો



છે. પરણેલા પુત્રને ઘેર પારણું બંધાય એ તેની બીજી ઈચ્છા, અને એ ઈચ્છા પૂરી થાય તો ય તેને સંતોષ નથી થતો. પૌત્રનું લગ્ન જોઈ આંખ મીચાય તો તેને જીવન ધન્ય થયેલું લાગે ! એટલે સ્વાભાવિક રીતે જ કાન્તાકાકીને પોતાનો પુત્ર હજી કુંવારો છે એનું દુઃખ હોય. કાકીને ગળગળાં થયેલાં જોઈ ઉષા તરત બોલીઃ

'કાકી, તમે ચિંતા ન કરશો. હું આજે જ ભાઈની ખબર લઈશ. જોઉં છું કે લગ્નની એ કેવા ના પડે છે.'

'તો તો બેન, તારા જેવા ભગવાને ય નહિ. બાકી અમે તો હવે એને સમજાવી સમજાવી થાક્યાં.'

'પણ કાકી,' ઉષા બોલી : 'કન્યા...'

'કન્યા તમે બે પસંદ કરો તે.' કાકી વચ્ચે જ બોલ્યાં : 'અમારી નાતમાં કન્યાઓની ક્યાં ખોટ છે ? એક કહેતા એકાશી...'

'ના, ના કાકી આપણે એક જ બસ છે. એકાશીનો બદલો વાળે એવી જ એક અમે લાવીશું.' ઉષા ગમ્મત કરતાં બોલી.

'તમે ભાઈ-બેન જે કરો તે અમારે મંજૂર. આપણે તો એની આયપત પણ કાંઈ જોઈતી નથી. ભગવાનની દયા છે. કોઈનું આપેલું શું પહોંચવાનું છે ?'

'બરાબર છે કાકી,' ઉષા બોલી : 'ઠીક ત્યારે હું જાઉં. તમે હવે ચિંતા ન કરશો. એક બે દિવસમાં હું જ તમને વધામણી આપીશ.'

'ઠીક, પણ ઉષા એક દિવસ તારાં કાકીને લઈ આવ. ઘણા વખતથી આવ્યાં નથી બિચારાં ઘરથી કંટાળ્યા હશે. '

'ભલે,' કહી ઉષા દાદર ઉતરી ગઈ.

રસ્તે ઉષા વિચારી રહી : 'દિલીપભાઈ પાસે લગ્નની હા પડાવવી એ કાંઈ બહુ મોટી વાત નથી. પણ એમને યોગ્ય કન્યા તો મારે શોધવી જ જોઈએ. એવી કન્યા તો મારા ધ્યાનમાં પણ નથી.' ભાઈ માટે આમ કન્યાની મનમાં જ શોધ કરતી બેન ઘેર પહોંચી.

'ઉષા, તારી ટપાલ છે,' ઘેર પહોંચતા જ કાકીએ ખબર કહી.

'ક્યાં છે ?'

'ટેબલ ઉપર.'

ટેબલ ઉપર પરિચિત અક્ષરવાળું કવર પડ્યું હતું. એ જોતાં જ ઉષાએ શારદાના અક્ષર ઓળખ્યા. પત્ર ફોડી તે વાંચવા લાગી. વાંચતાં વાંચતાં તેના મુખ પરના ભાવ સતત બદલાતા હતા. પત્રનો અંત ભાગ તેણે ફરીથી વાંચ્યો :

'...માતા-પિતા મારા લગ્નની ચિંતામાં પડ્યાં છે. જ્ઞાતિમાંથી યોગ્ય છોકરો મળતો નથી. કોઈ ઘર કે છોકરો સારો હોય છે તો તેમની કિંમત ભારે હોય છે. પિતાજીની આર્થિક સ્થિતિ તો તું જાણે છે. દહેજમાં હજારો રૂપિયા એ ક્યાંથી આપી શકે ? અને બેન, પૈસાના એવા પુજારીઓ સાથે પરણવાથી સુખ પણ શું મળે ? પણ હવે મને લાગે છે કે માતા-પિતા ગૂંચવાયાં છે, એટલે ગમે ત્યાં મારું ગોઠવી દેશે. જીવનસાથીની આપણી કલ્પનાઓ તો મનમાં જ રહેશે. મનનો તો નહિ, દેહનો કાંઈક માલિક મળી આવશે એમ લાગે છે. પણ શું થાય....?'

ઉષાને દુઃખ થયું. શારદા જેવું રત્ન ગમે ત્યાં અથડાશે. પરંતુ અચાનક તેને વિચાર આવ્યો : 'દિલીપભાઈ માટે કોઈ સારી કન્યાની શોધમાં જ તે હતી. દિલીપ અને શારદાનાં લગ્ન ન થઈ શકે ? તે



શક્યતા વિચારી રહી. બંને એક જ નાતનાં છે. તો તો પછી વાંધો શું છે ? દિલીપ તરફથી તો પોતાને સંપૂર્ણ છૂટ હતી. શારદા જેવી ભણેલી, સંસ્કારી અને સુંદર છોકરી દિલીપભાઈને ન ગમે એવી તો કોઈ વાત જ ન હતી. સામે પક્ષે શારદાનાં માતા પિતા તો દિલીપભાઈ જેવો જમાઈ મળતાં ખુશ ખુશ થઈ જશે. તેમની તો એક મોટી ચિંતા ઓછી થશે. અને દિલીપભાઈ જેવો સાથી શારદાને ય બીજો કોણ મળવાનો હતો ? બધી રીતે જોડી યોગ્ય છે. બંને પક્ષ પોતાના હાથમાં છે. તો પછી હવે વાર શાની ?

તે જ દિવસે સાંજે દવાખાનેથી ઘેર આવતાં ઉષાએ વાત ઉપાડીઃ

'ભાઈ, હવે ભાભી ક્યારે લાવો છો ?'

'કેમ એકદમ ભાભી સાંભળી ?' દિલીપે આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું.

'ઘણી વાતો એવી હોય છે જે ભાઈને ન કહેવાય. ભાભી હોય તો મારે વાત કરવાનું એક પાત્ર વધે.'

'ઓહોહો, એમ વાત છે? પણ કાકી છે, બા છે.'

'સાવ ગાંડા,' છણકો કરતી બેન બોલી : 'પણ ભાઈ તમે બા-બાપુજીનો પણ ખ્યાલ કર્યો ? હવેય તમને પરણાવવાની ઈચ્છા એમને ન થાય ?'

'પણ ઉષા...'

'પણ બણ કાંઈ નહિ, પરણવાનો વિચાર છે કે નહિ ?'

'સન્યાસી થવાનું નક્કી નથી કર્યું.'

'તો બોલો, ક્યારે પરણો છો ?'

'પણ બેન, કોની સાથે પરણું હું ?'

'બસ, બસ. એ ચિંતા છોડો, એટલું મારા માથે. કાચની પૂતળી જેવી વહુ લાવી આપું.'

'એવી આત્મા વિનાની ?' દિલીપે ગમ્મત કરી.

'આત્મા વિનાની નહિ મારા ભાઈ, દિલ અને દિમાગવાળી, સુંદર અને સ્નેહભરી.' દૃઢતાથી ઉષાએ કહ્યું.

'મારા માટે કયાંય સંતાડી રાખી છે કે શું ?' હસતાં દિલીપે પૂછયું :

'હા, અઠવાડિયામાં હાજર કરીશ. પણ જુઓ ભાઈ, મારી વાત માનવી પડશે.'

'અરે બેન મારી, મંજૂર, લે ચાલ હવે ચા-બા પીયે.'

'ચાલો, આજે તો ચા અને નાસ્તો બંને કરીએ,' ઉષા બોલી અને બંને 'મિલન' તરફ વળ્યાં.

'કેમ કાંઈ એટલું બધું ?'

'તમારાં લગ્ન નક્કી થયાં એની ખુશાલીમાં વળી.'

'ભેંસ ભાગોળે ને....'

'પણ ભાભી તો હવે ઘેર જ માનો ભાઈ.' ઉષા વચ્ચે બોલી.

'હં. ગાંડી,' કહેતાં દિલીપે બેનની સામી ખુરશી પર બેઠક લીધી ત્યાં તો કોલ્ડ વોટરથી તેમનું સ્વાગત થયું !

બીજે દિવસે ઉષાએ શારદાને પત્ર લખ્યો :

'વ્હાલી બેન,

તારો પત્ર મળ્યો. તારા લગ્ન વિશેની બા-બાપુજીની ચિંતા



તથા તારી મૂંઝવણ જાણ્યાં. એ વાંચી પ્રથમ તો હું પણ દિલગીર થઈ, પરંતુ મને તરત જ માર્ગ મળ્યો. મારી તથા દિલીપભાઈની વાત તો મેં તને લખી હતી. સદ્‌ભાગ્યે હજી એ કુંવારા છે અને વળી તમારી જ્ઞાતિના જ છે. અમારો ભાઈ-બેનનો સ્નેહ એવો દૃઢ છે કે એટલે એ બાબતમાં હું જે નક્કી કરું તે જ છેવટનું છે, એટલે એ બાબતમાં પણ હું ગૂંચવાતી હતી. ત્યાં તારો પત્ર આવ્યો. બસ, કામ પતી ગયું. તમારાં બેનાં લગ્ન કરાવવાનું મેં નક્કી કરી નાખ્યું છે. તું અહીં આવે અને તમે બંને પરસ્પરને મળો એટલી જ માત્ર વાર છે. આ પત્ર મળે તરત જ તું અહીં આવજે. બા-બાપુજીની પણ એક મોટી ચિંતા ઓછી થશે.

'દિલીપભાઈ વિશે તો શું લખું ? એક વાર જોઈશ તો ભૂલે નહિ. મારી પસંદગીમાં તો શ્રધ્ધા છે ને ? તારા આવવાનો સમય જણાવેથી હું સ્ટેશન પર લેવા આવીશ. બીજી વાતો રૂબરૂમાં - તારી બેન ઉષા.'

સાથે એક પત્ર શારદાના પિતા પર લખી ઉષાએ તેને મુંબઈ મોકલવા સૂચવ્યું. પત્ર મળતાં શારદાના માતા-પિતા તો ખુશ થઈ ગયાં. ઉષાના લખવા પ્રમાણે તો વર અને ઘર બંને સરસ છે. ઉષા લખે એમાં કાંઈ ખોટું પણ ન હોય. જો આ નક્કી થાય તો તો ઉષાનું ઋણ જીવનભર ચૂકવી ન શકાય એમ તેમને લાગ્યું.

ત્રીજે દિવસે શારદા મુંબઈ પહોંચી ગઈ. ઉષા સ્ટેશન પર ગઈ હતી. બંને સખીઓ લાંબા સમયે મળી. એમના આનંદનો પાર ન હતો. ઘેર પહોંચતા સુધીમાં તો બંનેએ કેટલી બધી વાતો કરી નાખી અને છતાંય જાણે હજી એકબીજાને કેટલું કહેવાનું હતું ! ઉષાનાં કાકીએ શારદાને પ્રેમથી આવકારી :'બેન, બહુ વખતે તને જોઈ.'

કાકી બોલ્યાં.

'હા કાકી, તમે તો વડોદરા છોડ્યા પછી આવ્યાં જ નથી.' શારદા બોલી. કાકીના હૃદયમાં વડોદરાનાં જૂના સંસ્મરણ જાગ્યાં.

'આવીશ બેન, તારા લગ્નમાં, 'કાકીએ હસતે હસતે જવાબ આપ્યો. શારદા શરમથી નીચું જોઈ રહી.'

બીજે દિવસે સવારે ઉષાને ત્યાં ઈન્ટરવ્યુ ગોઠવાયો. જીવનમાં બે ઈન્ટરવ્યુ મહત્ત્વના. એક નોકરી માટેનો અને બીજો લગ્ન માટેનો. એક રોટલો રળવાના સાધન માટે બીજો રોટલો ઘડનારીની પસંદગી માટે. નોકરીના ઈન્ટરવ્યુ ભણેલા બેકારોનું પ્રદર્શન છે, આપણી કેળવણીની એ ક્રુર હાંસી છે. એની સારી બાજુ જોવી હોય તો એક છે. આ જગત મિથ્યા છે એનું ભાન આપણને મહાન સંતો કે તત્ત્વજ્ઞાનીઓ કરાવે છે તેમ 'આ ભણતર મિથ્યા છે,' એનું ભાન આપણને નોકરી માટેના આ ઈન્ટરવ્યુ યોજકો કરાવે છે. અસાર સંસારના મિથ્યા તત્ત્વનો આટલો ખ્યાલ આપવા બદલ આપણે એમનો આભાર માનવો જ રહ્યો ! નોકરી મળવાની હોય ત્યારે મળે, કદાચ ન પણ મળે. પરંતુ તમને ઈન્ટરવ્યુમાં જઈ - ભલે પોતાને ખર્ચે- મુંબઈ, વડોદરા, અમદાવાદ જેવાં શહેરો જોવાનાં મળે એય ઓછા ભાગ્યની વાત છે ? એવો મહિમા છે નોકરીના આ ઈન્ટરવ્યુનો !

લગ્નના આ ઈન્ટરવ્યુ જરા જુદા પ્રકારના હોય છે. કોણ જાણે કેમ પણ સામાન્ય રીતે દરેક જ્ઞાતિમાં છોકરાઓ કરતાં છોકરીઓની છત હોય છે. જેની અછત તે મોંઘું, તેના ભાવ વધારે એ અર્થશાસ્ત્રનો નિયમ અહીં લાગુ પડે  છે. છોકરાઓની અછતના કારણે છોકરાનાં માતા-પિતા મોટાં અને પરણનાર છોકરો તો જાણે દેવદૂત ! પછી



લગ્ન બાદ ભલે કન્યા માટે યમદૂત સાબિત થવાનો હોય ! આવા દેવદૂતો દેવીઓની પસંદગી માટે ઈન્ટરવ્યુ ગોઠવે. પોતે કેવા છે એ કોઈ ન જુએ. એટલે સોળે શણગાર સજી સૌંદર્યની હરીફાઈ કરવા યુવતીઓ મેદાનમાં ઉતરે. પેલા દેવદૂત એક પછી એક કન્યાઓનો ઈન્ટરવ્યુ લે, વિકાર ભરી નજરે તેમના સૌંદર્ય નિહાળે અને છેવટે પોતાની દૃષ્ટિએ ઉત્તમ કન્યા પર તેની આંખ ઠરે અને તે લગ્નની હા પાડે. છોકરો હા પાડે એટલે વાતનો દોર પિતા હાથમાં લે. પૈઠણ નક્કી થાય અને પોતાનાં કુળ, મોભો તથા બજારમાં માલની છત-અછતનો વિચાર કરી બને તેટલી વધુ કિંમત ઉપજાવી તે સોદો નક્કી કરે ! છેવટે લગ્ન થાય. છોકરાની સૌંદર્ય ભૂખ અને બાપનો લક્ષ્મી લોભ સંતોષાય. પરંતુ આવો સંતોષ કેટલો સમય સુધી ટકે ? કોઈ સરસ જમણ જમીને ઉઠીએ છીએ ત્યારે આપણે લાગે છે કે હવે કદી ખાવું જ નહિ પડે. પરંતુ સાંજે તો પેટ પાછું ખાલી જ થઈ જાય છે ! આવા લગ્નોમાં પણ એમ જ બને છે ને ? રોલ્ડ ગોલ્ડ કરેલા ઘરેણાં પરથી સોનાનો ઓપ ઉતરી જાય તેમ લગ્ન કરનાર પેલા દેવદૂતનોમોહ થોડા વખતમાં જ ઉતરી જાય છે અને તે નવા શિકારની શોધમાં બહાર ભટકે છે. આશાભરી નવવધૂના દુ:ખની શરૂઆત થાય છે. અને ઘણા કિસ્સાઓ તો ઠેઠ આપઘાત કે ખૂન સુધી પહોંચી જાય છે ! આ છે આપણા લગ્નજીવન. આ છે આપણા મોટા ભાગના લગ્નના ઈન્ટરવ્યુના અંજામ !

પરંતુ દિલીપ-શારદાનો ઈન્ટરવ્યુ એ આવો કોઈ તમાશો ન હતો. બે સંસ્કારી આત્માનો એ સંગમ હતો. સવારે નવ વાગે દિલીપ આવી પહોંચ્યો ત્યાર પહેલાં જ ઉષાએ પોતાને ઘેર બધી તૈયારી કરી રાખી હતી. દિલીપ આવ્યો. ઉષા તેને બેઠક રૂમમાં લઈ ગઈ. બંને

ભાઈ-બેને થોડી વાતચીત કરી, ત્યાં જ અંદરના ખંડમાંથી શારદાને લઈને કાકી આવી પહોંચ્યાં. યુવાન અને સશક્ત શારદાનું સૌંદર્ય તેના સફેદ વસ્ત્ર પરિધાનમાં ઓર ખીલી ઊઠ્યું હતું. પ્રથમ દૃષ્ટિએ જ આકર્ષક શારદાનો ચહેરા પર તેની સંસ્કારિતાની છાપ પણ સ્પષ્ટ ઊપસી આવતી હતી. કાકી સાથે તે આવી કે તરત જ ઉષા બોલી ઊઠીઃ

'આવ શારદા.' દિલીપને આપોઆપ શારદાની ઓળખાણ થઈ ગઈ.

'હા,'

'આ મારા ભાઈ, ડૉ. દિલીપ' : ઉષાએ પરિચય આપ્યો.

'નમસ્તે', કહી-કરી શારદા ઉષા સાથે બેઠી સહેજ-સંકોચાતી શરમાતી. પુરુષની હાજરીમા કઈ સ્ત્રી નથી શરમાતી, નથી સંકોચાતી ? આ શરમ અને સંકોચ એ તો સ્ત્રીનો શણગાર છે, સ્ત્રીના સૌંદર્યમાં એ ઘટાડો નહિ. અનેક ઘણો વધારો કરે છે !

'નમસ્તે' -હસતે મુખે વંદન ઝીલતા દિલીપે કહ્યું.

'અને આ મારી સખી શારદા,' ઉષાએ બીજો પરિચય આપ્યો.

'એ તો તારા સંબોધનથી જ સમજી ગયો', હસતાં હસતાં દિલીપે કહ્યું.

છતાં બંનેનો પરિચય ન આપે તો પરિચયકારકનો ધર્મ અધૂરો જ રહ્યો ગણાય,' આંખો ઊંચી કરી શરમથી નીચું જોતી શારદાએ કહ્યું. એક ગ્રેજ્યુએટ બાળા ભાવિ પતિ પાસે મૂંગી કેમ રહે ? આ પ્રથમ વાક્યે જ તેની ઉચ્ચ બુદ્ધિમત્તાની દિલીપને ખાત્રી કરાવી દીધી. ઉષા પણ ખુશ થઈ ગઈ. મનમાં થયું : 'શારદાએ સરસ



જવાબ આપ્યો.'

દરમિયાન કાકી તો ક્યારનાંય અંદર ચાલ્યાં ગયાં હતાં. થોડી પ્રારંભિક વાતચીત બાદ 'હું આવું છું.' કહી ઉષા ઊઠી. દિલીપે બૂમ મારી.

'ઉષા, બેસને, ક્યાં ચાલી ?'

'આવું છું,' કહેતાં તો તે અંદરના ખંડમાં પ્રવેશી પણ ગઈ ! શારદા અને દિલીપ સમજ્યાં. પોતાને એકલાં વાતચીત કરવાની તક આપવા જ ઉષા ગઈ. ભાવિ પતિ-પત્ની પરસ્પરનો પરિચય કેળવે એમાં ખોટું ય શું ?

પરંતુ ઉષાનાં જતા તો શારદા અને દિલીપ વચ્ચે જાણે એક મહાન દીવાલ ખડી થઈ ! કેટલી વાર ત્રીજી વ્યક્તિની હાજરી દખલરૂપ લાગે છે, કેટલીક વાર આશીર્વાદરૂપ ! ઉષાનાં જતાં તો બે ડબ્બાને જોડતી સાંકળ જાણે છૂટી પડી ગઈ ! વચ્ચે ઉષા એક સામાન્ય કડી હતી એટલે તેની આડમાં બંને જણે વાતચીત કરી. પરંતુ હવે તો બંને એકલાં પડ્યાં. કોણ પ્રથમ બોલે ? શું બોલે ? મીઠી મૂંઝવણની થોડીક ક્ષણો બંનેએ અનુભવી. આંખ સહેજ ઊંચી કરી શારદા દિલીપ તરફ નજર ફેરવી લેતી-જાણે કાંઈ અપરાધ થઈ ગયો હોય તેમ ! થોડી ક્ષણોના મૌન દ્વારા બંનેએ એકબીજાને જાણે ઘણું કહ્યું ! સાગરના ઘૂઘવાટ કરતાં તેની શાંતિ વધુ પ્રેરક બને છે. બંને વચ્ચે પથરાયેલી મહાસાગરની આ શાંતિનો ભંગ કોણ કરે ? આખરે દિલીપે હિંમત કરી :

'ક્યાં સુધી અભ્યાસ કર્યો છે તમે ?'

'આ વર્ષે બી.એ. થઈ.'

'સરસ, હવે ?'

'હવે તો....તો,' શારદા ગૂંચવાઈ પરંતુ તરત જ તેના ટીખળી સ્વભાવ પ્રમાણે બોલી : 'હવે તો કોઈ ડૉક્ટરની શોધમાં છું.' શારદા બોલતાં તો બોલી પણ તેને પસ્તાવો થયો. પ્રથમ પરિચયે જ છૂટ લેવાઈ જતાં કાંઈ ખોટું તો નહિ લાગે એ ડરથી સ્તો !

'ડૉક્ટરની શોધમાં ! કેમ ?' દિલીપ કાંઈક સમજ્યો તો ખરો છતાં તેને આશ્ચર્ય પણ થયું. કદાચ પોતાની સમજ ખોટી પણ હોય.

'હમણાં મારી તબિયત જરા ઠીક નથી રહેતી,' નવ્વાણું ત્યારે પૂરા સો એમ વિચારી શારદાએ ગમ્મત આગળ વધારી.

'શું થાય છે ?' દિલીપે ડૉક્ટરી શરૂ કરી.

'એ જ સમજતું નથી.

'તમને શું થાય છે તે તમને સમજાતું નથી. ?!' દિલીપે આશ્ચર્ય વ્યક્ત કર્યું. હવે તેને લાગ્યું કે શારદાએ કદાચ સાચે જ પોતાની તબિયતની વાત કરી હશે.

'હા,' શારદાએ ટૂંકો જવાબ આપ્યો.

'તો તો પછી તમને શું થાય છે તે ડૉક્ટર કેવી રીતે સમજશે ?'

'ત્યાં જ તો ડૉક્ટરની પરીક્ષા છે. પોતાને શું થાય છે એ બધા જ દર્દીઓ સમજે તો પછી ઘણા ઘરગથ્થું ઉપાયો છે. ડૉક્ટરની શી જરૂર પડે ? પણ બધા જ ડૉક્ટરો કાંઈ ન સમજે એવા ભોટ થોડા જ હોય છે?' શારદાએ ગમ્મતભર્યા કટાક્ષમાં કહ્યું.

પછી શારદા દિલીપ તરફ અર્થવાહી નજરે જોઈ રહી ! સહેજ વિચાર કરી દિલીપે પૂછ્યું :



'કોઈ ડૉક્ટરને તમે તબિયત બતાવી છે ખરી ?'

'કેટલાક ડૉક્ટરોએ તો કેસ હાથમાં લેવાની જ ના પાડી, અને કેટલાકના દિદાર જોઈ મેં કેસ સોંપ્યો જ નહિ.' શારદાએ ગોટાળો ચાલુ રાખ્યો.

કંઈક વિચાર કરી દિલીપ બોલ્યો 'હું પણ ડૉક્ટર છું' :

'માટે જ તો હું વડોદરાથી અહીં આવી છું.' શારદાએ આ વાક્યમાં બધું જ કહી દીધું. છતાં દિલીપ તો ઉલટો વધુ ગૂંચવાયો.

'તમને વાંધો ન હોય તો ઉષાની હાજરીમાં હું તમારી તબિયત તપાસી જોઉં.'

દિલીપનો સ્વભાવ ઘણો સારો છે એ વાત તો ઉષા પાસેથી શારદાએ સાંભળી હતી, એટલે આ મજાકથી તેને કાંઈ ખોટું નહિ જ લાગે એમ તેણે ધાર્યું. હવે રંગ બરાબર જામ્યો છે તો શા માટે તેમાં ભંગ પાડવો એમ વિચારી, ઉષાની હાજરીની વાત સાંભળી શારદાએ તરત તપાસવાની સંમતિ આપતાં કહ્યું : 'કાંઈ વાંધો નથી.'

દિલીપે તરત જ બૂમ મારી : 'ઉષા.'

'એ આવી ભાઈ.' કહેતી ઉષાએ ખંડમાં પ્રવેશ કર્યો. શારદાના મુખ પરનું સ્મિત જોઈ તેને લાગ્યું કે બેડો પાર છે. પણ દિલીપે તો તેને નવી જ વાત કરી.

'ઉષા, તારી બહેનપણીની તબિયત ઠીક નથી રહેતી કહે છે કે ઘણા ડોક્ટરો દર્દ સમજી શક્યા નથી. મને થયું કે હું પણ તબિયત તપાસી જોઉં'

ઉષા જરા ગુંચવાઈ. તેને થયું : 'આ વળી નવું નાટક શું છે?'

તેણે શારદાની સામે જોયું. તેણે ધીમેથી ઈશારો કર્યો એટલે તે સમજી કે શારદાએ કાંઈ બાજી ગોઠવી હશે. તરત જ ઉષાએ પણ સંમતિ આપી.

'હા, હા ભાઈ, તપાસોને એમાં શું વાંધો છે? કદાચ તમારાથી દર્દ પરખાઈ જાય તો બિચારીનું એક મોટું દુઃખ દૂર થાય. એના માતા-પિતા પણ હવે તો એની બાબતમાં સચિંત થયાં છે.'

ડોક્ટરે નાડી તપાસી. ઉષાને થયું : 'હાથ પકડ્યો ખરો' બંને સખીઓ એકબીજા સામું જોઈ છૂપું હસવા લાગી.

'જરા સૂઈ જશો?' ડોક્ટરે પ્રશ્ન રૂપે સૂચન કર્યું.

શારદા સોફા પર સૂઈ ગઈ. છાતી પર ટેથોસ્કોપ મૂકી ડોક્ટર હૃદયના ધબકારા તપાસવા લાગ્યા.

'બરાબર ડોક્ટર, ત્યાં જ કાંઈક દર્દ થાય છે,' દર્દીએ કહ્યું.

'હા ભાઈ, એને ત્યાં જ કાંઈક દર્દ છે.' ઉષાએ પણ ટાપસી પૂરી. 'અમે કોલેજમાં હતાં ત્યારે પણ એ ઘણી વાર કહેતી કે મને હૃદયમાં કાંઈ થાય છે.'

'ધબકારા થોડા વધુ છે ઉષા.' ડોક્ટરે અભિપ્રાય આપ્યો.

'એમ !' ઉષાએ કુત્રિમ આશ્ચર્યથી પૂછયું.

'હા, લે તું પણ તપાસી જોને.'

ઉષા અનુભવી નર્સ હતી. તેણે ટેથોસ્કોપ હાથમાં લીધું : ધબકારો તપાસતા બંને સખીઓ છૂપું હસતી હતી. ભોળો ડોક્ટર બાજુ પર બેસી કાંઈક વિચારતો હતો. તબિયત સારી લાગે છે છતાં દર્દી કહે છે કે 'કાંઈ થાય છે.' તો ડોક્ટરને દર્દ શોધવું જ રહ્યું.



ડોક્ટરો પણ એ બાબતમાં નિષ્ણાત હોય છે. પહેલવાનનું શરીર હોય તો પણ કોઈ રોગ કાઢે! દિલીપ પણ દર્દ શોધવાના જ વિચારમાં ડૂબ્યો હશેને? પરંતુ ત્યાં જ દર્દીને તપાસી ઉષા બોલી.

'હા ભાઈ, ધબકારા વધેલા તો છે જ.'

'એનું શું કારણ?'

'હૃદયમાં ધબકારા વધે તેનું કારણ તમે નથી સમજતા ભાઈ?' હસતાં હસતાં ઉષાએ પૂછ્યું. દરમિયાન શારદા સોફામાં બેસી ગઈ. ઉષા તરફ જોઈને બોલી :

'સ્ત્રીની વાત પુરુષો ક્યારે સમજે છે ઉષા?'

'ભાઈ' ઉષા બોલી : 'તમે ડોક્ટર પણ દેહના દિલના નહિ'

'એટલે?'

'આ દિલનું દર્દ છે મારા ભાઈ, દેહનું નહિ,'ઉષાએ જવાબ આપ્યો. હવે જ દિલીપ ખરી વાત સમજ્યો અત્યાર સુધી બાને સખીઓએ તેને બનાવ્યો એનો પણ તેને ખ્યાલ આવ્યો. પણ તેથી તો તેમની બુદ્ધિ પર તે વધુ ખુશ થયો. હવે તે પણ રંગમાં આવ્યો. ઉષા તરફ જોઈને બોલ્યો.

'દિલના દર્દની તું નિષ્ણાત લાગે છે.'

'તમારા કરતાં કદાચ વધુ સમજું ખરી.'

'તો હવે તારી બહેનપણીના દર્દનો કાંઈ ઉપાય?'

'ઉપાય તો લગ્ન.' ઉષાએ પટ ઉત્તર દીધો.

'જાણવા છતાં ઉપાય ન કરવો.....'

'એ મૂર્ખતાની નિશાની છે એમ જ છે?' દિલીપને અધવચ્ચે

જ અટકાવી ઉષાએ પ્રશ્ન પૂછ્યો.

'એમ કહેવાય ખરું.'

'તો ભાઈ, અહીં એની પૂજા કરવા બોલાવી છે એમ ધારો છો? ઠીક, હવે તમારો નિર્ણય થઈ ગયો? ' ઉષા મૂળ વાત પર આવી.

'શાનો?' અજાણ્યા થવાનો ડોળ કરતાં દિલીપે પૂછ્યું.

'અજાણ્યા ન થશો ભાઈ, તમે બન્યા એમ અમે બનીએ એવા નથી હાંકે.' વિજયીની અદાથી ઉષાએ કહ્યું.

'ઠીક ઉષા, તમે જીત્યાં, હું હાર્યો.' દિલીપે હાર કબુલ કરી.

'એટલે તમે લગ્નની હા પાડો છો,' ઉષાએ નિશ્ચિત વિધાન કર્યું.

'જો શારદાને મંજુર હોય તો,' સામા પક્ષની સંમતિ મેળવવા દિલીપે જવાબ વાળ્યો.

'એણે તો તમારા માટે વડોદરાથી મુંબઈ સુધીની સફર પડી છે. ખરું ને શારદા? ' શારદા તરફ જોતાં ઉષાએ પૂછ્યું.

'હા, પણ મારે એક વાત કહેવાની છે તારા ભાઈને.' અત્યાર સુધી મૌન ધારી બેઠેલી શારદા બોલી.

'એક શું અગિયાર કહેને. એમ કાંઈ મારા ભાઈ...'

'હા, હા ખુશીથી જે કહેવું હોય તે કહી શકો છો.' દિલીપ બોલી ઉઠ્યો.

'મારા પિતા બહુ શ્રીમંત નથી.' કાંઈક ઉદાસીનતાથી શારદાએ કહ્યું.



'અને અમે પૈસાના પૂજારી નથી' દિલીપે પ્રત્યુતર વાળ્યો.

'ગાંડી, તું હજી મારા ભાઈને ઓળખતી નથી.' મોટી બેનની અદાથી ઉષાએ કહ્યું.

'તો પછી....'

'તો પછી કાકી, પેંડા લાવો, નાસ્તો લાવો, ચા લાવો.' શારદાનું વાક્ય ઉપાડી આનંદઘેલી ઉષા બોલતી અંદરના રૂમમાં પહોંચી ગઈ. દિલીપ અને શારદા આ નિર્દોષ, સ્નેહાળ યુવતીના આનંદને પૂજ્ય ભાવે જોઈ જ રહ્યાં. વિરહની વેદના હૃદયમાં શમાવી હસતે મુખે બીજાનાં મિલન કરાવતી નારી પૂજ્ય જ ગણાય ને?

થોડી જ વારમાં હસતે મુખે નાસ્તાની ડીશો લઈને કાકી બોલ્યાઃ

'તું બેસ બેન,' કાકીના મુખ પરના ભાવ કહેતા હતા કે ઉષાએ તેમને વધામણી આપી દીધી છે,

ચારે જણાંએ સાથે બેસી આનંદથી ચા-પાણી કર્યાં. અડધા એક કલાક બાદ દિલીપ જવા માટે ઉઠ્યો. તે બોલ્યોઃ

'ઉષા, હું જાઉં છું' અને એક છૂપી ઝડપી નજર તેણે શારદા પર નાખી લીધી. પણ ઉષાથી એ છૂપું કેમ રહે? તે બોલીઃ

'ભાઈ, ચિંતા ન કરશો, ઘેર થઈ આવવાનું મને કાંતા કાકીએ કહી રાખ્યું છે, ચાર વાગે આવી પહોંચીશું.' બેનની વાત સાંભળી વગર બોલે હસતાં હસતાં દિલીપ રસ્તે પડ્યો. શારદા તેને સ્નેહભરી નજરે જતો જોઈ રહી!

'અંદર ચાલ.' શારદાને ખભે હાથ મૂકતાં ઉષા બોલીઃ 'અત્યારથી....'

'તને તો દરેક વાતમાં એમ જ લાગે છે.' સ્મિત વેળતી શારદા બોલી. પરંતુ તેના મુખ પરના ભાવ તો કહેતા હતા કે સાચે જ દિલીપ ગયો તે તેને ગમ્યું નહિ. જતાં દિલીપ તરફ એ એકીટશે તાકી રહી!

દિલીપ ઘેર પહોંચ્યો ત્યારે આતુરતાથી તેની રાહ જોતી માતા બેઠી હતી.

'ભાઈ...' આશાભર્યા અવાજે માતા બોલી. તે કાંઈ પૂછી ન શકી છતાં તેના મુખ પરના ભાવોએ દિલીપને જાણે પૂછી નાખ્યું: 'ભાઈ શું કરી આવ્યો? હા પાડીને? હવે તો મારી ઈચ્છા પૂરી થશે ને?' પ્રખર તાપમાંથી આવેલો તરસ્યો માણસ પાણી જુએ ત્યારથી પાણી પીએ ત્યાં સુધીમાં કેટકેટલા ભાવ અનુભવે છે! કાંઈક એવા જ ભાવ દિલીપની માતાએ દિલીપને જોયા બાદ અને એનો જવાબ મળતાં સુધીમાં અનુભવ્યા. માતાની આતુરતા દિલીપ સમજ્યો પરંતુ જરા શરમાયો. તે બોલ્યોઃ

'બા ચાર વાગે ઉષા આવવાની છે ' અને હસતો હસતો તે દાદરનાં પગથિયાં ચડી ગયો. પરંતુ પુત્રના મુખ પર પથરાયેલો આનંદ જોઈ માતા સમજી ગઈ કે આ વિવાહ કરવા તે ખુશી છે નહિ તો ક્યારનોય 'હમણાં કાંઈ નહિ બા, તમે લોકો નકામાં મારી પાછળ પડ્યાં છો, શું નાસી જાય છે?' જેવી વાક્ધારા વહાવતો ખીજવાતો પગથિયાં ચડતો હોત! માતા થોડીવાર અન્ય મનસ્ક શી ત્યાં જ ઉભી રહી. વૈશાખ માસ કેટલો દૂર છે તે તેણે ગણી નાખ્યું. શરણાઈના સૂર તેના કાનમાં ગૂંજી ઉઠ્યા. તેની નજર આગળથી જાણે ચલચિત્ર પસાર થવા લાગ્યું :



માથે માંડ મૂકી અને હાથમાં રામણદીવો લઈ ચાલતી હતી. સુંદર, રંગબેરંગી રેશમી વસ્ત્રોમાં સજ્જ થયેલી સ્ત્રીઓ તેની આજુબાજુ ચાલી ગીત ગુંજાવર કરતી હતી. ચિત્ર બદલાયું. બીજી જ પળે ચોરી પાસે ઉભેલો દિલીપ માતાને પૂછી રહ્યોઃ 'બા બ્રહ્મચારી થાઉં?' એ ચિત્ર જોયું ન જોયું ત્યાં તો ઘૂમટાથી અધિક સુંદર લાગતી વહુ તેને પગે પડી અને તેને આશીર્વાદ આપી તે ઉભી કરી રહી. પરંતુ છેલ્લા ચિત્રે તો તેને ઘેલી જ કરી મૂકી. પારણામાં સૂતેલા બાળકને ઉંઘાડવા તે હાલરડું ગાતી હતી પરંતુ ત્યાં જ બાળકે અચાનક ચીસ પાડી અને દાદીમાનો જીવ અધ્ધર થઈ ગયો! તે સાચે જ બહાર દોડી ગઈ. તેણે જોયું તો કૂતરાને જોઈને સામે ઓટલે રમતા બાળકે ચીસ પાડી હતી. સોનેરી સ્વપ્ન સૃષ્ટિનો અંત આવ્યો. દિલીપની માતા કાંઈક નિરાશ થઈ પરંતુ ત્યાં જ સામેથી ઉષાના કાકી આવતાં દેખાયાં અને તેમને સત્કારવા તે સામે ગઈ.

'બેન, દિલીપના વિવાહની વધામણી આપું છું.'

'તમારા મોંમાં ગોળ બેન, મને ખાત્રી હતી કે ઉષા આ વખતે ભાઈને પરણાવશે જ.'

ઉષાનાં કાકી ચા પી અડધો કલાક બેસી ઘેર ગયાં ત્યારે દિલીપની માતા એમની પાછળ ભાવવાહી નજરે જોઈ જ રહીઃ 'કેટલું પ્રેમાળ આ કુટુંબ છે!' તેણે વિચાર્યું.

ચાર વાગતા સુધી દિલીપની માતાને ધીરજ નહિ રહે એ ઉષા જાણતી હતી એટલે જ તેણે કાકીને શુભ સમાચાર આપવા મોકલ્યાં હતાં પરંતુ હવે તો દિલીપની માતાને ચાર ક્યારે વાગે તેની જ ઉતાવળ હતી, પોતાની ભાવિ વહુને જોવાની ઈચ્છા કઈ સાસુને ન

થાય?

આખરે ચાર વાગ્યા. તે પહેલાં જ ઓટલે બે-ચાર લટાર તો દિલીપની માતા મારી જ આવ્યાં હતાં. આખરે બેનપણીને લઈને ઉષા આવી પહોંચી. કુંવારી છતાં શ્વસુરગૃહે આવેલી શારદાએ અર્ધ ભાગ સુધી માથે ઓઢ્યું હતું.

'હવે વહુ જેવી લાગે છે હોં' ઉષાએ રસ્તે મજાક કરી.

'મશ્કરી કરવી હોય તો અહીંથી જ પાછી વળી જાઉં' શારદાએ સહેજ અટકીને ઉભા રહેતાં કહ્યું.

'હવે ચાલને છાનીમાની.' સખીનો હાથ ખેંચતા ઉષા બોલીઃ 'મનમાં ભાવને...'

અને એમ ગમ્મત કરતી સખીઓ દિલીપને ઘેર આવી પહોંચી ત્યારે તેમને સત્કારવા કાન્તાકાકી ઓટલે જ ઉભાં હતાં. મસ્તીભરી ઉષા સાથે આવતી તેવી જ સુંદર શારદાની મસ્તી પર ડહાપણનો ઓપ ચડાવ્યો હોય તેમ લાગતું હતું. શરમની રેખાઓ પણ મુખ પર અંકિત થયા વિના કેમ રહે?

બંને સખીઓને જોતાં જ દિલીપની માતાએ હર્ષભેર આવકાર આપ્યોઃ 'આવો, આવો ક્યારની તમારી રાહ જોઉ છું.'

'હા કાકી.' બોલતી ઉષા ઘરમાં પ્રવેશી, તેની પાછળ શારદા પણ.

'આ મારાં કાકી,' પરિચય કરાવતાં ઉષા બોલીઃ 'અને કાકી, આ શારદા મારી બહેનપણી અને તમારી...' ઉષા હસતે હસતે છેલ્લો શબ્દ ગળી ગઈ.



'તું તો એવી જ રહી ઉષા.' કાકી બોલ્યાં : 'આમ નાનાં છોકરાને શરમાવીએ નહિ!'

ભાવિ સાસુને વંદન કરી શારદા સોફા પર બેઠી. એની સાથે જ બેઠક લેતાં ઉષા બોલીઃ

'ઓ હો હો, તો હુંય ક્યાં ઘરડી થઈ ગઈ છું કાકી? તમે તો અત્યારથી જ પક્ષપાત કરવા માંડ્યો!'

'ગાંડી.' સ્નેહાળ કાકી બોલ્યાંઃ 'તું તો દીકરી છું, તને ઠપકો દેવાય'

'દીકરીએ કાંઈ ગુનો કર્યો ? અત્યારથી અમને આમ હલકાં પાડશો તો પછી...'

'હું જબરી નથી' વચ્ચે જ શરમાતાં શરમાતાં શારદા બોલી અને ત્રણેય જણ હસી પડ્યાં!

લગભગ એક કલાક બંને સખીઓએ દિલીપનાં માતા-પિતા સાથે પસાર કર્યો. ચા-પાણી થયાં અને આનંદભરી વાતો પણ. પોતાની ભાવિ વહુંના સૌંદર્ય, ગુણ અને વિવેકથી સાસુ-સસરા પ્રભાવિત થયા. આવી સારી કૂલવધુ મળવા બદલ બંનેને સંતોષ થયો...

બીજે દિવસે શારદા જવાની હતી. રાત્રે બંને સખીઓએ પુષ્કળ વાતો કરી. કોલેજકાળના એ સુખી દિવસોમાં તે બંને ફરી આવી. અંતે શારદાએ કહ્યુંઃ

'ઉષા, અમારા જેવાંને ઠેકાણે પાડે છે પણ તારું શું? ક્યાં સુધી આમ એકલી રહીશ?'

'જીવનભર' ઉષાએ મક્કમતાથી જવાબ વાળ્યોઃ 'તમારી બધાંની લાગણી સમજું છું બેન, કાકી તથા દિલીપભાઈ પણ કદી કદી મને આમ કહે છે પણ શારદા, સાગર મિલનનાં ગીત ગાતી સરિતા છેવટે તેમાં જ સમાઈ જાય છે. તેમાંથી પાછી બહાર નીકળતી નથી. હું અશોકમાં સમાઈ ગઈ છું. મારા દિલની દુનિયા એના પૂરતી જ મર્યાદિત છે.'

'પણ બેન' શારદા બોલીઃ 'જે ગયું તેને જ રડ્યા કરીએ તો આપણું જીવન કેમ ઘડાય?'

'ગયું !' ઉષા બોલી ઉઠીઃ 'શું ગયું? સ્નેહ કદી જતો નથી શારદા અને આત્મભોગ આપી પ્રેમના વિકટ માર્ગે આગળ વધનારનું જીવન ઘડાતું નથી એવું કોણ કહી શકે? અરે, એવાં જીવન તો અન્યને ય રાહ બતાવે.'

'એ આદર્શ સિદ્ધ કરવો એ સહેલું નથી, ઉષા.'

'સહેલાઈથી સિદ્ધ થાય એવા સામાન્ય આદર્શો હું સેવતી પણ નથી, શારદા.' સહેજ ગર્વથી ઉષા બોલી.

'જીવનનો રાહ ઘણો લાંબો છે.' શારદાએ ચેતવણીનો સૂર કાઢ્યો.

'જેમ તપાવશો તેમ સોનું વધુને વધુ ચમકશે!'

'પણ જેણે આપણને છોડ્યા...'

'તેને આપણેય છોડીએ તો સ્નેહ કર્યો કેમ કહેવાય? એ તો સોદો ગણાય'

'પણ એ તો લગ્ન કરીને લહેર કરતો હશે. તું શીદ આમ તપ



કરે છે?'

'તપસ્વીની ગણાવા' ઉષાએ વાતાવરણને હળવું કરતાં કહ્યું. 'ઉષા, આપણને ભૂલે તેને ભૂલી આપણે આપણો જીવન-રાહ નક્કી કરવો જોઈએ.'

'અગ્નિ પરીક્ષામાંથી પસાર થયા છતાં રામે સીતાનો ત્યાગ કર્યો હતો. તારા કહેવા પ્રમાણે તો સીતાએ પણ...'

'સીતાના ત્યાગવા છતાં ય રામ તેને ભૂલ્યા ન હતા' શારદા વચ્ચે જ બોલી.

'પાંચ પાંચ પતિની હાજરીમાં દ્રૌપદીનાં ચીર ખેંચાયા! પાંડવો સાથેનો સંબંધ તોડવાનો દ્રુપદપુત્રીને અધિકાર નહિ?'

'પણ...'

'ભર વનમાં વૈદર્ભીને રઝળતી મૂકીને નળ ચાલ્યો ગયો.' ઉષાએ અધવચ્ચે જ પૂછ્યુંઃ 'છતાં દમયંતી બાહુક સ્વરૂપે આવેલા નળને જ પરણીને?'

'એ બધા આદર્શ છે ઉષા. બધા જ વાસ્તવિક નથી હોતા!'

'તો હું પણ દુનિયા સમક્ષ એક એવો જ આદર્શ મૂકી જવા માંગું છું. પત્ની સાથે મોજથી રહેતો અશોક કદી મને યાદ કરતો હશે અને મને ખાત્રી જ છે કે કરતો હશે તો મારા પ્રેમની એ સિદ્ધિ છે અને મને કદી યાદ નહિ કરતો હોય તો મારા પ્રેમની એટલી મહાનતા છે કે સામા પક્ષના ત્યાગ છતાં હું મારા પ્રેમને વળગી રહી છું. તું તો જાણે છે બેન, ઉષાનું દિલ એકને અપાઈ ગયું છે, હવે દેહ બીજા કોઈને નહિ જ અપાય.' વાક્ય પૂરું થતાં તો ઉષાની આંખો

છલકાઈ ગઈ. આંસુભરી આંખે શારદા આ સખીની મહાનતા માપી રહી.તેને થયું : 'કેટલી નાની છું હું ઉષા આગળ !' અને એ વાતની જાણે સાક્ષીરૂપે ઘડિયાળે એક-બે નહિ, બાર ટકોરા પાડ્યા !

હૃદય હળવું કરી મધ્ય રાત્રિએ બંને સખીઓ સૂઈ ગઈ. સવારમાં ઉષા શારદાને મૂકવા સ્ટેશન ગઈ. ગાડીમાં બેઠેલી સહીયરને તેણે ધીમેથી પૂછ્યું : 'ભાભી, ક્યારે આવશો ?'

'તમે લેવા આવશો ત્યારે.' શારદાએ પણ હસતે હસતે જવાબ આપ્યો અને આ વાત સાંભળી શરમ આવી હોય તેમ બૂમો મારતી ગાડી ત્યાંથી સરકી ગઈ ! કાંઈ ઠપકો દેવાનો હોય તેમ શારદાનેય સાથે લેતી ગઈ !

● ● ● ● ●



# ૬. સુખી દિવસો

વિવાહ થયા પછી લગ્નની વાર શી ? આજનો યુવક વિવાહ માટે કદાચ આનાકાની કરે ખરો, પરંતુ વિવાહ થાય કે તરત જ તેને પરણવા જોઈએ ! જો કે અહીં તો દિલીપનાં માતા-પિતાને જ વધુ ઉતાવળ હતી. એટલે દિલીપે શારદા પર પસંદગીની મહોર મારી કે તરત જ તેમનાં લગ્નની તૈયારીઓ થઈ ગઈ. વૈશાખના વાયરા સાથે દિલીપ-શારદાનાં લગ્નની શહનાઈઓ પણ ગુંજી ઊઠી. ઉષા બંને પક્ષે વહાલી દિલીપની. બેન તરીકે અને શારદાની સહિયર તરીકે. દિલીપ અને તેનાં માતા-પિતાના આગ્રહથી તે લગ્ન પહેલાં જ થોડા દિવસ કાકી સાથે દિલીપને ત્યાં રહી. પરંતુ શારદાના આગ્રહથી લગ્ન પહેલાં જ થોડા દિવસ કાકી સાથે દિલીપને ત્યાં રહી, પરંતુ શારદાના આગ્રહથી લગ્ન પહેલાં જ બે દિવસ તેને ત્યાં વડોદરા પહોંચી ગઈ. સ્ટેશનથી શારદાને ત્યાં જતાં માર્ગમાં કોલેજ આવી. અને ક્ષણમાં ઉષા સામે ભૂતકાળ ખડો થયો. તેની અને અશોકની સ્નેહ લીલાનાં અનેક સ્થળો તેની નજર સામે આવ્યાં અને ગયાં. ગાડી આગળ સરી તેમ તેમ ચિત્રો પણ બદલાતાં થયાં અને એ ત્રણ મિનિટમાં જ બે-બે વર્ષની સ્નેહલીલા સમાપ્ત થઈ ગઈ ! અનેક પરિચિત સ્થળોને નવા રૂપે નિહાળતી જ ઊભી રહી હતી. શરીર પર જાણે સોનાનો ઢોળ ચડાવ્યો હોય તેમ પીઠી ચોળેલું તેનું સૌંદર્ય દીપતું હતું ! બંને સખીઓ મળી જાણે-ગંગા અને યમુનાનો સંગમ થયો ! શુદ્ધ દિલના બધા જ સંગમો પવિત્ર છે. આ સખીઓનું

મિલન દૃશ્ય પ્રયાગ સ્નાન જેટલું જ પવિત્ર હતું !

શારદા અને તેનાં કુટુંબીઓ સાથે લગ્નની દોડાદોડીમાંય ઉષાએ બે દિવસ આનંદથી કાઢ્યા. ત્રીજે દિવસે જાન આવી પહોંચી. વરને જાણે જોયો તેણે વખાણ્યો. નવશાની પ્રશંસા સાંભળતાં તેમ તેમ શારદાનાં માતા-પિતાનો ઉષા તરફનો ભાવ જાણે વધતો હતો. આ બધાની યશની અધિકારીણી એ જ છે એમ તે માનતાં અને કહેતાં. પોતાની પ્રશંસા સાંભળીને ઉષાને શરમ આવતી. તેણે કહ્યું : 'બા, તમે આમ શું કહ્યા કરો છો ? શારદાનાં ભાગ્ય હશે તે મારા ભાઈ મળ્યા. મેં કાંઈ પણ કર્યું હોય તો માત્ર મારી ફરજ બજાવી છે.'

રાત્રે બ્રાહ્મણ વચને, રજા પર ગયેલ સૂર્યદેવના બદલે અગ્નિદેવની શાખે દિલીપ શારદાનાં લગ્ન થયાં. કોઈ ગાઈને, કોઈ ખાઈને, કોઈ પહેરી ઓઢીને તો કોઈ રીસાઈ-મનાઈને ખુશ થયાં અને વરકન્યાને ને જીવનભર સાથે રહેવાનો પાસપોર્ટ સૌએ આપી દીધો ! બીજે દિવસે જાન સાથે જ ઉષા પણ મુંબઈ ગઈ. લગ્ન પછીના એ દિવસો કોઈ મધુર સ્વપ્ન જેમ વીતી અને લગ્ન વીત્યાની રાત્રીઓ ગણતો ગણતો દિલીપ અને શારદા માસ ગણતાં થઈ ગયાં.સાથે ફરતાં, સિનેમા જોતાં, હોટલ જતાં એ બંને જણ ઉષાને કદી ભૂલતા નહિ. ઉષા તો કોઈકવાર કહેતી પણ ખરી : 'મને સાથે જ લઈને ફરો છો તો પછી સ્વતંત્ર રીતે ફરવાનો આનંદ ક્યારે મળશે ?'

'તું ન હોય ત્યારે અમને પરતંત્રતા લાગે છે ઉષા.' શારદા કહેતી, 'કારણ કે તારી ગેરહાજરી અમને હંમેશ સાલે છે.' સ્નેહભર્યો એ સમય પાણીના રેલા પેઠે વહી ગયો. દરમિયાન બે-એકવાર



શારદા વડોદરા પણ જઈ આવી અને ત્યારે ભાભી વિનાના ભાઈની ઉષાએ ઓછી મશ્કરી નહોતી કરી : 'કેમ, ભાભી વિના નથી ગમતું ને ?' કહી દિલીપને તે ચીડવતી. ઉષાનેય ખરી રીતે તો હવે શારદા વિના ફાવતું ન હતું તેથી જ તો શારદા વડોદરા જાય ત્યારે ભાઈના નામથી તે તેને કહેતી : 'વહેલી આવજે, પાછા મારા ભાઈ તારા વિના સુકાઈ જશે !'

● ● ● ● ●

## ૭. વિયોગ

એક દિવસ દવાખાને જતાં જ દિલીપે ઉષાને કહ્યું : 'આજે શારદાની તબિયત ઠીક નથી.'

'કેમ શું થયું ?' ઉષાએ ચમકીને પૂછ્યું.

'ખાસ કાંઈ નથી.' દિલીપે કહ્યું : 'સવારમાં એકાદ-બે વાર વોમીટ થઈ.'

ઉષાના કપાળમાં કરચલી પડી અને ભીના કપડાને આમળતાં પાણી બહાર નીકળી આવે તેમ કપાળની કરચલીઓમાંથી જાણે ઉષા કારણ કળી ગઈ !

'તે કાંઈ દવા ના કરી ડૉક્ટર સાહેબ ?' ઉષાએ હસતાં હસતાં પૂછ્યું. આવી વાત સાંભળી તે હસતી હતી, તેથી દિલીપને નવાઈ લાગી ! તેણે જવાબ આપ્યો :

'મેં તો એક ડોઝ આપ્યો હતો, પરંતુ ખાસ અસર ન થઈ.'

'ડૉક્ટર, ઈંગ્લેન્ડ ભણવા ક્યારે જાવ છો ?'

'કેમ ?' આશ્ચર્યથી પૂછતાં દિલીપે કહ્યું : 'આઠેક માસની વાર છે.'

'ઠીક, ભણીને આવ્યા પછી કદાચ સ્ત્રીના દર્દ સમજી શકશો.'

'ઉષા, તું શું કહે છે તે જ સમજાતું નથી.'



'ઊભા રહો, સમજાવું.' કહી ઉષાએ ભાઈના કાનમાં કાંઈક કહ્યું, ત્યારે દિલીપના મુખ પર આનંદ અને આશ્ચર્યની રેખાઓ દોરાઈ ગઈ ! 'સાચું ?' તે બોલી ઊઠ્યો.

'હા, હું એમ ધારું છું. છતાં સાંજે ખાત્રી કરીને કહીશ. ત્યાં સુધી શાંતિ રાખો.' ઉષાએ વડીલની અદાથી કહ્યું.

અને સાંજે ઉષા દિલીપને ત્યાં ગઈ ત્યારે શારદા ખુરશીમાં બેસી કાંઈ વાંચી રહી હતી. પાછળથી જઈ ઉષાએ તેની આંખે હાથ દઈ દીધા. એ કોમળ સ્પર્શને શારદા ન ઓળખે એમ કેમ બને ? 'ઉષા' તે બોલી અને 'કાં ભાભી શું થયું ?' કહેતી ઉષા તેની સામે આવીને ઊભી રહી.

'હા, એક નવી ખબર મળી ગઈ, કેમ ?' શારદાએ હસતાં હસતાં પૂછ્યું.

'ખબર તો મળી પણ સત્તાવાર ખબર તારે આપવાની છે.' ઉષાએ ખુરશીમાં બેસતાં કહ્યું.

'મારે ?'

'હા, તારે બોલ, તબિયતને શું થયું ?'

'કાંઈ નહિ ' શરમાતાં શરમાતાં શારદા બોલી : 'એ તો જરા....' તેનું વાક્ય અપૂર્ણ રહ્યું. શરમથી તેણે આંખો ઢાળી દીધી.

'તો તો મારી વાત સાચી.' ઉષા આનંદથી બોલી ઊઠી.

'કઈ વાત ?' શારદાએ પૂછ્યું. પરંતુ હજીય તેના ચહેરા ઉપર શરમના ભાવ હતા.

'તું બાબાની બા થવાની છે તે.' ઉષાએ પાસે જઈને ધીરેથી

કહ્યું.

'તું તો એવીને એવી જ રહી.' હસતાં શરમાતાં શારદા બોલી.

'તે એમાં શરમ શાની આવી છે ?' જાણે ઠપકો દેતી હોય તેમ ઉષા બોલી : 'હવે બેઠાં બેઠાં ઝબલાં-ટોપી ભરો ભાભી.'

શારદા, તો ઉષાને મન બેન જેવી હતી. છતાં ગમ્મતમાં તે કદી તેને ભાભીના વ્હાલભર્યા શબ્દોથી સંબોધતી. અને એ સામે શારદાને વાંધો પણ નહોતો !

પછી તો ચા-પાણી થયાં. બંને સખીઓએ મોડે સુધી વાતો કરી, દિલીપની વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જવાની વાત પણ ચર્ચાઈ. એ વાતથી શારદાની આંખમાં આઠ માસ પહેલાં જ આંસુ આવી ગયાં. ઉષાએ તેને આશ્વાસન આપ્યું અને મોડેથી બંને સખીઓ છૂટી પડી. 'કાકી' જતાં જતાં દિલીપની માતાને ઉષાએ કહ્યું : 'હવે તો તમે દાદી થવાનાં.'

'એની દયા બેન,' આકાશ તરફ આંગળી કરી કાકી બોલ્યાં, 'પણ ઉષા, આજે જમીને જ જજે.'

'ના કાકી, આજે તો મોડું થયું છે. ફરી કોઈક વાર,' કહી ઉષા ગઈ. કાન્તાકાકીના મુખ પર આનંદના ભાવનું કારણ ઉષા સ્વાભાવિક રીતે સમજી ગઈ.

સમયના વહેણ સાથે દિવસો અને માસ પસાર થઈ ગયા.

શારદાના સીમંતનો પ્રસંગ આનંદપૂર્વક ઉજવાયો. હૃદયના એ આનંદભર્યા ભાવ શમે તે પહેલાં તો તેને પિયર જવાનું આવ્યું. ઓછામાં ઓછા ત્રણ-ચાર માસનો વિયોગ હતો. ઉષાને અને દિલીપનાં માતા-પિતા ને જાણે ઘરની વસતી જતી હોય એવું દુઃખ



થતું હતું, પછી દિલીપ અને શારદાની તો વાત જ શી ? એ છેલ્લી રાત્રિ શારદાની આંખમાંથી આંસુ સુકાયાં નહોતા, દિલીપ તેને આશ્વાસન આપી શકતો નહોતો. આવા પ્રસંગોએ દૂર રહેવાના સામાજિક નિયમ પાછળનું રહસ્ય ડૉ. દિલીપ પણ ન સમજી શક્યો. તેણે તો આ રિવાજને પેટ ભરીને ગાળો દીધી ! અંતે બધાંની સ્નેહભરી વિદાય લઈ શારદા વડોદરા ગઈ.

• • • • •

# ૮. વિદેશગમન

'ભાઈ, આજે તો મનેય ગમતું નથી,' એક દિવસ દવાખાનામાં જ ઉષાએ દિલીપને કહ્યું.

'તો ચાલ, આપણે ય વડોદરા જઈએ.' હસતાં હસતાં દિલીપે જવાબ આપ્યો.

'જઈશું,' ઉષાએ કહ્યું : 'પણ હમણાં નહિ. બાબાને રમાડવા.' અને હસતો હસતો દિલીપ દર્દીનું ઈંજેક્શન તૈયાર કરવા લાગ્યો.

ચાર-પાંચ દિવસે નિયમિત શારદાનો પત્ર આવતો. દિલીપ અને ઉષાને તેની તબિયતની ચિંતા તો રહેતી જ, પરંતુ નિયમિત રીતે મળતા સમાચારથી શાંતિ રહેતી. વચ્ચે એક વાર દિલીપ વડોદરા પણ જઈ આવેલો. પરંતુ હવે તો વાટ જોવાતી હતી કાંઈક નવા, આનંદજનક સમાચારની. એટલે જ્યારે શારદાનો પત્ર આવતો ત્યારે તે બબડતી : 'હજી ક્યાં સુધી પત્રો લખતી રહેશે ?'

પરંતુ આ વખતે નિયમ તૂટ્યો ! ધારેલા દિવસે શારદાનો પત્ર ન આવ્યો . દિલીપને ચિંતા થઈ. ઉષાએ કહ્યું, 'એમ અધીરા ન થઈએ ભાઈ !' દિલીપ શરમાઈને શાંત રહ્યો. બીજે દિવસે પણ કાગળ ન આવ્યો. દિલીપની ચિંતામાં ઉષાએ સાથ આપ્યો અને ત્રીજે દિવસે ટપાલ ન આવે તો દિલીપે વડોદરા જવું એમ બંને ભાઈ બેને નક્કી કર્યું ! પરંતુ ત્રીજા દિવસનો સૂર્ય સોનેરી કિરણો વેરતો



ઉગ્યો હતો. નવ વાગે કાગળ આવ્યો - શારદાનો નહિ અને દિલીપ ઉપર નહિ, વેવાઈનો પત્ર આવ્યો વેવાઈ ઉપર ! કંકુ છાંટેલા એ પત્રના સમાચાર વિના વાંચે જ દિલીપના પિતા કળી ગયા. અને જ્યારે તેમણે પત્નીને પત્ર વાંચી સંભળાવ્યો ત્યારે તેમના આનંદની સીમા જ ન રહી ! જોડે રહીને જ દિલીપે સમાચાર સાંભળ્યા અને આનંદ ઘેલો તે પહોંચ્યો ઉષાને ઘેર ! ભાઈના મુખ પરના ભાવ જોઈને જ ઉષા સમજી કે એ ખુશ છે. છતાં અધીરાઈ અને આતુરતાથી તેણે પૂછ્યું : 'ભાઈ પત્ર આવ્યો ! શું સમાચાર છે ?''

'તારા પેંડા પાક્યા.' દિલીપે કહ્યું.

'બાબો આવ્યોને ?' આનંદથી ઉષાએ પૂછયું.

'હા, ગઈ કાલે જ.'

'હું કેતી હતીને ભાઈ,' કહેતી ઉષા એકદમ રસોડા તરફ જતાં મોટે મોટેથી બોલી : 'કાકી, જાણ્યું તમે ? દિલીપભાઈને ઘેર બાબો આવ્યો.'

'એમ ?' હસતાં હસતાં કાકીએ પણ સામે આવી પૂછયું, 'ક્યારે ?'

'ગઈ કાલે.'

'ચાલો સારું થયું. સો વર્ષનો થાય.' કાકીએ આશિષ દીધી અને 'ઉભી રહે, હું ગોળ લાવું' કહેતાં તે રસોડામાં ગયાં.

આ સ્નેહાળ આત્માઓના પવિત્ર દર્શને દિલીપ ઘડીભર પુત્રજન્મનો આનંદ વીસરી ગયો.

ઉષાને ત્યાં ત્રણ જણે મોં ગળું મોં કર્યું ત્યારે દિલીપને ત્યાં પણ

ગોળ વહેંચાઈ ચૂક્યો હતો !

દિલીપને હવે ઈંગ્લેન્ડ જવાની ચાર માસની જ વાર હતી. એટલે બાબો બે માસનો થયો ત્યાં તો શારદાને તેડી લેવામાં આવી. જો કે ઉષા અને કાન્તાકાકી-દિલીપના માતા-તો બાબાને વડોદરા જઈને ક્યારનાંય રમાડી આવ્યાં હતાં. દિલીપ પણ ત્યાર પછી એક વાર ત્યાં જઈ આવ્યો હતો. પંરતે દિલીપના પિતાએ તો પૌત્રને પહેલી જ વાર જોયો. તેમનું હૈયું જાણે હાથમાં નહોતું. બે માસના એ નાના બાળકને તેમણે પેટ ભરીને રમાડ્યું. આ નવી વ્યક્તિના સ્નેહમાંથી છૂટવા બાળકે જલવર્ષા કરી..... છતાંય દાદા ન ડગ્યા, ત્યારે છેવટે થાકીને તેણે રુદનાસ્ત્ર અજમાવ્યું. આ અસ્ત્રનો મુકાબલો દાદા ન કરી શક્યા અને તેમણે પત્નીને બાળક આપતાં આપતાં કહ્યું ‘બરાબર દિલીપ જેવો જ છે.’ કાન્તાએ હસતાં હસતાં સાથ આપ્યો : ‘હું તો પહેલેથી જ કહું છું ને.’

દેખાવે પૌત્રો બધાંને પુત્ર જેવા જ લાગે છે, પરંતુ કદાચ પુત્ર કરતાંય વધુ વ્હાલા લાગતા હશે. કારણ, બાળક ઉપર વહાલ રાખવા જેટલી ઉંમર પણ ત્યાર જ થાયને ? વીસ વર્ષની ઉંમરે પિતા થયેલો બિચારો યુવક બાળક પર વ્હાલ કરતાંય શરમાય છે. એટલે એ લ્હાવો દાદા થાય ત્યારે જ તે લે છે !

નાનકડા એક આત્માની વૃદ્ધિથી ઘર ભર્યુંભર્યું થઈ ગયું. દાદી-દાદાના ખોળામાં લેટતા-ખેલતા હેમંતને ઉષા ફોઈ અને માસીનું બેવડું વ્હાલ કરતી ! દિલીપ શારદા તો પુત્રને રમાડ્યા કરતાં તેને રમાડાતો જોઈનેજ વધુ ખુશ થતાં. હા, રાત્રે તેઓ ઊંઘતા ‘હેમુ’નેય ચુંબનોથી નવડાવી દેતાં. ઘર છોડી ઈંગ્લેન્ડ જવાનું દિલીપને હવે



પહેલાં કરતાંય વધુ મુશ્કેલ જણાયું. પણ કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. વીઝા પાસપોર્ટ આવી ગયાં હતાં. એફ.આર.સી.એસ.ની ડીગ્રી તેના કિસ્મતે અંકાઈ ગઈ હતી, પછી જવું જ રહ્યું ને ?

મુંબઈ બંદર પર લોકોની ઠઠ જામી હતી. ઉપરથી શાંત દેખાતાં ઘણા લોકોના હૃદય અશાંત હતાં. ઘણાં દોડાદોડ કરતાં હતાં. કેટલાંક અશ્રુભીની આંખે, ગરીબ મુખે એકબીજાની સામે તાકી રહ્યાં હતાં. હા, આજે સટીમર ‘ભાગ્યોદય’ ઉપડવાની હતી. પોતાનાં ભાગ્ય બદલવા આજે ઘણા સ્નેહી-સ્વજનોને છોડી સાત સાગરને પાર જવાનાં હતાં. તેમને વળાવવા, શુભેચ્છા પાઠવવા, સ્નેહની અતૃપ્તિને જાણે છેલ્લી ઘડીએ પૂર્ણ કરવા લોકો ત્યાં ભેગાં થયાં હતાં : કિનારાની એક બાજુ સાગર હતો. જળથી ભરેલો, બીજી બાજુ સ્નેહસાગર છલકાતો હતો ! કોની તાકાત વધારે ? અગાધ સાગર જલની કે નાનાં નયનોમાંથી ટપકતાં અશ્રુબિંદુઓની ?

સ્વજનોને છોડી પરદેશ જનારને દુઃખ હતું કે સ્નેહને હૃદયમાં સમાવી સ્નેહીની પ્રગતિ માટે માર્ગ મોકળો કરી તેને પરદેશ જવા દેનારને તે કળી શકાય તેમ નહોતું. સ્નેહીઓને કદાચ એમ લાગતું કે જવાની સંમતિ નહોતી આપવી જોઈતી. આવા સમૂહમાં દિલીપ, તેનાં માતા-પિતા, શારદા અને ઉષા પણ હતાં !

અંતે બંદર પર પહોંચેલાં સૌ સ્નેહીજનોએ દિલીપને પોત-પોતાની રીતે વિદાય આપી. મનને દૃઢ કરી પૌરુષત્વ સાચવવા આંસુને આંખના ખૂણામાં જ સમાવી લેતા પિતા, એકસરખી રીતે અશ્રુધારા વહાવતી માતા, આંખમાં આંસુ સાથે મુખ પર સ્મિત ફરકાવતી વ્હાલસોયી બહેન ઉષા, છુપાવવા છતાંય પ્રગટ થઈ જતા

રુદિત ચહેરે ઊભેલી પત્ની શારદા અને ઉછાળા મારી મારી પિતા પાસે જવા નમતા, કિલકિલાટ કરતા છ માસના તંદુરસ્તીભર્યા પુત્રને મૂકી આંસુ લૂછતો, પ્રયાસપૂર્વક હસતાં, દૂર દૂર જતા સુધી રુમાલ ફરકાવતો દિલીપ, સ્ટીમર 'ભાગ્યોદય' દ્વારા ઈંગ્લેન્ડ જવા રવાના થઈ ગયો !

• • • • •



## ૯. ડૉ. પીયૂષ

દિલીપના ગયા પછી થોડા દિવસ તો તેના ઘરનાંને બિલકુલ ગમ્યું નહિ. ઉષા શારદા પાસે જતી અને તેની એકલતામાં સાથ આપતી. વળી થોડા સમય બાદ દિલીપ ડીગ્રી લઈને પાછો આવશે ત્યારે તે અધિક માન અને ઊંચા પદનો અધિકારી બનશે એ વિચારે સૌનું વિયોગ દુઃખ હળવું પણ થતું. તેમાંય બધાંનો લાડલો 'હેમુ' રહીસહી ખોટ પણ પૂરી કરી દેતી.

આ તો ઘરની વાત. પણ દવાખાનામાં તો ઉષાને તેના દિલીપભાઈની ખોટ અવશ્ય સાલતી. તે હતો ત્યારે નોકરી, નોકરી નહોતી લાગતી. હવે નોકરી તેને મન એક ભારે બોજો, એક મોટું બંધન બની રહી. દિલીપનાં સંસ્મરણો તેના હૃદયમાં દુઃખ જગવી જતાં. હવે દવાખાનામાં તે પહેલાંના જેવી મસ્તીમાં ન રહી શકતી અને મનની આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ અશોક યાદ આવી જતો. 'દિલીપભાઈ'ની હાજરીમાં હૃદયમાં દટાઈ ગયેલાં અશોકનાં સંસ્મરણો હવે બમણા વેગથી બહાર આવતાં અને તેના હૃદયના તાર ઝણઝણી ઊઠતા ! આવે સમયે તે કદી છૂપાં આંસુ સારી લેતી, કદી મન બીજે વાળવા કોઈ દર્દી પાસે પહોંચી જઈ તેની સાથે વાતે વળતી અને ત્યારે એક દર્દી બીજા દર્દીનું અજાણતાં આશ્વાસન સ્થાન બનતું ! સ્નેહીના વિરહના કારી ઘા સહેતી ઉષા પણ દર્દી જ કહેવાયને ?

છતાં ઉષાનું કામ બહારથી તો સરસ રીતે, વિના મુશ્કેલીએ ચાલતું હતું, કારણ કર્મચારીઓ અને સાહેબ બધાં જ પરિચિત હતાં. વળી સરકારી દવાખાનાના મુખ્ય ડૉક્ટર બહુ ઉમદા સ્વભાવના હતા, એટલે તેમના તરફથી ઉષાને તો શું, કોઈ પણ કર્મચારીને ખોટી હેરાનગતિ કદી ન થતી. તેમાંય ઉષાના કામ અને કુશળતાથી તો ડૉ. મનહરલાલ તેના પર બહુ જ ખુશ હતા !

પણ આ પરિસ્થિતિ લાંબો વખત ન ટકી. દિલીપના ગયા પછી મુખ્ય ડૉક્ટર એકાદ માસમાં જ મનહરલાલની બદલી થઈ અને તેમના સ્થાને મુખ્ય ડૉક્ટર તરીકે આવ્યા ડૉ. પીયૂષ.

નવા ઉપરી અધિકારીઓનો ડર શરૂ શરૂમાં બધા જ કર્મચારીઓને હોય છે. સાહેબનો સ્વભાવ જાણ્યા પછી, તેમનો થોડો પરિચય થયા પછી હાથ નીચેના માણસોનો ડર જતો રહે છે. સાહેબ તેમને અને તે સાહેબને ઓળખી જાય છે અને બંને એકબીજાને અનુકૂળ થઈ જાય છે !

પરંતુ ડૉ. પીયૂષની બાબતમાં ઊલટું બન્યું. એમનો સ્વભાવ જાણ્યા પછી હાથ નીચેનાં માણસો એમનાથી વધુ ડરવા લાગ્યાં ! તેઓ બહુ કડક સ્વભાવના માણસ ગણાતા, ભૂલ ન હોય ત્યાંયે તે શોધી કાઢી હાથ નીચેના માણસોને ધમકાવ્યા વિના કે ઠપકો આપ્યા વિના તેઓ ભાગ્યે જ જતા કરતા, એટલે એમનાથી બધાં જ ડરતાં. કડક થવું, ભૂલો શોધવી એ તો સાહેબગીરીનાં લક્ષણ છે ! કોઈક જ સોહબ એ ગુણ વિનાના હોય ! ડૉ. પીયૂષની હાજરીમાં બધાં તેનાથી ગભરાતાં, તેની ખુશામત કરતાં એ વાત સાચી પરંતુ ખાનગીમાં તો તેઓ તેની પેટ ભરીને નિંદા કરતાં અને ડૉ.



મનહરલાલની પ્રશંસા કરતા.

સ્વાભાવિક રીતે જ ઉષાની મુશ્કેલી પણ વધી. સદાય નિયમિત અને કાળજીપૂર્વક ફરજ બજાવવા છતાં તેને પણ કદી અકારણ ઠપકાને પાત્ર બનવું પડતું. ઉષાને આ અસહ્ય લાગતું, પણ શું કરે ? તે વધુ ચીવટપૂર્વક કાર્ય કરતી. પણ દૂધમાંથી પોરા શોધનારને કેમ ખુશ કરાય ?

પણ થોડા જ દિવસમાં ઉષાએ જોયું કે કોઈ કોઈ નર્સ ઉપર ડૉ. પિયૂષ બહુ ખુશ રહેતા ! તેમના કામમાં શરૂઆતમાં ડૉક્ટરને જે ખામી દેખાતી તે અદશ્ય થઈ ગઈ. હવે તેમની અનિયમિતતા ઠપકાને પાત્ર ન બનતી ! અરે, કેટલીક તો તેમના જમણા હાથ જેવી બની ગઈ ! પણ ઉષાને એનું સાચું કારણ તો ત્યારે જ સમજાયું જ્યારે વિજયા-પોતાની સખી નર્સ-સાથે તેને એક દિવસ આ બાબતની ચર્ચા થઈ.

'ઉષા, જોયું ને પેલી માલતીની ચાલમાં કેટલો ગર્વ છે ?' વિજયાએ કહ્યું.

'એ તો સાવ બદલાઈ ગઈ છે. જાણે આપણને ઓળખતી જ નથી !' ઉષાએ જવાબ આપ્યો.

'અરે, જાણે આપણી સાહેબ હોય તેમ વર્તે છે !'

'પણ એનું કારણ શું ? અત્યાર સુધી તો એવું કાંઈ નહોતું.'

'સાહેબ કરતાં સાહેબના પ્રિય પાત્રો વધુ દિમાગ રાખે ઉષા.'

'પણ એ પ્રિય પાત્ર થઈ કેવી રીતે ? આવડત કેટલી છે તે તો...'

'સાવ ભોળી રહી તું તો,' વચ્ચે જ વિજયા બોલી ? 'આવડત કાંઈ એક પ્રકારની થોડી જ હોય છે ?'

અને પછી વિજયાએ કાનમાં જે વાત કહી તે સાંભળી ઉષા ચોંકી ગઈ ! અને ત્યારથી તે વધુ સાવધાન રહેવા લાગી !

થોડા દિવસ કાંઈ ખાસ બનાવ વિના પસાર થયા. ઉષા છેલ્લા ત્રણ દિવસથી રાત્રિ ફરજ પર હતી. રાત્રિના દસ વાગ્યા હશે. ડૉ. પિયૂષ વોર્ડમાં ચક્કર મારી પોતાની રૂમમાં ગયા. આમ અનેકવાર તેઓ મોડી રાત્રે પણ વોર્ડમાં ચક્કર મારતા. તેથી તેઓ બહુ કાળજી વાળા ડૉક્ટર છે એવી છાપ દર્દીઓ પર સ્વાભાવિક રીતે જ પડી હતી.

પોતાની રૂમમાં ગયા બાદ થોડી વારે ડૉ. પીયૂષે પટાવાળાને કહ્યું : 'વોર્ડ નંબર છ કી નર્સ કો ભેજો.'

'જી,' કહી પટાવાળો વિદાય થયો અને ઉષા પાસે આવીને કહ્યું : 'સાહેબ આપને બોલાવે છે.'

ઉષાને ફાળ પડી ! રાત્રિના લગભગ બાર વાગ્યા હતા. દવાખાનામાં સંપૂર્ણ શાંતિ હતી. દર્દી બધાં સૂઈ ગયાં હતાં. દરેક વોર્ડની પરિચારિકાઓ અને છુટાછવાયા નોકરો સિવાય ખાસ કોઈ જાગતું નહોતું. તેવા સમયે સાહેબ પાસે જવાય ? ઉષા વિચારે ચઢી, પણ તેને થયું કે 'બોલાવે છે એટલે જવું તો જોઈએ જ. વળી ડૉક્ટર વિષે ખરાબ વિચાર કરવાનું શું કારણ ? કદાચ કોઈ દર્દી અંગે સૂચન કરવાનું હોય એટલે બોલાવે પણ ખરા.'

મનમાં આવા વિચારો અને દલીલો કરતી ઉષા કાંઈક ડર અને સંકોચ સાથે ડૉ. પીયૂષના રૂમમાં પ્રવેશી :



'મને બોલાવી સાહેબ ?'

'હા મીસ ઉષા, બેસો,' કહી સાહેબે સામેની ખુરશી તરફ આંગળી ચીંધી.

'કાંઈ ભૂલ તો....' બેઠા છતાં ઊભી હોય તેવી સ્થિતિમાં ઉષા બોલી, પણ ડૉક્ટરે તેને વચ્ચે જ અટકાવતાં કહ્યું :

'ભૂલ તો થયા કરે મીસ ઉષા, પણ તમારા પ્રત્યે મને સહાનુભૂતિ છે એટલે તમારે ફિકર કરવાનું કારણ નથી.'

'મહેરબાની, મને કાંઈ સૂચના કરવાની છે ?' ઉષા ડૉક્ટરની ચાલ સમજી એટલે ખુરશીમાંથી ઊભાં થતાં તેણે સવાલ કર્યો.

'સૂચના તો ઘણી કરવાની છે. બેસોને. ઉતાવળ કેમ કરો છો ?'

'મારે ફરજ પર જવું જોઈએ.' ડૉક્ટર સાથે જરા પણ સમભાવ સિવાય ઉષા વાત કરતી હતી !

'તમે મારી પાસે હો એટલો સમય ઉત્તમ રીતે ફરજ બજાવો છો એમ જ માનવું.'

'ઠીક, હવે મને રજા છે ?'

'મીસ ઉષા, અહીં નોકરી કરવી હોય તો મારી મહેરબાની હોવી જરૂરી છે એ જાણો છો ને ?'

'હા.'

'એ કેવી રીતે મેળવાય તે જાણો છો?'

'હા.'

'કેવી રીતે ?'

'ફરજ બરાબર બજાવીને, દર્દીઓની ઉત્તમ સેવા કરીને', ડૉક્ટરની વાત સમજ્યા છતાં ઉષાએ જવાબ આપ્યો.

'હ હા હા હા. - હસીને ડૉક્ટર બોલ્યા : 'મીસ ઉષા, તમે બીન અનુભવી છો, દવાખાનમાં દર્દીઓ જ આવે. એમની સેવા ઉત્તમ રીતે કરવા જઈએ તો આખી જિંદગી દુઃખ વિના બીજું કાંઈ જોવા જ ન મળે. આપણે દર્દીઓની નહિ, આપણી ચિંતા કરવી જોઈએ. અને મને ખુશ કરવો એ તો તમારા માટે સહેલું છે મીસ ઉષા.'

'એટલે ?' ઉષાની વાણીમાં હવે ગુસ્સો ભળ્યો.

'હજીય ન સમજ્યા મીસ ઉષા ?' તમે સુંદર છો, યુવાન છો, મારે બીજું જોઈએ પણ શું ?' આટલું કહેતામાં તો ડૉક્ટર ઉષાની પાસે આવી પહોંચ્યા ! પોતાના હાથ નીચેના માણસો પર પોતાનો દરેક રીતનો અધિકાર હોય છે એમ સાહેબ લોકો માનતા હોય છે !

'તમે તમારી મર્યાદા સમજો છો સાહેબ ?' ઉષા તડૂકી.

'આ દવાખાના પૂરતી તો મારી સત્તા અમર્યાદિત છે ઉષા.' કહેતાં તો ડૉક્ટરે ઉષાનો હાથ પકડ્યો !

પણ ઉષાને બે હાથ હતા તે બિચારા ડૉક્ટર ભૂલી ગયા હશે. ઉષાના ડાબા હાથને ડૉક્ટરનો સંપર્ક થતાં જ વીજળીની ગતિએ તેનો જમણો હાથ ઊંચકાયો અને તે જઈ ચોંટ્યો ડૉક્ટરના ગાલ પર !

ડૉક્ટર છોભીલા પડી ગયા. ઉષાનો હાથ છૂટી ગયો અને સડસડાટ કરતી તે બહાર નીકળી ગઈ - જાણે છંછેડાયેલી સિંહણ !

ડૉક્ટરે આવી કલ્પનાય ક્યાંથી કરી હોય ? એ તો બિચારો



એમ જાણે કે બધીય નર્સો માલતી જ હશે !

ડૉક્ટરે ધાર્યું હોત તો કોઈને કોઈ બહાને ઉષાને નોકરીમાંથી રજા આપી શકત, પણ તેઓ આવી વાતોના અનુભવી હતા. સામ, દામ, દંડ, ભેદની બધી જ રીતો અજમાવ્યા પહેલાં તે ઉષાને રજા કેમ આપે ? એક વખતની નિષ્ફળતાથી તે હિંમત હારે એવા નહોતા. તેમણે વિચાર્યું : 'હજી પ્રયત્ન કરી જોવો, ઉતાવળ કરવાથી શું ફાયદો? અને ઈચ્છા હશે ત્યારે તેને કાઢતા વાર પણ શી ?'

ઉષા તો ધારતી જ હતી કે બીજા દિવસથી તેના કામમાં અનેક વાંધાઓ અને અનેક ભૂલો નીકળશે. પણ તેના આશ્ચર્ય વચ્ચે બીજા દિવસથી ડૉક્ટર તેના તરફ વધુ મમતાથી વર્તવા લાગ્યા !

પણ ઉષાનું મન હવે નોકરીમાં ગોઠતું નહિ. તેને સતત ડર અને સાવધાની વચ્ચે કામ કરવું પડતું. છતાં નોકરી કર્યા વિના ચાલે પણ કેમ ? અને અન્ય કોઈ સારે સ્થળે નોકરી મળતાં સુધી આ નોકરી છોડાય પણ કેમ ?

આ બનાવની વાત ઉષાએ કોઈને - શારદાને પણ ન કરી. બધું જ દુઃખ તેણે હૃદયમાં ભંડારી દીધું !

હા, તેને દિલીપ-તેનો ભાઈ-સાંભળ્યો, અશોક યાદ આવ્યો અને ત્યારે આંસુએ તેને સાથ આપ્યો ! ઉષાને પોતાના શબ્દો યાદ આવ્યા : 'સોનાને જેમ તપાવીએ તેમ વધુ ને વધુ પ્રકાશિત થાય !'

● ● ● ● ●

## ૧૦. હેમંતની માંદગી

બીજે દિવસે ઉષા શારદાને ત્યાં ગઈ ત્યારે તે ઢીલી લાગી.

'કેમ આજે ઉદાસ જણાય છે ?' ઉષાએ પૂછ્યું.

'ના રે,' શારદાએ કહ્યું : 'પણ હેમંતને આજે થોડો તાવ આવેલો છે.'

'એમ ? ક્યાં છે એ ?' અધીરાઈથી ઉષાએ પૂછ્યું.

'ઉપર, જરાય રહેતો નથી. બા હિંચકો નાખે છે.'

ઉષા વહેલી વહેલી ઉપર ગઈ. હેમંતને ખોળામાં લઈ કાન્તાકાકી તેને ખુશ કરવા પ્રયાસ કરતાં હતાં. ઉષાએ જોયું તો હેમંતનું શરીર ધીખતું હતું !

'કાકી,' ઉષા બોલી : 'આને તાવ વધારે છે. લાવો પોતાં મૂકીએ.'

'એમ ?' કાન્તાકાકીએ આશ્ચર્યથી કહ્યું : 'મને તો બહુ ન લાગ્યો.'

એટલામાં શારદા પણ આવી. ઉષાએ કૉલન વોટરનાં પોતાં મૂકવાં શરુ કર્યાં.

'બેન,' કાન્તાકાકીએ કહ્યું : 'ડૉક્ટરને બોલાવીએ ?'



'હા, કાકી,' ઉષાએ સંમતિ આપતાં કહ્યું : 'દવા શરૂ કરવામાં વાંધો શું છે ?'

'હું તો ક્યારનીય કહું છું બેન' કાંતાકાકી બોલ્યાં : 'પણ એની માએ જ ન માન્યું : 'કહે છે કે 'આટલા તાવમાં દવા શું કરવી છે ?'' કહેતાં કાંતાકાકીએ પતિ પાસે જઈ ડૉક્ટરને બોલાવી લાવવાનું કહ્યું.

તરત જ ફેમીલી ડૉક્ટર આવી પહોંચ્યાં. દિલીપના મિત્ર હોવાથી તેમની સાથે ઘર જેવો સંબંધ હતો. તેમણે હેમંતને તપાસ્યો અને 'કાંઈ ફિકર જેવું નથી. શરદી છે. બે-એક દિવસમાં સારું થઈ જશે,' કહી દવા આપી રજા લીધી.

માંડેથી તેનો તાવ હલકો પડ્યો ત્યારે ઉષા ઘેર ગઈ. આગલી રાતના બનાવથી તેનું ચિત્ત વ્યગ્ર તો હતું જ. હેમંતની તબિયતને કારણે તે વધુ વ્યગ્ર બન્યું. 'ભગવાન કેટલી કસોટી કરવા માગે છે ?' તે મનમાં જ બોલી.

તેને ખાવાનું પણ ભાવ્યું નહિ. કાકીને હેમંતની માંદગીની વાત કરી અને ઉદાસ મને તે નોકરી પર ગઈ.

બીજે દિવસે પણ ડૉક્ટર આવ્યા. દર્દીને તપાસી 'ફેર નથી' એવો રિપોર્ટ સાંભળી દવામાં ફેરફાર કર્યો. આમ ચાર-પાંચ દિવસ વીતી ગયા છતાં હેમંતની તબિયતમાં કાંઈ જ ફેર ન પડ્યો. ડૉક્ટરે છેવટે ટાઈફોઈડ કહ્યો અને ખોરાક સંપૂર્ણ બંધ કરાવી ક્લૉરોમાઈસેટીનની ટીકડીઓ ચાલુ કરાવી, ત્યાર પછી પણ ઘણા દિવસ વીત્યા છતાં પરિસ્થિતિ તેવી ને તેવી જ રહી.

હવે સૌને ચિંતા પેઠી. ફેમીલી ડૉક્ટરની સંમતિ લઈ બીજા

એક-બે ડૉક્ટરોને પણ બતાવ્યું. તેમણે કહી તે સારવાર પણ કરી જોઈ. છતાં કાંઈ સારું પરિણામ  ન આવ્યું. નોકરી સિવાયનો લગભગ બધો વખત ઉષા શારદાને ત્યાં જ રહેતી અને હેમંતની સારવારમાં મદદ કરતી.

હસતો-ખેલતો બાળક શૂન્ય થઈ, આંખો બંધ કરી પડી રહેતો. તેને આવો જોઈ ઉષાનુંય કાળજું કપાઈ જતું. પણ શારદા અને કાન્તાકાકી તો હવે સતત આંસુ જ સારતાં.

દિલીપને પરદેશમાં ચિંતા થાય એટલે એને સમાચાર નહોતા લખ્યા તે ય હવે બધાંને જાણે એ ભૂલ કરી હોય તેમ લાગતુ હતું. 'ન કરે નારાયણ અને હેમંતને કાંઈ થાય તો ? 'બધાં જ પોત-પોતાના મનમાં આવી કલ્પના કરતાં અને આગળની વાત વિચારતાં થંભી જતાં અને મોઢે કોઈ કોઈને કાંઈ કહી શકતું જ નહિ.'

બાળકોના નિષ્ણાત ડૉક્ટરને પણ બતાવ્યું. જેણે જે કહી તે દવા કરી. છતાં કેસ દિવસે દિવસે ગંભીર સ્વરૂપ લેતો હોય એમ સૌને લાગતું હતું. ઉષાએ હવે તો નોકરીમાંથી રજા લીધી હતી, એટલો બધો જ વખત તો શારદાને ત્યાં હેમંતની પાસે રહેતી. રાત્રે તે અને તેનાં કાકી પણ હવે ત્યાં જ સૂઈ રહેતાં.

એક દિવસે સાંજના છએક વાગે ઉષા અને શારદા હેમંત પાસે બેઠાં હતાં. બાળક બંધ આંખો કરી સૂઈ રહ્યો હતો. તાવ હતો. શ્વાસમાં કફનો અવાજ સ્પષ્ટ સંભળતો હતો. શારદા ગંભીર મુખે બાળક સામે જોઈ રહી હતી. થોડીવારે તે બોલી :

'ઉષા, હેમંતને આ શું થયું. ઓચિંતુ ?'

'એમ ફિકર ન કરીએ બેન,' આશ્વાસન આપતી ઉષા બોલી



: 'છોકરાં તો સાજા-માંદા થતા થતાં જ મોટાં થાય.'

'એને મટી તો જશે ને ?'

'જરૂર, નહિ કેમ મટે ?'

'નહિ તો એના પપ્પાને આપણે શું કહીશું ?' કહેતી શારદાથી રડી દેવાયું.

'આમ શું કરે છે શારદા ? આપણે શ્રધ્ધા રાખવી જોઈએ.'

'ઉષા,' આંસુ લુછતી શારદા બોલી : 'હેમંત વિનાનું જીવન હું કલ્પી શકતી નથી.'

'કલ્પવાની જરૂર પણ નથી,' શ્રધ્ધાપૂર્વક ઉષાએ કહ્યું.

દિલીપના પિતા બિચારા આખો દિવસ દવા માટે દોડાદોડી કરતા અને ઘેર રહેતા એટલો સમય ઘરના બૈરાંઓને હિંમત રાખવાનું કહી આશ્વાસન આપતા. તબિયતમાં સહેજ સરખો પણ સારો ફેરફાર લાગતો ત્યારે બધા આનંદમાં આવી અનેક પ્રકારની આશાજનક વાતો કરતાં. પણ એ આનંદ અલ્પજીવી યા કલ્પનામાંથી ઉદ્ભવેલો પૂરવાર થતો. કારણ હેમંતની તબિયતમાં એવો નોંધપાત્ર સુધારો હતો જ નહિ.

માત્ર બે વર્ષના એ નાના બાળકે બધાના હૃદયમાં એવું સ્થાન જમાવ્યું હતું કે ઘરનું એ સર્વસ્વ બની ગયો હતો. એના માંદા થતાં એ ઘરનો આનંદ-ઉલ્લાસ અદશ્ય થયાં હતાં. ઘરમાં પગ મૂકતાં જ અજાણ્યો માણસ પણ વાતાવરણની ગમગીની પારખી જાય !

ડૉક્ટરે પોતાના ઉપચાર ચાલુ રાખ્યા હતા. બીજી બાજુ લગભગ ઉષાના કાકી સહ સૌ બૈરાઓએ માતાની અને દેવની

અનેક પ્રકારની બાધાઓ રાખી હતી. સામાન્ય રીતે આવામાં શ્રધ્ધા ન ધરાવતી ઉષાએ પણ આ વખતે હેમંતને સારુ ન થતાં સુધી ઘી ન ખાવાની બાધા લીધી હતી ! છતાં હજી સુધી કોઈ દેવ, દેવી કે દવા તેમની વહારે ધાયાં ન હતાં.

એક દિવસ સવારે તેમના ફેમીલી ડૉક્ટર પોતાના એક ડૉક્ટર મિત્રને લઈને આવ્યા. નવા ડૉક્ટરે બાળકને તપાસી દવા આપી અને ટીકડીઓ લખી આપી. તરત જ દવા ચાલુ થઈ. સાંજે હેમંતનો તાવ ઘણો હલકો પડી ગયો. બધાંને આશા આવી અને નવા ડૉક્ટરમાં શ્રધ્ધા ચોંટી ! બીજે દિવસે પણ ડૉક્ટરે આવી, તપાસી દવા આપી. તે સાંજે તો બાળકનો તાવ તદ્દન ઉતરી ગયો. ખાંસીમાં પણ ઘણો ફેર હતો. બધાંના મુખ પર આનંદ વ્યાપ્યો.

અને ત્રીજે દિવસે સવારે તો શારદાના ખોળામાં સૂતેલા હેમંતે ઉષા તરફ નજર કરી દિવસો બાદ પ્રથમ વાર સહેજ સ્મિત કર્યું. ત્યારે જાણે આખું ઘર હસી ઊઠ્યું ! ઉષાએ વાયુવેગે હેમંતના સ્મિતની વાત આખા ઘરમાં ફેલાવી દીધી !

પછી તો ઉત્તરોત્તર તેની તબિયત સુધરતી ગઈ. ડૉક્ટરે બધું જ ખવડાવવાની છૂટ આપી હતી. ધીરે ધીરે બાળક મોસંબીનો રસ, ચા, દૂધ, કોફી, બિસ્કીટ વગેરે લેવા લાગ્યું. તાવ ગયા પછી શક્તિની દવા શરુ થઈ. જે ધીરે પણ સતત ગુણ કરતી રહી.

હેમંતને રમાડતાં ઉષા અને શારદા એક વખત બેઠાં હતાં.

'ઉષા,' શારદાએ કહ્યું :'નોકરી પર હાજર થઈ ગઈ, કેમ ?'

'હાસ્તો, કાંઈ છૂટકો છે ? પંદર દિવસ ઘેર રહી આ હેમંતને લીધે.' બાળકના ગાલમાં ધીમી ટપલી મારતાં ઉષાએ કહ્યું.



'સાચે જ, બહુ હેરાન કરી એણે તને ?' શારદાએ ઋણ સ્વીકાર કરતાં કહ્યું.

'કમાઈને નોટો માને આપશે અને ઉજાગરા મને કરાવ્યા', હસતાં હસતાં ઉષા બોલી.

'એની બધી કમાણી તને જ અપાવીશ.'

'વાતો મૂક, કોઈ નથી અપવાતું વખત આવ્યે.'

'કહેતી હોય તો અત્યારથી જ લખી આપું, પછી છે કાંઈ ?'

'તું કહે અને એનો બાપ ના કહે તો ?'

'તે કાગળ લખીને સંમતિ મંગાવી લેને એમનીય.'

'આખી કમાણી તો ઠીક અલા', હેમંતને સંબોધીને ઉષા બોલી : 'ત્રીજો ભાગ આપીશ તો ય બહુ છે.''

'શાનો ભાગ વહેંચો છો બે જણીયો.' કહેતાં કાન્તાકાકી ઉપર આવ્યાં.

'કાકી,' ઉષા બોલી : 'આ તમારા હેમંતની કમાણીનો એક ભાગ મારો. એક શારદા અને એક દિલીપભાઈનો એમ નક્કી કરી નાખ્યું અમે તો.

'અને અમારું કાંઈ નહિ ?' કાન્તાકાકીએ ગમ્મતનો ગોળો ફેંક્યો.

'ના કાકી, ઉષા બોલી :' તમને તો દિલીપભાઈની કમાણી મળે છે ને મળશે, પછી શું ?'

'ઠીક ભાઈ,' દિલીપના પિતાએ ચર્ચામાં ઝૂકાવતાં કહ્યું : 'અમે તો ઠીક, પણ એની વહુ માટે કાંઈ રાખ્યું છે કે તમે જ વહેંચી

ખાધું ?' અને એ સાંભળી બધાં ખડખડાટ હસી પડ્યાં.

આમ બરાબર એક મહિના બાદ ફરીથી એ ઘરમાં પહેલાંના જેવું આનંદનું વાતાવરણ હેમંતની તબિયત સારી થતાં ફેલાયું હતું. દિલીપને લંડન પત્ર લખ્યો હતો. તેમાં હેમંતને તાવ આવ્યાના અને મટ્યાના બંને સમાચાર સાથે જ લખ્યાં હતા.

અને જેની કમાણીના ભાગ વહેંચી બધા હસતાં હતાં તે બાળક પણ આ હાસ્યનું કારણ ન જાણવા છતાં બધાંના તરફ નજર ફેરવી મરક મરક હસતો હતો. જાણે એ ય વાતને સમજ્યો કાં ન હોય !

● ● ● ● ●



## ૧૧. અકસ્માત

'કોનો કાગળ છે ?' ટપાલ વાંચતા પતિને સરલાએ પૂછયું.

'બાપુજીનો.' અશોકે જવાબ આપ્યો.

'શું લખે છે. ?'

'લખે છે : રામલાલભાઈનો બહુ આગ્રહ છે એટલે તમારે બંનેએ એમને ત્યાં લગ્નમાં આવવું જ પડશે. હું આવતી કાલે જવાનો છું. તમે આવી પહોંચજો.'

'તો તો આપણું મુંબઈ પાક્કું.' ખુશ થતી સરલા બોલી.'

'હા, તારી ઈચ્છા પૂરી થશે.'

'અને આપની નહિ કે ?' પ્રેમભર્યા કટાક્ષ સાથે સરલા બોલી.

'મારી ?'

'હા, હા, તમારી.'

'મેં ક્યારે...'

'ઉષાને મળવું નથી ?'

ઉષાનું નામ સાંભળી અશોકે એક નિઃશ્વાસ મૂક્યો ! તેની અને ઉષાની મૂંગી પ્રીતની વાત તો અશોકે પ્રથમ રાત્રિએ જ પત્નીને કહી હતી. આવા સંબંધોની સ્ત્રીને સ્વાભાવિક રીતે જ ઈર્ષ્યા થાય. પરંતુ મૂળ સરલા ઉદાર હૃદયની અને સમજુ હતી. તેમાંય અશોકની નિખાલસ વાતને કારણે તો સરલાને પતિ માટે પ્રથમ રાત્રિએ જ

અનહદ માન ઉપજ્યું હતું. લગ્નપ્રસંગે સરલાને ભેટ મોકલેલી સાડી પર ઉષાએ લખ્યું હતું : 'સરલાબહેનને.' એટલે સાચે જ ઉષા માટે પણ સરલાના હૃદયમાં ત્યારથી સૂંવાળો ખૂણો હતો ? અરે, કદી કદી તો એ પોતે અશોકને ઉષા પર પત્ર લખવા કહેતી.

પણ અશોક કહેતો :

'ના સરલા, કોઈ કુંવારી છોકરી પર પત્ર લખવો એ ઠીક નહિ અને તેમાંય મારો પત્ર ઉષાના હૃદયમાં દુઃખ ઉપજાવે અથવા ક્રોધ. પરિણામે બંને રીતે એ ખરાબ છે. વળી હવે એની પર પત્ર લખવાનો મને અધિકાર પણ શો ?' અને નિરાશ થયેલા પતિને ખુશ કરવા સરલા વાત બદલી કાઢતી !

છતાં એક વખત મુંબઈ જવાય અને ઉષાને મળાય તો કેવું સારું' એમ અશોકને ઘણીવાર થતું. આ વાતને તે પત્નીથી છાની પણ ન રાખતો; તેમ કરવાની જરૂર પણ નહોતી. એટલે 'પોતાના જૂના મિત્ર રામલાલના આગ્રહને કારણે તેમને ત્યાં લગ્નમાં જવું જ પડશે' એવો પિતાનો પત્ર આવ્યો ત્યારે અશોકને થોડો આનંદ થયો. મુંબઈ જાય ત્યારે ઉષાને જરૂર મળવું એ તેનો નિશ્ચય હતો. જોકે ઉષા હજી ત્યાં જ રહેતી હશે કે કેમ તે વિશે શંકા તો હતી જ, પરંતુ તેને મળવા પ્રયાસ તો કરવો જ એમ તેણે નક્કી કર્યું હતું. સરલા આ વાત જાણતી જ હતી એટલું જ નહિ, એમાં સરલાની ઈચ્છાય કાંઈ ઓછી નહોતી ! એટલે અશોકે જ્યારે 'તારી મુંબઈ જોવાની ઈચ્છા પૂરી થશે,' એમ પત્નીને કહ્યું ત્યારે સરલાએ પણ સ્વાભાવિક રીતે જ અશોકની ઉષાને મળવાની ઈચ્છા પૂરી થશે એમ સૂચવ્યું.

અને બીજે દિવસે રાત્રે જનતા મેલ દ્વારા અશોક અને સરલા



મુંબઈ જવા રવાના થયાં !

રાત્રિનો ગાઢ અંધકાર ધીરે ધીરે ઓસરી ગયો હતો. પ્રાચીમાં ઉષાના આગમનની જાણે પૂર્વ તૈયારીઓ થતી હોય તેમ ક્ષિતિજે રંગ બદલ્યો હતો. ઘડિયાળમાં જોયા સિવાય પણ કોઈ અનુભવી કહી શકે કે પ્રભાતના પાંચ થવા આવ્યા હશે.

અને ત્યારે જનતા એક્સપ્રેસ પૂર ઝડપે મોહમયી મુંબઈ નગરી તરફ ઘસતો હતો. જે ઉતારૂઓને સૂવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમાંના થોડા હજીય ઊંઘતા હતા. રસ્તામાં સૂતેલા કેટલા લોકો ઉતારુઓના વધેલા અવરજવરને કારણે આળસ મરડી બેઠા થયા હતા. આખી રાત બેઠે બેઠે ઝોકાં ખાવાનો જેમને લહાવો મળ્યો હતો તેમાંના ઘણા હજી એ લાભ જતો કરવા નહોતા માગતા. તો આખી રાત ઊભે ઊભે ઉજાગરો કરનારા હવે જીવ પર આવી ખાલી પડેલી જગાએ બેસવા પ્રયાસ કરતા હતા ! હવે થોડી જ વારમાં મુંબઈ નગરીનાં દર્શન થશે એ જાણનારા કેટલાક બીસ્ત્રો લપેટી ઊભેલાને બેસાડવાની ઉપકારવૃત્તિ દાખવતા હતા, તો ઘેરથી જ દાતણ કે પેસ્ટ લઈને નીકળેલા કેટલાક અગમચેતીઓ ગળું સાફ કરી ચા દેવીના સત્કાર માટે સજ્જ થતા હતા. બધાં હૃદય આશા, ઉત્સાહ કે ઉમંગે ભરેલાં હતાં. મનની ઈચ્છા પૂરી થવાની ઘડી આવી છે એમ મોટાભાગના ઉતારૂઓના વર્તન પરથી લાગતું હતું.

અને ત્યારે 'જનતા એક્સપ્રેસે' વસઈનો પૂલ પાર કર્યો, પણ પૂલ પરથી પસાર થવાનો ધ્વનિ શમે તે પહેલાં જ ડ્રાઈવરે સામેથી પૂરઝડપે ઘસી આવતો પ્રકાશ જોયો અને વ્હીસલના અવાજ પણ સાંભળ્યા ! તેણે ગાડી રોકવાની, ધીમી પાડવાનો પ્રયાસ કર્યો.

પૂરવેગથી જતી ગાડી ઓચિંતી તો અટકાવાય નહિ, એટલે ગાડીને તે સંપૂર્ણ રીતે રોકી શકે તે પહેલાં જ એક ભયંકર કડાકા સાથે સામેથી ધસી આવતી માલગાડી તેને ભેટી પડી ! ભારે અકસ્માત થયો !

અને સૂર્યના સત્કાર માટે પૂર્વમાં ઉષાએ રંગબેરંગી સાથિયા પૂર્યા ત્યારે તેણે કદી ન જોયેલું દૃશ્ય જોયું ! અનેક ઘાયલોની, સ્ત્રી-પુરુષ-બાળકોની ચીસો તેણે સાંભળી ! ગાડીનાં એન્જીન ડબ્બા, ઉતારૂઓ અને સામાન જયાંત્યાં, જેમતેમ પડ્યાં હતાં. કેટલાક મૃતદેહો ક્યાંય દટાઈને પડ્યા હતા. દુઃખીઓની ચીસો અને વિરહીના કરૂણ આક્રંદ સંભળાતા હતા ! ધ્રુજારી ઉપજાવે એવું કારમું દૃશ્ય હતું !

સિગ્નલમેનની ભૂલને કારણે બંને ગાડીઓ એક જ પાટા પર સામાસામી જઈ રહી અને તેમાંથી એક હોનારત સર્જાઈ. અકસ્માતની ખબર પહોંચતા મુંબઈથી મદદ અને રાહતનાં સાધન આવી પહોંચ્યાં. સદ્‌ભાગ્યે ને ગાડીના ડ્રાઈવરોએ ગતિ ધીમી કરવા પ્રયાસ કર્યો હતો એટલે ખુવારી ધાર્યા કરતાં ઓછી થઈ હતી. છતાં એ તો બે આગગાડીની અથડામણ ! ઘાયલોને મુંબઈની સરકારી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા.

● ● ● ● ●



## ૧૨. પુનર્મિલન

પોતે સરલા સાથે જનતા એક્સપ્રેસમાં આવવાનો છે એ હકીકત અશોકે રામલાલને લખી હતી અને તે પહેલાં એના પિતા પણ ત્યાં પહોંચી ગયા હતા. એટલે જ્યારે ‘જનતા’ ને થયેલા અકસ્માતની વાત જાણી ત્યારે રામલાલ તથા મોહનલાલની ચિંતા અને દોડાદોડીનો પાર ન રહ્યો. ઘાયલોના સગાસંબંધીઓ તેમને ઓળખવા ભેગા થયાં હતાં. મોહનલાલે પણ બેભાન અશોક અને સરલાને ઓળખી બતાવ્યાં અને બનેને સારવાર માટે સ્ટેશનથી સીધા જ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. લગ્નનો આનંદ બાજુ પર રહ્યો અને બધા નવી ચિંતામાં પડ્યાં, જોકે મોહનલાલે પોતાના મિત્રને તો લગ્ન ખુશી આનંદથી પતાવવા આગ્રહપૂર્વક રવાના કર્યા હતા.

સરલા અને અશોકને વોર્ડ નંબર પાંચમાં દાખલ કરવાની ડૉ. પીયુષે સૂચના કરી અને ત્યાં તેમની સારવાર શરૂ થઈ. દર્દીઓના લીસ્ટ પર અશોક અને સરલાનાં નામ જોતાં જ ઉષાને આશ્ચર્ય, આનંદ, આઘાત અને આતુરતાની ન સમજાય એવી લાગણીઓ થઈ ! આશ્ચર્ય એ વાતનું કે શું તે ધારે છે તે જ અશોક અને સરલાના નામ હશે. તે જ હોય તો તેમને મળવાનો આનંદ, અને તેમને અકસ્માત નડ્યો એ કારણે આઘાત પણ ખરો. અને તેથી જ આ દર્દીઓને જોવાની આતુરતા !

તરત જ વિજયાનાં વોર્ડમાં તે ગઈ અને લીસ્ટ પરથી અશોક

નામના દર્દીનો નંબર શોધી કાઢી તેના ખાટલા પાસે પહોંચી ગઈ. અને તેણે જોયું તો સાચે જ માથે પાટા વીંટેલ બેભાન અવસ્થામાં તેનો(?) અશોક ખાટલામાં પડ્યો હતો અને તેના પલંગ પર બેઠા બેઠા તેના વૃદ્ધ પિતા આંસુ સારતા હતા. તેમના મિત્ર તેમને સાંત્વન આપતા હતા ! બાજુના ખાટલા પર સુતેલ સ્ત્રીની પણ એ જ હાલત હતી અને પેલા વૃદ્ધ એને વિષે પણ ડૉક્ટરને પૂછપરછ કરતા તે ઉપરથી ઉષાએ દર્દીના ખાટલા ઉપરનું પાટિયું જોયું અને તેનું નામ સરલા છે એમ તે જાણી શકી !

ઉષાથી આ જોયું ન ગયું.સહરાના રણમાંથી ભર ઉનાળે આવેલા તરસ્યાને ઠંડા પાણીનો પ્યાલો આપી તેમાં ઝેર મેળવેલું છે એમ કહેવામાં આવે ત્યારે તેને શું થાય ? કાંઈક એવું જ ઉષાને થયું. કેટલા વર્ષો બાદ તેને તેનો અરાધ્ય દેવ મળ્યો હતો ! પણ તે કેવી દશામાં ! તેના જીવનુંય જોખમ હતું ! વળી તેને થયું : પણ આમ ન થયું હોત તો એ દેવ મળત પણ કેવી રીતે ! આજે હસવું કે રડવું, આનંદ થવો જોઈએ કે દુઃખ તે ઉષાને સમજાયું નહિ ! અશોકની તે કેટલી પાસે હતી, અને છતાં એટલી જ દૂર ! તેની સાથે એને એટલી વાતો કરવી હતી, કેટલું કહેવું હતું ! પણ તે તો બેભાન હતો ! અને તેની બાજુમાં તેની પત્ની પણ એથી ય બૂરી દશામાં પડી હતી ! ઉષાને સરલાની દયા આવી !

છતાં તે થોડી વારમાં સ્વસ્થ થઈ. બધી વાતો હમણાં તેણે હૃદયમાં દાબી દીધી. તેની પ્રથમ ચિંતા હતી, અશોક અને સરલાના જીવનની, તેમને બચાવવા બનતા બધા જ પ્રયત્ન કરવા - કરાવવાનો તેણે દૃઢ નિર્ધાર કર્યો. શું કરવું જોઈએ ?તે ઝડપથી વિચારી રહી. ડૉ.



પીયૂષ બીજી રીતે ગમે તેવો હોય, પરંતુ તેના ધંધામાં પ્રવીણ હતો, તે ઉષા જાણતી હતી. તે ધ્યાન આપે તો આશા ન રાખી શકાય તેવા કેસો પણ સુધારી શકતો એનો ઉષાને અનુભવ હતો. તો શું અશોક અને સરલાની જિંદગી બચાવવા બનતી કોશિશ કરવાની વિનંતી કરવા ડૉ.પીયૂષ પાસે જવું ? ઉષા જરા અચકાઈ. પેલી રાત્રિનો પ્રસંગ યાદ આવ્યો પણ તેનો તો તેણે ડૉક્ટરને સીધો જવાબ આપ્યો હતો અને ત્યારથી તો ડૉક્ટર તેનીસાથે ઊલટો સારો વ્યવહાર રાખતા હતા ! કદાચ એટલા બોધપાઠ પછી તે સુધર્યા પણ હોય ! ગમે તેમ હોય, અશોક-સરલા માટે તેણે ગમે તે કરવું જોઈએ એવો ઉષાએ નિર્ણય કર્યો અને પેલી રાત્રિના કમનસીબ બનાવ પછી પ્રથમવાર જ તે ડૉ.પીયૂષની રૂમમાં ગઈ !

‘સાહેબ,’ કાંઈક સંકોચ સાથે ઉષા બોલી.

‘ઓહ, મીસ ઉષા ! આવો, ડૉક્ટરે પ્રેમથી તેને આવકારી :‘બોલો, કાંઈ તકલીફ તો નથી તમને ?’

‘ના જી, પણ મારે એક વિનંતી કરવી છે.’

‘વિના સંકોચ કહી શકો છો.’

‘સાહેબ, પેલાં બે નવાં દર્દીઓ આવ્યાં છે ને...’

‘હહાહાહા’-અધવચ્ચે સાહેબે હસીને કહ્યું : ‘મીસ ઉષા, ટ્રેન એક્સીડેન્ટને કારણે આજે તો ઘણા નવા દર્દીઓ એક સાથે આવ્યાં છે.’

‘હા જી,’ ઉષા પણ સહેજ ફિક્કું હસીને બોલી : ‘એમાંના વોર્ડ નંબર પાંચમાં બે દર્દીઓ છે તેની આપ જરા તપાસ ન કરો ?’

'આમ તો મેં બધાંને તપાસ્યા છે, પણ હા, એ કોઈ તમારા સંબંધી છે ?'

'હા જી, આપ જરા આવો તો...'

'હા, હા, કેમ નહિ, ચાલો,' કહી ડૉક્ટર ઊભા થયા. ઉષા તેમની આગળ ચાલી. ઉષાને દર્દીઓ સાથે શું સંબંધ છે તે સદ્‌ભાગ્યે ડૉક્ટરે પૂછયું નહિ !

ડૉક્ટરે અશોક અને સરલાને ફરી તપાસ્યાં. દવા અને સારવાર અંગે જરૂરી સૂચના આપી. ઉષા આતુરતાપૂર્વક પરિણામની રાહ જોતી હતી. સરલાનો કેસ ગંભીર હતો, અશોકનો કેસ ઓછા જોખમવાળો હતો, પણ ભવિષ્યમાં પણ સરલાના કેસના પરિણામની અશોક પર અસર ન થાય તેની સાવચેતીરૂપે ડૉક્ટરે સરલાને બીજા વોર્ડમાં ખસેડવાની સૂચના કરી. ઉષાએ કહ્યું :

'મારા વોર્ડમાં એક ખાટલો ખાલી છે.'

'ભલે, ત્યાં લઈ જાય,' ડૉક્ટરે સંમતિ આપી.

'પણ સાહેબ,' ઉષાએ કહ્યું : 'બંને કેસ...'

'આપણે બનતો પ્રયાસ કરીશું, મીસ ઉષા, તમને વધું શું કહેવાનું હોય ?' ડૉક્ટરે સહાનુભૂતિપૂર્વક કહ્યું.

'જી', આભારવશતાથી ઉષા બોલી અને તે સરલાને પોતાના વોર્ડમાં લેવડાવી ગઈ.

અશોકના પિતાને શરૂઆતમાં તો લાગ્યું કે આ કોઈ ભલી નર્સ છે અને તેથી ઉષા માટે તેમને માન ઉપજ્યું, પણ અશોક અને સરલા માટે તેણે ડૉક્ટરને જે વિનંતી કરી અને તેમને માટે એણે જે



લાગણી દર્શાવી તે જોઈને તેમને આનંદ સાથે આશ્ચર્ય થયું. ડૉક્ટરના ગયા બાદ તેમણે ઉષાને પૂછયું પણ ખરું :

'બેન, તમે અશોક અને સરલાને ઓળખો છો ?'

'હા કાકા, ઉષાએ સમભાવથી કહ્યું. હકારમાં જવાબ મળવાથી મોહનલાલ વધુ ગુંચવાયા ! 'તમે ક્યાંથી ઓળખો ?' એમ પણ તે ન પૂછી શક્યા. મુંઝવણમાંથી માર્ગ કાઢવા તેમણે પૂછયું :

'તમારું નામ ?'

'ઉષા.'

'ઉષા ?!' આશ્ચર્યથી મોહનલાલે પૂછયું. અશોકના લગ્ન પ્રસંગે ભેટ તરીકે ઉષો મોકલેલ 'સુખી સંસાર' પુસ્તક મોહનલાલે વાંચ્યું હતું અને તે તેમને ઘણું જ ગમી ગયું હતું. આદર્શ દાંપત્યજીવનની કથા કહેતું એ પુસ્તક જાણે પોતાના સંસારનું જ આલેખન હોય એમ મોહનલાલને લાગ્યુ હતું અને તેથી એ પુસ્તક મોકલનાર વિષે તેમણે રસપૂર્વક અશોકને પૂછયું પણ હતું. બંને એટલું ટૂંકામાં પતાવવા અશોકે કહ્યું હતું : 'મારી સાથે ભણનાર એક વિદ્યાર્થીની છે ?' અને ત્યારથી મોહનલાલને ઉષાનું નામ યાદ રહી ગયું હતું. એ નામ અત્યારે સાંભળતાં જ તેમનાં સ્મૃતિપટ ઉઘડ્યાં અને તે આનંદથી બોલી ઊઠ્યાઃ

'તો તમે અશોકની સાથે ભણતાં હતાં ?'

'હા જી, તમે ક્યાંથી જાણો ?' અશોકના પિતા પોતાને ઓળખે છે એ જાણી ઉષાને પણ નવાઈ લાગી !

'મને અશોકે કહ્યું હતું.'

ઉષાને વહેમ પડ્યો : 'શું લગ્ન વખતે મારા નામે કાંઈ વિઘ્ન ઊભું કર્યું હશે ?' પણ મોહનલાલની વાત પરથી એવું કાંઈ લાગ્યું નહિ. ત્યારે ઉષાને સંતોષ થયો : 'મારા પ્રેમની સુવાસ અશોકના ઘર સુધી પહોંચી છે.'

'ઉષાબેન,' મોહનલાલ બોલ્યા અને ઉષા જાણે તંદ્રામાંથી જાગી : 'આમને આરામ તો થઈ જશે ને ?'

'હા કાકા,' સાંત્વન આપતી ઉષા બોલી : 'જરૂર આરામ થશે. ધીરજ રાખો.'

આંખના ખૂણા સાફ કરતા મોહનલાલ બોલ્યા : 'બેન, ધીરજ તો ઘણી રાખું છું, તોય...' તેમની આંખમાં વધુ આંસુ ઊભરાયાં ! સહેજ અટકી તે બોલ્યા :

'હું તો પુરુષ છું તે આટલુંય સહી શકું છું. બેન, એની બા આજે હોત તો...'

'અશોકનાં બા....' વચ્ચે જ ઉષાએ અપૂર્ણ વાક્ય દ્વારા પ્રશ્ન કર્યો.

'હા બેન, એનાં બાને ગુજરી ગયે દસ માસ થયા,' પત્નીની યાદથી મોહનલાલને ગળે ડૂમો ભરાયો !

એક શબ્દ પણ બોલ્યા વિના ઉષા પાણી લેવા ગઈ. જતાં જતાં તેણે ય આંખો લૂછી !

પાણી પીને પ્યાલો નીચે મૂકતાં મોહનલાલ બોલ્યા : 'ઉષાબેન...'

'ઉષાબેન નહિ કાકા, ઉષા.' આત્મીયતા બતાવતાં ઉષા બોલી.



'દીકરી....' મોહનલાલે પોતાના વૃધ્ધત્વને શોભતું સંબોધન કર્યું.

'હા, એમ.' હર્ષમાં આવી ઉષા બોલી.

'અશોકને આરામ તો.....'

'અરે, અશોક કાલે ફરતો થઈ જશે.'

'સરલા....'

'અને પરમ દિવસે સરલા તમને રસોઈ કરીને જમાડશે,' હસતાં હસતાં ઉષા બોલી. જો કે બંનેના જીવનની ચિંતા અને ભય તેને ય ઓછાં નહોતાં. પરંતુ વૃદ્ધને આશ્વાસન આપવા તેણે ખાત્રીપૂર્વક વાત કરી અને મોહનલાલના મુખ પર આનંદની રેખાઓ છવાઈ !

'બેન, તેમને માટે જે કોઈ દવા લાવવી પડે તે લાવજો. પૈસાની....'

'તમે નિશ્ચિંત રહો કાકા, હું છું ને ? '

અને વૃદ્ધે સંતોષનો શ્વાસ ખેંચ્યો !

● ● ● ● ●

## ૧૩. સરલાની એક વાત

રાત્રે તો ઉષા પોતાની ફરજ પર દવાખાનમાં રહેતી જ પરંતુ દિવસનો મોટો ભાગ પણ તે દવાખાનામાં જ પસાર કરતી. સરલા અને અશોકની સારવાર કરવામાં તેણે કાંઈ કચાસ રાખી નહોતી. અશોકના અકસ્માતની વાત તેણે શારદાને કરી હતી, કાકીને પણ કહ્યું હતું અને તે બધાં જ અવારનવાર સરલા અને અશોકની ખબર લેવા દવાખાને જતાં. મુલાકાતના સમય દરમ્યાન અશોકની આજુબાજુ જાણે એક કુટુંબ જમા થઈ જતું ! અને ત્યારે ઉષા માટેના મોહનલાલના સદ્‌ભાવમાં પૂનમની ભરતી આવતી !

રાત્રિના ઉજાગરા, દિવસની દોડાદોડ અને ચિંતાને કારણે ઉષાનું સ્વાસ્થ્ય પણ બગડશે એમ તેનાં કાકીને, શારદાને, અરે ખુદ મોહનલાલને પણ લાગ્યું ! દિવસે દવાખાને ન આવવા બધાંએ તેને આગ્રહપૂર્વક સમજાવ્યું. મોહનલાલે તો કહ્યું : 'દીકરી, તું પડીશ તો આ બંનેને કોણ સંભાળશે ?' પણ ઉષા માને ? તેણે તો પોતાને માટે નિર્ભય રહેવાની બધાંને ખાત્રી આપી અને દર્દીઓની સેવા અવિરતપણે ચાલુ રાખી ! નવાઈની વાત તો એ હતી કે અશોક કરતાં સરલાની તે જરાય ઓછી કાળજી ન કરતી. ઊલટું, એની તબિયતની ગંભીરતા જોતાં તે તેને માટે વધુ સચિંત રહેતી ! પ્રેમી હૃદય દ્વેષી કે નિર્દય કેવી રીતે હોઈ શકે ?

કાકી તથા શારદા ઉષાની લાગણી સમજતાં હતાં. છતાં



શારદાએ એક દિવસ કહ્યું :

'ઉષા, તારી તબિયતની તો જરા કાળજી રાખ. થોડો આરામ....'

'ગાંડી,' ઉષા બોલી : 'તું ય આમ કહે છે ! જેની હું છું તેની સેવા કરવાની તક મળે ત્યારે હું મારી ચિંતા કરું ? મને શું થવાનું છે ?'

'ઉષા, તું તો....'

'મૂર્ખ છું, નહિ !'

'એમ કેમ કહેવાય ?'

'કહે તોય વાંધો નહિ. બધાં પ્રેમીઓ જગતને એવાં જ લાગે છે.'

'તારો જોટો નથી, ઉષા.'

'ડાહ્યા જગતમાં ગાંડાના જોટા મુશ્કેલીથી જ મળે,' ઉષા આમ ગમ્મત કરી વાતાવરણને હળવું બનાવતી હતી.

'તો એવી ગાંડી તું કેમ થઈ છું ?'

'ગાંડું થયું થવાતું નથી, થઈ જવાય છે.'

'ઠીક, ઉષા.' શારદાએ વાત બદલતાં પૂછયું : 'અશોક અને સરલા વિષે હવે કેમ લાગે છે ?'

'અશોકનો કેસ સુધારા પર છે. તે થોડીવાર માટે ભાનમાં પણ આવે છે. પણ સરલાને માટે તો હું સતત ચિંતાતુર છું. કદી કદી તેનામાં ઘેલછાનાં ચિહ્ન પણ જણાય છે. ભગવાન...' ઉષા આગળ ન બોલી શકી !

થોડીવાર પછી હેમંતને એક ચુંબન ભરી ઉષા સીધી દવાખાને ગઈ !'

ત્યાં જઈ તેણે જોયું તો અશોકની તબિયત સામાન્ય હતી, ચિંતાનું કારણ ન હતું. દવા અને સારવારની તેના પર સારી અસર થઈ હતી. પરંતુ સરલાની તબિયત વધુ ખરાબ હતી ! સાંજે ડૉ. પિયૂષે કહ્યું :

'મીસ ઉષા, રાત્રે સરલાની કાળજી રાખજો, કેસ વધુ બગડ્યો છે.'

'જી.' રૂંધાયેલા અવાજે ઉષા બોલી.

'અને અશોક સંપૂર્ણ ભયમુક્ત ન બને ત્યાં સુધી એ કેસની હકીકત તેનાથી સંપૂર્ણપણે છૂપી રાખવી જોઈશે.' ડૉક્ટરે સૂચન કર્યું.

'જી.'

'તમને વધુ સમજાવવાનું ન હોય.'

'જી, હું ધ્યાન રાખીશ,' ઉષાએ ગળું ખોંખારીને કહ્યું. ડૉક્ટર માટે તેનું માન સ્વાભાવિક રીતે જ વધ્યું !

રાત્રે સરલાની તબિયત ચિંતાજનક હતી તે ઉષા પણ સમજી શકી. અશોકના પિતા રાત્રે દવાખાનમાં રહેતા, પરંતુ ઉષા હતી એટલે તે તેમને જાગવા દેતી નહિ અને ઉષાની હાજરીમાં પોતે જાગવાની જરૂર નથી એ મોહનલાલ પણ જાણતા હતા. એટલે આજે પણ તેઓને ઉષાએ રોજની જેમ શાંતિથી સુવા દીધા. તેણે વિચાર્યું : 'જરૂર હશે ત્યારે જગાડતાં શી વાર ?'

રાત્રિના લગભગ બે વાગ્યા હશે. ઉષા હમણાં જ અશોકની



ખબર લઈને આવી હતી. તે સ્વસ્થ રીતે સૂતો હતો. વળી વોર્ડ નંબર પાંચમાં નર્સ તરીકે પોતાની સખી વિજયા હતી, એટલે એ રીતે પણ ઉષાને ઓછી ચિંતા હતી. અશોકની ચિંતા ન કરવાનું વિજયાએ પ્રથમ દિવસથી જ ઉષાને કહ્યું હતું. બે-ત્રણ વર્ષથી સાથે કામ કરતાં હોવાથી એ બેના જીવ મળી ગયા હતા.

સરલાના ખાટલાની સામે જ ઉષા ખુરશી પર બેઠી હતી. થોડીવાર શાંતિથી પસાર થઈ ત્યાં જ ઘડિયાળે એક ટકોરો પાડી અઢી વાગ્યાની જાહેરાત કરી. પણ એ ટકોરાએ સરલા પર વીજળીની અસર કરી. સ્વીચ દાબતાં જેમ લાઈટ થાય તેમ એ ટકોરો પડતાં જ સરલા ખાટલામાં એકદમ બેઠી થઈ ગઈ અને 'ક્યાં છો ? ક્યાં છો તમે' એમ પૂછવા લાગી !

એકદમ દોડી આવી ઉષાએ તેને સુવાડી દીધી. તે સૂતી, પણ પ્રશ્નો ચાલુ રાખ્યા : 'તમે કોણ છો ? એ ક્યાં છે ?'

'કોની અશોકની વાત કરો છો ?'

'હા, હા, એમની જ. ક્યાં છે એ ? એમને કોણ લઈ ગયું ?'

'એ સાથેના ખંડમાં છે ?'

'સાથેના ખંડમાં ? કેમ ? અમારે તે મુંબઈ જવું છે.'

'તમે મુંબઈમાં જ છો બેન, તમારી ગાડીને અકસ્માત થયો હતો ને !'

'અકસ્માત !' કાંઈક યાદ આવ્યું હોય તેમ સરલા બોલી ! 'હા, હા, પણ એ કયાં છે ? મારે એમને એક વાત કહેવી છે !'

'એમને થોડું વાગ્યું હતું તે સૂઈ ગયા છે. હવે સારું છે. તમે

પણ સૂઈ જાવ !'

'ના, ના એમને બોલાવો, મારે એમને એક વાત કહેવી છે.'

'શું કહેવું છે સરલાબેન ? મને કહો, હું એમને કહીશ.'

પ્રેમથી ઉષાએ કહ્યું.

'તમને ? ના, ના, તમને ના કહેવાય. એમને બોલાવો. દર્દીની હઠ ચાલુ હતી !

'એમનાથી હમણાં ન અવાય, તબિયત વધુ બગડે.'

' ન અવાય ?' થોડીવાર અટકી સરલા બોલી અને શાંત થઈ ગઈ. ઉષાને લાગ્યું કે હવે તે સૂઈ જશે. પણ થોડી વાર પછી વળી બહાવરી આંખ ઊંચી કરી સરલા બોલી :

'પણ મારે એમને એક વાત કહેવી છે.' અને એ બહાવરી લાગતી આંખમાંથી આંસુ સર્યાં ! આંસુ સારતી ઉષાએ તે લૂછયાં અને પૂછયું :

'શું કહેવું છે તમારે ? મને કહો બેન.'

'તમે એમને મારી વાત કહેશો ?'

સરલાના પ્રશ્નમાં જાણે પચાસ માનવીની આજીજી હતી !

'હા, હા, જરૂર કહીશ, બોલો બેન.' ઉષાએ લાગણીપૂર્વક કહ્યું.

'પણ તમે મને ઓળખો છો ?' સરલાએ  સાશંક બની પૂછયું:

'હા ઓળખું છું, કહો શું કહેવું છે તમારે ?'

ઉષા કેવી રીતે કહે કે 'હું' એમને તમારાથી પણ પહેલાંની



ઓળખું છું.'

'મારે એમની મારી છેલ્લી ઈચ્છા કહેવી છે.' સરલા બોલી.

'એમ ન બોલો બેન, તમે કાલે સારાં થઈ જશો,' ઉષાએ દ્રવતા હૃદયે કહ્યું.

'ના, ના, મને સારું નહિ થાય, એટલે જ મારે એમને છેલ્લી એક વાત કહેવી છે,' સરલાને જાણે મૃત્યુનાં દર્શન થઈ ગયાં હતાં !

'બોલો બેન, બોલો શું કહેવું છે ?' સમભાવથી ઉષાએ પૂછયું.

'પણ એમને જરૂર કહેજો, હાં.' આજીજીપૂર્વક સરલા બોલી

'હા,હા, જરૂર કહીશ, બોલો.'

'એમને કહેજો કે જો ઉષા કુંવારી હોય તો તમે એની સાથે જ પરણજો.'

'હેં !' ઉષાથી આશ્ચર્યભર્યો ઉદ્‌ગાર નીકળી ગયો ! 'સરલા આમ કેમ કહેતી હશે ?' તે વિચારમાં પડી ત્યાં જ સરલા બોલી :

'હા બેન, એમનું હૃદય સ્નેહાળ છે. ઉષા વિના તે હિજરાયા કરશે. અત્યાર સુધી મેં એમને ખુશ રાખવા, એમને સુખી કરવા બનતું કર્યું છે. ઉષા માટે મેં કદી દ્વેષ કર્યો નથી. પણ હું હવે થોડીવારની મહેમાન છું. એટલે એ ફરી પરણે ત્યારે ઉષા જો કુંવારી હોય તો કહેજો કે તેની સાથે જ....' સરલાનું વાક્ય અપૂર્ણ રહ્યું ! તેની આંખ ફાટી ગઈ !

ઉષા એકદમ ચમકી ! ઓચિંતા આવા બનાવ માટે તે તૈયાર નહોતી. તેણે સરલાની નાડી પકડી જોઈ અને તે બહાર દોડી ગઈ !

બીજે દિવસે સવારે હૃદય પર પથ્થર મૂકી મોહનલાલે પુત્રવધુનો

અગ્નિસંસ્કાર કર્યો ત્યારે રામલાલ તેમનો ટેકો બની સાથે ઊભા હતા.

દૂર બેઠી બેઠી શારદા ઉષાને છાની રાખવા પ્રયાસ કરતી હતી પણ પોતેય રડતી હતી !

સરલાની ચિંતાગ્નિની જ્વાલાઓ જાણે ઉષાને કહેતી હતી : 'મારી છેલ્લી વાત એમને કહેજો.. જરૂર.....!'

● ● ● ● ●



## ૧૪. દિલ એક મંદિર

દવાખાનામાં દાખલ કર્યો ત્યારે અશોકની સ્થિતિ પણ ચિંતાજનક હતી. પરંતુ ઉષાની ભલામણને કારણે ડૉ. પીયૂષ સરલા તથા અશોકની ખાસ કાળજી રાખતા. ડૉ. પીયૂષની કાળજી, ઉષાની સારવાર અને દવાના સતત ઉપચારથી ધીરે ધીરે અશોકની સ્થિતિ ભયમુક્ત થઈ. શરૂઆતના બે દિવસ તો એ બેભાન રહ્યો. બેભાન અવસ્થામાં કોઈ વાર તે 'સરલા' ને સંભાળતો. પણ ત્રીજે દિવસે બપોરે પ્રથમ વાર આંખ ઊંચી કરી ત્યારે તેની સામે ઉષા એકલી જ ઊભી હતી ! અશોક ભાનમાં આવ્યો. એ જાણી ઉષાના હર્ષનો પણ પાર ન રહ્યો ! સહેજ વાર તેના તરફ આશ્ચર્યથી તાકી રહી અશોક બોલ્યો :

'તમે ?!'

'હા, હું.'

'તમે...' અશોક કાંઈ યાદ કરવા લાગ્યો.

'હું અહીંની નર્સ છું.'

'નર્સ ? ત...મે....ઉ...'

'હા, હું ઉષા છું.'

'ઉષા !' આશ્ચર્ય કે આનંદથી - ગમે તે કારણે અશોક બે હાથના ટેકે અર્ધો બેઠો થઈ ગયો ! ઉષાએ તેને પકડીને સુવાડી દીધો.

'ઉષા, તું ?' અશોકના સંબોધનમાં આત્મીયતા આવી.

'હા, હું, અશોક, હું.'

અશોકની વાણી તેની આંખો દ્વારા વહેવા લાગી ! પોતાના અશ્રુ સંતાડવા પ્રયાસ કરતી ઉષા બોલી :

'આ શું કરે છે ? તારી તબિયતનો ખ્યાલ રાખ.'

'ઉષા, મારે તને કંઈ કહેવું છે.'

'અને મારે સાંભળવું છે પણ ખરું. પણ હમણાં નહિ.'

'ઉષા, હમણાં તું શું કરે છે ?'

'દવાખાનામાં પડેલા અશોકની સારવાર.' સ્મિત સાથે ઉષાએ જવાબ દીધો.

'બરાબર એ જ મુખ, એ જ હસવું અને એવા જ બુદ્ધિપૂર્વકના જવાબ ! અશોકને થયું : 'ઉષા તેવીને તેવી જ છે.' અરે, ઉલટું ફૂલ હવે પ્રફુલ્લ બન્યું હતું ? અશોક બધું દુઃખ, બધી વેદના ભૂલી ગયો. તેને થયું : 'હવે મનમાં સંગ્રહી રાખેલી બધી જ વાત ઉષાને કહી દઈશ. પણ તેને કાંઈક યાદ આવ્યું. તેણે કહ્યું :

'ઉષા, હું અહીં...'

'તમારી ગાડીને અકસ્માત નડ્યો હતો.'

'હા, હા, અશોકને કાંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યો : 'ઉષા, સરલા...'

'સરલાબેન બીજા વોર્ડમાં છે, ચિંતા ન કરશો. તેમની તબિયત સુધારા પર છે.' પોતાનું વિધાન ખોટું હતું એ ઉષા જાણતી હતી, સરલાની સ્થિતિ તો ગંભીર ગણાય તેવી જ હતી. છતાં અશોકને



આમ કહેવું જ પડે તેમ હતું !

'સરલાને....'

'એમની ચિંતા કર્યા વિના તું શાંતિથી સૂઈ રહે.'

'પણ...'

'પણ બણ કાંઈ નહિ, ચાલ આ દવા પી લે.' ઉષાએ પ્રેમથી આજ્ઞા કરી.

અને નાના બાળકની જેમ અશોક ઉષાના હાથે દવા પી ગયો ! એટલામાં વિજયા આવી. ઉષા બોલી : 'વિજયા, જો તારો દર્દી ભાનમાં આવી ગયો.'

'એમ ?' વિજયાને આનંદ થયો.

'હા, હમણાં જ મેં એને દવા આપી.' ઉષાએ કહ્યું : વિજયના વૉર્ડમાં રહેવા છતાં અશોકની ઘણી સારવાર ઉષા કરતી !

'ઠીક.' વિજયાએ કહ્યું.

'આ....?' અશોક પૂછવા જતો હતો.

'એ વિજયા.' અશોકનો પ્રશ્ન સમજી વચ્ચે જ ઉષા બોલી : 'મારી સખી, અને આ વોર્ડની પરિચારિકા, એણે તો તમને સાજા કર્યા.'

'બસ હવે, મારાં વખાણ પડતાં મૂક.' વિજયા બોલી.

'ઉષા,' અશોકે કહ્યું : 'મારા પિતા...'

'હા, આવ્યા છે. હમણાં આવી પહોંચશે. બિચારા કાકા રાત-દિવસ તમારા બેની ચિંતા કરે છે. ઉષાએ કહ્યું.

અને થોડીવારમાં મોહનલાલ આવ્યા ત્યારે ઉષાએ સામે જઈને વધામણી આપી.

'કાકા, અશોક ભાનમાં આવ્યો.'

'હેં !' કહેતાં મોહનલાલ જાણે ઘેલા થઈ ગયા !

પિતાને જોઈ અશોકનું હૈયું ભરાયું. અશોકને જોઈ મોહનલાલની આંખો છલકાઈ ગઈ ! હૃદય હળવાં થયાં ત્યારે થોડીવાર પછી બધાં સરલાની ખબર લેવા ગયાં. અશોક અને સરલાને જોવા શારદા પણ આવતી. અશોકના ભાનમાં આવ્યા બાદ પ્રથમવાર શારદા આવી ત્યારે ઉષાએ તેને પૂછયું :

'આને ઓળખી ?'

અશોક ધ્યાનપૂર્વક શારદા તરફ જોઈ રહ્યો, આટલા વર્ષમાં ઉષામાં ખાસ ફેરફાર નહોતો થયો એ વાત સાચી, પરંતુ શારદાના શરીરમાં તો ઘણો ફેરફાર થયો હતો. વર્ષો બાદ જોનાર તેને એકદમ ઓળખી પણ ન શકે, તેમાંય માથામાં ઈજા થવાને કારણે અશોકની - યાદશક્તિ પણ કાંઈક ઓછી થઈ હતી. ઉષાના પ્રશ્નનો અશોક કાંઈ જવાબ આપે તે પહેલાં જ શારદા બોલી :

'બહુ વર્ષ થયાં એટલે બિચારા ભૂલી ગયા હશે, ખરુંને અશોકભાઈ ?'

'હા,' અશોકે શારદાની વાત કબૂલ રાખી : 'પણ તમને કાંઈક ખાસ જોયાં છે એ નક્કી !'

'ઉષાને ઓળખતા સુધી અમને શાના ઓળખો ? શારદાએ ગમ્મત કરી. કોઈ વડીલની હાજરી નહોતી એટલે આ રીતે વાત કરવામાં વાંધો નહોતો.



'હવે એ બિચારા બિમાર ને બહુ સતાવીશ નહિ શારદા,' ઉષા બોલી.

'ઓહ, શારદાબેન, તમે અહીં ? 'અશોકે ઉષાની સખીને ઓળખી, અને તે પણ અહીં છે જાણી તેને નવાઈ લાગી !'

'એ મારા ભાઈની વહુ થાય.' ઉષાએ ગમ્મતમાં કહ્યું.

'બેસ, બેસ, ચાંપલી.'

'કેમ, ખોટું કહું છું ?'

'તમે બંને તો હજીય જાણે કોલેજમાં છો,' અશોકે ભૂતકાળ સંભાળતાં કહ્યું.

'હા, જોને, દીકરાની મા થઈ તો ય...' હેમંત તરફ નજર કરતાં ઉષા બોલી.

'તને આજે થયું છે શું ઉષા ?' શારદા બોલી.

'પણ મને તો તમારી વાતોમાં કાંઈ સમજ...' ગુંચવાતો અશોક બોલ્યો.

'જરા વધુ સારા થાવ, પછી બધી સમજણ પાડીશું.' શારદાએ કહ્યું.

અશોકને આનંદમાં રાખવા તેની આગળ આવો વિનોદ ઉષા ઘણીવાર વાત કરતી.

આમ અશોકની તબિયત ધીરે ધીરે સુધરતી હતી, પરંતુ સરલાની સ્થિતિમાં કાંઈ સુધારો ન હતો. અને ઉષાની છ-સાત દિવસની સારવાર સ્વીકારી, તેને ઓળખ્યા વિના પોતાની અંતિમ ઈચ્છા જણાવી, એક રાત્રે સરલા આ દુનિયા છોડી થઈ ત્યારે ઉષાનું

હૃદય કેટલી ભારે વેદના અનુભવતું હતું !

બે-ત્રણ દિવસ સુધી તો અશોકને કોઈએ કાંઈ કહ્યું નહિ, તે વારંવાર સરલાની ખબર પૂછતો અને ત્યારે 'તેને સારું છે,' 'ઠીક છે,' એમ કહેવામાં આવતું, સરલાના મૃત્યુનો ઘટસ્ફોટ યોગ્ય રીતે, યોગ્ય સમયે કરવાનું ઉષાને માથે હતું.

એક દિવસ સવારે અશોકે સરલાના સમાચાર પૂછયા ત્યારે ઉષાએ કહ્યું : 'અશોક, સરલાની સ્થિતિ જોઈએ તેવી સારી નથી !'

અશોકનું સ્વાસ્થ્ય હવે ચિંતામુક્ત હતું એટલે સરલાના સમાચાર માટે ઉષાએ તેને માનસિક રીતે તૈયાર કરવાની શરૂઆત કરી. કારણ સત્યને છુપાવવાથી ઉષાને પણ પોતાના હૃદય પર એક પ્રકારનો બોજો લાગતો હતો !

ઉષાનો જવાબ સાંભળી અશોક નિરાશ થયો. તેણે કહ્યું : 'ઉષા, મારાથી સરલા પાસે ન જઈ શકાય ? એક વાર....'

'અશોક, તું સમજું છે. એમ કરવાથી તારી તબિયત બગડે અને અમે વધુ મુશ્કેલીમાં મુકાઈ જઈએ.'

'એની સારવાર તો....'

'મારામાં શ્રદ્ધા તો છે ને અશોક ?'

'ભગવાનમાં કદાચ શ્રદ્ધા ન હોય, પણ તારામાં...' અશોકે અહોભાવથી કહ્યું.

'તો શાંતિ રાખ, અમે કોઈ પ્રયત્ન બાકી નહિ રાખીએ.'

બપોરે સરલાની તબિયત ગંભીર હોવાના સમાચાર ઉષાએ અશોકને આપ્યા. સાથે સાથે ધીરજ અને આશ્વાસન પણ !



અને રાત્રે હૃદય કઠણ કરી ઉષાએ સરલાના મૃત્યુની વાત અશોકને કરી દીધી. ઉષાની પૂર્વ ભૂમિકાને કારણે અશોક આ સમાચાર માટે કાંઈક અંશે તૈયાર તો હતો, છતાં એ સમાચારે તેની આંખો છલકાઈ ગઈ. ઉષા પણ તેને છાના રહેવાનું ન કહી શકી !

તે અશોકના પલંગ પર બેસી રહી. ત્યાં બેઠી બેઠી તેણે પણ રડ્યા કર્યું. એટલામાં વિજયા આવી. ઉષા અને અશોકને તેણે રડતાં જોયાં ! 'ઉષા, આ શું છે ?' તેણે પૂછયું.

'વિજયા, સરલા...' ઉષાનું વાક્ય અપૂર્ણ રહ્યું.

'તે તું અશોકભાઈ ને આ રીતે આશ્વાસન આપે છે ?' વિજયાએ ઠપકો દેતાં કહ્યું :

વિજયાએ અશોકને પાણી પાયું. ઉષાને પણ તેણે પાણી આપ્યું અને એ બંનેને વાતે ચડાવ્યાં.

ઉષા સાથે ખાનગીમાં કાંઈ વાતચીત કર્યા પછી વિજયા થોડી વારે ત્યાંથી ગઈ. વોર્ડ પાંચ -છ સાથે સાથે જ હતા. એટલે ઉષા અશોક પાસે હોય ત્યારે તેના વોર્ડની કાળજી વિજયા રાખતી. ઉષા પાછી આવી ત્યારે અશોકે કહ્યું :

'ઉષા, સરલાનો સ્વભાવ, તેનું ઔદાર્ય જીવનભર યાદ રહેશે,' કહેતાં તે ફરી રડી પડ્યો.

'પાછી એ વાત અશોક ! હૃદય કઠણ કરવું જોઈએ.' ઉષાએ હિંમત આપી.

'ઉષા, સરલાએ જતાં જતાં મારા માટે કાંઈ કહ્યું પણ નહિ ?'

'એ બધી વાતો પછી કહીશ, અશોક ?' તેનાં આંસુ લૂછતાં

ઉષા બોલી : 'પહેલાં તું સારો થઈ જા.'

'મને કાંઈ ગમતું નથી. ઉષા.'

'ઉંઘી જા હવે, દસ વાગી ગયા.'

'પણ ઉંઘ ક્યાં આવે છે ? 'ઉષા, હું તો લૂંટાઈ ગયો, પણ આટલા દિવસથી તેં તારી તો કાંઈ વાત જ કરી નહિ.'

'મારી શી વાત કરવાની છે ? હું મોજમાં છું.'

'એક પ્રશ્ન પૂછું ઉષા ?' અશોકે રજા માગી.

'હં.' ઉષાએ સંમતિ આપી.

'તું ક્યારે પરણી ?' પોતે પરણ્યો હતો એટલે આટલા વર્ષમાં ઉષા પણ પરણી જ હશે એમ ધારીને અશોકે પૂછી નાખ્યું. છતાં તેની ઈચ્છા તો એ જાણવાની હતી કે ઉષા પરણી કે નહિ !

'ઓ હો હો, ક્યારનીય', ઉષાએ હસતે હસતે જવાબ આપ્યો : 'કૉલેજમાં હતી ત્યારની !'

'એમ ?!' અશોકે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા, હા, કેમ નવાઈ લાગે છે ?'

'હા, થોડી નવાઈ લાગે.'

'કેમ ? પરણવાનો હક્ક કાંઈ એકલા પુરુષોને જ થોડો છે ?'

અશોક જરા છોભીલો પડ્યો. તે બોલ્યો :

'ના ઉષા, હું એમ નથી કહેતો.'

'તો હું પરણી તે જાણી તને નવાઈ કેમ લાગ છે ?' હસતાં હસતાં ઉષાએ પૂછ્યું.



'તું પરણી તે મેં તે વેળા જાણ્યું નહિ, તેથી.'

'તું શાનો જાણે ?'

'તારા કહ્યા વિના કે કંકોત્રી વિના ક્યાંથી જાણું ?'

'ઘણાં લગ્ન કંકોત્રી લખ્યા વિના જ થઈ જાય છે, અશોક.'

'મને કાંઈ સમજાયું નહિ, ઠીક ઉષા, મોડા મોડા પણ હું તને અભિનંદન આપું છું.'

'આભાર.'

'ઉષા, તારા લગ્નજીવનથી તને સંતોષ તો છે ને ?'

'ઘણો જ, કોઈનેય નહિ હોય તેટલો ?'

'તું સુખી તો છે ને ઉષા ?' એક આપ્તજનની લાગણીથી અશોકે પૂછ્યું.

'બહુ સુખી છું અશોક, હું બહુ જ સુખી છું,' અશોકને ઉષાની વાત, તેનો ધ્વનિ સ્પષ્ટ સમજાતો નહોતો. ઉષાના મુખ પર અગમ્ય ભાવ હતા !

'ઉષા.' અશોક કાંઈ પૂછતાં જાણે ગૂંચવાતો હતો.

'હા, બોલ.'

'તારા પતિ કેવા છે ?' તેણે પૂછી નાખ્યું !

'દેખાવે સુંદર.' હસતે હસતે ઉષાએ જવાબ આપ્યો.

'અને સ્વભાવે ?'

'શરમાળ.'

'ઉષા, મારે એમને જોવા છે, બતાવીશ ?'

'જરૂર, જરૂર, એ કાંઈ કાણા, કૂબડા થોડા જ છે જેમને બતાવતાં શરમ આવે ?'

'ક્યારે બતાવીશ ? એમને એકાદ વખત અહીં કેમ નથી લાવતી ?'

'હમણાં તો તેઓને ઠીક નથી.' ઉષાએ ભેદ ચાલુ રાખતાં કહ્યું.

'કેમ ? શું થયું છે ?' અશોકે સચિંત થઈ પૂછયું.

'અકસ્માત.' ટૂંકો ગૂંચવણભર્યો પ્રત્યુત્તર ઉષાએ આપ્યો.

'અકસ્માત ! શાનો ? ક્યારે ?'

'તેઓ આગગાડીમાં મુંબઈ આવતા હતા. તેમની ગાડીને અકસ્માત નડ્યો. ' ઉષાએ રહસ્યમાં જવાબ આપ્યો.

અશોક કાંઈક સમજ્યો. છતાં ખાત્રી કરવા તેણે પૂછયું :

'પછી ?'

'પછી તેમને ગવર્નમેન્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.'

'વોર્ડ નંબર પાંચમાં ?' અશોકે ભ્રમ ભાગતાં પૂછયું.

'હા.'

'ઉષા !' અહોભાવથી અશોક બોલી ઊઠ્યો : 'ઉષા, તું હજી કુંવારી છે ?'

'મેં કહ્યું ને કે હું ક્યારનીય પરણી ગઈ ?'

'તું હજીય મને ચાહે છે ઉષા ?'

'ચાહવું એ કોઈ એવો પદાર્થ નથી જે સમય જતાં સ્વરૂપ



બદલે. માનવનું દિલ તો એક મંદિર છે. એમાં પૂજાસ્થાને સ્થાપેલી મૂર્તિઓ વારંવાર બદલાતી નથી.'

'ઉષા, મેં તો લગ્ન કર્યા હતાં.' અશોકે લાચારીને કહ્યું.

'મેં અભિનંદન પણ આપ્યાં હતાં.'

'પણ એમાં મારો વાંક શો ?' ગરીબડો શો અશોક બોલ્યો.

'મેં ક્યારે તારો વાંક કાઢ્યો ?'

'વડોદરા છોડવાની તેં વાત પણ ન કરી. અરે, એક પત્ર પણ ન લખ્યો !' અશોકે સંજોગ યાદ કરાવતાં કહ્યું.

'લખ્યો છે. હજી એ મારી પેટીમાં છે.' ઉષાએ કહ્યું.

'તારી પેટી પોસ્ટ-ઑફિસ તો નથી કે મને પત્ર પહોંચાડે.' પથારીમાં પડેલા અશોકે ટીખળ કર્યું.

અશોકના જવાબથી ઉષાને હસવું આવ્યું, પણ પછી તેણે પોતાની વાત વિગતથી કહી. પોતે કાગળ પણ કેમ ન નાખ્યો તે પણ કહ્યું. અશોકે પણ પોતાની તે વખતની સ્થિતિ સ્પષ્ટ કરી. પોતે ઉષાને કેટલી મહાન માનતો હતો તે પણ કહ્યું અને આમ વર્ષોના તરસ્યા જીવોએ આજે હૃદય ખોલીને વાતો કરી ! કોલેજમાં ન થયેલી વાતો વર્ષો બાદ દવાખાનામાં કરી ! અંતે ઉષાએ કહ્યું :

'અશોક, આમાં કોઈનોય વાંક હોય તો તે સંજોગોનો'

'પણ પ્રેમ તો તારો જ સાચો ઉષા,' તારો દાખલો તો શોધ્યો ના જડે !'

'કેમ ? તું મને સંભાળતો નહોતો ?'

'સંભાળતો'તો. એમ તો વગર ઓળખે સરલા પણ તને

સંભાળતી'તી. તારી સાડીએ એને તારી બેન બનાવી દીધી હતી !' સરલાની વાત કરતાં અશોકના ચહેરા પર શોકનાં ચિહ્નો સ્પષ્ટ વરતાતાં હતાં.

'તો પોતાના પતિની પ્રિયતમાને ચાહે એવી સરલા ઓછી મહાન કહેવાય.' ઉષાએ સરલાને ન્યાય અંજલિ અર્પતા કહ્યું.

'સાચે જ ઉષા, એના હૃદયમાં તારે માટે સ્થાન હતું.'

'એની તો મનેય ખાત્રી થઈ છે અશોક.'

'ઉષા, સરલાએ છેલ્લે શું કર્યું એ તો કહે.' અશોક પાછો મૂળ વાત પર આવ્યો.

'અશોક, એણે કહ્યું તે મેં એકલીએ જ સાંભળ્યું અને તે હું કહીશ ત્યારે કોઈ કદાચ માને પણ નહિ. સરલા સાચે જ ઉદાર હતી. અશોક તે તારી સહૃદયી પત્ની હતી !'

'તને નવાઈ લાગશે ઉષા, પણ મુંબઈમાં આવીને તે તને મળવા માગતી હતી !'

'અમે મળ્યાં, પણ જુદી રીતે.' ઉષાએ નિઃશ્વાસ નાખ્યો.

'સરલાએ શું કહ્યું હતું, ઉષા ?'

'માનીશ ?' ઉષાએ સાશંક ભાવે પૂછયું.

'આમ પૂછી તું મારી બુદ્ધિનું અપમાન કરે છે.'

'એમને કહેજો કે ઉષા કુંવારી હોય તો એની સાથે લગ્ન કરે-' સરલાના આ છેલ્લા શબ્દો હતા અશોક !'

'સાચું કહે છે ?'

'મને ખાત્રી જ હતી કે આ વાતમાં તને તો શું, કોઈને પણ



શ્રદ્ધા ન બેસે.'

'ના, ના, એમ નહિ. એ સાચું, સો ટકા સાચું ઉષા, સરલા મને સુખી જોવા જ ઈચ્છે એ સ્વાભાવિક છે અને એની ગેરહાજરીમાં તું જ મને સુખી કરી શકે એ પણ તે જાણતી હતી !'

થોડીવાર શાંતિ છવાઈ ગઈ. કોઈ કાંઈ બોલ્યું નહિ. પછી અશોકે શાંતિનો ભંગ કરતાં કહ્યું :

'ઉષા, સરલાની અંતિમ ઈચ્છા હું જરૂર પૂરી કરીશ. તું સાથ આપીશને ?'

જવાબમાં ઉષાની આંખનાં આંસુ જાણે કહેતાં હતા : 'એ હજીય પૂછવા જેવી વાત છે ?'

અને મોડી રાત્રે અશોકના ઊંઘ્યા બાદ ઉષા ફરજ પર ગઈ ત્યારે તેનું હૃદય સરલામય બની ગયું હતું ! સ્ત્રીના ઔદાર્યને સ્ત્રી કેવી રીતે વિસરી શકે ?'

● ● ● ● ●

## ૧૫. હોસ્પિટલનો પ્રસંગ

આગલી રાતની વાત ઉષાએ શારદાને કરી ત્યારે એના આનંદની સીમા ન રહી. સરલાના મૃત્યુનું દુઃખ બધાંને હતું, પણ તેને ઈશ્વર ઈચ્છા માની મન વાળ્યું. સિવાય અન્ય રસ્તો નહોતો, એટલે આ નવા સમાચારે શારદા તો ખુશ ખુશ થઈ ગઈ. તેણે કહ્યું :

'ઉષા, અંતે તારું તપ ફળ્યું.'

'તો તો હવે હું પ્રગતિ નહિ કરી શકું.' ઉષાએ ટિખળ કર્યું.

'એટલે ?' ઉષાના જવાબથી શારદાને આશ્ચર્ય થયું !

'રિદ્ધિ સિદ્ધિ તો તપસ્વીના માર્ગમાં આવતી લાલચો છે શારદા, એના મોહમાં તપસ્વી તણાય તો તપ છોડી દે અને પોતાના આદર્શે પહોંચી ન શકે.'

'તારો આદર્શ અશોક સાથે લગ્ન કરવાનો હતો કે બીજો કાંઈ?' છણકો કરતાં શારદાએ પૂછ્યું.

'એ તો મહેચ્છા. પરંતુ એ મહેચ્છામાંથી પાછળથી આદર્શે આકાર ધારણ કર્યો.'

'એટલે તારો આદર્શ શો ?'

'તને ય યાદ નથી શારદા ? મારો આદર્શ પ્રેમની હરીફાઈ કરવાનો ! દેવી બનવાનો. સીતા અને દ્રૌપદીની હરીફાઈ કરવાનો,'



હસતાં હસતાં ઉષા બોલી.

'તારી વાતમાં તો કાંઈ સમજ જ ન પડે.'

'અશોક સાથે લગ્ન કરીશ તો દુનિયામાં હું કાંઈ નવું તો નહીં જ કરી જાઉં, શારદા.' ઉષા બધી વાત બહુ હળવા હૃદયે કરતી હતી !

'એટલે તારે અશોકને ત્યાગવો કે આદર્શને, ખરું ને ?'

'હાસ્તો.'

'તો હવે તું શું ત્યાગીશ ?'

'આદર્શ,' વગર સંકોચે ઉષાએ જવાબ આપ્યો : 'અશોક માટે હું મારો આદર્શ જરૂર ત્યાગીશ.'

જવાબ સાંભળી શારદા હસી પડી.

'કેમ હસવું આવે છે ?' ઉષાએ પૂછ્યું. પણ તે ગંભીર નહોતી.

'મેં તો ધાર્યું કે આ દેવી અશોકનો ત્યાગ કરશે, આદર્શનો નહિ.' શારદાએ મજાકમાં કહ્યું.

'અશોકને માટે હું આદર્શ તો શું, જીવન પણ ત્યાગું, શારદા.'

'તોય પ્રેમી તરીકે તો તું બંને રીતે શ્રેષ્ઠ ઠરવાની ઉષા. સરસ યોજના ઘડી છે તે.'

'કેમ ? એમાં વળી યોજના શી ?'

'આદર્શને છોડી અશોકને પરણે તો પ્રેમ ખાતર તેં ત્યાગ કર્યો કહેવાય અને અશોક ન મળે તો એને માટે જીવનભર કૌમાર્ય વ્રત પાળે એમાંય તારો પ્રેમ અનુપમ લેખાય અને ત્યારે તો તું પ્રેમની દેવી સાબિત થાય.' શારદાએ ચોખવટ કરી.

'હા, બંને બાજુ લાભ ખરો. પણ સામે તેવી મૂડી ય મૂકવી

પડે હોં.'

'મૂડી ? કઈ મૂડી ?'

'હા, જીવનની મૂડી.'

'તારી વાત તો સાચી છે. અશોક માટે તેં જીવનની બાજી જ લાગવી છે,' સત્ય કબૂલ કરતાં શારદાએ કહ્યું : 'પણ હવે બાજી જીત પર લાગે છે.'

'આમાં કદી હાર છે જ નહિ, શારદા, તેં જ હમણાં કહ્યું ને કે આમાં બંને બાજુ લાભ છે !'

'હા, પણ એનું શું કારણ ?'

'સાચા પ્રેમમાં કદી ખોટ હોતી જ નથી શારદા.' ગમ્મતે ચડેલી બંને સખીઓ અજાણતાં જ પ્રેમની મીમાંસા કરતી હતી ! ઉષાએ આગળ ચલાવ્યું :

'શીરીન અને ફરહાદ, લયલા અને મજનુ ગયાં, અરે વિરહની વ્યથા ભોગવી ગયાં, પણ એમણે શું ગુમાવ્યું ?'

'જીવન, નિષ્ફળ પ્રેમની પાછળ જીવન ગુમાવ્યું.' પોતાની સમજ પ્રમાણે શારદા બોલી.

'જીવન એમણે ગુમાવ્યું નથી ગાંડી, એમણે તો સનાતન જીવન પ્રાપ્ત કર્યું. અને એટલે જ તો આપણે એમને ઓળખીએ છીએ ને આજે માનપૂર્વક યાદ કરીએ છીએ. પ્રેમના રાહમાંથી એ ચલિત થયાં હોત તો એમને કોઈ સંભાળત ખરું ?'

'સાચી વાત છે ઉષા,' આશ્ચર્યના ભાવ સાથે શારદા બોલી : 'પણ તારી વાતો સમજવા જેટલી મારી બુદ્ધિ નથી.'



'બસ હવે, મને પાછી બહુ ઉંચે ન ચઢાવી દઈશ. જેટલા ઊંચે ચઢીએ એટલું જોખમ.'

'હા, ઊંચેથી પડીએ તો વધુ વાગે.'

પણ વાર્તાલાપ આગળ ચાલે ત્યાં જ રડતા હેમંતને લઈ તેનાં દાદી આવી પહોંચ્યાં અને બંને સખીઓ તેને ખુશ કરવાના પ્રયત્નોમાં ગૂંથાઈ.

થોડીવારે હેમંત રમતે ચઢ્યો ત્યારે ઉષાએ પૂછ્યું :

'શારદા હમણાં તો મારા ભાઈ નો કાગળ નથી આવ્યો, કેમ ?'

'અરે, હું તો ભૂલી જ ગઈ વાતોમાં, જો આજે જ એમનો કાગળ આવ્યો છે.'

'હં, હવે તો ભાભી સાહેબ એકલાં એકલાં જ વાંચવા લાગ્યાં ને !'

'તને તો આડું બોલવાની ટેવ જ પડી ગઈ. એકેય કાગળ તને વંચાવ્યા વિના રાખ્યો છે ?'

'તે શાની રાખે ?' મારા ભાઈ આવે તો તારી ખબર લઈ નાખે તો. પણ શું લખ્યું છે એમણે ?'

'લે વાંચ,' શારદાએ કાગળ આપતાં કહ્યું : 'લખે છે - ઉષાને રોજ મળજે. એને એકલવાયું ન લાગે તેની કાળજી રાખજે. એને કાંઈ તકલીફ ન પડે તે જોજે. એના જેવી બહેન....'

'બસ, બસ, હું વાંચી લઉં છું. તું હવે ચા-બા થવા દે.'

'પત્ર વાંચી લો મેમસાબ. પછી સાથે જ રસોડામાં જઈએ.'

'અરે ચાલને, પત્ર લઈને જ આવું છું,' કહેતી ઉષા ઊઠી અને

બંને સખીઓ રસોડામાં ચા બનાવવા ગઈ. જતે જતે ઉષાએ હેમંતને ચુંબનોથી નવડાવી નાખ્યો !

મોડેથી બંને સખીઓ છૂટી પડી ત્યારે શારદાએ તેને ચેતવણી આપી : 'જો હવે કાળજી રાખજે અને જેમ બને તેમ જલદી લગ્નની વધામણી આપજે.'

પણ રાત્રે ઉષા દવાખાનામાં ગઈ ત્યારે વિજયા આતુરતાથી તેની રાહ જોતી ઊભી હતી ! ઉષા આવી કે તરત જ તેને બાજુ પર બોલીવી તેને કાનમાં કાંઈક કહ્યું જે સાંભળી ઉષાની આંખ ફાટી ગઈ !

'શું કહે છે વિજયા ?' આશ્ચર્યથી તે બોલી ઊઠી.

'સાચું કહું છું.'

'પોઈઝનનું ઈન્જેકશન આપવા કહ્યું ?'

'હા. પોઈઝનનું. પણ ધીરે બોલ ભીંતને પણ કાન હોય છે.' વિજયાએ ચેતવણી આપતાં કહ્યું.

'પણ કાંઈ કારણ ? એમની ભૂલ થઈ હશે કહેવામાં, અથવા તું જ ઊંધુ સમજી હશે.' ઉષા હજીય વિજયાની વાત માની શકતી નહોતી.

'એમણે વગર ભૂલે કહ્યું છે અને હું છતું સમજી છું,' મક્કમ અવાજે વિજયા બોલી.

'પરંતુ કોઈ પણ ડૉક્ટર એમ કરે ખરા ?'

'ડૉક્ટર ધારે તો દેવ બની શકે, ધારે તો દાનવથી ય બૂરો બની શકે, ઉષા.'



'પણ એમ કરવાનું કાંઈ કારણ ? એમણે તો ખંત અને કાળજીથી અશોકને બચાવ્યો છે.'

'ધીમે બોલ,' વિજયાએ ફરી ચેતવણી આપતાં કહ્યું : જે પોષે તે જ મારે ઉષા. ગઈ કાલની તારી અને અશોકની વાતચીતથી ડૉ. પીયુષને કાંઈક ગંધ આવી. એથી તારા અને અશોકના સ્નેહની વાત એમણે જાણી, એટલે એ અશોકને પોતાના માર્ગમાં કાંટો સમજે છે. ઉષા, આ તો હું હતી તે તને કહ્યું, 'બાકી...'

'તારો ઉપકાર જીવનભર ન ભૂલાય વિજયા. પણ આજનો દિવસ અશોકને સંભાળી લેજે. કાલે જ એને ઘેર લઈ જઈશું.'

'ઠીક, વાંધો નથી, પણ અશોકને અહીં રાખવો એ જોખમ છે. કાલે જ એને લઈ જવો જોઈએ.' વિજયાએ સાવધાન કરતાં કહ્યું.

'હા, હા, કાલે જ વિજયા, કાલે એને જરૂર લઈ જઈશું.'

વિજયાના ગયા બાદ ઉષા વિચાર સાગરમાં ડૂબી ગઈ. 'શું ડૉક્ટર પિયુષ આટલો બધો અધમ છે ?' અને એ માટે અશોક એને કાંટા રૂપ લાગ્યો ? ઝેરનું ઈન્જેક્શન ! આ તો ડૉક્ટર કે જમ ? ફૂલની ઓથે દબાયેલો કાળો નાગ ! એતો ઠીક થયું કે વિજયા સાથે મારે સારો સંબંધ છે તો તેણે મને ચેતવી અને પિયુષની યોજના નિષ્ફળ બનાવી, નહિ તો ? નહિ તો....

ઉષા આગળ કલ્પના ના કરી શકી !

મધરાતે ડૉ. પિયુષ અશોકના વોર્ડમાં રાઉન્ડ લેવા આવ્યા.

'કેમ છે?' ધીરેથી તેમણે વિજયાને પૂછયું.

'સાહેબ,' વિજયાએ દિલગીરી દર્શાવતા કહ્યું : અશોકને ગઈ કાલનું ઈન્જેકશન દુઃખે છે એટલે઼ ઓ લેવાની તેણે ના પાડી કહે છે : કાલે લઈશ !'

'ઠીક, કાલે પણ ભૂલ થાય નહિ.' ઝીણી આંખ કરતાં ડૉક્ટરે કહ્યું.

'જી.'

વિજયા યમરાજ જેવા ડૉક્ટરને જતાં જોઈ રહી !

બીજે દિવસે સાવરે જ ઉષાએ ઘેર જઈ અશોકના પિતાને કહ્યું.

'કાકા, આજે અશોકને ઘેર લઈ આવવાનો છે. '

'કેમ બેન એકદમ?' મોહનલાલે જરા ચમકીને કહ્યું : 'કાલે તો ડૉક્ટર કહેતા હતા કે હજી અઠવાડિયું રાખવો પડશે.'

'હવે એને ત્યાં રાખવાની જરૂર નથી કાકા.' ઉષાએ કારણ જણાવ્યું.

'પણ....'

'પણ ને બણ. મારી સલાહમાં શ્રધ્ધા છે કે નહિ ?'

એટલામાં રામલાલ પણ આવી પહોંચ્યા. ઉષાની વાત સાંભળી તે બોલ્યા :

'ઉષા કહે પછી આપણને શો વાંધો હોય ? આજે જ અશોકને ઘેર લઈ આવજો !' રામલાલ પણ ઉષાને હવે સારી રીતે ઓળખતા હતા એટલું જ નહિ, એમના ઘરમાં પણ હવે ઉષાએ દીકરીનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



'ભલે એમ કરીએ,' મોહનલાલે પણ સંમતિ આપી.

'કાકા.' સહેજ શરમાતાં ઉષાએ પૂછયું : ''અશોકને મારે ઘેર લઈ જાઉંને ?'

'અરે હોય ગાંડી ?' મોહનલાલ કંઈ કહે તે પહેલાં જ રામલાલ બોલ્યા : 'અને મારું ઘર એ તારું જ ઘર છે ને ?'

'હા બેટી, તને તસ્દી આપવી ? તેં તો અશોકને ઊભો કર્યો,' મોહનલાલે કહ્યું.

'આમ શું બોલો છો, કાકા ? મેં એમાં શું કર્યું છે ? પણ કાકા, ભલેને અશોક મારે ત્યાં આવે, કાકીએ ખાસ કહ્યું છે.'

'બેન, એમાં મારું ખરાબ દેખાય. તું આ ઘરને પારકું શું કરવા સમજે છે ?' રામલાલે સ્નેહથી કહ્યું. ઉષા વૃધ્ધોને વધુ આગ્રહ ન કરી શકી !

• • •

'કેમ એકદમ આજે જ લઈ જાવ છો ?' ડૉ. પીયૂષે કહ્યું : 'થોડા દિવસ વધુ રહેવા દીધો હોત તો ઠીક થાત.'

'બરાબર છે સાહેબ,' ઉષાએ કહ્યું : 'પણ એના પિતા માનતા નથી ત્યારે આપણે શું ?' અશોકની જાણે બહુ પડી ન હોય એ રીતે ઉષાએ કહ્યું. એના આવા વર્તનથી ડૉક્ટરને ખાત્રી થઈ કે ઉષાને અશોક સાથે કાંઈ લેવા દેવા નથી ! તે બોલ્યા :

'ભલે ત્યારે, લઈ જવા દો.' ડૉક્ટરને થયું કે ટાઢે પાણીએ ખસ ગઈ !

અને તે દિવસે રામલાલ, મોહનલાલ અને ઉષાની સાથે

ટેક્સીમાં બેસી અશોક રામલાલને ઘેર ગયો. જોકે તેને હજી આરામ અને સારવારની જરૂર હતી, એટલે એને માટે પલંગ તૈયાર હતો.

જરૂરી સૂચનાઓ આપી, બીજે દિવસે પોતે આવશે એમ જણાવી ઉષા ઘેર જવા નીકળી તે પહેલાં તેણે વર્ષાને કહ્યું :

'વર્ષા, અશોકની કાળજી હવે તારે રાખવાની. આ બધાં ઘરડાંને તો એ ન ફાવે. તું સંભાળીને નિયમિત દવા વગેરે આપજે.'

'ભલે ઉષાબેન. તમે ચિંતા ન કરશો. તમારી સૂચના મુજબ નિયમિત તેમની સારવાર થશે,' વર્ષાએ કહ્યું.

'અરે, વર્ષાને કહેવું ન પડે,' દીકરીનાં વખાણ કરતાં રામલાલે કહ્યું : 'તારા જેવી જ એ પણ ચીવટવાળી છે ઉષા.'

'અને ઉષા,' વર્ષાના માતા બોલ્યાં : 'તારાં વખાણ કરતાં તો એ થાકતી જ નથી. દવાખાને તને પહેલે દિવસે જોઈ ત્યારથી જ તું એને બહુ ગમી ગઈ છું.'

ઉષા અને વર્ષા એકબીજાની સામું જોઈને સ્મિત વેરી રહ્યાં હતાં. હલકે હાથે ઉષાએ તેના ગાલમાં એક ટપલી મારી-મોટી બેનના સ્નેહથી !

પલંગમાં સૂતેલા અશોકને થયું :'ઉષા કોને નથી ગમતી ?'

પણ ઉષા જવા લાગી ત્યારે અશોકે એ રીતે તેની સામે જોયું કે જાણે તેની કોઈ કીમતી વસ્તુ ઝૂંટવાઈ જતી હોય ! અને ઉષા ય ભારે હૈયે દાદરનાં પગથિયાં ઉતરતી હતી !

● ● ● ● ●



## ૧૬. ડૉ. પીયૂષનું પરાક્રમ !

ઉષા બહાનું કાઢીને અશોકને દવાખાનામાંથી ઘેર તો લઈ ગઈ. પરંતુ વિજયાએ જાણી જોઈને અશોકને પોતે કહેલું ઈન્જેક્શન ન આપ્યું. એટલું જ નહિ, એની ચેતવણીથી જ ઉષા અશોકને જલદી ઘેર લઈ ગઈ, તેવો ડૉ. પીયુષને વહેમ હતો જ. વળી બીજી ઘણી નર્સો પોતાનું જે રીતે મન સંતોષતી હતી તે રીતે વિજયાએ હજી પોતાના દાવમાં આવી સંતોષ આપ્યો નહતો. તેથી તેને હાથ પર લેવા ડૉ. પીયુષ તકની રાહ જોતો જ હતો એટલે અશોકને દવાખાનેથી ઘેર લઈ જવામાં આવ્યો તે જ રાત્રે નવ વાગે ડૉ.પીયુષે વિજયાને પોતાની રૂમમાં મોકલવા નોકરને કહ્યું.

ડૉક્ટરની ચાલ વિજયા સમજી ગઈ. વહેલો-મોડો ગમે ત્યારે પોતાના પર હુમલો આવશે એની તેને ખાત્રી પણ હતી જ. પણ વિજયા જેટલી પ્રમાણિક સત્યનિષ્ઠ અને ભલી બાઈ હતી તેટલી જ મજબુત મનોબળવાળી પણ હતી. એટલે ડૉ. પીયુષના કોઈપણ પ્રકારના હુમલા માટે સંપૂર્ણ માનસિક તૈયારી સાથે તે તેની રૂમમાં ગઈ. સાથેના વોર્ડમાં ઉષા હતી પરંતુ તેને પણ તેણે વાત ન કરી.

'મને બોલાવી સાહેબ ?' જતાં જ તેણે પૂછ્યું.

'હા, બેસો,' પોતાની સામેની ખુરશી બતાવતાં પીયુષે કહ્યું. વિજયા બેઠી.

‘મિસ વિજયા,’ કાંઈક લખવાનો ડોળ કરતાં નીચી નજરે જ ડૉક્ટર બોલ્યા : ‘તમે ધ્યાનપૂર્વક તમારી ફરજ બજાવતાં લાગતાં નથી.’

‘આપને એમ લાગ્યું એ મારી કમનસીબી સાહેબ,’ વિજયા બોલી : ‘પણ મારા વિશે હું કાંઈ કહું તો તે આત્મપ્રશંસા કહેવાય. મારી ભૂલ આપ બતાવશો તો સુધારીશ.’

હ-હા-હા-હા. હસતા હસતા ડૉક્ટર એકદમ ગંભીર થઈ ધીરેથી બોલ્યા : ‘અશોકને તમે ગઈ રાત્રે જાણી જોઈને જ બચાવ્યો એ મને ખબર છે ! ડૉક્ટરે ધાર્યું હતું કે આ આક્ષેપ સાંભળતાં જ વિજયા ગભરાઈ જશે અને પછી મહેરબાનીની રાહે પોતાની જાળમાં સહેલાઈથી ફસાવી શકાશે, પણ વિજયાએ શાંતિથી પૂછયું :

‘આપને એવું કોણે કહ્યું ?’

‘આ દવાખાનાની ભીંતોય મને વાત કરે છે, મિસ વિજયા પોતે બહુ ચકોર છે એમ સાબિત કરવા માગતા હોય તેમ ડૉક્ટર બોલ્યા.

‘શું અશોક વિષે મેં કહ્યું એ વાત સાચી નથી ?’

‘ના,’ અવાજને સહેજ ઊંચો કરી વિજયા બોલી : ‘અને સચું હોય તો ય એમાં ખોટું શું છે ?’

‘એટલે ?’ ડૉક્ટરે સહેજ ગુસ્સામાં પૂછયું.

‘આપણે માણસને બચાવવા અહીં આવીએ છીએ સાહેબ, મારવા નહિ.’ વિજયાએ ગૌરવથી કહ્યું.

‘એવા ઉપદેશની મારે જરૂર નથી.’



‘ઉપદેશ આપવા હું જાતે આવી નથી, મને બોલાવવામાં આવી છે.’ ‘રૂઆબથી વિજયા બોલી : ‘મારું કામ પત્યું હોય તો હું જાઉં.’

‘મારા વિરોધનું પરિણામ ખબર છે ?’ ડૉક્ટરે ધમકી ઉચ્ચારી.

‘હા,’ આવી ધમકીની તૈયારી સાથે જ ગયેલી વિજયા બોલી : ‘હું અત્યારે જ ઘેર જાઉં કે કાલથી ન આવું ?’

ડૉક્ટર પીયૂષને આશ્ચર્ય થયું ! નોકરી જવાની ધમકીએ તો તેમણે ભલભલી નર્સોના શિયળ લૂટ્યાં હતાં, એટલે વિજયા આવો જવાબ આપશે તેમ એમણે ધાર્યું જ નહોતું. વિજયાના જવાબે તેમની યુક્તિ નિષ્ફળ થઈ, એટલે ધમકી છોડી તેમણે ખુશામતો માર્ગ અપનાવ્યો.

હ હા-હા-હા-હસતા ડૉક્ટર બોલ્યા : ‘એમ ગભરાવાની જરૂર નથી મીસ વિજયા અને હું તમારા જેવી સારી નર્સોને કાઢવાય માગતો નથી. પણ તમારેય સમજવું જોઈએ જરા.’

‘શું ?’

‘મારી ઈચ્છા.’

‘શી ઈચ્છા છે આપની ?’ વિજયા એ કટાક્ષમાં પૂછયું. પણ ડૉક્ટરે ધાર્યું કે વિજયા સાચા દિલથી ભોળે ભાવે પૂછે છે, એટલે તેના ગાલ ઉપર એક ટપલી મારી હસતાં હસતાં તે બોલ્યા :

‘એટલુંય નથી સમજતી ગાંડી ?’

અને વિજયા વિફરી ! પળમાં તેનું સ્વરૂપ પલટાઈ ગયું. ગાય જાણે સિંહણ બની !’ ‘ડૉક્ટર, ગુસ્સાથી તે બોલી : તમે તમારી મર્યાદા મૂકી છે. તેનું પરિણામ જાણો છો ?’

'ગાંડી,' વિજયાનો હાથ પકડતાં ડૉક્ટર બોલ્યા : 'એમાં ગભરાય છે શું ?'

પણ ત્યાં તો 'દોડો, છોડાવો'ની બૂમ પડી અને દવાખાનાના થોડા નોકરો ડૉ.પીયૂષની ઓરડી તરફ ધસી આવ્યા ! ઉષા દોડતી આવી. ડૉક્ટરની રૂમ દવાખાનાની એક પાંખના છેડે હોવાના કારણે બહુ માણસોએ બૂમ ન સાંભળી, છતાં જેણે સાંભળી તેઓ દોડી આવ્યાં. રૂમમાં જવાની નોકરોની હિંમત ચાલી નહિ. પણ ઉષાએ તો વિજયાનો સાદ ઓળખ્યો હતો. ડૉક્ટરના પરાક્રમ તે જાણતી હતી, એટલે તે ડૉક્ટરની રૂમમાં પહોંચી ગઈ. ત્યારે આબરૂ જવાની બીકે વિજયાનો હાથ છોડી ડૉક્ટર ઝડપથી પોતાની ખુરશીમાં બેસવા જતા હતા ! ઉષાને જોતાં જ તે છોભીલા પડી ગયા છતાં બનાવટ કરી બોલ્યા :

'મિસ ઉષા, જુઓને આ વિજયા ખોટી રીતે મને સપડાવવાનો પ્રયાસ કરે છે ! અત્યારે તેણે મારી રૂમમાં શા માટે આવવું જોઈએ ?'

બાજુમાં ઉભેલી સિંહણ સ્વરૂપી વિજયા કાંઈ પણ બોલે તે પહેલાં જ ઉષા બોલી :

'સાહેબ, કોની આગળ સતા થાવ છો તમે ?'

'મિસ ઉષા,' ગભરાટભર્યા અવાજે ડૉક્ટર બોલ્યા : 'તમે પણ આમ બોલો છો ?'

'હં.' તિરસ્કારપૂર્વક ઉષા બોલી : 'હું બીજું શું બોલું સાહેબ ? વિજયા તો મોડી પડી. મને આપનો આ લ્હાવો ક્યારનોય મળી ગયો છે.'



'ઉષા,' જુસ્સામાં વિજયા બોલી : 'જવા દે હવે એ નકામી વાતો, હું તારા જેવી ઉદાર દિલની નથી. ચાલ મારે સીધું પ્રેસમાં જવું છે. 'લોકશાહી'ની ઑફિસમાં !'

'લોકશાહી' શહેરનું અગ્રગણ્ય અખબાર હતું જે કોઈની પણ શેહ-શરમ વિના કહેવાતા મોટા માણસોનાં આવાં પરાક્રમ પ્રગટ કરતું.

'લોકશાહી'ની ઑફિસમાં ? કેમ ?' કાંઈક ગભરાટથી ડૉક્ટર પીયૂષે કહ્યું.

'હું આપની આબરૂ લેતી હતી તે કાલે આ મુંબઈગારાં જાણે તે માટે' કટાક્ષમાં વિજયા બોલી.

ડૉક્ટરે જોયું કે 'લોકશાહી' માં સમાચાર આવતાં જ પોતાની આબરૂ જશે. નોકરી જશે અને જીવન ધૂળમાં મળી જશે. અત્યાર સુધીમાં આવો અનુભવ તો કોઈએ ય નહોતો કરાવ્યો, એટલે તે હવે ખરેખરા ગભરાયા.

'વિજયા, આમ ખોટી રીતે કોઈ ને...'

'સત્યનાં પારખાં થશે સાહેબ' વચ્ચે જ વિજયા ગુસ્સાથી બોલીઃ 'મારી પાસે ઘણી વાતો છે. હું જાઉં છું. ચાલ ઉષા,' કહી તે ચાલી પણ ગઈ !

ઉષા પણ વિજયાને અનુસરી. ત્યાંજ ડૉક્ટર બોલ્યા :

'ઉષા !' કેટલી નિઃસહાયતા ભરી હતી એ સંબોધનમાં ! ઉષાને ડૉક્ટરની દયા આવી, તેણે સહેજ અટકીને ડૉક્ટર તરફ જોયું. વિજયા તો ચાલી ગઈ. બહાર ભેગા થયેલા નોકરો વિસ્મયપૂર્વક તેને જતી જોઈ રહ્યા ! પણ આ શું ?

ઉષાને તો જેની કલ્પનાય નહોતી તે દૃશ્ય તેણે જોયુ ! ડૉક્ટર પીયૂષ આવી ઉષાને પગે પડ્યા ! ઉષા પાછી હઠી ગઈ ને બોલી ઊઠીઃ 'સાહેબ, આ શું કરો છો ?'

આંખોમાં આંસુ છલકાવતાં ડૉક્ટર બોલ્યા :

'ઉષા, મારી ભૂલ થઈ. મેં તને પણ હેરાન કરી છે. મને માફ કર. પણ હવે તારા વિના મને બચાવનાર કોઈ નથી !'

'સાહેબ,' વિનયપૂર્વક ઉષા બોલી : 'આપ આમ શું બોલો છો? પણ આમાં હું શું કરી શકું ?'

'એમ ન બોલ ઉષા' ડૉક્ટરે કરગરતાં કહ્યું : 'તારા વિના વિજયા કોઈનુંય નહિ માને. અને વળી તારું જરૂર માનશે. આટલો વખત મને માફ કરી કોઈને ન કહે તેમ કર. ભવિષ્યમાં હું આવી ભૂલ નહિ કરું.' કોણ જાણે કેમ પણ ડૉક્ટર આત્મીયતાથી ઉષાને ઓચિંતા તુંકારતા થઈ ગયા !

'ઉષા,' વચ્ચે જ ડૉક્ટર બોલ્યા : 'વખત નથી. તને ખબર છે કાલે પેપરમાં સમાચાર આવતાં મારું શું થશે ? તું ધારે તો વિજયાને જરૂર સમજાવી શકે. આટલો ઉપકાર કર ઉષા, હું પાપી છું, પણ તારો આ ઉપકાર કદી નહિ ભૂલું.'

સાચે જ ઉષાને ડૉક્ટરની દયા આવી. આબરૂ જવાના ડરે પ્રતિષ્ઠિત માણસ કેવો પરવશ બની જાય છે તેનો એને ખ્યાલ આવ્યો. ગમે તેમ પણ અશોકને જીવતદાન તો આ ડૉક્ટરે જ આપ્યું છે એય તેને યાદ આવ્યું. તે બોલી.

'સાહેબ, મારાથી બનતું હું  કરીશ.'

'બનતું નહિ ઉષા, એમ કહે કે વિજયા કોઈને ય વાત નહિ



કરે તેમ હું કરીશ.' એકદમ ગંભીર થઈ જઈ ડૉક્ટર બોલ્યા : 'નહિ તો સવારે હું આ દુનિયામાં નહિ હોંઉ ! હું આત્મહત્યા કરીશ ! '

'એમ ન બોલો સાહેબ, એમ કરવાની કશી જ જરૂર નથી.'

'તો તું વચન આપ કે આ વાત બહાર નહિ જાય.'

'હું વચન આપું છું સાહેબ, નિશ્ચિંત રહો.' વિજયા પોતાનું માનશે જ એ વિશ્વાસે ઉષાએ વચન આપી દીધું. કોઈનોય જીવ જાય તે એને ગમે તેમ નહોતું.

'આભાર ઉષા,' લાગણીવશ થઈ ડૉક્ટર બોલ્યા : 'તારો ઉપકાર નહિ ભૂલું.'

અને ઉષા ડૉક્ટરના રૂમની બહાર આવી ત્યારે ભેગા થયેલા નોકરો એકબીજા સાથે ગુસપુસ વાતો કરતા હતા.

અને સાચે જ ઉષાએ વિજયાને મનાવી લીધી. એટલે એ વાત પર એ રાતના બનાવ પછી કાયમનો પડદો પડી ગયો હતો !

પરંતુ ત્યાર પછી ડૉ. પીયૂષ કોઈ પણ નર્સ સાથે કામ વિના વાત પણ ન કરતા. પોતાની રૂમમાં તો કોઈને બોલાવતા જ નહિ ! વિજયા સાથે પ્રસંગ પડે તો ય ડરથી જ વાત કરતા, પણ ઉષા સાથે માનથી !

પોતાની કારકિર્દી બચાવી ઉષાએ પોતાને નવજીવન દીધું હતું. ઉષાના ઉદાર હૃદયનો અનુભવ તો પોતે એની પાસે અઘટિત માગણી કર્યા છતાં તેણે કોઈનેય કશી વાત નહોતી કરી ત્યારથી ડૉક્ટરને થયો હતો. વિજયાના પ્રકરણમાં એનાં ઉદાર અને દયાળુ સ્વભાવનો ફરી  પરિચય થયો અને ઉષા તરફ પોતે કરેલા વર્તાવ માટે ડૉક્ટરને સાચે જ પસ્તાવો થયો ! તેના તરફ હવે તે માન અને

પ્રેમથી જોતા.

ઉષાની કિંમત ડૉ. પીયૂષે પણ કરી ! કથીર તો કંચનને વધુ સારી રીતે ઓળખી શકે નહિ ?

• • • • •



## ૧૭. વર્ષા

મોહનલાલકાકાના અશોકને જોવા માતા અથવા પિતા સાથે વર્ષા દવાખાનામાં ઘણીવાર જતી, એટલે તે અને અશોક પરસ્પરને ઓળખતાં તો થયાં હતાં જ. પણ અશોકને જોવાથી અને તે પોતાની નિકટ આવ્યો ત્યારથી વર્ષાના યુવાન હૃદયમાં તોફાન મચ્યું હતું ! જોકે પોતાને શું થાય છે તે શરૂઆતમાં તો તેનેય નહોતું સમજાયું, પણ અશોકને રોજ જોવાનું, તેને મળવાનું, તેની સાથે વાતો કરવાનું તેને મન થતું એ તો નક્કી, અને સત્તર-અઢાર વર્ષની આવી યુવાન, સુંદર છોકરી સાથે અશોકને વાત કરવાનું ન ગમે એમ પણ કેમ બને ? પણ દવાખાનામાં અશોક ઉષાને જોતો ત્યારે આખું જગત ભૂલી જતો. ઉષા આગળ બધું જ તેને મન તુચ્છ હતું એ ય સાચું !

જ્યારે અશોકને પોતાના ઘેર લાવાવમાં આવ્યો ત્યારે વર્ષાના હૃદયમાં હર્ષ માતો નહોતો. પોતાને ઘેર રહેલા અશોકને તે સ્વાભાવિક રીતે જ ઘણીવાર મળતી અને તેમાંય તેની સારવારનો ભાર ઉષાએ વર્ષાને સોંપ્યો હતો, એટલે હવે તેનો ઘણો વખત અશોક પાસે જતો.

'લો, દવા પી લો.' વર્ષા કહેતી.

'હમણાં તો પીધી હતી.'

'એ બીજી હતી.' એને પીધે અડધો કલાક તો થઈ ગયો ?'

'કંટાળ્યો તમારી દવાથી. હમણાં રહેવા દે વર્ષા, પછી પીશ.'

'ના એ ન ચાલે, દવા તો નિયમિત લેવી જ પડે. અને વળી ઉષા બહેન મને સાંજે ઠપકો દે પાછાં.' વર્ષા પ્રેમાગ્રહ કરતી.

અને એમ આગ્રહપૂર્વક વર્ષા અશોકને દવા પાઈ દેતી.

'લો,' થોડી વાર થતી ત્યાં વર્ષા આવી.

'શું લાવી પાછી ?'

'ગભરાશો નહિ, દવા નહિ, ચા છે.'

અને પલંગમાંથી બેઠો થતા અશોકને મદદ કરતાં તે ગમ્મતમાં પૂછતી :

'પીવી છે કે લઈ જાઉં પાછી ?'

'તું કહે તો પીઉં,' હસતાં હસતાં અશોક કહેતો.

'મારું માનો તો રહેવા દો, દૂધ પીવો.'

'હં, દૂધ પીવો,' રકાબીમાં ચા રેડતાં અશોક બોલતો :

'દવા રહેવા દેવાનું કેમ નથી કહેતી ?'

પછી ખાલી કપ-રકાબી લઈને જતી વર્ષાને અશોક જોઈ રહેતો.

'લો, શું વાંચો છો ?' વર્ષા પૂછતી.

'ગુજરાતનો નાથ,' પણ વળી તું શું લાવી ?

'શેક કરવાની કોથળી, પણ હજી સુધી તમે 'ગુજરાતનો નાથ.' વાંચી નથી ?'

'વાંચી હતી, થોડાં વર્ષ થયાં, બીજી વાર વાંચું છું.'

'ઠીક, એને બાજુ પર મૂકો. લો આ શેક કરો.'

'અરે, આટલું મંજરીનું પાત્ર....'



'પહેલાં સાજા થાવ કાકભટ્ટ, પછી મંજરી.'

વર્ષાએ નવલકથાના સંદર્ભમાં ગમ્મત કરી.

વર્ષાનું સાહિત્ય જ્ઞાન જોઈ અશોક આશ્ચર્યમાં પડી ગયો !

અને આવી તો રોજ કેટલીય મુલાકાત બંને વચ્ચે થતી ! સાંજે ઉષા આવતી ત્યારે સવારે તેણે આપેલી સૂચનાઓ પ્રમાણે પોતે કેવી સારવાર કરી છે અને કઈ દવા આપી છે તેની વિગત વર્ષા રજૂ કરતી અને ત્યારે ઉષા ખુશ થઈને કહેતી :

'વર્ષા, તેં સાચે જ મારી ખોટ પૂરી દીધી !' અને વર્ષા શરમાઈ જતાં કહેતી :

'ઉષાબહેન, આવું શું બોલો છો ?'

આમ વર્ષા અશોકની વધુને વધુ નજીક આવતી ગઈ. એક યુવક પોતાની સારવાર કરતી એક યુવતી સાથે જે સ્નેહ અને સમભાવથી વર્તે એ રીતે અશોક તેની સાથે વર્તતો. એને એમાં કશું ખોટું ન લાગતું. તેથી ઉષા પ્રત્યે પોતે બેવફા બને છે એવું ય તેને નહોતું લાગતું.

વર્ષાના માતા-પિતાને તેના માટે યોગ્ય છોકરો શોધવાની ચિંતા હતી જ. પણ હવે 'અશોક શું ખોટો ?' એ વિચાર તેમને સ્વાભાવિક રીતે જ આવ્યો. તેથી તેમણે વર્ષાને અશોક સાથે જાણી જોઈને ભળવા દીધી !

દરમિયાન એક દિવસ પોતાના મિત્ર મોહનલાલ પાસે રામલાલે ધીરે રહીને વર્ષા-અશોકનાં લગ્નની વાત કરી ત્યારે તેમણે જવાબ આપ્યો :

‘મને કાંઈ વાંધો નથી ભાઈ, પણ અશોકને પૂછવું જોઈએ. જુવાન છોકરાં…’

હહાહાહા. હસતાં હસતાં વચ્ચે રામલાલ બોલ્યા : ‘તમે ય મોહનભાઈ હજી ભોળા જ રહ્યા. જોતા નથી એ બે એકબીજા સાથે કેવાં હળી ગયાં છે ! તે કાંઈ ઈચ્છા વિના ? નાનાં છોકરાં આપણને મોઢે ચડીને થોડાં કહે છે ? એ તો આપણે જ સમજવું જોઈએ.’

મોહનલાલને મિત્રની વાત સાચી લાગી. વળી તેમને થયું : ‘વર્ષા છે ય સુંદર. અશોકને એ કેમ ન ગમે ? હવે મારી ય ઉંમર થઈ. મારે એને જલદી ઠેકાણે પાડવો જ જોઈએ.’

અને તેમણે મિત્રને વચન આપી દીધું ! અશોક-વર્ષાના વિવાહ નક્કી થઈ ગયા ! જોકે બેમાંથી કોઈને ય તેની હજી ખબર નહોતી !

અને એક દિવસની વાત. વર્ષાનો ભાઈ નોકરી પર ગયો હતો, મોહનલાલ તો દિવસનો મોટા ભાગ મિત્ર સાથે તેમની દુકાન પર જ રહેતા. ત્યારે માતાએ કહ્યું : ‘વર્ષા, હું માસીને ત્યાં જાઉં છું. બહુ દિવસ થયા કહ્યા કરે છે, ચારેક વાગતાં આવી પહોંચીશ. તું ઘરનું ધ્યાન રાખજે.’

‘ભલે બા,’ વર્ષાએ કહ્યું.

અને બાના ગયા પછી બારણે સાંકળ વાસી વર્ષા ઉપર આવી. અંદરના ખંડમાં થોડી વાર તે બેઠી, ત્યાં બેના ટકોરા થયા. અશોકની દવાનો વખત થયો. પણ કોણ જાણે કેમ આજે દવા લઈ અશોકની રૂમમાં જવા તેના પગ ઊપડતા નહોતા ! ઘણા સંકેત અર્થવાહી હોય છે.

થોડી વાર ધડકતે હૃદયે તે દવા લઈ અશોકની રૂમમાં ગઈ.



‘શું લાવી વર્ષા, દવા ને ?’

‘હાસ્તો,’ સ્વાભાવિકતાથી વર્ષા બોલી.

‘તું તો ઘડીય જંપવા દેતી નથી,’ કહેતો અશોક ‘ગુજરાતનો નાથ’ બાજુ પર મૂકી બેઠો થયો.

‘કેટલે આવી તમારી નવલકથા ?’ વર્ષાએ પૂછ્યું.

‘ઉષાએ શું જોયુ ?’ પ્રકરણ હમણાં જ પૂરું કર્યું. જોતો ખરી વર્ષા. શું કવિત્વ ભર્યું છે મુનશીએ આ પ્રકરણમાં !’ અશોકે સાહિત્યિક ચર્ચા કરી.

થોડીવારે દવા પી અશોક આડો પડ્યો. ‘ઉ…હ’ થોડીવારે તેણે ઉંકારો કર્યો.

‘કેમ શું થાય છે ?’ વર્ષાએ પૂછ્યું.

‘કાંઈ નહિ, જરા કેડ દુઃખે છે !’

‘દબાવી આપું ?’

‘ના રે,’

‘કેમ ? મારાથી ન દબાવાય ?’

‘એવું તો કાંઈ નહિ પણ…’ અશોકે સંકોચથી કહ્યું.

પરંતુ વર્ષાએ જવાબ સાંભળતાં પહેલાં કેડ દબાવવાની શરૂઆત કરી અને અશોકે તેનો જરાય વિરોધ ન કર્યો ! તેના મનમાં ત્યારે ઉષા સમયે વનમાં સૂતેલાં ‘ગુજરાતનો નાથ’નાં કાક અને મંજરી રમતાં હતાં !

આવી ઘડીઓ મહાત્માઓનેય ભાન ભૂલાવે છે. મેનકાને જોઈ વિશ્વામિત્રનાં ય તપ છૂટી ગયાં હતાં ત્યાં અશોક તે કોણ

માત્ર !

'વ...ર્ષા,' એક સ્નેહભર્યું સંબોધન થયું.

'ઓ, કેમ ?' પરવશ બની વર્ષા બોલી.

ત્યારે વર્ષાએ તેની આંખમાં આંખ પરોવી હતી, જાણે કહેતી હતી :

'હું તમારી છું !'

અને પછી અશોક અશોક ન રહ્યો, વર્ષા વર્ષા ન રહી. એ કોઈ અગમ બળના હાથમાં ખેલતાં રમકડાં બની ગયાં હતાં !

શું થયું, કેમ થયું તે કોઈને સમજાયું નહિ.

પણ નહોતું થવું જોઈતું એવું થયું હતું એટલું તો બંનેને લાગ્યું ! તરત જ ઊભી થઈ કપડાં સરખાં કરી વર્ષા નીચે ભાગી ગઈ !

'ઉષાને શું મોં બતાવીશ ?' પસ્તાતા અશોકે વિચાર્યું.

સાંજે ઉષા આવી ત્યારે ગુનેગારની જેમ અશોક સૂતો હતો. અને વર્ષા પણ ક્યાં રોજના ઉત્સાહથી આજે વાત કરતી હતી ? દરરોજ ઉષાનાં આવતાં જ અશોકની સારવારની વિગતો આપતી વર્ષાને આજે ઉષાએ અનેક પ્રશ્નો પૂછવા પડ્યા !

'કેમ આજે ઢીલો લાગે છે ? ઉષાએ અશોકને પૂછ્યું.

'ના રે,' અશોક બોલ્યો. પણ તેના મુખ પર તેજ નહોતું.

'વર્ષા, કેમ અશોક ઉદાસ જણાય છે ?' સચિંત ઉષાએ પૂછ્યું.

'કોણ જાણે, બપોરના મારી સાથે ય ખાસ બોલતા નથી.' ક્ષોભથી વર્ષા બોલી.



'તમે લોકો અમથાં આવું બધું કલ્પી લો છો.' કૃત્રિમ સ્મિત સાથે અશોકે કહ્યું.

રોજ કરતાં ઉષા આજે વધારે બેઠી. અંતે અશોકને હસી-હસાવી સંધ્યાકાળે તે ઘેર જવા નીકળી ત્યારે અશોક તેને જોઈ રહ્યો ! ક્યાં ઉષા ? અને ક્યાં પોતે ? તેને થયું : 'એક મહાનનારીનો અલ્પ પ્રેમી !'

'પ્રેમ, ત્યાગ અને સંયમમાં સ્ત્રીએ પુરુષને શરમાવ્યો ! સાચે જ, હું ઉષાને લાયક નથી !' પસ્તાતો અશોક વિચારતો હતો, ત્યારે તેની આંખો અશ્રુભીની હતી !

● ● ● ● ●

## ૧૮. ધર્મસંકટ

'ઉષા,' શારદાએ એક દિવસ કહ્યું : 'અશોક જાય તે પહેલાં હવે નક્કી કરી નાખને.'

'શાનું ?' અજાણી બનતાં ઉષા બોલી.

'જાણે કશું સમજતી નથી. અરે, તને શરમ આવતી હોય તો હું એને વાત કરું.' શારદાની અધીરાઈ અકારણ નહોતી.

'પણ લગ્ન કરવાનું એણે પોતે કહ્યું છે. વળી એ તો સરલાની અંતિમ ઈચ્છા પણ છે. પછી ચિંતા શાની ?'

'પણ લગ્ન આ ભવ કે આવતો ભવ ?'

'ભવોભવ,' હસતાં હસતાં ઉષાએ કહ્યું.

'હું કાંઈ દેવી નથી કે 'તથાસ્થુ' કહી તને વરદાન આપી દઉં. હું તો બહુ બહુ તો આ ભવનું ગોઠવી આપું.' શારદાએ મજાક કરી.

'ઠીક, હવે તને સોંપ્યું, જા ગોઠવી દેજે,' ઉષાએ સખીને જવાબદારી સોંપી. પોતાના લગ્નની વાત માણસે છેવટે તો બીજાને સોંપવી પડે છે !

'એમ બોલતી કેમ નથી ત્યારે ? કાલે જ આપણે જઈશું. અશોક અને તેના પિતા સાથે વાત કરી લઈશ.'

'મારે સાથે આવવું પડશે ?'



'હાસ્તો. તારા ભાઈ અહીં હોત તો આપણે કોઈને ય ન જવું પડત,' પતિને સંભાળતાં શારદા જરા નરમ થઈ લાગી !

'શારદા, હજીય મારી વાત માન, ભાઈના આવ્યા પછી....'

'જો ઉષા,' વચ્ચે જ શારદા બોલી : 'આપણે વ્યવહારુ થવું જોઈએ. તારા ભાઈને આવતાં હજી દોઢ-બે વર્ષ લાગે, ત્યાં સુધી બેસી રહેવું ઠીક નહિ. અને વળી સામા પક્ષનોય વિચાર કરવો જોઈએને?'

'પણ....'

'અને એમણે જ તારાં લગ્ન પતાવી નાખવાનું લખ્યું છે ને ? એમનો પત્ર તો તેં વાંચ્યો છે.'

'અરે, એ પત્ર તો વારંવાર વાંચુ છું શારદા, કેટલા ઉત્સાહથી ભાઈએ પત્ર લખ્યો છે.'

'હાસ્તો, આમેય બહેનનાં લગ્નનો ભાઈને હર્ષ થાય. તેમાંય આ તો યોગિનીબહેનનાં લગ્ન !'

'તમે બધાં થઈ મને હવે યોગિની મટાડી દેવાનાં.' ઉષા હસતી હસતી બોલી.

'આપણા મનમાં ભાવ ન હોય તો કોઈ શું કરતું'તું ?' શારદાએ મજાક કરી : પણ બધાંને પરણવાના કોડ હોય.'

'હા ભાઈ હા, મારે પરણવું છે, હવે છે કાંઈ ?' મરકતી ઉષા બોલી.

'બસ એટલુ જ. બોલ હવે કાલે કેટલા વાગે માગું લઈને જઈશું.'

'ચાર વાગે.'

અને સમય નક્કી કરી બંને સખીઓ છૂટી પડી ! ઘેર જતી ઉષાના મનમાં આનંદ-સાગર ઉછળતો હતો ! ઉછળે જ ને ? ખોવાયેલો પ્રેમી એને પાછો મળ્યો હતો.

માનવીનું મન ! કેવી કેવી ગણતરીઓમાં એ રાચતું હોય છે ! વર્ષોની મહેચ્છાની ફળ પ્રાપ્તિના આનંદમાં ઉષા રાચતી હતી, વ્હાલી સખીને પરણાવવાની શારદાને હોંશ હતી; રામલાલ અને તેમનાં પત્ની પુત્રીનો વિવાહ કરવાના આનંદમાં હતાં. અને અશોક ? એના સંકટનું તો પૂછવું જ શું ?

બીજે દિવસે રામલાલને ત્યાં અશોક અને વર્ષાના વિવાહ નક્કી કર્યાનું જાહેર થયું ત્યારે અશોક ચમક્યો ! આ શું ? પરણનાર જાણે પણ નહિ અને વિવાહ થઈ જાય ? તેણે પોતાના પિતાને બોલાવ્યા અને કહ્યું :

'બાપુજી, માફ કરજો, પણ આ લગ્ન હું નહિ કરી શકું !'

'શું કહે છે બેટા !' મોહનલાલને ફાળ પડી.

'સાચું કહું છું.' મક્કમતાથી અશોકે કહ્યું.

'પણ મેં વચન આપ્યું છે,' મોહનલાલ ગુંચવાતા બોલ્યા.

'તમારે તેમ કરતાં પહેલાં મને પૂછવું જોઈતું હતું.'

'પણ બેટા, વર્ષા શું ખોટી છે ? અને મારી ય હવે ઉંમર થઈ.'

'વર્ષા ઘણી સારી છે તેની હું ના નથી કહેતો બાપુજી, પણ…'

'પણ શું ? આ તો સોનામાં સુગંધ ભળે છે. રામલાલ મારા જૂના મિત્ર છે. '



'તમને શું સમજાવું બાપુજી, શું સમજાવું ?' ઉષાની વાત હજી મોહનલાલને કે રામલાલના ઘરનાંને કરવામાં નહોતી આવી. અને એ વાત કરવાનો વખત આવે તે પહેલાં તો આ ચોકઠું ગોઠવાઈ ગયું.

પુત્રને ઘણું સમજાવી ઊઠતાં ઊઠતાં મોહનલાલે કહ્યું :

'બેટા ઉતાવળ નથી, હજી વિચાર કરજે, પણ મારા ધોળામાં ધૂળ ન પડે તે જોજે.'

રામલાલના ઘરમાં બધાને ખબર પડી કે અશોકની વિવાહ કરવાની ઈચ્છા નથી, ત્યારે બધાંને આશ્ચર્ય અને દુઃખ થયું. વર્ષાએ તો પ્રથમ એ વાત માની જ નહિ !

'એ કેમ ના કહે છે તે કાંઈ સમજાતું નથી ભાઈ !' મોહનલાલે દુઃખી વદને મિત્રને કહ્યું.

'એ તો એમ જ ચાલે મોહનલાલ,' રામલાલ બોલ્યા : 'જુવાન છોકરાંનું તો એવું ગાંડુ વાંજુ, ચિંતા કરવાની જરૂર નથી. ધીરે ધીરે ઠેકાણે આવી જશે.'

'પણ અશોક એવો….'

'અશોક સુધી શું કામ જાવ છો યાર,' રામલાલ હસીને બોલ્યા :

'આ મારી જ વાત કરું. પરણવાનો ગળા સુધી ભાવ હતો તોય વર્ષાની મા સાથે વિવાહ કરતી વખતે મેં ચાર વખત ના પાડેલી !' અને બંને મિત્રો હસી પડ્યા. રામલાલ બહુ વ્યવહારું બુદ્ધિવાળા અને હિંમતવાન પુરુષ હતા !

પણ વર્ષાએ આ વાતને એટલી સામાન્ય ન ગણી. દવા લઈ

તે અશોકની રૂમમાં ગઈ ત્યારે તેની આંખો સૂજી ગઈ હતી !

ટેબલ ઉપર શીશી મૂકવાનો અવાજ થયો અને અશોકે ઊંચે જોયું. વર્ષા સામે તે જોઈ શક્યો નહિ. ફરીથી તે નીચું ભાળી ગયો.

બોલ્યા વિના જ વર્ષાએ દવાની પ્યાલી ધરી. અશોક હજી નીચું ઘાલીને જ બેઠો હતો.

'મારા હાથની દવા પણ નહિ પીવો ?' કેટલું દુઃખ અને કેટલો કટાક્ષ ભર્યો હતો વર્ષાના આ વાક્યમાં !

અશોકે ઊંચે જોયું. તેની આંખમાં આંસુ છલકાયાં.

'વર્ષા, મને માફ....'

'પહેલાં આ દવા પી લો.'

'વર્ષા,' અશોક બોલ્યો : 'મને ના કહેતાં...'

'બહુ દુઃખ થાય છે એમને ?' વચ્ચે જ વર્ષાએ પૂછયું.

'હા, એમ જ.'

'કેમ ?'

'તેં મારી કેટલી સેવા કરી છે, વર્ષા ?'

'બસો-પાંચસો રૂપિયા આપી દો, મને, એટલે બદલો વળી જશે.' કટાક્ષમાં વર્ષા બોલી.

'હું એમ નથી કહેવા માગતો, વર્ષા : અશોક ગુંચવાતો હતો.'

'મારા દેહના તમે માલિક થઈ ચૂક્યા છો એ ખબર છે ?'

'મારી ભૂલ થઈ.'

'ભૂલ તો મારી થઈ. હું એક સ્ત્રી છું તે હું સમજી નહિ.'



'એનો પસ્તાવો કરવાનો હવે અર્થ નથી' અશોકે જાણે બોધ વચન કહ્યું !

'હમ' સહેજ તિરસ્કારથી વર્ષાએ કહ્યું : 'પસ્તાયા સિવાય મારે હવે જિંદગીભર કરવાનું પણ શું છે ?'

'તું તો સુંદર છે વર્ષા, કોઈ સારો પતિ પામીને સુખી થા.'

'સ્ત્રીને તમે એવું તુચ્છ રમકડું સમજો છો જે સહેલાઈથી એક હાથમાંથી બીજા હાથમાં જઈ શકે ?' વર્ષાના વાક્યમાં સ્વમાનનો રણકો હતો.

'તને મારી વાત શી રીતે સમજાવું, વર્ષા ?' કહેતાં અશોકે માથે હાથ દીધો ! થોડી વાર રહીને તે બોલ્યો :

'પણ મારે તને સમજાવવું જ જોઈએ વર્ષા, સમજાવવું જ જોઈએ, શાંતિથી મારી વાત સાંભળવા જેટલી ધીરજ છે ?'

'જેટલું કહેવું હોય તેટલું કહો.'

'મને દુશ્મન માનીને પૂર્વગ્રહથી સાંભળીશ તો તું સાચો ન્યાય નહિ કરી શકે વર્ષા.' અશોકે વિનંતીની ભાષામાં કહ્યું.

'દુશ્મન ? તમે મારે મન કોણ છો તે તમને શી રીતે સમજાવું ?' વર્ષા બોલી. પણ એટલું કહેતામાં તો તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી ! અત્યાર સુધી રાખેલો સંયમ તૂટી ગયો. કઠણ હૃદય કરી અશોકને તેણે જે વચન કહ્યાં હતાં તે હવે આંસુમાં પરિણમ્યાં !

'છાની રહે વર્ષા,' કહી અશોકે વર્ષાને શાંત કરી અને પાણી આપવા ઊભો થવા ગયો ત્યાં જ વર્ષા બોલી :

'તમે બેસી રહો, હું લઈ લઉ છું.'

ઊઠીને પાણી લાવી તેણે અશોક સામે પ્યાલો ધર્યો. અશોકે થોડું પાણી પીધું. વધ્યું તે વર્ષાએ પીધું !

અને પછી કૉલેજના અથથી આજની ઈતિ સુધીની પોતાની અને ઉષાની વાત અશોકે વર્ષાને કરી !

એ સાંભળી વર્ષા સ્તબ્ધ થઈ ગઈ ! અશોકની તેને દયા આવી. ઉષાને તે પોતાની મોટી બહેન સમાન ગણતી હતી. તેના માટેનાં માન અને પ્રેમ અનેક ઘણાં વધી ગયાં. અજાણતાં તે ઉષાના જ માર્ગમાં આવી એ વાતનું તેને ભારે દુઃખ થયું. પણ હવે શું થાય ? અનેક વિચાર વમળમાં વર્ષાનું મન અટવાતું હતું. ત્યાં જ અશોકે પૂછ્યું :

'બોલ વર્ષા, હવે હું શું કરું ? બોલ.' પણ વર્ષા બિચારી શું બોલે ?'

'તમે હવે થોડો આરામ કરો,' થોડીવારે તેણે કહ્યું : 'ઈશ્વર સૌ સારું કરશે.'

અને અશોક પાસેથી વર્ષા પાછી ગઈ ત્યારે ગુસ્સો ભરીને આવેલ તેનું મન દયાર્દ્ર થઈને પાછું ફર્યું હતું !

સાંજે શારદા અને ઉષા આવી પહોંચ્યાં. એ કેટલાં ખુશ હતાં ! કેટલો ઉમંગ હૃદયમાં ભરીને બંને આવ્યાં હતાં ! પોતાની પ્રિય સખીના વિવાહનું માગું લઈને આવેલી શારદા તો ઉષા કરતાંય વધુ ઉત્સાહમાં હતી ! પણ વર્ષાના ઘરમાં પેસતાં જ વર્ષાની માતાએ પ્રેમથી આવકારતાં તેમને વધામણી આપી :

'ઉષા, શારદા, લો ગોળ ખાવ.'

શારદાને થયું કે શુકનમાં આવ્યા છીએ !



'શાનો ગોળ ચંદનકાકી ?' ઉષાએ પૂછ્યું.

'વર્ષાના વિવાહનો.'

'વર્ષાનો વિવાહ !' આશ્ચર્યથી ઉષાએ કહ્યું : 'વાહ, ક્યાં નક્કી થયો ? અમને વાત પણ ન કરી !'

'બેન, એ તો એવું છે,' વર્ષાની વ્યવહારુ માતાએ કહ્યું : 'નક્કી થયા વિના વાત બહાર કેમ પડાય ?'

'નહિ જ તો,' શારદાએ ટાપસી પૂરી : 'ચાલો, સારું થયું.'

'અને આમ તો તમે પોતાનાં છો તે કહેવાય. બાકી છોકરો તો હજી....'

'અરે વાહ,' ઉષાએ વચ્ચે જ કહ્યું : 'એવો તે ક્યો છોકરો છે જે વર્ષા માટે હા ન પાડે ? પરી જેવી તો છે આપણી વર્ષા.'

'આ આપણો અશોક,' સ્વાભાવિકપણે જ ચંદનકાકી બોલ્યાં : 'એ ના પાડે છે.'

'હેં ! ! !' ઉષા અને શારદા બંનેથી એકી સાથે બોલાઈ ગયું ! માણસ પર વીજળી પડે તો શું થાય તેનો અનુભવ ક્ષણમાં જ તેમને થઈ ગયો !

'હા બેન, પણ એમાં ગભરાવ છો શું ? એ તો કાલે હા પાડશે.' ચંદનકાકી એમની લીમડી ઝૂંડતાં હતાં !

પણ ઉષા અને શારદાનું તો લોહી જાણે ઊડી ગયું હતું ! સહરાની પ્યાસીને હોઠે આવેલો પ્યાલો ઝૂંટવાઈ ગયો હતો !

'અરે, તમે છોકરીઓ આમ સાવ નિરાશ શું થઈ જાવ છો ? એ તો સારાં વાનાં થશે.' ચંદનકાકી બોલ્યાં. કોણ કેમ નિરાશ થયું

હતું તેની એમને બિચારાંને શી ખબર ?

શારદાથી રહેવાયું નહિ. પણ તે કાંઈ જ બોલે તે પહેલાં આંખ વડે ઉષાએ તેને ડારી અને તે બોલી :

'હા, હા, ચંદનકાકી, એ તો અમને એકદમ જરા લાગી આવ્યું. બાકી અશોક ના શું માને ?'

ઉષા ઉષા જ હતી ! તે આટલી વારમાં સ્વસ્થ થઈ ગઈ હતી. બીજી મોટી કસોટી આવી હતી અને તે માટે તે વીજળીવેગે તૈયાર થઈ ગઈ હતી !

'હા બેન, હું એ જ કહું છું,' ચંદનકાકી બોલ્યાં : 'પણ બેટા ઉષા, અશોક તારા વિના નહિ માને. તું એને ન સમજાવે ? બાકી અમારું તો તીરે આવેલું વહાણ ડૂબી જશે.'

'અરે ડૂબી ગયું,' શારદાથી બોલાઈ ગયું. પણ ઉષાની ધાકથી જરા ધીરેથી બોલાયું. ઠીક થયું કે ચંદનકાકીએ તે સાભંળ્યું નહિ.

એટલામાં બહારથી મોહનલાલ સાથે રામલાલ આવી પહોંચ્યા. આવતાં આવતાં પત્નીની વાત સાંભળી અને તેની બુદ્ધિ પર ખુશ થઈ જતાં તે બોલ્યા :

'હા, હા, ઉષા, એ કામ તારા વિના નહિ પતે. અશોક તારું જરૂર માનશે. વર્ષા તારી નાની બહેન છે બેટા; આટલું કામ તારે જ માથે.'

'ભલે કાકા,' ઉષા બોલી : 'તમે નિશ્ચિંત રહો. હું બનતું કરીશ.' પણ આટલું કહેતાં બહુ કાબૂ રાખ્યા છતાંય ઉષાથી નિઃશ્વાસ નંખાઈ ગયો !

'ઉષા, તું....' શારદા બોલવા જતી હતી.



'શારદા,' વચ્ચે જ જાણીને ઉષા બોલી : 'ચાલ આપણે અશોક પાસે જઈએ.' શારદા શું કહેશે તે ઉષા જાણતી હતી. એટલે તેણે તેને બોલવા જ ન દીધી !

વિધિની કેવી વક્રતા ! વર્ષા સાથે લગ્ન કરવાનું અશોકને સમજાવવાનું કામ ઉષાને માથે આવ્યું ! અને શી ઉષાની મહાનતા ! આ કામ તેણે સ્વીકાર્યું ! પ્રાણપ્રિય વ્યક્તિને સ્વહસ્તે બીજાને સોંપવાની જવાબદારી ઉષો સ્વીકારી !

શારદાનો ક્રોધ માતો નહોતો. અશોકે હા નહોતી પાડી એ જાણી તેનો ગુસ્સો કાંઈક મર્યાદામાં હતો. નહિ તો જતામાં જ તે અશોકનેય ઝાડી નાખત ! પણ બીજા રૂમમાં જતાં પહેલાં ચોકમાં તેણે ઉષાને જ ઊઘડી લીધી :

'તને કાંઈ ભાન છે કે નહિ ઉષા ? તું વિરોધ તો ક્યાંથી કરે, ઉપરથી અશોકને સમજાવવા જાય છે !'

'આમ નાનું દિલ ન રાખીએ શારદા.'

'શું કપાળ મોટું દિલ રાખે. હું આ નહિ સાંખી લઉં, હું બધાંને જ સ્પષ્ટ વાત કરીશ.' મક્કમતાથી શારદા બોલી.

'એટલે મારા માટે અશોકની ભીખ માગીશ, એમ ને ?'

'ભલે તું ભીખ કહે તો ભીખ, પણ..'

'અને માગેલી ભીખ ન મળી તો ?'

'તો ? તો ?' શારદા ગુસ્સામાં હતી. તેને ઝટ જવાબ ન મળ્યો.

'હા, હા. તો શું કરીશ ?'

'અરે, ન કેમ મળે ?'

'વાહ રે, ભિક્ષા પણ દાદાગીરીથી લેવાની ?'

'ભીખ શાની ? એ હક્ક છે.' શારદા હજી ગુસ્સામાં જ હતી.

'હક્ક મંગાય નહિ, મેળવાય' ઉષા બોલી.

'તો તું મેળવતી કેમ નથી ?'

'પણ મેં તો ક્યારનોય મેળવી લીધો છે.'

'તું...'

'ગાંડી છું હું, નહિ ? કે દેવી ?' હસતાં હસતાં ઉષાએ કહ્યું.

'લે હવે, શાંત થા, અશોકનો રૂમ આવી ગયો.' ઉષો કહ્યું.

શારદા ને અને ઉષા રૂમમાં દાખલ થયાં ત્યારે અશોક બારીમાંથી આકાશ તરફ તાકતો અન્યમનસ્ક શો પડી રહ્યો હતો !

'અભિનંદન,' શારદાએ જતામાં જ કટાક્ષ કર્યો. અશોક ચમકીને એમના તરફ ફર્યો. પણ શારદાનું વેણ સાંભળી તેની આંખમાંખી આંસુ સર્યાં !

'અશોક, આ શું ?' પ્રેમથી તેનાં આંસુ લૂછતાં ઉષાએ કહ્યું : 'શારદાને તો ગમ્મત કરવાની ટેવ છે.'

અશોકનાં આંસુ જોઈ શારદા પણ છોભીલી પડી ગઈ !

'એમને શું છે ઉષા ?' અશોક બોલ્યો : 'પણ હું તો...'

'તું તો છોકરી જેવો છે, વાતવાતમાં રડે છે,' વાત હળવી કરવા ઉષાએ મજાક કરી.

'છોકરીથી ય નપાટ છું ઉષા, તું ક્યાં ને હું ક્યાં ?'



'પણ આ બધું છે શું અશોકભાઈ ?' શારદાએ પૂછયું.

'જે હશે તે, ઉષા સિવાય હું કોઈની સાથે લગ્ન નહિ કરી શકું.' મક્કમતાથી અશોક બોલ્યો. તેનો જવાબ સાંભળી શારદાનું હૈયું હરખ્યું !

'અશોક, વડીલોનું દિલ દુઃભાય એવું કશું જ આપણાથી ન થાય.' ઉષાએ કહ્યું !

'મારે ય દિલ હશે કે નહિ ?' દયામણા ભાવે અશોક બોલ્યો.

'ખરી વાત છે, શારદાએ ટાપસી પૂરી :' 'વડીલોએ પણ વિચાર કરવો જોઈએ.'

'તું તો હંમેશા અશોકનો જ પક્ષ લે છે, શારદા,' સખીને જાણે ઠપકો આપતી હોય તેમ ઉષા બોલી : 'કાકાએ જે કર્યું હશે તે અશોકના હિતમાં જ કર્યું હશે ને ? જો, શાંતિથી વિચાર કર. ઉતાવળ શી છે ?'

'મેં બધો વિચાર કરી નાખ્યો છે.' અશોક હજીય મક્કમ હતો.'

ઉતાવળા નિર્ણય ઘણીવાર પસ્તાવામાં પરિણમે. અને જો, મારી જરા ય ચિંતા ન કરતો.' વાત્સલ્યભાવે ઉષાએ કહ્યું.

પણ પછી ઉષાએ તરત જ વાતનો વિષય બદલ્યો. દવાની હકીકત પૂછી. તેણે વર્ષાને બોલાવડાવી. વર્ષા આવી. પણ તેના મુખ પર દુઃખ હતું કે દયા ? માન હતું કે પ્રેમ હતો ? વિવિધ ભાવો તેના મુખ પર અંકાયેલા હતા !

બહુ પ્રેમથી તેની સાથે ઉષાએ વાત કરી. જતાં જતાં ધીરેથી તેને આશ્વાસન પણ આપ્યું !

'બેન મને માફ...' વર્ષા આગળ ન બોલી શકી ! તેની આંખોએ વર્ષા કરી !

'ગાંડી, એવું બોલાય ? તું તો મારી નાની બેન છે.' મોટી બેનના ભાવથી ઉષાએ કહ્યું.

'ઉષાબેન, હું આજે રાત્રે ઘેર આવીશ.' વર્ષાએ કહ્યું.

'જરૂર, જરૂર, કેટલા વાગે આવીશ ?' ઉષાએ પૂછ્યું.

'આઠ વાગે.' વર્ષા બોલી.

'ભલે, હું ઘેર જ છું, પણ જો પાછી વિચારોમાં ને વિચારોમાં અશોકને દવા પાવાનું ન ભૂલે.'

'નહિ ભૂલું બેન, નહિ ભૂલું, પણ તમે...'

'બસ, બસ, તું ય મને કાંઈ નવો ઈલ્કાબ આપી દઈશ,' કહેતી ઉષાએ વર્ષાના ગાલમાં એક હળવી ટપલી મારી-હસતાં હસતાં !'

પછી મોડેથી શારદા સાથે ઘેર જતી ઉષાને વર્ષા અહોભાવથી જોઈ રહી, મનથી વંદી રહી !

રાત્રે વર્ષા બરાબર આઠ વાગે ઉષાને ઘેર પહોંચી ત્યારે તે તેની રાહ જોતી જ બેઠી હતી.

'કાકી, ઉષાબેન છે કે ?' ઘરમાં દાખલ થતાં જ વર્ષાએ પૂછ્યું. અશોકને જોવા ભેગાં થવાને કારણે આ બધાં એકબીજાને સારી રીતે ઓળખતાં હતાં.

'હા, બેન, આવ,' કાકીએ પ્રેમથી વર્ષાને આવકારી, ત્યાં જ ઉષા હસતી હસતી તેને લેવા સામી આવી.



વર્ષાને ખભે હાથ મૂકી ઉષા તેને પોતાની રૂમમાં લઈ ગઈ.

'બેસ, બેન,' પ્રેમથી ઉષાએ કહ્યું.

'ઉષાબેન.'

'બોલ બેન, જરાય મૂંઝાઈશ નહિ.'

'હું તમારી માફી માગવા આવી છું.'

'એવી ગાંડી વાતો જવા દે.' વ્હાલથી ઉષાએ કહ્યું.

'ઉષાબેન, તમારા ઈતિહાસનો મને જરા સરખો ય ખ્યાલ હોત તો હું તમારા માર્ગમાં કદી ન આવી હોત.'

'તું મારા માર્ગમાં આવી જ નથી બેન, અને સાચું કહું તો મારા માર્ગમાં કોઈ આવી શકે તેમ જ નથી !' પ્રેમની દેવી બોલી

'એ તો જાણું છું ઉષાબેન,અશોક તમારા વિના કોઈનો સ્વીકાર નહિ કરે.'

હાહાહાહા, હસતા હસતાં ઉષા બોલીઃ 'અશોકના નિર્ણય પર હું કૂદતી નથી બેન, મારા માર્ગમાં તો અશોક પોતે ય આવી શકે તેમ નથી.'

વર્ષા જરા શરમાઈ. પોતે ઉષાનું મૂલ્ય ઓછું આંક્યું તે ય એને સમજાયું. બાકી અશોકે દોરેલું ઉષાનું ચિત્ર તો કેવું ભવ્ય હતું ! અશોકે કહ્યું હતું :

'ઉષા પ્રેમની પ્રતિકૃતિ છે, ત્યાગની મૂર્તિ છે !'

'માફ કરો ઉષાબેન,' તે બોલી : 'તમારી તો વાત જ થાય એમ નથી. તમે...'

'તું ય મને પ્રેમની દેવી માને છે કે શું ?' વચ્ચે જ ઉષા બોલી : 'તને કોઈએ ફૂંક મારી લાગી છે.'

'કાલે અશોકે મને બધું જ કહ્યું છે ઉષાબેન, માટે જ એક ભીખ માગવા આવી છું.'

'એવું ન બોલ બેન, મારી પાસે શું આપવાનું છે ? પણ તારે અશોક સાથે લગ્ન કરવાં છે ને ?'

'ના,' વર્ષાએ અણધાર્યો જવાબ આપ્યો !'

'હે !' ઉષાને ય આશ્ચર્ય થયું : 'તો તારે શું જોઈએ છે બેન ? મારી પાસે બીજું છે પણ શું ?

'ઘણું છે ઉષાબેન, તમે અશોકને સમજાવવાનું છોડી દો. હું તો એની સાથે તમારા લગ્નનું માગું લઈને આવી છું !'

'હેં ! શું કહે છે વર્ષા !?' આશ્ચર્યથી ઉષા પૂછી રહી.

'સાચું કહું છું ઉષાબેન, અશોક તો જ સુખી થશે અને તમારું તપ ફળશે.'

'મારી વાત તો ઠીક છે બેન પણ પછી તું...'

'હું ? હું તમારા માર્ગે જવા પ્રયાસ કરીશ ઉષાબેન.'

'ઓહ,' સ્મિત કરતાં ઉષા બોલી : 'મારી હરીફાઈ કરવી છે કે શું ?'

'ના ઉષાબેન, એ મારું ગજું નથી. છતાં મારું ચાલશે ત્યાં સુધી એક ભવમાં હું બે ભવ નહિ થવા દઉં.' વર્ષાએ પોતાનું ધર્મસંકટ કહ્યું.

'એટલે ?' ઉષા ચમકી !



'ઉષાબેન, તમે તો મારે મન મોટાંબેન છો. હું તમને ન કહું તો કોને કહું ?' કહેતી  વર્ષાની આંખમાંથી જલધારા વહેવા લાગી.

'કહે બેન, જે હોય તે શાંતિથી કહે.' ઉષા બોલી.

'બેન, હું પાપી છું, આ દેહ એક વાર અશોકને...' વર્ષા વાક્ય પુરું ન કરી શકી. લજ્જાથી તેનું શિર ઝૂકી ગયું.

'હેં ! સાચું કહે છે ?'

'હા બેન, એટલું જ નહિ મને લાગે છે કે અશોકના ભાવિ સંતાનનો ભાર કદાચ વહું છું. ઉષાબેન, હું શું કરું હવે ?' એટલું કહેતાં તો  વર્ષા ધ્રુસકે ધ્રુસકે રડી પડી !

'હ...મ,' નિઃશ્વાસ સાથે ઉષા બોલી : 'એમ વાત છે ?' અને તો ય અશોક લગ્નની ના પાડે છે !

'મને માફ કરો ઉષાબેન, હું મારું ફોડી લઈશ. આટલું પાપ તમારી પાસે કબૂલવું હતું માટે જ આવી છું.'

'ચિંતા ન કર બેન,' આશ્વાસન આપતાં ઉષાએ કહ્યું : 'અશોકે હવે માનવું જ પડશે.'

'એ આગ્રહ છોડી દો ઉષાબેન, મારા માટે તમારું જીવન ન બગાડો. હું તમારા માર્ગમાંથી સ્વેચ્છાએ ખસી જાઉં છું.'

'મારું જીવન બગડ્યું નથી. પણ સાથે સાથે અશોકને હાથે હું કોઈ સ્ત્રીનું જીવન ન બગડવા દઈ શકું વર્ષા. એના પર મારો એ અધિકાર છે, એ મારી ફરજ પણ છે.'

'ઉષાબેન, મારી ભૂલનો ભોગ તમારે બનવાની જરૂર નથી. તમે...'

'એક સ્ત્રીની આબરું હું નહિ સાચવું તો કોણ સાચવશે વર્ષા ? આવા ધન્ય પ્રસંગો જીવનમાં વારંવાર આવતા નથી. તું શાંતિ રાખજે. હું સવારે આવીશ.'

'પણ ઉષાબેન...'

'ચૂપ થા હવે,' મોટીબેન પાસે બહુ બોલતાં શરમાતીયે નથી ?' પ્રેમથી ઉષા બોલી : 'લે ચાલ, થોડી ચા બનાવીએ.'

'ના, મારે ચા નથી પીવી.'

'પણ પાઈશ તો ખરીને ? આજ તો તારા હાથની ચા મારે પીવી છે. ચાલ, બનાવ જોઈએ.' ઉષાએ વર્ષાને હળવી કરવા કહ્યું.

અને મોટીબેનના સ્નેહથી વર્ષાને એ રસોડા તરફ ખેંચી ગઈ.

બીજે દિવસે સવારે ઉષા વર્ષાને ત્યાં ગઈ ત્યારે અશોક સોફામાં બેઠો બેઠો 'ગુજરાતનો નાથ' વાંચતો હતો.

'આવ ઉષા.' તેને જોઈ અશોક બોલ્યો.

'કેટલે આવ્યો ?'

'હતો એટલે જ.' ગઈ કાલના પોતાના વિચારમાં પોતે કેટલો આગળ વધ્યો હતો તેની અશોકે વાત કરી !

'હું નવલકથાની વાત કરું છું.' હસતાં હસતાં ઉષાએ કહ્યું : 'કાકે મંજરીને છોડી કે નહિ ?'

'હા, મંજરીને છોડીને એ જુનાગઢ તરફ ગયો.'

'અશોક, પોતાની પ્રિય પત્નીને છોડીને કાક કેવી રીતે જઈ શક્યો ?'



'ફરજ બજાવવા ! કોલેજની પરીક્ષામાં કાકનું ચરિત્રચિત્રણ કરતી હતી તે ભૂલી ગઈ કે શું ?'

'યાદ આવે છે ખરું,' ઉષા બોલી : 'પણ અશોક, સાહિત્યને જીવન સાથે કોઈ સંબંધ ખરો કે નહિ ?'

'ખરો જ વળી,' ઉષાનો મુદ્દો ન સમજતાં અશોકે કહ્યું : 'સાહિત્ય જીવનમાંથી પ્રેરણા લે અને વળી જીવનને એ ઘડે પણ ખરું.'

'તો ફરજ બજાવવા કાકે મંજરીને ત્યાગી, એવી જ રીતે ફરજ માટે તું ઉષાને ન ત્યાગી શકે.'

'ઉષા!' અશોક ચમક્યો : 'તું શું કહે છે ?' ઉષાનો હેતુ તેને હવે જ સમજાયો !

'જે કહેવું જોઈએ તે.'

'એ કદી નહિ બને ઉષા.'

'એ વિના બીજું કશું જ નહિ બને અશોક,' મક્કમતાથી ઉષાએ કહ્યું !

'એટલે ?'

'એટલે એ જ કે તું તારી ફરજ ચૂકે એમ હું કદી નહિ બનવા દઉં.' એ જ મક્કમતા હતી ઉષાના અવાજમાં !

'મારી ફરજ ? મારી ફરજ તો તારી સાથે લગ્ન કરવાની. જેણે મારા માટે વર્ષો સુધી તપ કર્યું તેની આશા પૂર્ણ કરવાની મારી ફરજ છે.' અશોકે પણ દૃઢતાથી કહ્યું.

'ના, એ તો તારી ભાવના, ફરજ નહિ.'

'તો મારી ફરજ શું ?' અશોકે અકળાઈને પૂછયું.

'તારી ફરજ વર્ષા સાથે લગ્ન કરવાની.' દઢતાથી ઉષાએ કહ્યું.

'કારણ ?' અશોકના પ્રશ્નમાં કાંઈક ગુસ્સો હતો.

'કારણ ?' ઉષાએ અવાજ સહેજ ધીમો કરતાં કહ્યું, 'કારણ કે તેના ભાવિ સંતાનનો તું પિતા છે !'

'શું કહે છે ઉષા !' છોભીલા પડી ગયા છતાં અશોકથી પુછાઈ ગયું.

'હકીકત કહું છુ.'

'મારી એક ભૂલ થઈ ઉષા, મને માફ....' એણે માથે હાથ પછાડ્યો.

'તારી એક ભૂલને કારણે એક સ્ત્રીનું જીવન હોડમાં મુકાયું છે તેનો તને ખ્યાલ છે. ?' ઉષાએ ઠપકો આપતાં પૂછયું.

'ઉષા, ઉષા હું શું કરું ?' અશોકે લગભગ બૂમ મારી !

'ફરજ બજાવ.' મક્કમતાથી ઉષાએ કહ્યું ! જાણે દેવાજ્ઞા થઈ !

'મારી ભાવનાનુ શું ? મારાં સ્વપ્નોનું શું ? અરે, મારી ઉષાનું શું ?'

'ભાવનાથી ફરજ ઉચ્ચ સ્થાને છે. સ્વપ્નો કાજે સત્યને અવગણાય નહિ. અને તારી ઉષા ? હં, એ તો તારી છે જ અને રહેશે. એની પાસેથી તને કોણ ઝૂંટવી શકવાનું છે ?'

'ઉષા, ઉષા તું તારા પગ પર જ કૂહાડો મારે છે.' અશોકે કાકલુદી કરતાં કહ્યું.



'અરે ગાંડા,' એક બાળકને કહે એ પ્રેમથી ઉષાએ કહ્યું : 'મારા પગ એવી ધરતીમાં રોપાએલા છે કે જેને કુહાડો તો શુ, બોંબ પણ કાંઈ નુકશાન ન કરી શકે !'

'ઉષા, તું આ પૃથ્વીનું પ્રાણી નથી.' અહોભાવથી અશોક બોલ્યો.

'ભૂત યોનિનું પ્રાણી છું કે શું ?' ગંભીરતાને હળવી કરતાં ઉષાએ હસીને પૂછયું.

'દેવ યોનિનું ઉષા, તું તો દેવ યોનિનો કોઈ અપાર્થિવ આત્મા છે ! 'અશોકે કહ્યું.

'તો દેવીની આજ્ઞા માન,' ઉષાએ તકનો લાભ લીધો.

'માનીશ, ઉષા તું જે કહીશ તે મારે માનવું પડશે.' કૃષ્ણને શરણે ગયેલા અર્જુનની જેમ અશોક બોલ્યો : 'પણ ઉષા તારું...'

'મારું સુખ એમાં જ છે.'

'ઉષા મેં તને બીજી વાર દગો દીધો. હું કેટલો નીચ છું.'

'એમ ના બોલીશ. તેં આજે મને પ્રેમ માર્ગનું બીજુ સોપાન ચઢાવી. હવે હું શિખરે લગભગ જઈ પહોંચી અશોક, અને એ બધો પ્રતાપ તારા પ્રેમનો,' કહેતી ઉષાએ આંખના ખૂણા સાફ કર્યા.

'ઉષા,' આંખમાં આંસુ સાથે અશોકે કહ્યું : 'હજીય વિચાર કર ઉષા.'

'મેં વિચાર કરી લીધેલો જ છે.'

'એટલે તું જનમભર કુંવારી જ રહીશ ?' આશ્ચર્યભર્યા અહોભાવથી અશોકે પૂછયું.

હ હા, રડતી ઉષાને હસવું આવ્યું : 'ભૂલી ગયો અશોક મેં દવાખાનામાં કહ્યું હતું તે ?'

'શું ?'

'કે હું તો ક્યારનીય પરણી ગઈ છું !'

થોડી વાર મૌન છવાયું. પછી ઉષાએ બૂમ મારી : 'વર્ષા.' કોઈએ તે સાંભળી નહિ. બીજી બૂમ પાડી 'વર્ષા.'

અને બોલ્યા વિના જ સાથેના રૂમમાંથી વર્ષા આવી. તેણે બધી વાતો સાંભળી હતી. તે આવી ત્યારે તેની આંખો છલકાએલી જ હતી. દોડતી આવી તેણે ઉષાના ખોળામાં માથું નાખી દીધું. તેનાથી બોલી જવાયું :

'ઉષાબેન.'

રડતી વર્ષાના મસ્તક પર હાથ ફેરવી ઉષા પણ અશ્રુનો અભિષેક કરી રહી. અશોક આંસુભરી આંખે સોફામાં બેઠો બેઠો આ પવિત્ર દૃશ્ય જોઈ રહ્યો. પ્રેમની દેવીને તે હૃદયથી નમી રહ્યો !

હૃદય હળવાં થયાં ત્યારે વર્ષાનું મસ્તક ઉંચું કરી ઉષાએ કહ્યું:

'વર્ષા, અશોક હવે તારો થયો.'

'ઉષાબેન, તમે મારી વાત ના માની.'

'મોટી બેનની વાત નાની બેન માને કે નાની બેનની વાત મોટી બેન માને ? અને અશોક તારો થયો તેથી મારો થોડો જ મટી જવાનો છે ?'

થોડીવારે બહાર આવી ઉષાએ વધામણી આવી.

'ચંદનકાકી, લાવો ગોળ, તમારી વર્ષાનો વિવાહ થઈ ગયો.'



'સાચું કહે છે બેન ? અશોક માની ગયો !' આનંદથી ઘેલાં થતાં ચંદનકાકી બોલ્યાં : 'અરે, સાંભળો છો કે ?'

'શું છે ? આમ રાડો શીદ પાડે છે ?' કહેતા રામલાલ અંદર આવ્યા.

'અશોક માની ગયો !' ચંદનકાકીએ કહ્યું.

'તે માને જ ને,' રામલાલ બોલ્યા : 'હું નહોતો કહેતો કે ઉષા વગર કોઈનું એ કામ નહિ ? અરે, મોહનલાલ, સાંભળ્યું ?' કહેતા રામલાલ મિત્ર પાસે પહોંચ્યા.

'શું થયું ?' પેપરમાંથી માથું ઊંચું કરી મોહનલાલે પૂછ્યું.

'અરે, આપણા અશોકે વર્ષા સાથેના વિવાહની હા પાડી.'

'એમ ?' હર્ષમાં આવી મોહનલાલે પૂછ્યું.

'હા, અને હા ના કેમ પાડે ?' મારી વર્ષામાં શું કેવડામણ છે ? હું તો કે'તો કે છોકરાં શરૂમાં હા-ના જ કરે ?'

આમ વર્ષાના ઘરમાં જ્યારે આનંદ વ્યાપ્યો હતો ત્યારે બસને ઉપલે માળ બેસી ઘેર જતી ઉષાના હૃદય પર જાણે મુંબઈનાં બધાં જ વાહન એકી સાથે ફરતાં હતા !

ત્યાગ કરવો એ સહેલું કાર્ય તો નથી જ. સહેલું હોત તો બધાં જ એમ ન કરત ? અને એટલે જ તો ત્યાગી જનોની કિંમત છેને ?

ઘેર જઈ કાકીના ખોળામાં માથું મૂકી ઉષા છૂટે મોઢે રડી !

'શું થયું દીકરી ? શું થયું ? મને કહે તો ખરી,' રડતાં રડતાં જ કાકીએ પૂછ્યું. ઉષાને રડતી જોઈ કાકીથીય કેમ કહેવાય ?

'કાકી, હું અશોકને બીજા હાથમાં સોંપી આવી.' અને વળી

ઉષા ધ્રુસકે ચઢી !

'શું કહે છે બેટા ? શું થયું ? તારા મોંમાં આવેલો કોળિયો કોણ ઝૂંટવી ગયું ?'

'ઝૂંટવી કોઈ નથી ગયું કાકી, મેં જ એ કોળિયો પાછો વાળ્યો !'

'પણ થયું શું એ તો કહે ?'

થોડીવારે શાંત પડી ઉષાએ પોતાની ત્યાગ-કથા કાકીને કહી સંભાળાવી.

'બેન.' કાકી બોલ્યાં :'તારી તો વાત જ ન્યારી છે ! તારા જેવું કોઈએ કર્યું જાણ્યું નથી ! હાથે કરીને..... !'

'હું ય તમારી ભત્રીજી છું ને કાકી ?' આંસુ લૂછી હસતાં હસતાં ઉષા બોલી : 'મારું હૃદય પણ તમારા જેટલું જ ઉદાર ન હોય ?'

કાકીનું દુઃખ ઉષા જોઈ શકતી નહિ. એટલે આવા પ્રસંગોએ એ જ પહેલી સ્વસ્થ થતી અને કાકીને ખુશ કરવા પ્રયાસ કરતી !

પણ તે દિવસે ઉષા રોજના જેટલું ખાઈ શકી નહિ. કાકી પણ નહિ જ ! તે નોકરી પર પણ ન ગઈ. જમીને મોડે સુધી તે સૂઈ રહી. કાકીથી કેમ રહેવાય ? તેમણે શારદાને ખબર મોકલી અને ત્રણ વાગતા પહેલાં તો તે આવી પણ પહોંચી.

શારદાને જોઈને ઉષાથી ફરી રડી દેવાયું ! અને શરૂમાં તો શારદાએ ય શું કર્યું ? આંસુ જ સાર્યા ને ? થોડીવાર રહી તે બોલી ! 'ઉષા, હજીય નાસી ગયું નથી. વર્ષાને આપણે બીજે પરણાવી શકીશું.'

'શારદા, બધું જાણ્યા છતાં તું ય આમ કહે છે ? સ્ત્રીના શીલની



રક્ષા આપણેય ન કરીએ તો કોણ કરે ?'

'તો હવે ?'

'હવે હું શિખર પર લગભગ પહોંચી ચૂકી. ઉષા મારો આદર્શ હવે સિદ્ધ થશેને ?'

'આ જાણી તારા ભાઈને શું થશે ઉષા ? '

'આનંદ,' ઉષા બોલી : 'મારા ભાઈ મને બરાબર ઓળખે છે શારદા, આ વાત જાણી એમને એમની બેન માટે વધુ માન ઉપજશે.'

અને સાચે જ એ વિષે ઈંગ્લેન્ડથી દિલીપનો છેલ્લો પત્ર આવ્યો તેમાં શારદાને તેણે જે લખ્યું હતું તે વાંચી ઉષા સાત્વિક આનંદમાં ડૂબી ગઈ. જાણે કોઈ મધુર સ્વપ્ન ન જોતી હોય ! પત્રમાં દિલીપે ઉષાને પેટભરીને અંજલિ આપી હતી અને આવી પ્રેમદીવાની બહેન પામવા માટે તેણે પોતાની જાતને ધન્ય ગણાવી હતી. એ પત્ર વાંચ્યા પછી કલાકો સુધી ઉષાના કાનમાં જાણે શબ્દો ગુંજતા હતા :

'હે....રી મૈં તો પ્રેમ દીવાની મેરા દરદ ન જાને કોઈ.'

● ● ● ● ●

## ૧૯. દિલીપનું મંથન

શારદાના આગલા પત્રે લંડનમાં રહેલા દિલીપને આનંદ સાગરમાં ડુબવ્યો હતો પણ આજના પત્રે શોક સાગરમાં ! અશોકને કેવી રીતે અકસ્માત નડ્યો, દવાખાનામાં સરલા કઈ રીતે, શું કહીને મૃત્યુ પામી વગેરે વાતો શારદાએ પતિને લખી હતી. અકસ્માતને કારણે ઉષા અને અશોકનુ મિલન થયું છે અને સરલાના અકાળ અવસાનથી હવે તે ઉષા સાથે લગ્ન કરશે એ વાત પરદેશ રહેલા પતિને શારદાએ પત્રમાં લખી હતી. ત્યારે અશોક જે રીતે મુશ્કેલમાં મુકાયો, સરલાનું જે સંજોગોમાં અવસાન થયું તેનું એને દુઃખ થયું, પરંતુ હવે એનો રંજ નકામો હતો માની એ વાત તેણે મનમાંથી કાઢી નાખી. પણ અશોક વિના આજીવન કૌમાર્ય પાળવાનું વ્રત લઈ બેઠેલી પોતાની વહાલસોયી બહેન ઉષાને અશોક પાછો મળ્યો તે જાણી તેને અનહદ આનંદ થયો. હવે ઉષા પરણશે પોતે તેનું સુખી લગ્નજીવન જોઈ શકશે એ વિચારે જ તેને આનંદસાગરમાં ડુબાડી દીધો ! અશોક ઉષા સાથે લગ્ન કરવા તૈયાર હતો તે જાણી ઉષાએ તેની પસંદગી યોગ્ય પાત્ર ઉપર ઊતારી હતી એનીય દિલીપને ખાત્રી થઈ, એટલે અશોક માટે પણ તેને માન થયું. તેણે પોતાનો આનંદ વ્યક્ત કરતો અને ઉષાને હાર્દિક અભિનંદન આપતો પત્ર લખી નાખ્યો. પણ સાથે સાથે અશોક સારો થાય કે તરત જ પોતાની રાહ જોયા વિના લગ્ન કરી નાખવાની પણ ખાસ સૂચના કરી ! પ્રેમી હૃદય હંમેશા અધીરાં જ હોય છે. પોતાની બહેનના માર્ગમાં સમય



જતાં વળી કોઈ નવું વિઘ્ન આવી પડે એ ડરથી દિલીપે આ સલાહ આપી હતી !

અને ઉષાએ પણ ભાઈની સલાહ અને શારદાની ટકોર માન્ય રાખી દિલીપના આવતાં પહેલાં જ લગ્ન કરી નાખવાનું નક્કી કર્યું હતું, પણ વિધિની વક્રતાને કોણ સમજી શક્યું છે ?

ખરેખર દિલીપનો ડર સાચો પડ્યો. અશોક દવાખાનામાં હતો ત્યારે વર્ષા તેના પરિચયમાં આવી હતી અને એના તરફ આકર્ષાઈ પણ હતી. અશોકને પોઈઝન આપવાની ડૉ. પીયૂષની યોજનાને કારણે વિજયાના સૂચનથી ઉષાએ તેને તાત્કાલિક દવાખાનેથી ખસેડ્યો અને સંજોગો પ્રમાણે અશોક રામલાલને ઘેર રહ્યો. ત્યાં તેની સારવારની મુખ્ય જવાબદારી ઉષાએ વર્ષાને જ સોંપી, જે કારણે અશોક અને વર્ષા બંને નિકટ પરિચયમાં આવ્યાં અને એક દિવસ બંનેનું આકસ્મિક પતન થયું ! અશોકને માથે ધર્મસંકટ આવ્યું. છતાં તે તો ઉષાને પરણવા જ માગતો હતો. પણ ઉષાએ જ્યારે બધી વાત જાણી ત્યારે તેણે પોતે જ અશોકને વર્ષા સાથે લગ્ન કરવા આગ્રહપૂર્વક સમજાવ્યો. વર્ષાને પોતાની નાની બહેન જેવી ગણી ઉષાએ તેની આબરૂ બચાવી અને એના માર્ગમાંથી પોતે ખસી ગઈ એટલું જ નહિ પણ એ બન્નેનાં લગ્ન પણ ગોઠવી આપ્યાં !

આમ ઉષાએ બીજીવાર પોતાના પ્રેમની ઉચ્ચ ભુમિકાનો પરિચય આપ્યો. આ વાત જેણે જાણી તે સ્તબ્ધ થયું. શારદાએ બધી વિગત લંડનમાં અભ્યાસ કરતા પતિને લખી. એ પત્ર વાંચી દિલીપ શોકસાગરમાં ડૂબી ગયો !

પોતાની વ્હાલસોયી બેનનું કિનારે આવેલું વહાણ ડૂબી ગયું.

એટલે એને શોક કેમ ન થાય ? તેને અશોક પર ક્રોધ ચડ્યો. એ બેવફા છે એમ પણ ઘડીભર તેને થયું. પણ બધી હકીકતનો શાંત ચિત્તે વિચાર કરતાં તેને અશોકનો બહુ વાંક ન લાગ્યો. એણે પોતે ગમે તે ભૂલ કરી પણ હજીય ઉષાને જ પરણવા માગતો હતો. પછી એનો શો દોષ ? અને વર્ષા પર પણ ગુસ્સે કેમ થવાય ? એને બિચારીને અશોક-ઉષાના ઈતિહાસની ખબર જ ક્યાં હતી ? છતાં પોતાના ભવના ભોગે પણ તે ઉષાના માર્ગમાંથી ખસી જવા તૈયાર હતી એમ પણ શારદાએ લખ્યું છે ! તો વાંક કોનો આમાં ? દિલીપ મંથનમાં પડ્યો.

'ઉષાનો વાંક ?' તે વિચારતો હતો : 'હા' એનો જ. એજ તો ઉપર રહી અશોક-વર્ષાના લગ્ન કરાવે છે ! શા માટે એણે એમ કરવું જોઈએ ? ઉષાએ પોતાનું જીવન શા માટે બરબાદ કરવું જોઈએ ? હજી અશોક-વર્ષાના લગ્ન થયાં નથી. તે પહેલાં મારે ઉષાને સલાહ આપવી જોઈએ.'

અને દિલીપે ઉષાને પત્ર લખ્યો.

'વ્હાલી બેન,'

અશોક સાથે તારાં લગ્ન થવાનાં છે એમ નક્કી-થયાનો શારદાનો પત્ર આવતાં મેં તને અભિનંદનનો પત્ર લખ્યો હતો. તે દિવસે મારા હૃદયમાં હર્ષ હતો એટલું જ, કદાચ એથી પણ વધુ આ પત્ર લખતી વેળા દુઃખ છે.

'તારા લગ્નની યોજના ફરી કઈ રીતે બગડી ગઈ તેની વિગત શારદાએ લખી છે. જે સંજોગો ઊભા થયા એમાં કોઈનોય દોષ નથી. એને માટે કોઈ પણ જવાબદાર હોય તો તે માનવ-સહજ



નિર્બળતા છે. અશોક-વર્ષા એ નિબર્ળતાનાં ભોગ બન્યાં એ કારણે તું તારા જીવનનો વિચાર કર્યા વિના એ બેનાં લગ્ન કરાવે છે એ ઠીક નથી. તારે તારું જીવન શા માટે બગાડવું જોઈએ ? એમાં તારો દોષ શો છે ? વળી અશોકની પણ તારી સાથે લગ્ન કરવાની ઈચ્છા છે. પછી એના પર ખોટું દબાણ કરીને વર્ષા સાથે એનાં લગ્ન શા માટે કરાવે છે તે મને સમજાતું નથી.'

'વર્ષાને સમજાવી. કોઈ સારો છોકરો શોધી એનાં પણ લગ્ન કરાવી નાખો. એટલે એ, તું અને અશોક બધાં જ સુખી થશો.

'તને વધુ શું લખું ? મારી આટલી સલાહ જરૂર માનજે. પોતાનું હિત બગડે એટલી હદે ભલા થવું એને દુનિયા મુર્ખાઈ ગણે છે.'

તારા જીવન-બાગને પ્રફુલ્લિત જોવા ઈચ્છતો તારો ભાઈ.

**દિલીપ**

ઉષાને દિલીપનો પત્ર મળ્યો. શારદા ઉપરના દિલીપના પ્રત્યેક પત્રમાં પોતાના માટે કે પોતાની ઉપર કાંઈક લખેલું આવતું જ. પણ પોતાની ઉપર ભાઈનો સીધો જ પત્ર તો આ પ્રથમ જ હતો, એટલે તે જોઈ તેને નવાઈ લાગી.

પત્ર વાંચી ઉષા પણ વિચારમાં પડી. પોતાના નિર્ણયને ફરી તપાસી જોયો. તે સાચો જ છે એની ખાત્રી કરી લીધી. તરત જ તેણે દિલીપને જવાબ પણ લખ્યો અને એ પત્રો લઈ સાંજે તે શારદા પાસે પહોંચી ગઈ !

'આજે મારા ઉપર દિલીપભાઈનો પત્ર છે,' ઉષાએ કહ્યું.

'તારા પર !' શારદાને જરા નવાઈ લાગી.

'હા, હા. મારા પર, તારા ઉપર જ એમના પત્રો આવી શકે કેમ ?'

'ના. ના. હું એમ ક્યાં કહું છું ?' શારદા બોલી : 'આ તો પ્રથમવાર તારા પર જુદો પત્ર આવ્યો માટે જરા નવાઈ લાગી. શું લખ્યું છે ?'

'લે. વાંચ,' કહી ઉષાએ દિલીપનો પત્ર આપ્યો. આતુરતાથી શારદાએ પત્ર વાંચી નાખ્યો. પછી બોલીઃ

'જો ઉષા, હું શું કહેતી હતી ? તારા ભાઈએ પણ એમ જ લખ્યું છે ને ?'

'ભાઈ આવું લખે છે તેની મને ય નવાઈ લાગે છે,' ઉષા બોલી.

'પણ એમાં ખોટું શું છે ?' શારદાએ પૂછયું.

'ખોટું, હજાર વાર ખોટું શારદા, ભાઈએ સમાચાર જાણી તરત જ પત્ર લખ્યો છે એટલે આવેશને કારણે જ એમણે આમ લખ્યું છે. બાકી, એ આવું કદી ન વિચારે.' ઉષા બોલી.

'હવે તારો શું વિચાર છે ?'

'હતો તે જ.' દૃઢતાથી ઉષાએ કહ્યું.

'એટલે ?' ઉષા, તું તારા ભાઈને નિરાશ કરીશ ?'

'ના, ભાઈ નિરાશ નહિ થાય.'

'કેમ ?'

'મારો આ પત્ર વાંચી ભાઈનો જવાબ આવે તે જો જે,' ઉષાએ



પોતે દિલીપને લખેલો પત્ર શારદાને આપતાં કહ્યું : 'એમાં નિરાશા નહિ હોય.'

અને શારદાએ જરા મોટેથી ઉષાનો જવાબ વાંચવા માંડ્યો :

'વ્હાલા દિલીપભાઈ,'

આપનો પત્ર મળ્યો. મારા નિર્ણયથી તમને દુઃખ થાય તે સ્વાભાવિક છે. તમારી લાગણી હું સમજી શકું છું. પણ ભાઈ, જરા શાંત ચિત્તે નિસ્વાર્થ મને તમે વિચાર કરશો તો મારું પગલું ખોટું નહિ લાગે.

'મારું જીવન બરબાદ થશે એમ તમે લખો છો. પણ ભાઈ, જે જીવન કોઈના ભલા માટે વપરાતું હોય તે બરબાદ થાય કે આબાદ ? તમારી બહેન એક સ્ત્રીના શિયળનું રક્ષણ કરે તે તમને ન ગમે ? તમારી બહેન નિર્માલ્ય અને સ્વાર્થી હોય એમ તમે ઈચ્છો છો ? એવી બહેન તમને ગૌરવ અપાવશે ?

'અશોક અને વર્ષા માનવસહજ નિર્બળતાનો ભોગ બન્યાં છે એમ તમે સાચી રીતે માનો છો. પણ હવે મારા સ્વાર્થ માટે હું વર્ષાના જીવનનો વિચાર ન કરું તો એ મારી પણ નિર્બળતા ન કહેવાય ? એવી નિર્બળતાથી હું પર રહું એ તમને ન ગમે ? અને ત્યાગનું એ એક જ પગલું ભરી હું મારા માર્ગના ઊંચામાં ઊંચા શિખરે પહોંચું છું એમ તમને નથી લાગતું ? વધુ પડતા ભલા થવું એને દુનિયા મુર્ખાઈ ગણે છે એમ તમે લખો છો. પણ એ ઢાલની એક બાજુ છે. સોક્રેટીસને દુનિયા મૂરખ કહે છે ? મીરાંને દુનિયા મૂર્ખ ગણે છે ? બીજાના ભલા માટે જાણીને ઝેર પીવામાં વીરતા નથી ભાઈ ? ભાઈ, પ્રેમ ત્યાગ માગે છે. ત્યાગીને ભોગવવું એ તો

આપણા શાસ્ત્રોની આજ્ઞા છે. અને છેવટે જીવનનો હેતુ શું ? પ્રભુના ચરણોમાં પોતાનું સર્વસ્વ હોમી દેનાર પુષ્પનું જીવન બરબાદ થાય છે એમ કોણ કહે છે ?

'બીજા તો ઠીક, તમારી બેનને તમે ય નહિ સમજો ભાઈ ?'

'તમને વધુ શું લખું ? ફરી શાંત ચિત્તે વિચાર કરી મને જણાવજો કે મારું પગલું તમને કેવું લાગે છે.

તમારી નાની બહેન

ઉષા.'

પત્ર વાંચી શારદા ઘડીભર ઉષા સામે જોઈ રહી-બસ જોઈ જ રહી, અહોભાવથી ! પછી તે એટલું જ બોલી : 'ઉષા તારા ભાઈ પાસે ય તું તારી વાત જરૂર સાચી ઠરાવીશ.'

અને સાચે જ ઉષાના એ પત્રના પ્રત્યુત્તરમાં દિલીપે તેને લખ્યું હતું :

'વ્હાલીબેન,

તારો પત્ર મળ્યો. છેલ્લા કેટલાય દિવસથી તારી વાત પર વિચાર કરતો હતો. મનમાં બહુ મંથન ચાલતું હતું. અંતે તારા પત્રે મારી બુદ્ધિ આગળ જામી ગયેલું સ્વાર્થનું પડળ દૂર કર્યું અને મને સાચી વાત સમજાઈ. તારું પગલું વ્યાજબી છે, તારી વાત સાચી છે. સંસાર સાગરમાં નાવ હંકારતા સામાન્ય ખલાસી જેવી તું નથી. તું તો અનેક માર્ગ ભૂલેલાઓ માટે દીવાદાંડી બનવા સર્જાઈ છું. તને સલાહ આપવાની અમારી લાયકાત જ નથી. બુદ્ધિમાં તો તું અમારા કરતાં અનેક ઘણી આગળ છું જ. આત્મભોગમાં પણ તને કોઈ જ પહોંચે. તું કોઈનાથી દોરાવા નહિ, જગતને દોરવા સર્જાઈ છું.



'તારા જેવી બેન મળી એ જ અમારું અહો ભાગ્ય, તારા માર્ગમાં સફળતાપૂર્વક તું આગળ વધે અને એ માટે પ્રભુ તને બળ આપે એ શુભેચ્છા.'

તારા ભાઈ

દિલીપ.'

અને પોતાની પત્ની શારદાને તેણે લખ્યું હતું :

'....લોકોએ શીરીન કે લયલાની માત્ર વાતો જ સાંભળી છે. આપણને એનાં દર્શન કરવા મળ્યાં ! બેન, સખી, પુત્રી, સ્ત્રી કે પ્રેમી ગમે તે સ્વરૂપે ઉષા અનોખી જ છે ! એને સલાહ દેવાનું આપણું ગજું નથી એને વંદન જ ઘટે. આવી બેન મળી એ જ આપણાં ભાગ્ય.'

આ પત્ર વાંચી શારદાને થયું : 'એમણે મારા વિચારોનો જ પડઘો પાડ્યો છે. ઉષા સાચે ઉષા જ છે ! ઉગતું પરોઢ છે ઉષા !'

પણ ઉષા તો આ બંને પત્રો વાંચી બ્રહ્માનંદ જ અનુભવવા લાગી ! પોતાના માર્ગે જવા માટે દિલીપના પત્રે તેને નવાં જ જોમ, ઉત્સાહ અને આનંદ આપ્યાં ! ઊંચે હજીય ઊંચે તેને જવું હતું. દિલીપના પત્રે તેને એ માટે નવું બળ આપ્યું !'

● ● ● ● ●

## ૨૦. નવો સંસાર

એકાદ માસ પછી સંપૂર્ણ આરામ થતાં મોહનલાલ અને અશોક મુંબઈથી નીકળ્યા. વૈશાખ સુદ અગિયારસનાં અશોકનાં લગ્ન નક્કી થયાં હતાં. લગ્નની હવે માત્ર વીસ દિવસની જ વાર હતી. દરમિયાન નોકરી પર ચઢી જવા અશોક અમદાવાદ ગયો. મોહનલાલ ગામડે ગયા.

પણ ત્રણેક માસ મુંબઈ રહ્યા પછી પરત આવી ઘરમાં દાખલ થતાં અશોકની આંખો છલકાઈ થઈ ! છલકાય જ ને ? વ્હાલસોયી પત્ની સરલાની સાથે ગયો હતો, પણ પાછો ફર્યો એકલો-પત્નીને સદાને માટે ગુમાવીને ! બારીબારણાં ખોલ્યાં ન ખોલ્યાં ત્યાં જ માથે હાથ દઈ તે ખુરશીમાં બેસી ગયો. સરલા વિનાનું ઘર કેવું સૂનું લાગતું હતું ! આ ઘરની એક એક નાની વસ્તુઓમાં સરલાનાં કેટલાં સંસ્મરણો સંગ્રહેલાં હતાં ! આ ત્રણ માસમાં તેના પોતાના ઉપર કેટલું વીત્યું હતું ! સરલા ગઈ, એક કારી ઘા હૃદય ઉપર કરતી ગઈ. ઉષા આવી અને વળી પાછી ગઈ. એક બીજો ઘા પડ્યો ! હવે વર્ષા આવશે. તેને તે સુખી કરી શકશે ?

અશોક જાણે નવે અવતારે આવ્યો ! ક્યાં હતું જતી વખતનું ઉલ્લાસભર્યું હૃદય ! ક્યાં હતો સરલાનો મધુર ગુંજારવ ? સરલા, ઉષા, હું શું કરું ?' અશોકથી રડતા સ્વરે બોલાઈ ગયું.



'આવ્યા અશોકભાઈ ?' નીચે રહેતાં આધેડ વિધવા ડાહીકાકીએ બહારથી જ પૂછ્યું.

'હા, કાકી,' અશોકે એકદમ ઊંચે જોઈ આંસુ લુછી નાખતાં કહ્યું : 'આવો.'

'હોય ભાઈ,' આશ્વાસન દેતાં ડાહીકાકી બોલ્યાં : 'વિધિના ખેલ ન્યારા છે. બાકી સરલા તો અમારાથી ય ભૂલાતી નથી.' સરલાના મૃત્યુના સમાચાર પડોશીઓને સ્વાભાવિક રીતે જ મળ્યા હતા.

આશ્વાસન મળતાં અશોકનો હૃદયબંધ તૂટી ગયો. તેની આંખમાં ફરી આંસુ છલકાયાં.

'જા બેટા,' ડાહી કાકીએ પોતાના બાર વર્ષના પુત્રને કહ્યું : 'અશોકભાઈ માટે પાણી લઈ આવ.'

અને આમ ડાહીકાકી અને અન્ય પડોશીઓની પ્રેમાળ હૂંફ અને આશ્વાસન વચ્ચે અશોકે થોડા દિવસ પસાર કરી નાખ્યા. આ વખતે લગ્નમાં કાંઈ જ ધમાલ ન કરવાનું તેણે પિતાને પહેલેથી જ કહ્યું હતું. એટલે લગ્નના બે દિવસ પહેલાં જ તે પોતાના ગામ ગયો અને પિતાજી ઉપરાંત એકાદ બે મિત્રો સાથે વૈશાખ સુદ અગિયારસને દિવસે તેઓ મુંબઈ પહોંચ્યા.

સ્ટેશન પર રામલાલ, તેમનો પુત્ર અને ઉષા તેમને સત્કારવા ઊભાં હતાં.

રાત્રે લગ્ન વખતે પણ ઉષા હાજર રહી હતી.

બીજે દિવસે બધાંને ઉષાએ પોતાને ત્યાં જમાડ્યાં ! જમ્યા બાદ જ્યારે ઉષાની રૂમમાં, શારદા, વર્ષા અને અશોક એટલાં જ

હતાં ત્યારે અશોકે કહ્યું :

'ઉષા, મેં તારી બધી વાત માની, તો તું મારી એક વાત માનીશ ?'

'કઈ વાત ?'

'હા કહે તો કહું.'

'એમ તે કાંઈ બંધાઈ જવાય ? ગમે તેમ તોય હું સ્ત્રી. ન બની શકે તો મારું વેણ જાય.'

'એમની શરતી વાત પડી રહી ઉષાબેન,' વચ્ચે જ વર્ષા બોલી : 'મારી વાત માનશો ?'

'બોલ, શું છે ?'

'બેન, છોડો આ નોકરી, તમે અને કાકી અમારી સાથે અમદાવાદ ચાલો, આપણે સાથે રહીશું.' વર્ષાએ કહ્યું.

'બસ, બસ, ઉષા હું પણ એજ કહેવાનો હતો.' અશોકે આનંદમાં આવીને કહ્યું : 'મારી વાત જ વર્ષાએ કહી દીધી છે.'

'અરે, વાહ ! તમે તો આજથી જ એકબીજાના હૃદયની વાતો જાણતાં થઈ ગયાંને !' ઉષાએ હસતાં હસતાં કહ્યું.

'એમાં અમારી વાતનો જવાબ ન આવ્યો ઉષાબેન.' વર્ષાએ કહ્યું.

'તું તો ગાંડી છું વર્ષા, નાની બેનના ઘરમાં મોટી બેનથી રહેવાય?'

'તો મોટીબેનના ઘરમાં નાની બેનથી જવાય ?' વર્ષાએ રહસ્યભરી વાણીમાં કહ્યું. તે પણ બુદ્ધિશાળી અને ઉષા સામે ટક્કર લઈ શકે તેવી હતી !



'એમ ના બોલીએ,' મોટીબેનના ભાવથી ઉષાએ કહ્યું : 'તમારા હૃદયમાં તો હું છું જ ને.'

'ના બેન, તમે અહીં એકલા રહો અને અમે ત્યાં એકલાં રહીએ એ મને નથી ગમતું,' વર્ષાએ આગ્રહથી કહ્યું. તે સાચે જ ઉષાને મોટીબેનથી અધિક માનતી હતી.

'હું અહીં ક્યાં એકલી છું ? કાકી છે, શારદા છે. આ હેમલો છે.' હેમંતના ગાલ પર ટપલી મારતાં ઉષાએ કહ્યું : 'અને આવતે વર્ષે દિલીપભાઈ પણ આવશે. દિલીપભાઈને તો તમે જોયા નથી. જોશો ત્યારે ખબર પડશે કે મારા ભાઈ કેવા છે. કેમ શારદા ?'

'સારું હવે,' શારદાએ શરમાઈને કહ્યું : 'ભાઈના વખાણ કરતાં થાકતી જ નથી.'

'ઓહો હો ! તને તો જાણે એ ગમતું જ નહિ હોય !' છણકો કરતાં ઉષાએ કહ્યું : 'મનમાં ભાવને પાછી...'

ગંભીર પ્રસંગોને હળવા કરી નાખવાની ઉષામાં અજબ સૂઝ હતી. ગંભીરતાથી ચાલતી વાતને તેણે કેવો પલટો આપ્યો ! પણ અશોક મૂળ વાત ભૂલ્યો નહોતો.

'તો તું નહિ જ આવે ઉષા ?' હતાશ થઈને તેણે પૂછ્યું.

'પાછી એ જ વાત ?' ઉષાએ જાણે કોઈ બાળકને સમજાવવા કહ્યું.

'પણ ઉષાબેન, તમને શો વાંધો છો ?' વર્ષાએ પૂછ્યું.

'ગાંડી,' ઉષા બોલી : 'પોતાને ઘેર જતાં વળી વાંધો કેવો ? અને ત્યાં તમારે જરૂર પડશે ત્યારે ઊડીને આવી જઈશ.'

'ઉષા,' અશોકે કહ્યું : 'તું હંમેશાં તારું ધાર્યું જ કરે છે અને કરાવે છે.'

'તમે બધાંએ જ મને ફટવી મૂકી છે. એટલા બધાં લાડ લડાવો છો બધાં મને કે...' સહેજ અટકી ઉષાએ કહ્યું ,'કે, હું ધાર્યું જ કરું છું.'

'અશોકભાઈ,' હવે શારદા મદદે આવી : 'તમે વર્ષાને તો લઈ જાવ છો, ઉષાને ય લઈ જાવ પછી અમને ગમેય કેવી રીતે ?'

'ખરી વાત છે શારદાબેન.' અશોકે દિલગીરીભર્યા અવાજે કહ્યું : 'હું ઉષાને લઈ જઈ શકું અથવા વર્ષાને. પણ બંનેને તો સાથે ન જ લઈ શકું. વાત સાચી છે.'

'આમ શું બોલે છે?' ઠપકો આપતી હોય એમ ઉષા બોલી : 'હું ય આવીશ તારું ઘર જોવા. વર્ષાને તું કેવી રીતે રાખે છે તે મારે જોવું તો પડશે જ ને ! કેમ વર્ષા ?'

વર્ષા શરમાઈને મૌન રહી. પછી અનેક પ્રેમભર્યા વાર્તા વિનોદ બાદ બધાંને મૂકી પાછી ફરેલી ઉષા પલંગમાં જઈ પડી.

બીજે દિવસે સવારે જાન ગઈ ત્યારે પણ ઉષા સ્ટેશન ઉપર હાજર હતી !

'વર્ષા,' એકાંતનો લાભ લઈ ઉષાએ કહ્યું : 'અશોક તને સોંપ્યો છે. એને સાચવજે.'

ઉષા અને વર્ષાની આંખોએ સરખું જ કામ કર્યું. આંસુ સારવાનું.

'ઉષા,' અશોકે કહ્યું : 'આટલું બધું હેત કરે છે તે આપણી



સગાઈ કઈ ?

'પ્રેમસગાઈ,' આંસુ લૂછતી ઉષા બોલી : 'પ્રેમસગાઈ, એનાથી ઊંચી બીજી કોઈ સગાઈ નથી આ દુનિયામાં.'

'ઉષા, મેં તને દુઃખ સિવાય બીજું શું આપ્યું ?' પસ્તાતો અશોક બોલ્યો.

'તેં તો ઉચ્ચ જીવન જીવવાની તક આપી અશોક, માટે તેનો શોક હવે તું છોડી દે.'

અને થોડીવારે આંસુ ભરી આંખોવાળા અશોક-વર્ષાને લઈને ગાડી વિદાય થઈ. પણ ઉષાને તો તે નવી જ સ્થિતિમાં બોંબે સેન્ટ્રલના પ્લેટફોર્મ ઉપર છોડી ગઈ !

'ચાલ બેટા,' રામલાલે ઉષાની તંદ્રા તોડતાં કહ્યું : 'વર્ષા તો ગઈ.' અને તેમણે આંખના ખૂણા સાફ કર્યા.

'હા, કાકા,' ઊંઘમાંથી જાગી હોય એમ ઉષાથી બોલી જવાયું : 'અને અશોક પણ !'

રસ્તે ગાડીમાં અશોક અને વર્ષાએ જે વાતો કરી તેમાં મુખ્ય વાતો ઉષા અને સરલા વિષેની હતી. અમદાવાદ પહોંચતા પહેલાં તો વર્ષા અશોકની ચિર પરિચિત સાથી બની ગઈ ! પતિનો જીવન ઈતિહાસ તેણે દયાથી, સહાનુભૂતિથી સાંભળ્યો હતો.

અને અશોકનો નવો સંસાર શરૂ થયો. સ્નેહાળ વર્ષાના સાનિધ્યમાં તેને કશી ઓટ લાગે એમ નહોતું. પતિની માનસિક સ્થિતિને તે જાણતી હતી. તેથી વર્ષા તેને ખુશ રાખવાની કાળજી રાખતી. ઉષા અવારનવાર પત્ર લખતી. અશોક અને વર્ષા પણ

એને પત્ર લખતાં અને પ્રેમનો સ્રોત એ રીતે અવિરત વહેતો !

પિતાને હવે અશોકે પોતાની પાસે જ રહેવા આગ્રહ કર્યો. અને મોહનલાલ પણ થોડાં વર્ષ વહુ-દીકરા સાથે રહેવાની ઈચ્છાથી અમદાવાદ રહ્યા હતા. વર્ષા તેમનીય પૂરતી કાળજી રાખતી ! આજ્ઞાંકિત પુત્ર અને પુત્રવધુથી સંતોષ પામેલ વૃદ્ધની હવે એક માત્ર ઈચ્છા હતી- અશોકને ઘેર પારણું ઝૂલતું જોવાની. અને એ દિવસ દૂર પણ ક્યાં હતો ? હવે ચાર પાંચ માસમાં જ તે દાદા બનવાના હતા.

પણ દાદા બને તે પહેલાં જ તે માંદા પડ્યા ! અશોકે શરૂઆતથી જ દવા કરવા માંડી હતી,પણ એ તો ઘરડા માણસ, જીવે તો સો વર્ષ જીવે, નહિ તો ઘડીમાં જતા રહે ! ડૉક્ટરની દવા કે અશોક - વર્ષાની સેવા કાંઈપણ ફળ આપે તે પહેલાં જ વૃદ્ધ મોહનલાલે તે બંનેને આશિષ દઈ, સદાને માટે આંખ મીંચી દીધી !

પિતાના અણધાર્યા મૃત્યુએ અશોકને એક વધુ આંચકો આપ્યો. મુંબઈથી રામલાલ આશ્વાસન આપવા આવ્યા. ઉષા અને શારદાના પત્રો આવ્યા. એ આશ્વાસનો અને વર્ષાની સ્નેહભરી હૂંફને લીધે અશોકનો શોક હળવો થયો.

પણ અશોકને સૌથી કપરા દિવસો તો લાગ્યા સુવાવડ માટે વર્ષા મુંબઈ ગઈ તે ! બે અઢી મહિના તેણે કેવી માનસિક વ્યથા અનુભવી ! વર્ષાના પત્રો આવતા, દર મહિને તે મુંબઈ જતો, એ બધું સાચું, પણ અમદાવાદ આવે ત્યારે તો એકલો જ ને ? કોણ જાણે કેમ પણ અશોક હવે એકાંત સહી શકતો નહિ. તેનું સ્નેહાળ હૃદય એકાંતમાં જલ્યા કરતું; તેને કોઈકના સહવાસની જરૂર હતી.



'વર્ષાની સુવાવડ પણ ક્યારે પતશે ?' તેને થતું પરંતુ તેની આતુરતા ઉતાવળમાં થોડી જ પરિણમવાની હતી ? પણ અંતે એક દિવસ ઉષાનો પત્ર આવ્યો. વર્ષાને બાબો આવ્યાના સમાચાર આપી અંતે તેણે લખ્યું હતું : 'બરાબર તારા જેવો જ છો !'

પત્ર વાંચી અશોકની આંખ ભીની થઈ. માતાપિતાના ફોટા તરફ જોઈને તે બોલ્યો : 'બાપુજી, બા તમે આજે હોત તો. તમારા વિના ગોળ કોણ વહેંચશે ?'

અને પંકજ દોઢેક માસનો થયો ત્યાં તો અશોક વર્ષાને તેડવા પહોંચ્યો ત્યારે ઉષાએ હસતાં હસતાં પૂછયું :

'કેમ એટલામાં રહી ગયો વર્ષા વિના ?'

'એ તો ઠીક ઉષા, પણ લોજનું ખાવાથી તબિયત ઠીક નથી રહેતી.'

'વર્ષાની હાથની રસોઈ બહુ સારી થતી લાગે છે.'

'ના રે ઉષાબેન,' વર્ષા બોલી : 'ઘેર ખાય છે ત્યારે લોજની દાળ વખાણતાં થાકતા નથી.'

અને ત્રણે જણ હસી પડ્યાં !

પંકજને લઈને જતી વર્ષાને ઉષાએ સ્ટેશન ઉપર બાળકને સાચવવાની અનેક સૂચનાઓ આપી ત્યારે અશોકે હસીને કહ્યું :

'એને મોટો કરવા તો તું ચાલ.'

'એની મા કરતાં હું વધારે છું ?' ઉષાએ મજાક કરી.

'ના ઉષાબેન,' વર્ષા બોલી : 'હવે બહાનું નહિ ચાલે, થોડા દિવસ જરૂર અમદાવાદ ચાલો.'

'આવીશ. દિલીપભાઈ ત્રણ ચાર માસ પછી દેશમાં આવવાના છે. એમના આવી ગયા પછી હું જરૂર આવીશ.' અને 'આવજો' ની આપ-લે સાથે ગાડી ઉપડતી હતી ત્યારે ઊંઘતા પંકજને ચુંબન કરી ઉષાએ જગાડ્યો.

અશોકનું ઘર પાછું વસ્તીવાળું બની ગયું. બાળકના આગમનથી ઘરની વસ્તી બેવડી થઈ ગઈ ! તેને રમાડતાં, હીંચોળતાં કે છાનો રાખતાં દિવસ પસાર થવા લાગ્યા. અશોકના નવા સંસાર-રથે પોતાનો સમય-માર્ગ કાપવા માંડ્યો !

આમ વર્ષાના સાનિધ્યમાં અશોક સુખી લાગતો. પણ શું તે સાચેજ સુખી હતો ?

● ● ● ● ●



## ૨૧. પ્રજ્ઞા

'કોલાબા કોઝ વે' સ્ટેન્ડ પરથી એક અપ-ટુ-ડેટ યુવતી બસમાં બેઠી. ઘણા ઉતારુઓ તેની તરફ તાકી રહ્યા. છેલ્લી પદ્ધતિનું કેશ ગૂંથન, સુંદર ગૌર ચહેરા પર શોભતાં કાળાં ગોગલ્સ, નાઈલોનના બ્લાઉઝ ઉપરથી વારંવાર સરી પડતી રેશમી સાડી, ડાબા હાથે સુંદર નાનું રિષ્ટ વૉચ અને જમણા હાથે અર્ધો ડઝન નાજુક બંગડીની હાર તથા હાથમાં પર્સ સહિત બસમાં ચડેલી એ યુવતીને ઉષા પણ ઘડીભર જોઈ રહી. તેને એમાં કાંઈક પરિચિતતા લાગી. પણ સામી સીટ પર બેઠેલી એ યુવતી પણ તેના તરફ જોઈ રહી અને તેણે ગોગલ્સ કાઢયાં ત્યાં જ બંને એક સાથે બોલી ઊઠ્યાં :

'કોણ ઉષા ?'

'પ્રજ્ઞા તું ?'

વર્ષો પછી કોલેજની બંને સખીઓ આમ અચાનક મળતાં તેમને ઘણો આનંદ થયો. પ્રજ્ઞા ઊઠીને ઉષા પાસે બેઠી. કોલેજમાં ઉષા બધાંનું પ્રિય પાત્ર હતી. પ્રજ્ઞાને પણ એના માટે માન અને પ્રેમ હતાં. આવી સખીને વર્ષો બાદ મળતાં તેનો આનંદ માતો નહોતો.'

'ઉષા,' પ્રજ્ઞા બોલી : 'તું ક્યાં છે હમણાં?'

'અહીં જ, મુંબઈમાં'

'એમ ?!'

'હા, પણ તું?' ઉષો પૂછ્યું.

'અમદાવાદ.' પ્રજ્ઞા બોલી.

'અહીં ક્યારની આવી છું ?'

'બે દિવસ થયા.'

'ક્યાં ઉતરી છું ?'

'અહીં કોલાબામાં મારાં માસીને ત્યાં.'

'હમણાં ક્યાં જાય છે ? ઘેર ચાલ.'

'બસ, જરા ફરવા જ નીકળી હતી :'

'તો ઘેર ચાલ.'

'પણ પછી તારે મારી સાથે ફરવા આવવું પડશે.' પ્રજ્ઞાએ શરત મૂકી.

'ચોક્કસ.'

'પણ તારા પતિદેવ આ લપ ક્યાંથી લાવી એમ તો નહિ કહેને ?'

ઉષા જરા હસીને બોલી : 'તું તો હજી એવી જ રહી.'

'હા, ઉષા, દેખાવમાં તો કોણ જાણે, પણ મારા સ્વભાવમાં તો જરા પણ ફેર નથી જ પડ્યો.' પ્રજ્ઞા બોલી. સાચે જ હજીય કોલેજની એ જ મસ્તી અને મજાક પ્રજ્ઞામાં હતા. અરે કદાચ વૃદ્ધિ પામ્યાં હતાં.

અને એમ આનંદ-વિનોદ કરતી બંને સખીઓ ઉષાને ઘેર પહોંચી. ઉષાએ કાકીને પ્રજ્ઞાનો પરિચય આપ્યો. કાકી તો ઉષાની



કોઈ પણ સખીને જોઈ ખુશ જ થતાં. પ્રજ્ઞાને આવકારી, તેની સાથે થોડીવાર બેસી કાકી ચા કરવા ગયાં. ત્યારે પ્રજ્ઞાને પૂછ્યું :

'ઉષા, તેં કહ્યું કે તું અહી નર્સ છે. તો તારા પતિદેવ શું છે ?'

'આદર્શ,' ઉષા હસતે હસતે બોલી.

'હં,' તું તો આર્યનારીનો અવતાર છે. તારા જેવી બધી જ સ્ત્રીઓ પતિને આદર્શ માને છે.'

'અને તું ?'

'હું ?' ગર્વથી પ્રજ્ઞા બોલી : 'હું તો એક સમાન સાથીથી બહુ મહત્ત્વ પતિને આપવાના મતની પહેલેથી જ નથી.'

'કોલેજ કાળના તારા વિચારો હજીય એવા જ છે ?'

'હા, એવાને એવા જ. એમાં જરાય ફરક નથી પડ્યો.'

'તું પરણી ખરી કે નહિ ?'

'પરણ્યા પછી માર વિચારો એવા નહિ રહે, એમ તું કહેવા માગે છે ને ?'

'એવું જ કાંઈક.'

'તો સાંભળ, ઉષા હું પરણી છું એ વકીલસાહેબ મને બરાબર અનુરૂપ છે. પણ ઉષા, તારી વાત તો કાંઈ કર. ક્યાં છે તારા આદર્શ પતિ દેવ ?'

'પ્રજ્ઞા, મારું માનસિક લગ્ન થયું છે.'

'એટલે !?' પ્રજ્ઞા ચમકી.

'આપણી સાથે ઈન્ટરમાં ભણતા અશોકને ઓળખે છે?'

'અશોક !' પ્રજ્ઞા ભૂતકાળ પર નજર નાખી રહી. પણ તેને

એકદમ કાંઈ ખ્યાલ ન આવ્યો.

'જો અહીં આવ, બતાવું.' કહી ઉષા તેને કોલેજના ગૃપ ફોટા પાસે ખેંચી ગઈ. તેમાંથી અશોકના ફોટા તરફ આંગળી ચીંધી કહ્યું :

'જો, આ અશોક.'

'હા, હા, ઓળખ્યો,' ફોટો જોતાં જ પ્રજ્ઞાએ કહ્યું : 'પેલો શાંત શરમાળ છોકરોને ?'

'હા, એ શરમાળને મેં વરમાળા પહેરાવી છે, પણ મનમાં.'

'એટલે ?!'

'તું સાંભળીશ. તો ગુસ્સે થઈશ પાછી.'

'પણ કહે તો ખરી.'

'ગુસ્સે નહિ થાય ?'

'થવા જેવું હશે તો થઈશ વળી. મારાથી કોઈને માફ ક્યાં થઈ શકે છે ?' પ્રજ્ઞાની વાત, તેના વટ, તેના વિચારો બધું જ નિરાળું હતું. છતાં ઉષાને આ સખી પર ભાવ હતો.

અને પ્રજ્ઞાના આગ્રહથી ઉષાએ પોતાની પ્રેમ કહાણી કહી એ સાંભળી પ્રજ્ઞા તો લાલપીળી થઈ ગઈ. તે બોલી :

'ઉષા, આવા એક બેવફા પુરુષ માટે તું તારી જિંદગી બગાડે છે ?'

'એમ ન બોલ બેન,' ઉષાએ કહ્યું : 'મેં તને બધી વાત તો કરી. એમાં એની બેવફાઈ ક્યાં આવી ? સંજોગો...'

'શું કરમ સંજોગો ?' વચ્ચે જ ગુસ્સાથી પ્રજ્ઞા બોલી : 'એ બે



વાર પરણ્યોને તું હજી કુંવારી જ છું ?'

'હા બેન. અને આજીવન એવી જ રહીશ.'

'તને જીવનની કાંઈ કિંમત છે કે નહિ ?'

'જીવન એટલે શું બેન ?' ઉષાએ પૂછયું.

'જીવન એટલે મોજ શોખ, આનંદ વિલાસ મસ્તી !' અદાથી પ્રજ્ઞા બોલી ગઈ !'

'બીજું કાંઈ ?' ઉષાએ પૂછયું.

'બીજું શું વળી ?'

'જીવન એટલે 'પ્રેમ' નહિ પ્રજ્ઞા ?'

'માત્ર પ્રેમ નહિ, પ્રેમ અને આનંદ બંને.'

'પ્રેમમાંથી આનંદ ન મળે?'

'હં,' કટાક્ષ કરતાં પ્રજ્ઞા બોલી : 'તને મળ્યો એવો પ્રેમ મળે. પછી આનંદ જ આનંદ !'

'એવો પ્રેમી તને મળે તો ?'

'મને ?' ગર્વપૂર્વક પ્રજ્ઞા બોલી : 'મળ્યો'તો ઉષા, કોલેજકાળમાં એ અનુભવ પણ કર્યો હતો મેં પણ મારી સાથે પ્રેમ કરીને બીજીને પરણી જનારનો મેં તેના લગ્નના દિવસે જ એવો તો ભવાડો કર્યો હતો કે તે જીવનભર યાદ કરે ! અને તારી માફક હું કુંવારી ન રહી.'

'પ્રેમ એવી તુચ્છ વસ્તુ છે પ્રજ્ઞા કે જે વિના સંકોચે ફેંકી દઈ શકાય ? એ તો પવિત્ર વસ્તુ છે, એનું તો પૂજન થાય.' ઉષાએ પોતાના વિચાર કહ્યા.

'આપણી આવી બધી વાતોએ જ પુરુષોને ફટવી મૂક્યા છે,' પ્રજ્ઞાએ પુરુષવર્ગ પર ગુસ્સો કાઢતાં કહ્યું : 'પ્રેમ જાણે એકલી સ્ત્રીએ જ નિભાવવાની વસ્તુ છે ! અને સ્ત્રીઓની એવી માન્યતાને કારણે જ પુરુષો તેને પોતાનું રમકડું બનાવી ફેરવે છે. આજે એક ખરીદ્યું, રમાડ્યું ને ફેંકી દીધું; કાલે બીજું. સીતા થવાના તમારા આદર્શોએ એકેય રામ પેદા કર્યો ? સીતા રામને નસીબે હોય ઉષા, રાવણના નસીબે નહિ.''

'તો તારી નજરે બધા પુરુષો રાવણ જ.'

'મોટા ભાગના.' વિના સંકોચે પ્રજ્ઞા બોલી.

'તો રાવણના નસીબે કોણ હોય?' ઉષાએ સૂચક સવાલ પૂછયો.

'મંદોદરી.' પ્રજ્ઞાને કહેવું પડ્યું.

'એ મંદોદરી સતી નહિ કે ?'

'ખરી,' પ્રજ્ઞાએ વાત કબૂલ રાખતાં કહ્યું : 'પણ રાવણ જીવ્યો ત્યાં સુધી એ રાવણની પત્ની રહી, એના ગયા પછી વિભીષણની પત્ની બની. આ કળીયુગમાં આવી સતીઓ જોઈએ. જ્યાં સુધી જેનો પ્રેમ હોય ત્યાં સુધી જ આપણે તેના રહેવું જોઈએ.' પ્રજ્ઞાની બુદ્ધિ માટે ઉષાને ય માન થયું. જે વાતમાં એણે એને પકડવા ધારી તેમાંથી બુદ્ધિપૂર્વક એ છટકી ને પોતાના મતનું સમર્થન કર્યું.

'એમાં પ્રેમ ક્યાં રહ્યો પ્રજ્ઞા ?' ઉષાએ કહ્યું; 'એ તો બદલો થયો.'

'બદલાના સિધ્ધાંત પર તો દુનિયા ચાલે છે. આપવું અને



લેવું એ તો જગતનો ક્રમ છે.'

'પ્રેમમાં પણ એજ ક્રમ છે ?' ઉષાએ પૂછયું.

'તો પ્રેમ શું એક માર્ગી રસ્તા જેવો છે?'

'હા, પ્રેમી હ્રદયમાં આવે. પાછો ન જઈ શકે.' પોતાને ગમતો અર્થ તારવીને ઉષાએ કહ્યું.

'જો ઉષા, સીધી વાત કરું. બળજબરીથી કોઈની સાથે પ્રેમ ન થાય. આપણને છોડે તેને એવી તો ઠોકર મારી આપણે પણ છોડીએ કે જીવનભર યાદ કરે. આપણે ભણેલી છોકરીઓ આ નહિ કરીએ તો કોણ કરશે ?' પ્રજ્ઞા જુસ્સાપૂર્વક બોલી.

'હું ય એજ કહું છું પ્રજ્ઞા, પ્રેમને તેના સાચા સ્વરૂપમાં આપણેય નહિ સમજીએ તો કોણ સમજશે?'

'એવી કલ્પનાઓમાં તારું જીવન બદબાદ ન કર ઉષા, તું કહેતી હોય તો મારા ભાઈ સાથે તારું ગોઠવી દઉં. એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષમાં છે અને એવો ફૂટડો છેકે જોઈશ તો ખુશ થઈ જઈશ.' પ્રજ્ઞા તડને ફડ વાત કરનારી હતી.

'આભાર બહેન, પણ મારા જીવનને હું બરબાદ થયેલુંગણતી નથી અને જીવનસાથીની પસંદગી હું વારંવાર કરતી નથી.'

'તો તું સદા આમ એકલી જ રહીશ ?'

'મનથી હું એકલી નહિ, બેકલી છું પ્રજ્ઞા,' કહી ઉષા હસી પડી, ગંભીર પ્રસંગોને આનંદમાં પલટાવવાનો એનો સ્વભાવ હતો !

'ઉષા, અદ્‌ભુત છે તું ! પ્રજ્ઞાએ ય છેવટે એજ પ્રમાણપત્ર

આપ્યું.'

ચા-પાણી થયા બાદ ઉષાએ કહ્યું : 'પ્રજ્ઞા, આજે અહીં જ રહી જા. આપણે બહુ વખતે મળ્યાં, શારદા, પણ અહીં જ છે. તેને મળીશું ને બધાં સિનેમા જોવા જઈશું. '

'શારદા પણ અહીં છે ?' પ્રજ્ઞાને આશ્ચર્ય થયું ! 'અહીં કેવી રીતે ?'

અને ઉષાએ એના લગ્નનો ઈતિહાસ ટૂંકમાં કહી સંભળાવ્યો.

'રહું તો ખરી ઉષા,' પ્રજ્ઞા બોલી : 'મનેય એમ જ થાય છેકે આજે સાથે રહીએ. પણ માસી ફિકર કરેને ?' પણ તરત જ તેણે રસ્તો કાઢ્યો : 'ઠીક, ચાલ, ફોન કરી દઈશું.'

થોડી વાર પછી જમી, બહાર જઈ પ્રજ્ઞાનાં માસીને ફોન કરી બંને જણ શારદાને ઘેર પહોંચ્યાં.

જતામાં જ હેમંત દોડતો આવી ઉષાને વળગી પડ્યો. તેને ઊંચકી ચુંબન કરી ઉષાએ પૂછ્યું : 'મમ્મી ક્યાં છે બેટા ?'

'હા બેટા !' ઉષા વહાલમાં હેમંતને ઘણીવાર 'બેટા' કહેતી. આધુનિક યુવક-યુવતીઓ માટે એ શબ્દ હવે શરમ લાગે એવો નથી રહ્યો !

'આવ ઉષા,' ઉપરથી શારદાનો અવાજ આવ્યો.

'આજે તો મહેમાન લઈને આવી છું.' કહેતી ઉષા ઉપર ચડી. પાછળ પ્રજ્ઞા પણ.

'કોણ છે ?' શારદાએ પૂછ્યું.

'ઓળખ તો ખરી જરા,' ઉષાએ કહ્યું અને બંને જણાં ઉપર



પહોંચી ગયા.

'આવો આવો, બેસો,' નવા આગંતુકને જોઈ શારદા એકદમ બોલી ઊઠી.

'ઓળખાણ પડી ખરી ?' 'પ્રજ્ઞાએ પૂછ્યું. દરમિયાન શારદાનું મન સ્મૃતિપટ પર ફરી વળ્યું હતું.

'ઓહ.... પ્રજ્ઞા !'' તે આનંદથી બોલી ઊઠી : 'આજે આટલા વર્ષે ક્યાંથી ?'

'મુંબઈમાં રહો એટલે તમે ભૂલી જાવ,' હસતાં હસતાં પ્રજ્ઞા બોલી : 'અમારાથી કાંઈ થોડાં જ ભૂલી શકાય તમને ?'

ભૂલી જવાની હરીફાઈમાં મુંબઈગરાંથી અમદાવાદીઓ ઉતરે તેવાં નથી હોં.' સ્મિત કરતી ઉષાએ ટકોર કરી અને ત્રણે જણાં ખડખડાટ હસી પડયાં !

શારદાએ બહુ આનંદ વ્યક્ત કર્યો. પછી ત્રણે સખીઓએ ભૂતકાળના દિવસોની વાતો કરી અને મોડેથી સાથે સિનેમા જોવા ગયાં.

આખી રાત સાથે રહ્યાં. તે દરમિયાન ઉષા અને પ્રજ્ઞાએ ઘણી વાતો કરી. મોટાભાગની વાતો ઉષા વિશે જ થઈ અને થોડા કલાકના સહવાસમાં ઉષાએ પ્રજ્ઞા જેવી પ્રજ્ઞાને પણ ખાત્રી કરાવી કે પોતે એક ઉચ્ચ આદર્શની સાધના કરે છે ! એનો માર્ગ ખોટો નથી એટલું જ નહિ, ભલભલાની કસોટી કરે એવો વિકટ છે એ પણ પ્રજ્ઞાએ કબૂલ્યું.

પોતાના સુખી લગ્નજીવનની વાતો પ્રજ્ઞાએ ઉષાને કરી. પોતે

થોડા દિવસ ફરવા માટે માસીના આગ્રહથી મુંબઈ આવી છે અને એક બે દિવસમાં જવાની છે તે કહ્યું અને ઉષાને અમદાવાદ આવવાનું આમંત્રણ આપ્યું. 'અશોક અમદાવાદમાં જ છે,' એમ ઉષાએ કહ્યું. વર્ષાનો ઘણો આગ્રહ છે એટલે ત્યાં આવશે ત્યારે તેને જરૂર મળશે એમ પણ કહ્યું. એટલું જ નહિ, વર્ષાને મળી, તેની સાથે પરિચય કરી તેની કાળજી રાખવાની ભલામણ પણ ઉષાએ કરી !

અને સવારે બંને સખીઓ છૂટી પડી ત્યારે પ્રજ્ઞાના હૃદયમાં ઉષા માટે માન અને પ્રેમ જ નહિ, અહોભાવ હતો ! પ્રજ્ઞાના સ્વતંત્ર વિચારોનેય ઉષાએ આબાદ રીતે પિગળાવ્યા હતા !

● ● ● ● ●



## ૨૨. પ્રત્યાગમન

લગભગ અઢી વર્ષ બાદ મુંબઈ બંદર પર એ જ ભીડ, એ જ પચરંગીપણું ઉષા - શારદાએ જોયાં, પરંતુ તે વખતન અને આજના વાતાવરણમાં જમીન આસમાનનો તફાવત હતો ! તે વખતે લોકોના હૃદયમાં વિરહની વેદના હતી, આજે મિલનનો તલસાટ હતો; તે વખતે વિયોગનાં અશ્રુ હતાં, આજે પણ એ જ અશ્રુઓ હતાં જ, પણ હર્ષનાં ! તે વખતે હૈયામાં ઊંડી વેદના હતી, આજે આનંદનો ઊભરો હતો જે પ્રત્યેકના મુખ ઉપર સારી રીતે વર્તાતો. તે વખતનું વાતાવરણ ગમગીનીભર્યું હતું, આજે આનંદ-ઉલ્લાસ ઊભરાતો હતો ! અને ફેર કેમ ન હોય ? વર્ષોનાં વિરહી હૃદયોનું આજે મિલન થવાનું હતું. સ્ટીમર 'પાયોનિયર' આજે આવવાની હતી. કેટલાય આતુર નયનો એના પર મંડાયેલાં હતાં ! કેટલો આનંદ, કેટલી અધીરાઈ બધાંના મુખ પર હતાં !

દિલીપનાં માતા પિતા તથા શારદા અને ઉષા પણ આજે ક્યારનાંય બંદર પર પહોંચી ગયાં હતાં ! હેમંત તો ખરો જ ને ? તેને દોડાવી દોડાવીને, પ્રશ્નો પૂછી-પૂછીને, રમાડી-હસાવીને બધાંએ થકવી નાખ્યો. 'કોણ આવવાનું છે ?' એમ વારંવાર એને બધાં પૂછતાં અને તે ગોખેલો જવાબ આપતો : 'પપ્પા.' પપ્પા કેવા છે તેનો એને બિચારાને ખ્યાલ પણ ન હતો.

સ્ટીમર આવી પહોંચી અને લોકોની નજર ત્યાં જડાઈ ગઈ !

જાણે એટલે દૂરથી પોતાના સ્વજનને જોઈ કે ઓળખી શકવાનાં કાં ન હોય !

ઘણા ઉતારુઓ બહાર ઊભા રહી કિનારા તરફ તાકતા હતા. તો કિનારે પણ 'પેલા દેખાય,' 'એ નહિ, પેલા' 'આવ્યા ?' 'હા-હા' જેવા અવાજો થઈ રહ્યા અને શાંત આનંદસાગર જાણે મોજાં ઉછળવા લાગ્યાં. સ્ટીમર નજીક આવતાં ઉતારુઓ પણ પોતાનાં સ્વજનોને જોતાં હાથ લાંબા કરી કરી આનંદ વ્યક્ત કરવા લાગ્યાં. થોડીવારમાં બંદર ઉપર ઉતારુઓ ઉતરવા લાગ્યાં. દૂરથી જ દિલીપને સૌ પ્રથમ ઉષાએ જોયો હતો અને ત્યારથી એ બધાંની નજર તેના તરફ ચોંટી હતી. દિલીપ ઊતર્યો અને એકદમ આવી પિતાજીને પગે પડ્યો. આશિષ લઈ ઊઠ્યો ન ઊઠ્યો ત્યાં જ માતાના પગ તેણે પકડી લીધા. માતાએ અશ્રુના અભિષેકથી તેને સત્કાર્યો ! ત્યાં જ દિલીપે ઉષાના ગાલ પર એક હળવી ટપલી મારી. 'લો, આવતાંની સાથે જ તમે ભેટ આપી દીધી,' ઉષા બોલી અને શારદા તો શું બોલે ? દિલીપ પણ શું બોલે ? બંનેની નજર મળી. બંનેએ સ્મિત કર્યું અને જાણે વર્ષો સુધી સંગ્રહી રાખેલી વાતો એકબીજાને કહી દીધી ! 'હેમંત, જો પપ્પા આવ્યા.' ઉષાએ કહ્યું અને દિલીપે હેમંતને ઊંચકી લીધો. 'બહુ મોટો થઈ ગયો,' કહેતાં તેણે તેને ચુંબનથી નવડાવી દીધો ! એવાં તો અનેક સુભગ દૃશ્યો તે વખતે બંદર પર દૃષ્ટિગોચર થતાં હતાં. ધીરે ધીરે સૌ વાતો કરતાં, હસતાં-હસાવતાં વિખરાવા લાગ્યાં. ઉષા પણ સીધી દિલીપને ઘેર જ ગઈ. સૌએ સાથે બેસી આનંદથી ભોજન કર્યું અને વાતો તો ખૂટે જ શાની ? દિલીપ આવ્યો તે પછી નો એકાદ માસ તો ક્યાં ગયો તેની કોઈને ખબર પણ ન પડી. સૌના હૃદયમાં આનંદ અને ઉત્સાહ હતો. ભવોભવની સ્નેહક્ષુધા જાણે સૌ



સંતોષતાં હતાં ! દિલીપના આવતાં જ ડૉ. પીયુષની બદલી થઈ અને હોસ્પિટલના મુખ્ય ડૉક્ટર તરીકે ડૉ.દિલીપ, એફ.આર.સી.એસ. (લંડન)ની નિમણૂંક થઈ.

હૉસ્પિટલનો ઘણોખરો સ્ટાફ ડૉ. દિલીપથી પરિચિત જ હતો. એનો સ્વભાવ અને એની કામ લેવાની પદ્ધતિ બધાંને એટલાં બધાં ગમતાં કે તેની નિમણૂંકથી સ્ટાફને ઘણો આનંદ થયો. ડૉ. પીયૂષના અનુગામી તરીકે તેનું આગમન વિશેષ આનંદદાયક બન્યું. કારણ, ડૉ. પીયૂષના સ્વભાવથી બધાં ત્રાસી ગયાં હતાં. તેમાંય ઉષાના આનંદનું તો પૂછવું જ શું ? પીયૂષ જેવું પાપ ગયું અને દિલીપ જેવો ભાઈ આવ્યો !

દવાખાનાના સ્ટાફ તરફથી, તેની જ્ઞાતિ તરફથી, અન્ય સંબંધીઓ તરફથી દિલીપનાં માનમાં અનેક સત્કાર સમારંભો થયા. શારદા સાથે ઉષાને પણ તેમાં હાજર રહેવું જ પડતું ! છેવટે એક દિવસ ઉષાએ ક્હયું : 'ભાઈ, હવે હું ક્યારે તમારો સત્કાર સમારંભ યોજું....?'

'હમણાં જ,' હસતાં હસતાં દિલીપે કહ્યું : 'એક હાર લઈ આવી મારા ગળે પહેરાવી દે અને મારી પ્રશંસા કરતું કે મારામાં કશી જ ખામી નથી, હું સર્વજ્ઞ છું, એવી મતલબનું એક ભાષણ આપી દે એટલે સત્કાર સમારંભ થઈ ગયો.'

'એમ છટકી જાવ તે નહિ ચાલે ભાઈ.' પ્રેમથી ઉષાએ કહ્યું : 'બોલો, હવે મારે ત્યાં જમવા ક્યારે આવો છો ?'

'પણ બેનને ઘેર ભાઈથી જમાય ?'

'જમીને કાંઈ આપવાની સગવડ ન હોય તો જરૂર સંકોચ

થાય,' સ્મિત કરતાં ઉષા બોલી.

'એમ ? એટલે તારું કામ બહુ ગણતરીપૂર્વકનું છે.' ભાઈએ પણ હસતે હસતે જવાબ આપ્યો. પછી ગંભીર થઈ તેણે કહ્યું : 'ઉષા, તું આ ઘરને પારકું શા માટે ગણે છે ? હું તો કહું છું કે તું અને કાકી હવે અહીં જ રહેવા આવતાં રહોને.'

'તે હું ક્યાં પારકું ગણું છું ? પણ ભાઈ,' જાણે ચેતવણી આપતી હોય તેમ ઉષાએ કહ્યું : 'બેનને બહુ પાસે રાખવી એ સારું નહીં હો !'

'કેમ?'

'પૂછો ભાભીને,' શારદા તરફ જોઈ ઉષાએ કહ્યું : 'ભાભી, નણંદ પાસે રહે એ તમને ફાવે ખરું ?'

'નણંદ થઈને રહે તો ન જ ગમે,' શારદાએ કહ્યું : 'પણ મારી ઉષા તો મારાથી ઘડીય દૂર ન હોય તો કેવું સારું એમ મને થાય છે.'

'જોયું ભાઈ, હું તમારી બેન ખરી પણ, એની નણંદ નહિ.'
'નહિ, સત્તર વાર નહિ.' જાણે વટથી શારદાએ કહ્યું.

'તો હું કોણ ?.....'

'તું તો મારી ઉષા છે !' વચ્ચે જ ભાવપૂર્વક શારદા બોલી- જાણે સ્નેહ-કાવ્યની એક કડી સરી !

'તો તારી ઉષાને ત્યાં જમવા ક્યારે આવવું છે ? ઉષાએ કહ્યું : 'જો શારદા, કાકીએ આગ્રહપૂર્વક કહ્યું છે.'

'તમે ય શું માન માગો છો ?' શારદાએ જાણે પતિને ઠપકો આપતી હોય એમ કહ્યું : 'કહી દો ને આવતા રવિવારે.'



'ભલે ઉષા,' દિલીપે કહ્યું : 'આ રવિવારે તારે ત્યાં મુકાય.'

'હવે કેવું માનવું પડ્યું ? ભાભીના એટલા મારા તો નહિ જ ને વળી !' હસતાં હસતાં ઉષા બોલી.

અને બીજે રવિવારે સૌ ઉષાને ત્યાં જમ્યાં. આમ ઉષાના દિવસ આનંદથી પસાર થતા હતા. દુઃખને હૃદય-સાગરમાં સમાવી તે શાંત અને સુખી દેખાવા પ્રયાસ કરતી હતી, પણ વર્ષાના છેલ્લા એક-બે પત્રોમાં 'અશોકની તબિયત ઠીક નથી,' ના આવેલા સમાચારે ઉષાને સચિંત કરી મૂકી.

કેટલાય સમયથી વર્ષા અને અશોક તેને અમદાવાદ આવવાનો આગ્રહ કરતાં હતાં. ઉષાની ઈચ્છા પણ એક વખત ત્યાં જવાની હતી જ. અશોકની તબિયત ઠીક નથી જાણી તેને હવે ત્યાં જવાની ઉતાવળ લાગી. તેણે શારદાને પણ સાથે આવવા કહ્યું. અને ઉષાના આગ્રહથી શારદા પણ તૈયાર થઈ, પણ ઉષાએ તો દિલીપને પણ તૈયાર કર્યો. અશોકની તબિયત બતાવવા એનાથી સારો ડૉક્ટર બીજે કયાં શોધવા જવું ? શારદાને અને દિલીપને પણ એ વાત સાચી લાગી અને બધાં જઈ પહોંચ્યાં અમદાવાદ !

ઉષા આવી જાણી અશોક અને વર્ષાના હર્ષનો પાર ન રહ્યો. સાથે શારદા અને દિલીપ પણ હતાં તેથી તેમને વિશેષ આનંદ થયો. બધાંનું અશોક અને વર્ષાએ પ્રેમભર્યું સ્વાગત કર્યું.

અશોક અને ડૉ. દિલીપનો આ પ્રથમ જ પરિચય હતો. છતાં બંને પર પરસ્પરના સહકાર અને સૌજન્યની ઊંડી છાપ પડી. પરંતુ અશોકને મનથી એક સંકોચ હતો. તેનું દિલ ડંખતું હતું. દિલીપ પાસે પોતે કોઈ ગુનેગાર હોય એમ તેને લાગતું અને તે વાત તેણે

લાગ જોઈ બંને એકલાં હતાં ત્યારે દિલીપને કરી નાખી :

'દિલીપભાઈ,' તેણે કહ્યું : 'ઉષાના વિષમ જીવન માટે હું જ જવાબદાર છું.'

'એમ ન કહો અશોકભાઈ,' પ્રેમથી દિલીપે કહ્યું : 'માણસ સંજોગોનું પ્રાણી છે. તમારે પણ કેટલી માનસિક વેદનામાંથી પસાર થવું પડ્યું છે તે ઉષા અને શારદાએ મને કહ્યું છે. અને ઉષાની તો વાત જ અલૌકિક છે !'

'હા દિલીપભાઈ, હું તો એને દેવી માનું છું. પણ મારે કારણે એનું જીવન ખારું બની ગયું છે એ વાત હવે તો હું એક ઘડીય ચૂલી શકતો નથી.'

'ઘણી વાતો જીવનમાં ભૂલવી પણ પડે છે અશોકભાઈ, મેં તમારી તબિયત તપાસી દવા લખી આપી છે. પણ ખરી રીતે તમારો રોગ માનસિક છે. જ્યાં સુધી તમે આવા દુઃખદ વિચારો નહિ છોડો ત્યાં સુધી તબિયત સુધરશે નહિ. '

'દિલીપભાઈ, એ વાત હું ભૂલવા મથું તોય ભુલાય એમ નથી. વર્ષા મારા પર અનહદ સ્નેહની વર્ષા કરે છે, મને આનંદમાં રાખવા એ હંમેશ પ્રયત્ન કરે છે. મારો પણ એના ઉપર ઓછો ભાવ નથી. છતાં સરલા અને ઉષા ને હું ભૂલી શકતો નથી. સરલાનું મૃત્યુ અને ઉષાનું જીવન મને ડંખ દે છે. સરલાનો સ્નેહ સાંભળે છે અને મુંબઈના મિલન પછી ઉષાએ તો મારા હૃદયમાં એવું સ્થાન જમાવ્યું છે જેને હું ચલિત ન કરી શકું, ન તેમ કરવાની ઈચ્છા પણ રાખું.' દુઃખપૂર્ણ અવાજે અશોક બોલી ગયો.

દિલીપને તેની દયા આવી. તેના માટે તેને માન હતું જ,



ઉષાને અશોક આટલી ચાહે છે એમ જાણી એ માનની માત્રા વધી ! તેણે કહ્યુંઃ

'અશોકભાઈ, ઉષાની ચિંતા છોડો. તે કોમળ છતાં મક્કમ હૃદયની છે. કોઈનીય મદદ વિના ઊભી રહી શકે તેવી છે અને મારી બેન છે. હું તેની પાસે છું, એટલે તમે એની ચિંતા છોડો. હવે તમે તમારા શરીરની કાળજી રાખો.'

'ઉષાને મેં શું આપ્યું દિલીપભાઈ ? તેણે તો મને જીવન અર્પણ કર્યું !'

'અને તમેય તેને દિલ ન દીધું હોત તો આજે આટલું દુઃખ તમને થાત કે ? થવાનું હતું તે થઈ ગયું અશોકભાઈ, તમારું સુખ તે ઉષાનું સુખ છે. એટલે ઉષાને સુખી રાખવા માટે પણ તમારે જીવવું જોઈએ અને તે માટે તમારે હૃદયમાંથી પસ્તવો કાઢી નાખવો જોઈએ.'

'દિલીપભાઈ, મારું હૃદય હવે કંઈક એવું સ્નેહાળ, એવું નાજુક થઈ ગયું છે જે કોઈનોય વિયોગ સહી શકતું નથી. કોઈ પ્રિય વ્યક્તિ આવે ત્યારે આનંદ થાય, પણ તે ગયા પછી દિવસો સુધી તે યાદ આવ્યા કરે. સરલા સાથેના સુખી દિવસો, ઉષાનો સ્નેહ અને તેનો આત્મભોગ રાતદિવસ મારી આંખ સમક્ષ, મારા દિલમાં રમ્યા કરે છે અને એ મને હસાવે છે, રડાવે છે, સતાવે છે અને ડંખે છે.'

'અશોકભાઈ, આપણાં જીવન ઘણીવાર બીજાને માટે પણ જરૂરી હોય છે.' ડૉક્ટરે સમજાવ્યું :

'સમજું છું પણ....'

'તમારી સાથે વર્ષાનું, પંકજનું, માનો તો ઉષાનું પણ જીવન સંકળાયેલું છે એનો તો ખ્યાલ છેને ?'

અશોક મૌન રહ્યો. જાણે ઊંડા મંથનમાં કાં ન હોય ! દિલીપ બોલ્યો :

'એટલે ભાઈ, ભૂતકાળને ભૂલી વર્તમાનને-જીવી જાણો. તમારી તબિયતને કારણે ઉષા મને ખાસ તેડી લાવી.' ડૉ. દિલીપે કહ્યું.

ત્યાં જ ઉષા વચલે માળથી ઉપર આવી.

'ઓહો, કંઈ બહુ વાતે ચઢી ગયાને બંને મિત્રો,' તે બોલી : 'શી યોજનાઓ ઘડો છો ?'

'તારા નામનું એક મંદિર બાંધવાની.' દિલીપે હસતાં હસતાં કહ્યું : 'ઉષા મંદિર'

'મારું મંદિર તો ક્યારનુંય બંધાઈ ગયું છે, ભાઈ,' ઉષાએ કૃત્રિમ રીસ સાથે કહ્યું : 'રોજ પૂર્વમાં તેના પર નવા નવા રંગો ચઢે છે. શારદા -મંદિર બંધાવો હવે.'

અને ત્રણે જણ હસી પડ્યાં ! 'ચાલો, ઉષાએ કહ્યું : 'હું તો તમને જમવા તેડવા આવી છું.'

ઉષાને કારણે આ કુટુંબો પરસ્પર એવાં એક થઈ ગયાં હતાં કે જેથી એકનું સુખ-દુઃખ બીજાનાં થઈ જતાં ! દિલીપનું ઘર શું કે રામલાલનું શું, અશોકનું ઘર કે એનું પોતાનું - ગમે ત્યાં ઉષા પરસ્પર ને જોડનારી એક કડી હતી. એકબીજાના સાનિધ્યમાં આનંદ અને વિયોગમાં દુઃખ થાય એટલાં એમનાં હૃદય એક થયાં હતાં, એટલે ચાર દિવસ સાથે રહ્યાં એ દરમ્યાન અશોક અને વર્ષાના આનંદનો પાર નહોતો. અશોકે દિલીપ આગળ કર્યું હતું એવી જ રીતે વર્ષાએ પણ ઉષા પાસે દિલનો ભાર હળવો કર્યો હતો !



'ઉષાબેન, ઘણી કાળજી રાખું છું, દવા કરીએ છીએ છતાં એમની તબિયત ઠીક રહેતી નથી..'

'ચિંતા ન કરીશ બેન,' દિલીપભાઈ એ દવા લખી આપી છે. હવે ઠીક થશે. પણ એને માનસિક શાંતિ હોવી જોઈએ એમ એ કહેતા હતા.' ઉષાએ કહ્યું.

'ઘણીવાર એ ઊંડા વિચારમાં ડૂબી જાય છે. જાણે કોઈને સંભાળતા ન હોય ! એટલે જ હું એમને એકલા પડવા દેતી નથી. '

'સારું થઈ જશે વર્ષા. પેલા ટ્રેન અકસ્માતની અસરને લીધે એનું મન બહું નબળું બની ગયું છે. કોઈ આઘાત એ મન સહન કરી શકતું નથી. ધીરે ધીરે શક્તિ આવતાં ઠીક થઈ જશે.'

આવી વાતોમાં તથા આનંદમાં, હરવા-ફરવામાં ચાર દિવસ પૂરા થઈ ગયા. એક દિવસ બધાં પ્રજ્ઞાને ત્યાં પણ ગયાં. પ્રજ્ઞા પોતાને મળી હતી અને ઉષાની ખબર કહી હતી એ વાત તો વર્ષાએ ઉષાને ક્યારનીય લખી હતી. ઉષાની સૂચનાથી પ્રજ્ઞા, વર્ષા-અશોકની ખબર લેવા કોઈવાર એમને ત્યાં પણ જતી હતી અને ત્યારે ઉષાની ઉદારતાનાં વખાણ કરતાં તે થાકતી જ નહિ. વર્ષા પણ ઉષાની મહાનતાને માનથી સંભાળતી એ જોઈને તો પ્રજ્ઞાને ખૂબ આનંદ થતો.

માત્ર મહેમાનોને જ નહિ, વર્ષા-અશોકને પણ પ્રજ્ઞાએ આગ્રહપૂર્વક એક દિવસ પોતાની ત્યાં જમાડ્યાં. આમ ઉષાના આવતાં અશોક અને વર્ષાને મન તો થોડા દિવસ આનંદમેળો થયો. ઉષાને કારણે તેમનો કુટુંબમેળો વધતો જ ગયો.

આનંદના આ ચાર દિવસ ક્યાં ગયા એ તો ખબરેય ન પડી.

પાંચમાં દિવસે બધાં મુંબઈ જવા તૈયાર થયાં ત્યારે વર્ષા અશોકે સૌને થોડા વધુ દિવસ રોકાઈ જવા ખૂબ આગ્રહ કર્યો, પણ દવાખાનાની જવાબદારીને કારણે દિલીપથી રોકાઈ શકાય તેમ નહોતું. છેવટે તેમણે શારદા અને ઉષાને રોકાઈ જવા કહ્યું. પણ ઉષાએ કહ્યું : 'મારે પણ રજા નથી અશોક.'

'રજા આપનાર અહીં જ છે ને ?' વર્ષા બોલી.

'કોણ આ ?' ઉષાએ દિલીપ તરફ હાથ કરીને કહ્યું : 'એમના જેવા ખરાબ સાહેબ તો કોઈ આવ્યા જ નથી.'

'ઉષાના શબ્દકોશમાં ખરાબનો અર્થ ઉત્તમ આપ્યો છે વર્ષાબેન' દિલીપે કહ્યું.

'પોતાની સગવડ પ્રમાણે અર્થ ગોઠવવા રહેવા દો.' ઉષા બોલીઃ 'હું પણ ગુજરાત વિદ્યાપીઠના શબ્દકોષને જ માન્ય રાખું છું.'

'પણ ઉષા રજા હું અપાવું,' અશોકે કહ્યું : 'પછી કંઈ વાંધો છે?'

'ના અશોક' ઉષાએ કહ્યું : 'ઘરે કાકી એકલાં છે, હું ફરી આવીશ.'

જવાની આગલી રાત્રે ઉષાએ વર્ષાને સાંત્વન આપતાં કહ્યું. 'બેન ચિંતા ન કરીશ અને કંઈ પણ કામ હોય તો મને તરત લખજે. હું તારી મોટી બેન જ છું.'

વર્ષાએ અશ્રુથી એ સંબંધનો સ્વીકાર કર્યો. હૃદય ભરાઈ આવવાથી તે એક અક્ષર પણ બોલી શકી નહિ !

સવારે સ્ટેશન પર ઉષા અશોકને એટલું જ કહી શકી : 'તબિયત



સાચવજે.' અને પણ અશોક તો જાણે એનું સર્વસ્વ હરાઈ જતું હોય એમ ઊભો હતો ! દિલીપે પણ તેને છેલ્લી જરૂરી સૂચનાઓ આપી કહ્યું : 'દવાની શી અસર થાય છે તે જણાવજો.'

અને બે ભારે હૈયાને અમદાવાદના પ્લેટફોર્મ પર મૂકી 'સૌરાષ્ટ્ર એક્સપ્રેસ' રવાના થયો ત્યારે હાથ હલાવી વિદાય લીધા સિવાય ઉષા કશું જ કરી ન શકી !

વર્ષા અને અશોક સ્ટેશનથી પાછા ફર્યા ત્યારે બેમાંથી એકેયનો હૃદય બોજ હળવો થયો નહોતો. વર્ષા તો ઘરમાં જઈ પલંગમાં જ પડી. તેને સાંત્વન આપવા અશોક કંઈ બોલી તો ન શક્યો પણ તેના બરડે તે હાથ ફેરવી રહ્યો અને બંનેના દુઃખનું કારણ ન સમજતો પંકજ ઘૂંટણિયાં કાઢતો આવી પિતાજીને પગે વળગ્યો. અશોકે એને ઊંચકી ખોળામાં લીધો. હૃદયના ઐક્ય હોય તો વિયોગ કેવો સાલે છે !

ટ્રેનના અકસ્માત પછી અને સરલાના મૃત્યુ પછી ઉષાના જીવનની કરૂણતા માટે પોતે જવાબદાર છે એમ જાણ્યા પછી અશોકનું હૃદય સાચે જ નબળું પડી ગયું હતું. પશ્ચાતાપનો કીડો તેને હંમેશ ડંખતો હતો. તેનું હૃદય સતત બળ્યા કરતું હતું. અકસ્માત પછી તે શારીરિક અને માનસિક રીતે દુર્બળ તો થયો જ હતો, તેમાં માનસિક પીડાના કારણે તેનું શરીર ધીરે ધીરે ઘસાતું ચાલ્યું. નોકરીનો શ્રમ, વર્ષા અને પંકજના ભાવિની ચિંતા, ભૂતકાળની ભૂલો વગેરે કારણોને લઈને તેની તબિયત સુધરવાને બદલે બગડતી ચાલી.

પોતાને નહિ જ મટે એવી અશોકને હવે ખાત્રી થઈ ગઈ, એટલે તેને વર્ષા અને પંકજના ભાવિની ચિંતા સતાવી રહી. એ

ચિંતાને કારણે તે વધુ નિર્બળ બન્યો, શારીરિક અને માનસિક રીતે પણ !

એક વખત તો તે લગભગ પંદર દિવસ સતત પથારીવશ રહ્યો અને ત્યારે વર્ષાને કેટલી દોડાદોડ કરવી પડી ! ઘર માટે જોઈતી વસ્તુઓ લાવવાની અને દર્દીની સારવાર કરવાની.

પણ પડોશમાં રહેતા ભલા માણસ નટવરભાઈએ તેનો થોડો ભાર હળવો કર્યો. આમેય અશોકની ખબર જોવા તો તે આવતા. એક દિવસ ઉપકાર વૃત્તિથી વર્ષાને તેમણે કહ્યું :

'વર્ષાબેન, બહારનું કાંઈ કામકાજ હોય તો મને કહેવું. ડૉક્ટરને ત્યાં પણ હું જ જવાનું રાખીશ. તમે એકલાં કેટલી દોડાદોડ કરો.'

'ના, ના, ભાઈ, તમને એવી ક્યાં તકલીફ આપવી ?'

'એમાં તકલીફ શી ?' ભલા નટવરભાઈ બોલ્યા : 'પડોશી આવે સમયે કામ ન લાગે ત્યારે તેને કરવાનાય શું ?'

અને ત્યારથી નટવરભાઈએ વર્ષાના બહારના કામનો બોજો ઉપાડી લીધો. આમ પરિચયને કારણે જરૂર પડે ગમે ત્યારે અશોકને ઘેર જવાની તેમને વગર માગે છૂટ મળી ગઈ. ભલા દેખાતા નટવરભાઈનાં વર્ષા અને અશોક વખાણ કરતાં.

પણ અઠવાડિયામાં તેમણે પોત પ્રકાશ્યું ! રાતના દસ થવા આવ્યા હતા. અશોકની આંખ હમણાં જ ઠરી હતી. વર્ષા પંકજને હિંચોળતી હતી. ત્યાં દવાખાનેથી અશોકની દવા લઈ નટવરભાઈ આવી પહોંચ્યા !

'લો વર્ષાબેન દવા,' ઘરમાં પ્રવેશતાં તે બોલ્યા. વર્ષા અશોક



સૂતો હતો તે રૂમમાં હતી. ત્યાંથી બારણામાં સામી આવતા બોલી :

'હા ભાઈ, લાવો, તમને ઘણી તકલીફ આપીએ છીએ.'

નટવરભાઈએ જોયું કે અશોક ઊંઘે છે, વર્ષા એકલી જ છે, રાતનો સમય છે; આવી તક જતી કરે તો નટવરભાઈ શાના ?

'એમાં તકલીફ શાની ?' નટવરભાઈએ ધીમેથી કહ્યું : 'તમે ક્યાં પારકાં છો ?'

અને શીશી લેવા જતી વર્ષાનો હાથ પકડી પરવશ નજરે તે તેના તરફ તાકી રહ્યા !

એક જ ઝાટકે વર્ષાએ હાથ ખેંચી લીધો !

'વર્ષા !'

'દૂર રહો, હું તમને....' વર્ષાની આંખો અંગારા વરસાવી રહી.

'તારો ગુલામ છું વર્ષા, પણ...'

'આટલા માટે તમે મારું કામ કરતા હતા ?'

'એમાં ખોટું શું છે વર્ષા ? આ માંદલો....' અશોક તરફ હાથ કરી નટવરભાઈ બોલ્યા. પણ એને આગળ વધતો અટકાવતા વર્ષા ગર્જી :

'ખબરદાર એક અક્ષર બોલ્યો છું તો દુષ્ટ.'

'તો તું નહિ જ માને ?' નટવરભાઈના શબ્દોમાં ક્રોધ ભળ્યો.

'પાપી, દૂર થા અહીંથી, નહિ તો બૂમ મારીશ.'

'તો આબરૂ કોની જશે ?' નફટાઈથી પુરુષે પૂછયું.

'તારી,' સ્ત્રીએ મક્કમતાથી કહ્યું.

હેં હેં હેં હેં – નફ્ફટ હાસ્યથી નટવરે કહ્યું : 'હોય તેની જાય ને ? પુરુષ તો તાંબાનું વાસણ, અજવાળે એટલે ઉજળું.' કહી તે વર્ષાની પાસે સર્યો !

અને કોણ જાણે ક્યું જોર આવ્યું વર્ષાના હાથમાં, પણ તેણે દવાની શીશી એટલા જોરથી ફેંકી કે નટવરના કપાળમાં મોટું ઢીમણું ઊપસી આવ્યું ! અને અચાનક અણધાર્યા હુમલાને કારણે હોય કે વર્ષાનું જોગમાયા સમું સ્વરૂપ જોઈને હિંમત હારી જવાને કારણે હોય, પણ નટવર તરત જ ત્યાંથી પોબારા ગણી ગયો ! પણ જતાં જતાં બબડ્યો ! 'યાદ રાખજે, આનો બદલો લઈશ જ !'

બારણે સાંકળ દઈ વર્ષા આવી ત્યારે તેના હૃદયનો બંધ તૂટી ગયો ! પણ તે અશોકના રૂમમાં એકદમ ગઈ નહીં. 'રડવાના અવાજથી એ જાગી જાય તો એમની ઊંઘ બગડે.' વર્ષાએ રડતાં રડતાં વિચાર્યું : 'અને વળી મને કારણ પૂછે તો હું શું કહું ? આ વાત જાણે ત્યારે એમને કેટલું દુઃખ થાય ? આમે ય મારી ચિંતા તો કરે છે જ. આવી વાત જાણે ત્યારે એમને શું ન થાય ?'

એટલે પતિને આ વાત ન જણાવવાનો મક્કમ નિર્ણય કરી, રુદનથી હૃદય હળવું કર્યા પછી વર્ષા અશોક સૂતો હતો ત્યાં ગઈ. પણ ત્યાંય તે વિચારી રહી : 'ઓ પ્રભુ, છતે પતિએ સમાજમાં આ દશા છે, તો પછી એ ન હોય તો ?'

અને આગળની ભયંકર કલ્પના વર્ષા કરી ન શકી. ડરથી આંખો બંધ કરી તેણે પલંગમાં ઝંપલાવ્યું !



રાત્રીએ સ્વપ્નમાં તેને અવનવા અનુભવો થયા. પોતાના દઃખભર્યા ભાવિની અનેક આગાહીઓ વર્ષાને સ્વપ્નમાં થઈ !

આ બધા અનુભવોમાંથી પસાર થઈ સવારમાં તે ઊઠી ત્યારે એ જાણે ગઈ રાતની વર્ષા જ નહોતી !

● ● ● ● ●

## ૨૩. પ્રેમસગાઈ !

'કેમ વર્ષા, આજે કાંઈ ઉદાસ દેખાય છે ?' પલંગમાં સૂતાં સૂતાં જ અશોકે પત્નીને પૂછયું :

'ના રે.' કૃત્રિમ સ્મિત સાથે વર્ષાએ કહ્યું : 'લો આ બ્રશ અને ટૂથપેસ્ટ, મોં સાફ કરી લો. હું ચા બનાવી લાવું.'

'વર્ષા.' નવેક વાગતાં અશોકે પૂછયું : 'આજે કાંઈ નટવરભાઈ દેખાયા નહિ ! રોજ તો આ સમયે ક્યારનાય આંટો મારી જાય છે !'

'મુઆ તમારા નટવરભાઈ, વર્ષાએ સહેજ ગુસ્સામાં આવી કહ્યું : 'એમનું નામ જવા દો.'

'કેમ શું થયું ?' અશોકને પત્નીનું વર્તન જોઈને આશ્ચર્ય થયું.

'કાંઈ નહિ. પણ એનો પગ હવે આ ઘરમાં નહિ.'

'પણ થયું શું એ તો કહે, એ તો બિચારા....'

'કોઈ બિચારું નથી,' વચમાં વર્ષા બોલી : 'જગત આપણે ધારીએ તેટલું સીધું, સાદું કે ભોળું નથી. સુંદર ફૂલોની ઓથે નાગ જ છુપાયેલા હોય છે.'

'કેમ ? કાંઈ થયું ?' સચિંત થઈ અશોકે પૂછયું :



'કાંઈ નહિ,' વર્ષાએ શાંતિથી કહ્યું : 'પણ બસ મને એવું લાગ્યું અને મેં એને રાત્રે જ અહીં ન આવવાનું કહી દીધું.'

'પણ તને કાંઈ.....'

'મને કોઈ શું કરવાનું છે ?' ગર્વભેર વર્ષાએ કહ્યું : 'આર્યનારીને તમે લોકો ભલે અબળા કહો, બાકી એના જેટલાં શીલ, સહનશીલતા અને મક્કમતા પોતાને સબળ ગણાતા પુરુષ વર્ગમાં છે જ ક્યાં ?'

અશોક પત્ની સામે તાકી રહ્યો ! આર્ય સ્ત્રીની જાણે પ્રતિનિધિ ! વર્ષા તો તેની સામે જ હતી, અત્યારે તેને ઉષા પણ યાદ આવી ગઈ અને એને થયું : 'આર્યનારી પુરુષો કરતાં અનેક ગણી ચડિયાતી છે !

અશોકે વર્ષાને વધુ કાંઈ પૂછયું નહિ, પરંતુ પત્નીના ભાવિ જીવનની ચિંતા ત્યારથી જરૂર વધી. અને તેનું શરીર ધીરે ધીરે પણ સતત રીતે ક્ષીણ થતું ચાલ્યું.

વર્ષાને થયું : 'ઉષા બહેનને ખબર આપવી જોઈએ. દિલીપભાઈ ડૉક્ટર છે એટલે એમની સલાહ પણ લેવી જ જોઈએ.' જો કે પોતે તો કેટલાય દિવસથી ઉષાને લખવાનું વિચારતી હતી પરંતુ અશોક કહેતો હતો : 'એને બિચારીને શીદ હેરાન કરવી ? એને મેં શું ઓછું દુઃખ દીધું છે ?' અને ઉષાને અશાંતિ ન થાય માટે કાગળ લખવાનું વર્ષા માંડી વાળતી !

પણ નટવરના પ્રસંગ પછી તો વર્ષાનું ચિત્ત ખૂબ વ્યગ્ર રહેતું. તેથી તેણે ઉષાને પત્ર લખ્યો :

'વહાલાં મોટીબહેન,

તમને ન લખવાના મારા નિર્ણય અને એમના આગ્રહ છતાં અંતે આજે તમને લખું છું. એમની તબિયતમાં કાંઈ જ સુધારો નથી. છેલ્લા દશેક દિવસથી પથારીવશ છે. દવા કરીએ છીએ, છતાં કાંઈ પણ ફેર લાગતો નથી. તે પોતે તો હવે બહુ નિરાશાવાદી થયા છે. સંસારસાગરમાં ખારા જળના ઘૂંટડા પીતી, ભયાનક જલચરોના સામના કરતી હું આગળ વધું છું, પણ મને કિનારો મળશે ખરો ? મારુ નાવ ખરાબે તો નહિ ચડી જાય ? હવે તો મને પણ સતત દહેશત રહે છે.

તમે તો આજીવન અગ્નિપરીક્ષા આરંભી છે, એટલે તમને લખી તમારા દુઃખમાં વધારો કરવાની ઈચ્છા નહોતી, પણ હૃદય તમારા તરફ એવું ખેંચાતું રહે છે કે વહેલી મોડી પોતાની વાત તમને કહીને જ રહે છે. ફરી એક વાર દિલીપભાઈ તેમની તબિયત તપાસે તો ?

તમારી નાની બહેન

વર્ષા.'

પોતાની વિતક વાત પિતાને કે ભાઈને ન લખતાં વર્ષાએ ઉષાને લખી, કારણ કે ઉષાને તે પોતાનું અતિ નિકટનું સ્વજન માનતી હતી. એનું ચાલે તો એ ઉષા પાસે જ સદાય રહે એવો એને એના માટે ભાવ હતો. અને માતાપિતા કે ભાઈ તો પોતાનાં દુઃખી દુઃખી થશે. બાકી તેને સાચી મદદ તો ઉષા જ કરી શકશે એમ તે



માનતી હતી.

અને સાચે જ વર્ષાનો પત્ર મળતાં બીજે દિવસે ઉષા દિલીપને લઈને અમદાવાદ પહોંચી ગઈ ! વર્ષાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. પથારીમાં સૂતેલા અશોકની પાંપણોય પલળી !

અશોકને તપાસી દિલીપે ઉષાને ખાનગીમાં કહ્યું : 'ઉષા હવે મન મજબૂત કરવું પડશે.'

'શું કહો છો ભાઈ ?' ચિંતિત અવાજે ઉષાએ પૂછયું, 'અશોકને...'

'એમને મટાડવા આપણે બધું જ કરીશું પણ...'

'પણ શું ?' અધીરાઈથી વચ્ચે જ ઉષાએ પ્રશ્ન પૂછયો.

'પણ હવે આપણે ફળની આશા રાખ્યા વિના પ્રયત્નો કરવા જોઈએ અને સાથે સાથે ખરાબમાં ખરાબ પરિણામ માટે તૈયાર પણ રહેવું જોઈએ.'

'સાચું કહો છો ભાઈ ?' આંખમાં આંસુ સાથે ઉષાએ પૂછયું : 'અશોકની તબિયત એટલી બધ ખરાબ છે?'

'ઉષા, અશોકભાઈને આપણે મુંબઈ લઈ જઈએ,' દિલીપે કહ્યું : 'હોસ્પિટલમાં દાખલ કરી દઈશું.'

'હા' આંખ લૂછતી ઉષા પણ સંમત થઈ : 'એમ જ કરીએ.'

'અને ભવિષ્યમાં પણ એમને મુંબઈ જ રાખવા જોઈએ. તારાથી એમને દૂર રાખવા એ ઠીક નથી. એમનો રોગ મનની

પરિસ્થિતિને કારણે છે.'

'હા, બરાબર છે.'

અને બીજે જ દિવસે ઉષા અને દિલીપ, અશોક, વર્ષા અને પંકજ સાથે મુંબઈ તરફ રવાના થયાં.

પોતાનું ઘર છોડતાં અશોકથી રડ્યા વિના રહેવાયું નહિ. તેને ખાત્રી જ ગઈ થઈ હતી કે ફરી તે એ ઘરમાં આવવાનો ન હતો અને કોઈ પણ સ્થળ પોતે છેલ્લીવાર માટે છોડી રહ્યો છે એવો વિચાર થતાં ક્યા માનવીનું હૃદય દુઃખ ન અનુભવે ? તેમાંય આ તો પોતાનું ઘર હતું જયાં વર્ષોથી તે રહેતો હતો, જેની સાથે સરલા સાથેના સંસારનાં અનેક સુખદ સંસ્મરણો અને વર્ષા સાથેના ગૃહજીવનના અનેક યાદગાર પ્રસંગો સંકળાયેલા હતા. આ સંજોગોમાં અશોકનું હૃદય સ્વાભાવિક રીતે જ ભરાઈ આવ્યું. અરે, ત્યારે વર્ષા પણ હૃદય ઉપર કાબુ કેવી રીતે રાખી શકે ? એ બંનેને ઉષા આશ્વાસન ન આપી શકી. તેમ કરવા ગઈ હોત તો તે પોતે પણ રડ્યા વિના રહી શકી ન હોત !

આમ ભારે હૈયે બધાંએ અમદાવાદ છોડ્યું. મુંબઈ અશોકને સીધો દવાખાને જ લઈ જવામાં આવ્યો. વર્ષાના વૃદ્ધ માતાપિતા જમાઈની સ્થિતિ જોઈ આંસુ સારતાં હતાં અને દિલીપને વારંવાર કહેતાં હતાં :

'દિલીપભાઈ, ગમે તેમ કરો પણ એમને સારા કરો.' એમને આશ્વાસાન આપી દિલીપ કહેતા :



'કાકા, તમે લોકો આમ કરો તો, વર્ષાબહેનનું શું ? તમારે તો ધીરજ અને શ્રદ્ધા રાખવાં જોઈએ.'

દિલીપ તથા ઉષાની સતત સંભાળ નીચે દવાખાનામાં અશોકની સારવાર થતી હતી. અનેક દવાના પ્રયોગો અજમાવાતા હતા. દિલીપે એક બે બીજા ડૉક્ટરોની સલાહ પણ લીધી હતી. છતાં અશોકની તબિયત ન સુધરી. ઊલટી, વધુને વધુ ખરાબ થતી ગઈ.

અશોકની સારવાર કરવામાં ઉષા દિનરાત જોતી ન હતી. વર્ષાને આશ્વાસન આપતાં એને પોતાના હૃદય ઉપર પથ્થર મૂકવો પડતો. દિવસો પસાર થતા ગયા તેમ તેની ચિંતા વધતી થઈ. આશાનું કોઈ કિરણ જણાતું નહોતું. છતાં નિરાશ ન બનતાં તે વધુ ને વધુ ઉપચારો કરતી રહી !

ત્યારે એક દિવસ રાત્રિના આઠ વાગ્યા હતા. દવાખાનામાં રહેલાં દર્દીઓને મળવા આવેલાં સ્નેહીજનો ક્યારનાંય વિખરાઈ ગયાં હતાં, એટલે ત્યાં હવે શાંતિ હતી. વર્ષા અને ઉષા અશોક પાસે બેઠાં હતા. બાજુમાં જ પંકજ રમતો હતો. તેઓ પણ હવે ઘેર જવાની તૈયારીમાં જ હતાં. ત્યાં અશોક બોલ્યો :

'ઉષા, બહુ દિવસથી કહેવા ધારેલી વાત મારે આજે કહેવી છે. '

એના અવાજ ઉપરથી જ લાગતું હતું કે વાત કાંઈ ગંભીર છે.

'શું કહેવું છે ?' ઉષાએ પ્રેમથી પૂછયું.

'ઉષા, હવે મને સારું થાય એવી....'

'વળી પાછો એ વાત લાવ્યો,' ઉષા વચ્ચે જ બોલી : 'તને સારું થઈ જવાનું છે તેની હું ખાત્રી આપું છું,' ઉષાએ વાતને જાણી જોઈને ગંભીર સ્વરૂપ ન આપ્યું.

'માત્ર આશા રાખે જ કાંઈ વળે નહિ ઉષા,' નરમ અવાજે અશોકે કહ્યું : 'આપણે હકીકતનો સ્વીકાર કરીને ચાલવું જોઈએ.'

'પણ સત્ય હકીકતનો કે કાલ્પનિકનો ?' ઉષાએ પૂછ્યું.

'સત્ય હકીકત મેં કહી છે તે જ છે.' થોડીવાર માટે અશોક શાંત રહ્યો. તેનું હૃદય ભરાઈ આવ્યું હતું. આ વાતે તો વાતાવરણ ગમગીન બનાવી દીધું. એટલે મૌન તોડતાં ઉષાએ કહ્યું :

'છાનોમાનો સૂઈ જા ! તને કાંઈ જ થવાનું નથી.'

'ઉષા !' આંખમાં ઝળઝળિયાં સાથે અશોકે કહ્યું : 'તને મેં જીવનભર અગ્નિમાં તપવાનું કરી આપ્યું, પણ મારી એક વાત ન માને ?'

'તારી એક શું, બધી વાતો માનું,' ઉષા બોલી : 'પણ કહે તો ખરો તારી એક વાત.'

'ઉષા, તું લગ્ન કરી નાખ. તે વિના મને શાંતિ નહિ થાય.' ઉષાને જાણે વીજળી સ્પર્શી ગઈ ! તેણે આવી વાત સાંભળવાની આશા રાખી નહોતી. પાસે બેઠેલી વર્ષા પણ ચમકી. પણ તેને અશોકની વાત સાચી લાગી.



'અશોક,' ઉષાએ ગંભીર બની કહ્યું : 'તું આમ કહી મારું અપમાન કરે છે.'

'ના, ઉષા, તારું જીવન વેડફાઈ રહ્યું છે તે હું જોઈ શકતો નથી.'

'કોણ કહે છે કે મારું જીવન વેડફાઈ રહ્યું છે ?' ઉષાએ ગર્વથી પૂછ્યું.

'મને લાગે છે ઉષા, અને આખી દુનિયા પણ એમ જ કહેશે.'

'દુનિયાએ કઈ સાચી વાતને શરૂઆતમાં સાચી કહી છે, અશોક?' જગતે જિસસને ફાંસી દીધી, તે ખોટો છે એમ કહીને. આજે તેમની સ્મૃતિ બધા ગળે લટકાવીને ફરે છે. દુનિયાએ ગાંધીની અહિંસાને હસી કાઢી - એક અવ્યવહારૂ કલ્પના ગણીને. અહિંસાના બળે ભારત આઝાદ થયે આજે છેતાલીસ વર્ષ થયાં ! એટલે દુનિયાને મોટા ભાગનાં રહસ્ય પાછળથી જ સમજાય છે, અશોક !' ઉષા જાણે પયગંબરી વાણી બોલી ગઈ. તેની બુદ્ધિનો અશોકે એક વધુ ચમકારો જોયો, પણ વર્ષા તો સ્તબ્ધ થઈ ગઈ ! ઉષાની બુદ્ધિ માટે તેનેય માન હતું, પણ તે આવી તિવ્ર છે તેનો ખ્યાલ તો વર્ષાને હમણાં જ આવ્યો.

'તો તું નહિ પરણે ઉષા ?' અશોકે દુ:ખ છતાં માન સાથે પ્રશ્ન કર્યો.

'માનો તો હું પરણી ગઈ છું અને મને કુંવારી માનો તો હવે પરણેલી જોઈ પણ નહિ શકો.' મક્કમતાથી ઉષા બોલી.

'તો તું તારું ધાર્યું જ કરવાની,' અશોક બોલ્યો, પણ તને દુઃખી કરવાનો ડંખ મને રહેશે જ.

'અશોક, તેં કશું ખોટું કર્યું નથી. તેં તો મને દુનિયા સમક્ષ આદર્શ રજૂ કરવાની તક આપી. તારે દુઃખી થવાનું કશું જ કારણ નથી. હું તો મારી ધુનમાં જ મસ્તી અનુભવું છું.'

'મેં તો વર્ષાને ય દુઃખી કરી, ઉષા !'

'આમ શું બોલો છો !' પહેલી જ વાર વર્ષા વચ્ચે બોલી : 'મારે લીધે તો તમે મૃત્યુશય્યા પર સૂતા' વર્ષા ય ઓછી બુદ્ધિશાળી નહોતી. તે ઓછું બોલતી, પરંતુ બોલતી ત્યારે અર્થભરી વાણીમાં જ !

'ઉષા,' અશોક વધુ ગમગીની સાથે બોલ્યો : 'હું તો હવે થોડા દિવસનો જ મહેમાન છું.' તેની આંખમાંથી આંસુની ધારા નીકળી. સહેજ અટકી તે બોલ્યો. 'હું જઈશ પછી પંકજ અને વર્ષાનું શું ?' ને વાક્ય પૂરું થતાં તેનાથી ડૂસકું ભરાઈ ગયું.

વર્ષાએ તો પાલવમાં મોં સંતાડી ક્યારનુંય રડવાનું શરૂ કરી દીધું હતું. પંકજ રમતો રમતો આવી તેને પગે વળગતો હતો તેની તરફ પણ જોવાની તે હિંમત કરી શકતી ન હતી. હવે ઉષાની આંખ પણ ભીની બની, છતાં કઠણ હૃદય કરી તે બોલી :

અશોક, શ્રધ્ધા રાખ, ભગવાન તને જરૂર સારું કરી દેશે ! પણ...' તે સહેજ અટકી, પછી રૂંધાયેલા અવાજે કહ્યું : 'પણ વર્ષા અને પંકજની તું જરાય ચિંતા ન કરીશ. આજથી તેમને મારે ત્યાં



લઈ જાઉં છું અને કાયમ એ મારી સાથે જ રહેશે. હું કમાઉં છું. અમારી કશી ચિંતા નથી. વળી મારું એકલવાયાપણું મટી જશે, મને સાથી મળશે અને આ પંકજ તો ઘરને ભર્યું ભર્યું કરી દેશે,' કહેતી ઉષાએ પંકજને ઊંચકી ચુંબન કરી ખોળામાં બેસાડ્યો.

'ઉષા.'

'તારી બધી જ જવાબદારી આજથી મેં લીધી. ભગવાનને માથે રાખી તારી આગળ પ્રતિક્ષા લઉં છું કે વર્ષા અને પંકજને હું સહેજ પણ દુઃખ નહિ પડવા દઉં. તારા સ્મારક સમાં એ બંનેને હું જીવની પેઠે જાળવીશ. અશોક, મારામાં વિશ્વાસ તો છે ને ?' ઉષા આગળ ન બોલી શકી. તેણે આંખે હાથ દીધા. પંકજ ઊંચો થઈ હાથ ખેંચી 'માસી, માસી' કરવા લાગ્યો. ઉષાએ એને છાતી સરસો ચાંપ્યો !

'ઉષા !' રુંધાયેલા અવાજે અશોકે કહ્યું : 'જગતમાં મરતી પત્નીને આશ્વાસન આપતા, એનાં સંતાનોની ચિંતા ન કરવા કહેતા પતિના દાખલા જોયા છે. પણ આ તો પત્ની.... અરે, પણ તું તો પત્નીએ નથી મારી ! તું ક્યા કારણે, કઈ સગાઈએ આ બધી જવાબદારી લે છે ?'

ઉષાએ બધાંને આશ્વાસન આપ્યુ. અને બોલી : 'સગાઈ ? યાદ છે અશોક, એકવાર મેં કહ્યું હતું કે આ બધું હું પ્રેમસગાઈએ કરું છું. એનાથી મોટી સગાઈ દુનિયામાં બીજી નથી.'

'ઉષા, સાચે જ તું સ્નેહવર્ષા છું.' 'પણ આ તો વિરલ વાત

છે.' અશોકે કહ્યું.

'હું સામાન્ય કામો કરવા ટેવાયેલી પણ નથી.' ઉષા બોલી.

'તો તું જીવનભર કુંવારી જ રહીશ ?'

'વળી પાછો એજ પ્રશ્ન ?'

'અને વર્ષાને જીવનભર પાળીશ ? પંકજને મોટો કરીશ અને ભણાવીશ ?' અશોકના પ્રશ્નમાં હવે જાણે આશા અને આનંદનો રણકો હતો. હા, પણ આંખમાં તો આંસુ જ !

'વર્ષા મારી બહેન છે. એની બધી ચિંતા હવે મારે માથે. અને પંકજ ? એને તો દાક્તર બનાવી દિલીપભાઈની જેમ ઈંગ્લેન્ડ મોકલીશું. કેમ પંકજ, જઈશ ને ?' હાથમાં પંકજને ઊંચકી ઉષાએ પૂછ્યું.

જવાબમાં બાળક ખડખડાટ હસ્યું.

'ઉષા !' અશોકે જાણે નિરાંતનો શ્વાસ ખેંચતા કહ્યું : 'આજે મને શાંતિ થઈ. હવે હું શાંતિથી આ દુનિયા છોડી શકીશ. મારાં બે રત્નો....' તેણે દીર્ઘ શ્વાસ ખેંચી વાક્ય પુરું કર્યું : 'આજથી ઉષાને હવાલે. ઉષા એમને જોજે. તું તો દેવી છે. ભગવાન તને બળ આપે, ઉષા.'

થોડીવાર શાંતિ છવાઈ થઈ. કોઈ કાંઈ બોલી શકતું નહોતું. પછી વર્ષા તરફ જોઈ અશોક બોલ્યો :

'વર્ષા, પંકજને જાળવજે અને...' તેને બોલવું અશક્ય લાગ્યું!



મહામહેનતે તેણે વાક્ય પૂરું કર્યું. : 'અને ઉષાની સેવા...'

પણ વાક્ય પૂરું થાય તે પહેલાં જ વર્ષાથી મોટેથી રડી દેવાયું.

'વર્ષા ! આ શું ? અશોક, આમ શું બોલે છે ?' કહી રડતી ઉષા બંનેને શાંત પાડી રહી : 'જુઓ, તમને જોઈને આ પંકજ પણ રડે છે.'

અશોક થોડીવારે શાંત થયો. બોલ્યો : 'નહિ રડું ઉષા, હવે નહિ રડું. મને શાંતિ થઈ છે. મારા મનનો ભાર હટી ગયો છે.'

ઉષાએ અશોકને અને વર્ષાને પાણી પાયું અને પોતે પણ પીધું. અડધોએક કલાક બેસી બંને પંકજને લઈને ઘેર જવા નીકળ્યાં.

'વર્ષા,' બહાર આવી. ઉષાએ કહ્યું : 'આજથી તમારે બંનેને મારે ઘેર.... આપણે ઘેર જ આવવાનું છે.'

'પણ બહેન...'

'એમાં પણ શું ? જો તમને જોઈને કાકી પણ ખુશ થઈ જશે. અને આ પંકજને તો તે ઘડીભર નીચે નહિ મૂકે,' કહેતી ઉષાએ પંકજના ગાલ ઉપર એક ચુંબન કર્યું. દુશ્મનને ય વહાલો લાગે તેવો સુંદર હૃષ્ટપુષ્ટ બાળક હતો. જાણે અશોકનું બાલસ્વરૂપ !

'પણ બહેન, બાપુજી, બા...' વર્ષા બોલવા ગઈ ત્યાં જ ઉષા બોલી : 'આપણે બા અને બાપુજીને મળીને ઘેર જઈએ, પછી છે કાંઈ?'

ઉષાના આગ્રહ આગળ, તેના પ્રેમ આગળ કાંઈ બોલવું જ

નકામું હતું. તેમાંય હમણાં જ અશોક પાસે પ્રતિજ્ઞા કરી હતી. હવે તે શાની છોડે ? વર્ષાને ય એને ત્યાં જવામાં કશો વાંધો નહોતો. ઊલટું ઉષાની પાસે એને તો ઘણું જ ગમતું. તેના સાનિધ્યમાં તેનું મન પ્રફુલ્લિત રહેતું. છતાં તેણે કહ્યું.

'ઉષા બહેન, તમે ખોટો બોજો....'

'હટ ગાંડી.' આપ્તજનની જેમ ઉષા બોલી : 'પોતાના માણસનો તે બોજો હોય ?'

'પણ....'

'કેમ, મારી સાથે નહિ ફાવે વર્ષા ?' વચ્ચે જ ઉષાએ પૂછયું. જાણે વિરોધ પક્ષને જીતવા બ્રહ્માસ્ત્ર ફેંક્યું !'

'અરે હોય ઉષા બહેન ?' વર્ષા બોલી : 'તમારી પાસેથી તો ખસવાનું ય મન નથી થતું.'

'બસ ત્યારે, ચાલ છાનીમાની.'

અને બંને વર્ષાને ઘેર પહોંચ્યાં. વર્ષાના માતાપિતાને ઉષાએ વાત કરી ત્યારે વૃધ્ધ રામલાલ બોલ્યા : 'બહેન, આ તું શું બોલે છે ?'

'એમાં વાંધો શું છે કાકી ?' ઉષા બોલી.

'પણ એવું તે થાય ઉષા ?' વર્ષાની માતા બોલ્યાં : 'હજી તો અમે છીએ.'

'જુઓ કાકી, અશોકને એથી શાંતિ થશે,' ઉષાએ યુક્તિથી કામ લેતાં કહ્યું : 'ભલેને વર્ષા હમણાં મારી સાથે રહે. અશોકને



સારું થઈ જશે પછી તો તેમને ઘર જ જશે ને ?'

'પણ આ ઠીક ન કહેવાય.' રામલાલ બોલ્યા. જો કે તે કાંઈક પલળ્યા ખરા !

'અને કાકા મનેય સારું ગમશે. હું નોકરી પર જાઉં છું ત્યારે કાકીને સુનું લાગે છે તે એમનેય વસ્તી થશે.'

'વર્ષા, તારી મરજી છે બેટા?' રામલાલે પૂછયું.

'મારે ત્યાં આવવાની એ ના પાડતી હશે ?' ઉષાએ કહ્યું.

'તમે કહો તો હું જાઉં બાપા.' વર્ષા બોલી : 'ઉષા બહેનનો આગ્રહ છે. એમને માઠું લાગે.'

'ઠીક બહેન.' વૃદ્ધ બોલ્યા : 'જેવી તમારી ઈચ્છા. ભગવાન તમારું ભલું કરે !'

પણ વર્ષા અને પંકજને વિદાય કરતાં તેનાં વૃદ્ધ માતાપિતાની આંખમાં આંસુ ઉભરાયાં. પરણાવીને પ્રથમ વાર જ દીકરીને સાસરે વળાવતાં માતાપિતાને જેવું દુઃખ થાય તેથી ય વધુ દુઃખ આ બંનેને થયું.

ઘેર જઈ ઉષાએ કાકીને બધી વાત કરી અને વર્ષા હવે ત્યાં જ રહેશે એમ કહ્યું ત્યારે કાકી પણ સાચે જ ખુશ થઈ ગયાં. 'સારુ થયું,' કહી તેઓ બોલ્યાં : 'હવે મનેય ગમશે. તું તો આખો દિવસ ઘરની બહાર રહે. હવે મારે વસ્તી થઈ. અરે ! આ પંકજ હશે પછી મારે શું જોઈએ ?' કહેતાં કાકીએ પકંજને સ્નેહથી ખોળામાં લીધો.

અને દૂધમાં સાકર ભળે તેમ વર્ષા એ ઘરમાં ભળી ગઈ. પોતે

પારકે ઘેર છે એવો તેને સ્વપ્નેય ખ્યાલ ન આવ્યો.

પણ ઉષાની અશોક સાથે થયેલી વાતચીતની, તેણે તેને આપેલ વચનની દિલીપ અને શારદાને બીજે દિવસે ખબર પડી ત્યારે તે તો આશ્ચર્યમાં જ ડૂબી ગયાં. 'કેટલી મહાન આ સ્ત્રી છે !' દિલીપે કહ્યું.

'એની જેમ પ્રીત નિભાવનાર કોઈ જોયું નથી,' શારદા બોલી.

'આ સ્વાર્થી જગતમાં, છીછરા દિલવાળા માનવોમાં એનો જોટો મળવો દુર્લભ છે !' અહોભાવથી દિલીપ બોલ્યો.

'દુનિયામાં કોઈ ન માને તેવી આ વાત છે.' શારદાએ સાશ્ચર્ય કહ્યું.

'દુનિયા ન માને તો શું થયું, શારદા ?' દિલીપ બોલ્યો : 'ઉષા થોડી જ કોઈને બતાવવા કે મનાવવા કાંઈ કરે છે ? પ્રેમનાં ટાયલાં કરતા જગત સામે ઉષાએ તો એક નવો આદર્શ મૂક્યો. પ્રેમ પ્રેમની બૂમ પાડે, વિરહ ગીતોના રાગડા તાણે કે થોડો વખત અન્યમનસ્ક થઈ ફરવાથી કે સ્મશાન વૈરાગ્ય સેવવાથી પ્રેમ કર્યો ન કહેવાય. પ્રેમ તો ત્યાગ અને બલિદાન માગે છે, આત્મભોગ માગે છે એમ જાણે ઉષા જગતને કહી રહી છે.' દિલીપ ગંભીર બની બોલતો હતો.

'હા.' શારદા બોલી : 'ને પ્રેમી માટે મરી જાય, જીવ આપી દે એવા દાખલા સાંભળ્યા છે. પણ આ ઉષા તો પ્રેમી માટે અગ્નિકુંડમાં બેઠી ! અશોક માટે એ જીવશે અને જલશે. એની જવાબદારીઓ અદા કરશે. અદ્‌ભુત ! '



'ઉષાની બુદ્ધિ અદ્‌ભુત, એની વાત અદ્‌ભુત, એનો ભોગ અદ્‌ભુત, અરે, ઉષાનું આખું જીવન અદ્‌ભુત છે, શારદા !' દિલીપ જાણે સ્વપ્ન જોતો હોય તેમ બોલી ગયો.

આજે આ પતિપત્નીની નજરમાં ઉષા હતી તે કરતાંય અનેક ઘણા ઊંચા શિખરે જઈને બેઠી. એના માટે અપાર સ્નેહ તો હતો જ. આજથી એ સ્નેહને ભક્તિનું સ્વરૂપ લીધું. તેમને મન ઉષા હવે કોઈ સામાન્ય સ્ત્રી નહિ, પૃથ્વી પરનું અપાર્થિવ તત્ત્વ બન્યું જાણે !

જ્યારે ઉષાને તે મળ્યાં ત્યારે દિલીપે એટલું જ કહ્યું : 'ઉષા, તું અદ્‌ભુત છે !'

અને પતિના કથનમાં સંમતિ દર્શાવતી શારદા સખી તરફ માનભરી નજરે તાકી રહી !

પણ અશોકની તબિયત દિવસે દિવસે બગડતી ગઈ. બળતે હૃદયે છતાં બધાંને ધીરજ રહે તેથી હસતે મુખે ઉષા અને દિલીપે સારવાર કરવામાં કશી કચાશ ન રાખી. એકેય ઉપાય તેમણે બાકી રાખ્યો નહિ. પણ તૂટી એની બુટી જગત પાસે ક્યાં છે ? બધાને આશા આપવા છતાં ઉષા અને દિલીપે તો ઘેરું ભાવિ જાણતાં જ હતાં, બુઝાતો દીપક વધુ તેજ આપે તેમ છેલ્લા દિવસોમાં તેને વધારે સારું લાગ્યું ત્યારે બધાંને કેવી આશા બંધાઈ હતી !

પરંતુ છેલ્લા ચોવીસ કલાક બેભાન રહી, 'ઉષા.... વર્ષા... પંકજ' જેવા છૂટક છૂટક શબ્દો બોલી અશોકે સદાને માટે આંખો મીંચી દીધી - ત્યારે ઉષાએ આજ સુધી જાળવેલો હૃદય ઉપરનો કાબૂ ગુમાવી દીધો ! 'પથ્થર જડ છે' એમ કહેનારે તે દિવસે દવાખાનાની

ભીંતો જોઈ હોત તો પણ કહેત કે, ‘ના, ના આની એક એક ઈંટ રડે છે.’ એટલું કારૂણ્યભર્યું હતુ ઉષાના રુદનમાં ! સાચે જ તે દિવસે આખા જીવનભરના પ્રેમને થોડી મિનિટોમાં જ તેણે વ્યક્ત કરી દીધો ! દિલીપ, શારદા, રામલાલ અને તેમનાં પત્ની કે ઉષાનાં કાકી, કોઈ તેને આશ્વાસન ન આપી શક્યાં. બધાએ રુદનમાં સાથ આપ્યો !

અને અશોકની નનામીના છેલ્લાં દર્શન ઉષા-વર્ષાએ કર્યાં ત્યારે કરુણ દૃશ્યની અવધિ આવી ગઈ ! તેઓ મૂર્છિત નહોતાં થયાં, છતાંય જાણે ભાનમાં નહોતાં !

‘વર્ષા, ઉષા, આ છોકરાનો તો તમે જરા વિચાર કરો.’

ઉષાએ પ્રથમવાર ઊંચુ જોયું. આંસુ લુંછી નાખ્યાં. પંકજને પોતાના ખોળામાં લીધો. ત્યાં જ ફરીથી રડી દેવાયું ! ‘કાકી સાચે જ અશોક આપણને છોડી ગયો ?’ તેણે પૂછ્યું.

‘બહેન, હવે હિંમત હારે કેમ ચાલશે ?’

‘કાકી,’ હવે કોને જોઈને હિંમત રાખીશું ?’

‘આને જોઈને.’ પંકજને માથે હાથ મૂકી કાકીએ કહ્યું. અને ઉષાને જાણે નવો પ્રકાશ લાધ્યો. પોતાની જવાબદારીનું તેને ભાન થયું. વર્ષાને આશ્વાસન આપી શાંત કરવા તે પ્રયાસ કરવા લાગી.

અને ત્યારથી પંકજ તેમનું સર્વસ્વ બની ગયો ! ઉષા હવે દસ વર્ષ મોટી લાગતી હતી. તેના મુખ ઉપરનું અસલ સ્મિત તો સદાને માટે અસ્ત થઈ ગયું હતું. પણ વર્ષાને કોઈ તકલીફ ન પડે, તેને જરાયે ઓછું ન આવે તેની તે તથા કાકી સંપૂર્ણ કાળજી રાખતાં



હતાં. અશોક પરનો બધો પ્રેમ જાણે વર્ષા અને પંકજ પર તેણે ઠાલવ્યો હતો. મોટી બહેનના પ્રેમભર્યા સહવાસમાં વર્ષાનું દુઃખ અર્ધું બની ગયું હતું. અને પંકજ તો એ ઘરનો જાણે પ્રાણાધાર બની ગયો હતો !

અશોકનો ફોટો હવે તેમણે એક કબાટમાં ગોઠવ્યો હતો. બાજુમાં શ્રીકૃષ્ણનો ફોટો હતો. ઉષા અને વર્ષા પંકજને વચ્ચે બેસાડી ત્યાં બેસતાં; વર્ષા દીવો કરતી અને બંને જણ ગાતાં : ‘ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. કોઈ વાર મધુર કંઠે કરૂણ સ્વરોમાં આંસુ ભરી આંખોએ ઉષા ગાતી : હે... રી મૈં તો પ્રેમ દીવાની મેરા દરદ ન જાને કોઈ.’ અને અગરબત્તીથી સુવાસિત બનેલી હવા આ મધુર સ્વરોને દૂર દૂર વહી જતી ત્યારે એ ઘર પ્રેમનું મંદિર બની રહેતું !

**સમાપ્ત**